

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**

(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI KALP SUTRA

PART : 02

# શ્રી કલ્પ સૂત્ર : ભાગ– ૦૨

संस्कृतप्राकृतज्ञ–प्रियव्याख्यानि–जैनागमनिष्णात–पण्डित–मुनिश्री–कन्हैयालालजी–
महाराजविरचितया कल्पमञ्जरी त्याख्यया–व्याख्यया समलङ्कृतं
हिन्दीगुर्जरभाषानुवादसहितं
पूज्यश्रीघासीलालजीमहाराजविरचितं

# ॥ कल्पसूत्रम् ॥

( द्वितीयो भागः )

# KALPASOOTRAM

प्रकाशकः–

बम्बई–घाटकोपरनिवासी–श्रेष्ठि–श्री–माणेकलाल–अमूलखराय–मेहता–
प्रदत्तद्रव्यसाहाय्येन अ.–भा.–श्वे.–स्था.–जैनशास्त्रोद्धारसमिति–
प्रमुखः श्रेष्ठिश्रीशान्तिलाल मङ्गलदासभाई–महोदयः
मु० राजकोट

| प्रथमा–आवृत्तिः | वीर–संवत् | विक्रम–संवत् | ईस्वी–सन् |
|---|---|---|---|
| प्रति १००० | २४८५ | २०१६ | १९५९ |

Price Rs. 20/
मूल्यम्–रू० २०)

: Publishers :

**Shree A. B. S. Sthanakwasi**
**Jain Shastroddhar Samiti**
Near Green Lodge
**Rajkot** (Saurashtra)

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી**
**જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ**
ગ્રીન લોજ પાસે
**રાજકોટ (સૌરાષ્ટ્ર)**

卐

| | | |
|---|---|---|
| FIRST Edition Copies | | 1000 |
| Vir Samwat | : | 2485 |
| Vikram Samwat | : | 2015 |
| A. D. | : | 1959 |

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ : પ્રત | | ૧૦૦૦ |
| વીર સંવત | : | ૨૪૮૫ |
| વિક્રમ સંવત | : | ૨૦૧૬ |
| ઇસ્વીસન | : | ૧૯૫૯ |

મુદ્રકઃ અને મુદ્રણ સ્થાનઃ

**જાદવજી મોહનલાલ શાહ**
નીલકમલ પ્રીન્ટરી
ઘીકાંટા નગરશેઠ વંડા રોડ
**અમદાવાદ.**

: Printer :

**Jadavji Mohanlal Shah**
at Nilkamal Printery
Ghee kanta, Nagarseth Vanda Road
**Ahmedabad.**

# બે બોલ

આ અપૂર્વ કલ્પસૂત્ર આપ શ્રી સંઘોના કરકમળમાં મૂકાય છે. તેનો પ્રથમ ભાગ અગાઉ બહાર પડેલ છે. અને આ બીજો ભાગ પૂર્ણ થાય છે. જેને અનેક સૂત્રો અને ગ્રંથોના આધારે પૂજ્ય આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજશ્રીએ તૈયાર કરી સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી આપણો સમાજ તેઓશ્રીનો સદા ઋણી છે. તે ઋણુથી આપણે કદી મુક્ત થઇ ન શકીએ.

પ્રથમ ભાગ ઘાટકોપરના રહીશ સમાજ ભૂષણ મહાન સેવાભાવી, ધર્મનિષ્ટ, પરમ ઉદાર, સંઘ આગેવાન શેઠ શ્રી માણેકલાલભાઈ અમુલખરાય મહેતા તરફથી–રૂા. ૩૦૦૧) મળતાં તેઓશ્રીના વતી બહાર પડેલ છે. તેવી રીતે આ બીજો ભાગ પણ શેઠ શ્રી માણેકલાલભાઇએ સમિતિને મોટી રકમ આપી પોતાના જ વતી કલ્પસૂત્રનો બીજો ભાગ પ્રકાશિત કરાવવામાં જે સહયોગ આપેલ છે તે બદલ સમિતિ તેઓશ્રીનો ધન્યવાદ સાથે આભાર માને છે. જેમ શેઠ માણેકલાલભાઇએ ઉદારતા બતાવી, તેજ પ્રમાણે જો આપણા સમાજના દરેક ભાઇ-બહેનો આ સમાજોત્થાનના પવિત્ર આગમ કાર્યને વેગ આપવા જરા ઉદાર ભાવે ગુણાનુરાગી બની હાથ લંબાવે તો આ મહાન ભગીરથ કાર્ય વહેલામાં વહેલી તકે પાર કરી શકાય. આ પરમ પવિત્ર અપૂર્વ કલ્પસૂત્રનું વાંચન કરી સમાજના દરેક આત્માઓ આત્મોત્થાન કરે તેવી આશા છે.

એજ લિઃ મંત્રી

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए।

(१०) **रजोद्‌घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्‌घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए। फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए।

(१८) **राजव्युद्‌गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

# ॥ શ્રી કલ્પસૂત્રકી વિષયાનુક્રમણિકા ॥


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ભગવાન કે જન્મકાલ કા વર્ણન | ૧ |
| ૨ | મેઘંકરાદિ દિક્કુમારિયોં કા આગમન | ૬ |
| ૩ | શક્રેન્દ્ર કે આસન કા કંપિત ઓના ઔર ભગવાન્ કે દર્શનાર્થ ઉસકા આના | ૮ |
| ૪ | ભગવાન્ કે દર્શનાર્થ આતે હુએ દેવોં કા વર્ણન | ૯ |
| ૫ | ભગવાન્ કે જન્મ મહોત્સવ કે લિયે ભગવાન્ કો લેકર શક્રેન્દ્ર કા મેરૂ પર જાના | ૧૧ |
| ૬ | ભગવાન્ કો ઉત્સંગ મેં લેકર અભિષેક સિંહાસન પર શક્રેન્દ્રકા બૈઠના | ૧૩ |
| ૭ | ભગવાન્ કા જન્મ મહોત્સવ કરને કી ઈચ્છાવાલે દેવોંકે મનોભાવ કા વર્ણન | ૧૩ |
| ૮ | દેવોં કે આનન્દ, આઠ પ્રકારકે કલશ, શક્રેન્દ્રકી ચિંતા ઔર મેરૂકંપનકા વર્ણન | ૧૪ |
| ૯ | મેરૂકે કંપન સે ભુવનત્રયમેં રહે હુવે જીવોંકો ભય હોના, શક્રેન્દ્રકી ચિન્તા, કમ્પન કે કારણ કો જાનના, પ્રભુ સે ક્ષમાયાચના | ૧૬ |
| ૧૦ | અચ્યુતેન્દ્રાદીકોં સે કિયે હુયે ભગવાન્ કે અભિષેક કા વર્ણન, સર્વ દેવોં કા શક્રેન્દ્ર કે સાથ ત્રિશલા મહારાની કે પાસ ભગવાન્ કો રખકર અપને અપને સ્થાન પર જાના | ૧૭ |
| ૧૧ | સિદ્ધાર્થને મનાયા હુવા ભગવાન્ કે જન્મમહોત્સવ કા વર્ણન | ૧૯ |
| ૧૨ | ત્રિસલા દ્વારા કી ગઈ પુત્ર કી પ્રસંસા કા વર્ણન | ૨૨ |
| ૧૩ | ભગવાન્ કે નામકરણ કા વર્ણન | ૨૪ |
| ૧૪ | ભગવાન્કી બાલ્યાવસ્થાકા વર્ણન | ૨૬ |
| ૧૫ | ભગવાન્ કે કલાચાર્ય કે સમીપ પ્રસ્થાનકા વર્ણન ઔર કલાચાર્ય કા ભગવાનકે આગમનકી પ્રતીત્રા કરના | ૨૮ |
| ૧૬ | ભગવાન્ કા કલાચાર્ય કે સમીપ અધ્યયન કરનેકી અનુચિતતા કા પ્રતિપાદન કરના | ૨૯ |
| ૧૭ | ભગવાન્ કા કલાચાર્ય કે પાસ જાના-જાનકર શક્રેન્દ્રકા આસન કમ્પાયમાન હોના, શક્રેન્દ્ર કા બ્રાહ્મણ રૂપ સે આકર પ્રશ્ન કરકે ભગવાન્ કે સર્વશાસ્ત્રજ્ઞ હોને કા પ્રકાશન કરના | ૨૯ |
| ૧૮ | ભગવાન્ કો સર્વશાસ્ત્રાભિજ્ઞ જાનકર કલાચાર્યાદિકોં કા પરમ આનન્દિત હોના | ૩૦ |
| ૧૯ | ઈન્દ્ર દ્વારા કિયે ગયે પ્રશ્નોંકા ઉત્તર સુનકર લોગોં કા ઔર કલાચાર્ય કા આનન્દિત હોના | ૩૧ |
| ૨૦ | ઈન્દ્ર દ્વારા ભગવાન્ કો ચરમતીર્થંકર રૂપ સે પ્રકાશિત કરના | ૩૧ |
| ૨૧ | ભગવાન્ કા અપને પ્રાસાદમેં આના ઔર માતાપિતા કા આનન્દિત હોના | ૩૨ |
| ૨૨ | ભગવાન્ કે વિવાહ કા વર્ણન | ૩૨ |
| ૨૩ | ભગવાન્ કે સ્વપ્નોકા વર્ણન | ૩૨ |
| ૨૪ | ભગવાન્ કે માતાપિતા વિગેરહકા વર્ણન | ૩૩ |

| | | |
|---|---|---|
| ૨૫ | દીક્ષિત હોનેકે લિયે ભગવાન્ કા નન્દિવર્ધન કે સાથકા સંવાદ કા વર્ણન | ૩૩ |
| ૨૬ | નિશ્ચય જ્ઞાનવાન્ ભગવાન્કા દો વર્ષ ગૃહસ્થાવાસ મેં સ્થિત હોના | ૩૫ |
| ૨૭ | ભગવાન્ કો દીક્ષા કે લિયે લોકાન્તિક દેવોં કી પ્રાર્થના | ૩૫ |
| ૨૮ | ભગવાન્ કા વાર્ષિક દાન, અભિનિષ્ક્રમણ ઔર શક્રાદિ દેવોં કા આગમન | ૩૫ |
| ૨૯ | દીક્ષાકે લિયે લોકાન્તિક દેવોં કી ભગવાન્ સે પ્રાર્થના | ૩૬ |
| ૩૦ | ભગવાન્ને વર્ષીદાનમેં દાન દી હુઇ સુવર્ણમુદ્રાકી સંખ્યાકા વર્ણન | ૩૭ |
| ૩૧ | ભગવાન્ કે અભિનિષ્ક્રમણ મેં આયે હુવે ઇન્દ્રાદિ દેવોં કા વર્ણન | ૩૭ |
| ૩૨ | ભગવાન કા દીક્ષામહોત્સવ કા વર્ણન | ૩૭ |
| ૩૩ | ભગવાનકી શિબિકા (પાલખી) કા વર્ણન | ૩૮ |
| ૩૪ | ભગવાનકી શિબિકા કો વહન કરને કા પ્રકાર કા વર્ણન | ૩૯ |
| ૩૫ | સુરેન્દ્રાદિ દેવોંકા પૂર્વાદિ દિશાઓંકા ક્રમ સે વહન કરને કા વર્ણન | ૩૯ |
| ૩૬ | દેવેન્દ્રાદિ દ્વારા શિબિકામેં ભગવાનકો જ્ઞાતખણ્ડોદ્યાન મેં લાના | ૪૦ |
| ૩૭ | શિબિકા દ્વારા ભગવાન્ કા જ્ઞાતખણ્ડોદ્યાનમેં આગમન | ૪૦ |
| ૩૮ | ભગવાન્ કા સર્વ અલંકારકા ત્યાગ કરના ઔર સામાયિક ચારિત્રકા એવં મનઃપર્યવજ્ઞાન કી પ્રાપ્તિકા વર્ણન | ૪૦ |
| ૩૯ | ભગવાન્ કા શક્રાદિ દેવેન્દ્રકૃત અભિનન્દન ઔર ભગવાન્ કા અભિગ્રહધારણ કરને કા વર્ણન | ૪૧ |
| ૪૦ | ભગવાન્કા પંચમુષ્ટિક લુંચન કરના ઔર સામાયિક ચારિત્ર અંગીકાર કરને કા વર્ણન | ૪૧ |
| ૪૧ | ભગવાન્ કો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન | ૪૨ |
| ૪૨ | શક્રાદિ દેવ ઔર મિત્ર સ્વજન જ્ઞાત્યાદિ જાને કે પીછે ભગવાન કા અભિગ્રહ ગ્રહણ કરના | ૪૨ |
| ૪૩ | ભગવાન્ કે વિરહ સે નન્દિવર્ધન આદિ કે વિલાપ કા વર્ણન | ૪૩ |
| ૪૪ | ગોપ દ્વારા કિયે હુયે ભગવાન્ કે ઉપસર્ગ કા વર્ણન | ૪૭ |
| ૪૫ | ગોપકૃત ઉપસર્ગ કે નિવારણ કે લિયે ઇન્દ્ર કા આગમન | ૪૭ |
| ૪૬ | સહાયતા કે લિયે ઇન્દ્રકૃત પ્રાર્થના કા અસ્વીકાર કરના | ૪૮ |
| ૪૭ | ઇન્દ્રદત્ત દેવદૂષ્યવસ્ત્ર સે ભી ભગવાન્ ને કભી શરીર આચ્છાદિત નહીં કિયા | ૪૮ |
| ૪૮ | ભગવાન્ કે ઉપસર્ગ કા વર્ણન | ૪૯ |
| ૪૯ | ઇન્દ્ર દ્વારા ગોપકા તિરસ્કાર કરના | ૫૦ |
| ૫૦ | ગોપ કો મારને કે લિયે ઉદ્ધત ઇન્દ્ર કો ભગવત્કૃત નિષેધ | ૫૦ |
| ૫૧ | સહાયતા કે લિયે ઇન્દ્ર કી પ્રાર્થના કા અસ્વીકાર | ૫૦ |
| ૫૨ | બેલે કે પારણેં મેં ભગવાન્ કા બહુલ નામક બ્રાહ્મણ કે ઘરમેં પધારના | ૫૧ |
| ૫૩ | ભગવાન્ કો ભિક્ષા દેને સે બહુલ બ્રાહ્મણ કે ઘરમેં દેવકૃત પાંચ દિવ્યોં કા પ્રગટ હોના | ૫૧ |
| ૫૪ | ભગવાન્ કે યક્ષકૃત ઉપસર્ગ કા વર્ણન | ૫૨ |
| ૫૫ | ભગવાન્ સે યક્ષકી ક્ષમાપ્રાર્થના | ૫૩ |

| | | |
|---|---|---|
| ૫૬ | શ્વેતામ્બિકા નગરી પ્રતિ ભગવાન્ કે વિહાર કા વર્ણન | ૫૪ |
| ૫૭ | વિકટ માર્ગ મેં ચંડકૌશિકસર્પ કે બાંબી કે પાસ ભગવાન કે કાયોત્સર્ગ કરને કા વર્ણન | ૫૫ |
| ૫૮ | શ્વેતાંબિકાનગરી કે માર્ગસ્થિત ચંડકૌશિકસર્પ કા વર્ણન | ૫૬ |
| ૫૯ | વિકટ જંગલ કે માર્ગ સે જાતે હુએ ભગવાન્ કી ગોપોં દ્વારા નિષેધ કરના | ૫૬ |
| ૬૦ | ચંડકૌશિક કે વિષય મેં ભગવાન્ કે વિચાર કા વર્ણન | ૫૭ |
| ૬૧ | ચંડકૌશિક સર્પકી બાંબી કે પાસ ભગવાન્ કા કાયોત્સર્ગ મેં સ્થિત હોના | ૫૮ |
| ૬૨ | ચંડકૌશિકસર્પ કા ભગવાન્ કે ઉપર વિષ પ્રયોગ ઔર ભગવાન્ કે ચંડકૌશિક કો પ્રતિબોધ કરને કા વર્ણન | ૫૮ |
| ૬૩ | ઉત્તરવાચાલ ગામ મેં નાગસેન કે ઘર પર ભગવાન્ કે ભિક્ષા ગ્રહણ કા વર્ણન | ૬૧ |
| ૬૪ | ભગવાન્ કે પ્રતિલાભિત હોને સે નાગસેન કે ઘરમેં પાંચ દિવ્યોં કે પ્રગટ હોને કા વર્ણન | ૬૧ |
| ૬૫ | ગંગા નદીમેં સુદંષ્ટ્રદેવકૃત ભગવાન્ કે ઉપસર્ગ કા વર્ણન | ૬૨ |
| ૬૬ | ઉપકારક ઔર અપકારક કે પ્રતિ ભગવાન્ કે સમભાવ કા વર્ણન | ૬૪ |
| ૬૭ | ભગવાન્ કે સંગમદેવકૃત ઉપસર્ગ કા વર્ણન | ૬૫ |
| ૬૮ | ભગવાન્ કે ચાતુર્માસ કા ઔર તપ કા વર્ણન | ૬૬ |
| ૬૯ | ભગવાન્ કી સંગમદેવકૃત ઉપસર્ગ કા ઔર ભગવાન્ કે ચાતુર્માસ કા વર્ણન | ૬૬ |
| ૭૦ | ભગવાન્ કે અનાર્ય દેશમેં પ્રાપ્ત પરીષહ એવં ઉપસર્ગ કા વર્ણન | ૬૮ |
| ૭૧ | ઘોર પરીષહ એવં ઉપસર્ગ પ્રાપ્ત હોને પરભી ભગવાન્ કે મન કે અવિકૃત સ્થિતિ કા વર્ણન | ૬૮ |
| ૭૨ | ભગવાન્ કી આચારવિધિ કા વર્ણન | ૬૯ |
| ૭૩ | ભગવાન્ કે સમભાવ કા વર્ણન | ૬૯ |
| ૭૪ | ભગવાન્ કી આચારવિધિ કા વર્ણન | ૭૦ |
| ૭૫ | ભગવાન્ કે અનાર્યદેશમેં ઉપસ્થિત પરીષહ એવં ઉપસર્ગ કા વર્ણન | ૭૧ |
| ૭૬ | ભગવાન્ કે વિહાર સ્થાનોં કા વર્ણન | ૭૨ |
| ૭૭ | ભગવાન્ કે સમભાવ કા વર્ણન | ૭૨ |
| ૭૮ | ભગવાન્ કે વિહારસ્થાન કા વર્ણન | ૭૨ |
| ૭૯ | ભગવાન્ કે ઉપસર્ગો કા વર્ણન | ૭૩ |
| ૮૦ | ભગવાન્ કી આચાર પરિપાલન વિધિકા વર્ણન | ૭૭ |
| ૮૧ | ભગવાન્ કે અભિગ્રહ કા વર્ણન | ૭૯ |
| ૮૨ | અભિગ્રહ કી પૂર્તિ કે લિયે ફિરતે હુવે ભગાવન્ કે વિષયમેં લોગોં કે તર્ક વિર્તક કા વર્ણન | ૮૧ |
| ૮૩ | અભિગ્રહ કી પૂર્તિ કે લિયે ફિરતે હુવે ભગાવન્ કે ચન્દનબાલા કે સમીપ પહુઁચને કા વર્ણન | ૮૧ |
| ૮૪ | ભગવાન્ કો આહાર ગ્રહણ કે લિયે ચન્દનબાલા કી પ્રર્થના | ૮૨ |

| | | |
|---|---|---|
| ૮૫ | ભગવાન્ કો ભિક્ષા ગ્રહણ કિયે બિના હી પીછે ફિરતે દેખકર ચન્દનબાલા કે અશ્રુપાત કા વર્ણન | ૮૨ |
| ૮૬ | ધનાવહ શેઠ કે ઘરમેં પાંચ દિવ્ય પ્રગટ હોને કા વર્ણન | ૮૨ |
| ૮૭ | ચન્દનબાલા કે ચરિત્ર કા વર્ણન | ૮૩ |
| ૮૮ | અન્તિમ ઉપસર્ગ કા વર્ણન | ૮૭ |
| ૮૯ | ભગવાન્ કે વિહાર કા વર્ણન | ૮૯ |
| ૯૦ | ભગવાન્ કે દશ પ્રકાર કે મહાસ્વપ્નદર્શન કા વર્ણન | ૯૦ |
| ૯૧ | ઈર્યાદિ પાંચ સમિતિ કે લક્ષણ કા વર્ણન | ૯૧ |
| ૯૨ | મનોગુપ્તિ કા વર્ણન | ૯૧ |
| ૯૩ | વચોગુપ્તિ કા વર્ણન | ૯૧ |
| ૯૪ | કાયગુપ્તિ કા વર્ણન | ૯૨ |
| ૯૫ | ભગવાન્ કી અવસ્થા કા વર્ણન | ૯૨ |
| ૯૬ | ભગવાન્ કા વિહાર કા વર્ણન | ૯૨ |
| ૯૭ | દશ મહાસ્વપ્ન દર્શન કા વર્ણન | ૯૪ |
| ૯૮ | દશ મહાસ્વપ્ન ફલ કા વર્ણન | ૯૪ |
| ૯૯ | ભગવાન્ કો કેવલજ્ઞાનદર્શન પ્રાપ્તિ કા વર્ણન | ૯૬ |
| ૧૦૦ | કેવલોત્પત્તિ કા વર્ણન | ૯૭ |
| ૧૦૧ | ચતુર્થઆશ્ચર્ય (અચ્છેરા ૪) કા વર્ણન | ૯૮ |
| ૧૦૨ | આશ્ચર્યદશક (અચ્છેરા ૧૦) કા વર્ણન | ૯૯ |
| ૧૦૩ | પાવાપુરી ઔર વહાં કા રાજા કા વર્ણન | ૧૦૦ |
| ૧૦૪ | પાવાપુરી મે સોમિલ બ્રાહ્મણ કા યજ્ઞ કા વર્ણન | ૧૦૦ |
| ૧૦૫ | ભગવાન્ કા સમવસરણ ઔર ઉનકી શોભા કા વર્ણન | ૧૦૧ |
| ૧૦૬ | યજ્ઞ કે વાડે મેં ઉપસ્થિત બ્રાહ્મણો કા વર્ણન | ૧૦૩ |
| ૧૦૭ | ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ કા આત્મવિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન | ૧૦૭ |
| ૧૦૮ | ઇન્દ્રભૂતિ કા દીક્ષાગ્રહણ ઔર ઉનકા સંયમારાધન કા વર્ણન | ૧૧૦ |
| ૧૦૯ | અગ્નિભૂતિ બ્રાહ્મણ કા કર્મ કે વિષય કા સંશય નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન | ૧૧૧ |
| ૧૧૦ | વાયુભૂતિ બ્રાહ્મણ કા તજ્જિવતચ્છરીર કે વિષય મેં સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ વર્ણન | ૧૧૪ |
| ૧૧૧ | વ્યક્ત નામક બ્રાહ્મણ કા પંચભૂત કે અસ્તિત્વ વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન | ૧૧૬ |
| ૧૧૨ | સુધર્મા નામક બ્રાહમણ કા સમાનભવ વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન | ૧૧૮ |

૧૧૩ મણ્ડીક નામક પંડિત કા બન્ધમોક્ષ કે વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૧૯
૧૧૪ મૌર્યપુત્ર પંડિત કા દેવોં કે અસ્તિત્વ વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૦
૧૧૫ મણ્ડીક પંડિત કા બન્ધમોક્ષ કે વિષય મેં સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૧
૧૧૬ મૌર્યપુત્ર કા દેવોં કે અસ્તિત્વ કે વિષયમેં સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૨
૧૧૭ અચલભ્રાતા નામક પંડિતકા પુણ્ય પાપ કે વિષયમેં સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૨
૧૧૮ અકમ્પિત નામક પંડિત કા પરભવ મેં નારક નહીં હૈ ઇસ વિષય કે સંશય કા નિવારણ ઔર દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૩
૧૧૯ અચલભ્રાતા નામક પંડિત કા પાપ પુણ્ય વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૪
૧૨૦ મેતાર્ય પંડિતકા પરલોકવિષયક સંશયકા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૫
૧૨૧ પ્રભાસ પંડિત કા નિર્વાણ વિષયક સંશય કા નિવારણ ૧૨૫
૧૨૨ મેતાર્ય કા પરલોક વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૫
૧૨૩ પ્રભાસ પંડિત કે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૫
૧૨૪ ગણધરોં કે સંદેહ કા સંગ્રહ ૧૨૬
૧૨૫ ગણધરોં કે શિષ્ય કે સંખ્યા કા વર્ણન ૧૨૭
૧૨૬ મેતાર્ય પંડિત કા પરલોક વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૭
૧૨૭ પ્રભાસ નામક પંડિતકા નિર્વાણ વિષયક સંશય કા નિવારણ ઔર દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૨૮
૧૨૮ ગણધરોં કે સંદેહ કા સંગ્રહ ૧૨૯
૧૨૯ ગણધરોં કે શિષ્યસંખ્યા કા વર્ણન ૧૨૯
૧૩૦ ચતુર્વિધસંઘ કી સ્થાપના ઔર ચાતુર્માસ સંખ્યા કથન ૧૨૯
૧૩૧ ગણધરોં કો ત્રિપદીપ્રદાન કા વર્ણન ૧૩૦
૧૩૨ નવપ્રકાર કે ગણોં કે ભેદ કા વર્ણન ઔર ભગવાનકી ધર્મદેશના કા વર્ણન ૧૩૦
૧૩૩ ભગવાન કે ચાતુર્માસ સંખ્યા કા કથન ૧૩૦
૧૩૪ ચન્દનબાલા કે દીક્ષાગ્રહણ કા વર્ણન ૧૩૧
૧૩૫ ચતુર્વિધસંઘ કી સ્થાપના ઔર ગણધરોં કો ત્રિપદીપ્રદાન કા વર્ણન ૧૩૧
૧૩૬ નવપ્રકાર કે ગણોં કા ભેદ પ્રદર્શન ૧૩૨
૧૩૭ ભગવાન્ કી ધર્મદેશના કા વર્ણન ૧૩૩

| | | |
|---|---|---|
| ૧૩૮ | ગૌતમસ્વામીકો દેવશર્મ બ્રાહ્મણ કો પ્રતિબોધિત કરને કે લિયે નજદીક કે ગાંવમેં ભેજને કા વર્ણન | ૧૩૪ |
| ૧૩૯ | ભગવાન્ કે નિર્વાણ કા વર્ણન | ૧૩૫ |
| ૧૪૦ | ગૌતમસ્વામી કે વિલાપ કા વર્ણન | ૧૩૬ |
| ૧૪૧ | ગૌતમસ્વામી કે અવધિજ્ઞાન પ્રયોગ કરને કા વર્ણન | ૧૩૬ |
| ૧૪૨ | ગૌતમ સ્વામી કે કેવલજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન | ૧૩૭ |
| ૧૪૩ | દીપાવલી આદિ કી પ્રસિદ્ધિ કે કારણ કા વર્ણન | ૧૩૭ |
| ૧૪૪ | ગૌતમસ્વામી કે વિલાપ કા વર્ણન | ૧૩૮ |
| ૧૪૫ | ગૌતમસ્વામી કે અવધિજ્ઞાનપ્રયોગ કા વર્ણન | ૧૩૮ |
| ૧૪૬ | ગૌતમસ્વામી કે કેવલજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન | ૧૩૮ |
| ૧૪૭ | ગૌતમસ્વામી કે કેવલજ્ઞાનપ્રપ્તિ સે દેવોં કે ઉસકા મહોત્સવ મનાને કા વર્ણન | ૧૩૯ |
| ૧૪૮ | દીપાવલ્યાદી પ્રસિદ્ધિ કે કારણ કા વર્ણન | ૧૩૯ |
| ૧૪૯ | ભગવાન્ કે પરિવાર કા વર્ણન | ૧૪૦ |
| ૧૫૦ | અન્તકૃતભૂમિ કા વર્ણન | ૧૪૨ |
| ૧૫૧ | ભગવાન્ કે પાટ કા વર્ણન | ૧૪૩ |
| ૧૫૨ | સુધર્મસ્વામી કે પરિચય કા વર્ણન | ૧૪૩ |
| ૧૫૩ | જંબૂસ્વામી કે પરિચય કા વર્ણન | ૧૪૪ |
| ૧૫૪ | પ્રભવસ્વામી કે પરિચય કા વર્ણન | ૧૪૬ |
| ૧૫૫ | ઉપસંહાર ઔર ગ્રન્થસમાપ્તિ | ૧૪૭ |
| ૧૫૬ | શ્રી મહાવીર સ્વામી તપ કા કોષ્ટક | ૧૪૯ |

**॥ સમાપ્ત ॥**

## પંચમવાચનાથી નવમવાચના પર્યન્ત
## બીજો ભાગ

મૂળનો અર્થ— 'जं समयं' ઈત્યાદિ. જે સમયે ત્રિશલા રાણીએ પુત્રને જન્મ આપ્યો તે સમયે, ત્રણે લોકમાં પ્રકાશ થયો. આકાશમાં દેવદુંદુભી વાગવા લાગ્યાં. અંતમુહૂર્ત સુધી, નારકીના જીવોની દશ પ્રકારની ક્ષેત્ર-વેદના શાંત થઇ ગઇ. નારકીઓ અંદર અંદરનો વેર ભાવ ભૂલી ગયાં.

વરસાદની ગેરહાજરીમાં પણ, ચંદનની સુગંધવાળા સુંદર કમલોનો વરસાદ વરસ્યો. સોના મોહરોની પણ વૃષ્ટિ થઈ.

સુખદ સ્પર્શ કરવાવાળો, મનોહર, અનુકૂળ, મલયાગિરિના ચંદન જેવી શીતલતા આપવાવાળો, કમળ જેવો ઠંડો, અને સુગંધિત તેમજ આનંદકારી પવન મંદ મંદ રીતે વહવા લાગ્યો. જાણે આ પવન તે બાલકનો સ્પર્શ કરવા આવતો ન હોય! દેવોએ પંચવર્ણા પુષ્પોનો વરસાદ વરસાવ્યો, તેમજ વસ્ત્રોની પણ વર્ષા કરી.

'અહો જન્મ! અહો જન્મ! 'એમ આકાશવાણી થઇ. ઉદ્યાનમાં અસમયે પણ, સર્વ ઋતુઓના ફૂલોના ભંડાર ઉભરાઇ ગયા. વાવડી, કુવાતલાવ વિગેરે જલાશયોના પાણી, નિર્મલ થઈ ગયાં. જેવી રીતે વાયુના સંચારથી, તલાવનું પાણી, હલી ઉઠે છે, તેમ જનપદના હૃદયો, ભગવાનના જન્મના કારણે, હલહલી ઉઠયાં, ને હર્ષના આવેશથી સમસ્ત રાષ્ટ્રમાં ચંચળતાં વ્યાપી રહી.

જંગલી જનાવરો પણ, અન્યોન્યના વૈર ભાવોનો ત્યાગ કરી, એકી સાથે ચરવા લાગ્યાં. તેમજ એકજ સ્થાને રહેવા લાગ્યાં. નભમંડળ પણ, મેઘ-ઘટાઓથી રહિત થયું. વિમલ અને પ્રકાશિત વિમાનો વડે, આખું આકાશ ચમકવા લાગ્યું.

સાલ, રસાલ (આંબા) તથા તમાલ વિગેરેના, વૃક્ષોની ડાળીઓ પર બેઠેલી કોયલો, મીઠો ટહૂકાર કરવા

લાગી. તે વખતે, તેઓ આમ્રની મંજરિયોનો રસાસ્વાદ લેતી હોવાથી, વધારે આનંદિત જણાતી હતી. આ કોયલો પંચમ સ્વરમાં અવાજ કરવા લાગી.

અનંત ગુણોના ધામ એવા ભગવાનના ગુણગ્રામ અને યશ ગાવાવાળા બંદિજનો, ચારણ અને બારોટને પણ ગુણ ગાવામાં ટપી જતાં ન હોય! તેમ જણાતું હતું. અનેક વિવિધ પક્ષિઓનો કુંજારવ ચારણ ભાટની ગાયન કળાને પણ વટાવી જાય તેવો હતો (સૂ૦૫૫)

ટીકાનો અર્થ—'**जं समयं**' ઇત્યાદિ. ભગવાન મહાવીરનો જન્મ થતાંજ, સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એટલેઉર્ધ્વલોક–અધોલોક અને તિરછાલોકમાં પ્રકાશ છવાઈ રહ્યો. દેવોએ, પોતાના દિવ્ય વાજીંત્રો વડે, હર્ષનાદ કર્યો. ત્રણે લોકમાં ઉજ્જવલતા વ્યાપી રહી. સર્વત્ર આનંદ મંગલ ગવાઇ રહ્યાં. દેવદુંદુભીના નાદો શરું થયાં. દેવો પોતાનો હર્ષ વ્યક્ત કરવા, "અહો જન્મ! અહો જન્મ!" નો દિવ્ય ધ્વનિ કરવા લાગ્યાં. સમકિતિ દેવોને તો જાણે ગોળના ગાડાં અનાયાસે મલી ગયાં તેવા હર્ષવંત તેઓ બની ગયાં. મિથ્યાત્વી દેવો પણ, સમકિતી દેવોના આનંદમાં, કુતૂહલ દષ્ટિએ, ભાગ લેવા લાગ્યાં. દેવાંગનાઓ પણ ભગવાનનો જન્મોત્સવ મનાવવા લાગ્યાં. જેને જેવો ફાવે તેવો ઉત્સવ માણવા લાગ્યાં. પોતાની ગૂઢ શકિતઓને બહાર કાઢી, તેના વૈક્રિયપણા કરી, પોતાનો હૃદયગત હર્ષ વ્યકત કરવા લાગ્યાં.

નારકીના જીવોને અન્યોન્યની વેદના હોય છે. અને પરમાધર્મીઓ તરફથી પણ તીવ્ર ત્રાસ આપવામાં આવે છે. આવું તો દુઃખ અનંતુ છે. તે ઉપરાંત સ્થાનાધીન દુઃખો કાયમી રહેલાં છે, જેનું વર્ણન વચન દ્વારા થઈ શકે તેમ નથી. તેમજ સાંસારિક દુઃખોની સાથે તેની સરખામણી થઇ શકે તેમ નથી.

નારકીના જીવોને ઠંડી–ગરમી પુષ્કળ લાગે છે. ત્યાંના નારકીના જીવને, આપણા હિમાલયના ઠરેલાં બરફ ઉપર કદાચ સુવાડવામાં આવે તો, તેને ઘસઘસાટ ઉંઘ આવી જાય! આથી કલ્પી લ્યો કે ત્યાંની સ્થાનિક ઠંડી કેટલી હશે! આવી રીતે ગરમીના પ્રમાણનું પણ સમજી લેવું.

શીત ૧, અને ગરમી ૨. ઉપરાંત, નારકીના જીવોને, ક્ષુધા ૩, તરસ ૪, પરાધીનતા ૫, દાહ ૬, ખુજલી ૭, ભય ૮, શોક ૯, જરા ૧૦, આ પ્રકારની ક્ષેત્ર વેદના હોય જ છે, આ દશ વેદનાઓનું નિવારણ, જેમ મૃત્યુ લોકમાં થઇ શકે છે ને રાહત મળે છે, તેમ નરકમાં બનતું નથી. કારણ કે, ત્યાં એકલા પાપનું જ પરિણામ ભોગવવાનું હોય છે, અહિં પાપ અને પુણ્ય બન્નેના પરિણામો ભોગવાય છે.

નારકીમાં, ક્ષુધા–તરસનું નિવારણ કરવાના કોઈ સાધન પ્રત્યક્ષ નથી. શારીરિક રોગ ફાટી નીકળેલા હોય છે પણ કોઇ તેની શાંતિ માટે જોનાર પણ નથી. પરાધીન પણાનો તો કોઇ આરો તારો નથી! ક્ષણ એક પણ, પરમાધર્મીઓ, નારકીના જીવોને છૂટાં મૂકતાં નથી, તેમજ માર–પીટથી, નિરંતર ભયયુકત રાખે છે. કોઇ દયા ખાનાર હોતું નથી. જીવે, જે નારકીના પાપોના બંધો બાંધ્યા હોય તે સર્વે, ભોગવીનેજ છૂટા થવાનું હોય છે. તેમાં રજ જેટલો પણ ફરક પડતો નથી, આ છે ત્યાંની સ્થાનિક–નિરંતર વર્તતી ક્ષેત્ર વેદના!

આવી વેદનાઓથી તરફડતાં નારકીના જીવોને, ભગવાન મહાવીરનો જન્મ થતાં, અંતર્મુહૂર્ત્ત સુધી સર્વ

ક્ષેત્રવેદનાઓ શાંત પડી ગઈ. તેમજ, નારકીઓ ક્ષણ ભર પરસ્પરનો વેરભાવ પણ ભૂલી ગયાં, ને શાંતચિત્તે ઉભાં રહ્યાં. જન્મ સાથેજ કેટલી અદ્ભુત ઘટનાઓનું સર્જન થયું !

તિરછા લોક (મધ્યલોક–મૃત્યુલોક)માં, ભગવાન જન્મતાંની સાથે, એવા મેઘોની વૃષ્ટિ થઇ કે, મેહ આવતા જ, પૃથ્વી ઉપર સુંદર કમલોની સૃષ્ટિ ઉભી થઇ ગઈ. જ્યાં જ્યાં જુઓ ત્યાં ધગધગતી ગ્રીષ્મ ઋતુમાં લીલુચ્છમ દેખાવા લાગ્યું ! ને પૃથ્વીએ જાણે લીલી સાડીનું આચ્છાદન કર્યું ન હોય ! તેમ જોવામાં આવ્યું.

સોના–મહોરોની વૃષ્ટિ શરું થઇ. ધનની તો કાંઇ જાણે કિંમત જ ન હોય તેમ તેનો ધોધમાર પ્રવાહ, સુવર્ણ રૂપે, ઉપરથી પડવા લાગ્યો. આ સુવર્ણ પ્રવાહ જાણે પૃથ્વીને પોતામય ન બનાવતો હોય ! તેમ તેની ધારાઓ અતૂટપણે પડવા લાગી.

મલયગિરિમાં છૂપાઇ રહેલ પવન પણ શીતલ મંદ સુગંધરૂપે વાવા લાગ્યો. જાણે ભગવાનના દર્શન કરવા માટે ઉભો ન રહેતો હોય તેમ લાગતો હતો. આ પવનનો સુગંધ ઘણા ગાઉ સુધી પ્રસરિત થઇ, અનેક જીવોને સ્પર્શ કરી, તેમને મુગ્ધ બનાવતો આ પવન પણ, એટલો મીઠો અને મધુર માલુમ પડતો હતો કે, ભૂખ અને તરસ છિપાઇ જાય અને રોમેરોમ તૃપ્તિ આવી જતી, સાડા ત્રણ કરોડ રોમરાયથી ભરેલી કાયા, સર્વાંગે તાજી અને પ્રફુલ્લિત થઇ જતી.

દેવોએ, ઉપરોકત ઉત્સવ ઉપરાંત સોના–મોહરો અને દિવ્ય વસ્ત્રો પણ વર્ષાવ્યા. છએ ઋતુઓના દેવી પંચરંગી ફૂલો પણ વર્ષાવ્યા.

બાગ–બગીચાઓ, જે ગ્રીષ્મ ઋતુમાં સુકાઇ ગયાં હતાં, તે પણ નવપલ્લવિત થયાં. તેઓમાં ચેતન અને જીવંત આવ્યું. રજ–પરાગરજ, રંગ અને સુગંધથી, સર્વ પ્રકારના ફૂલો ખીલી ઉઠયાં. સર્વ પ્રકારની વનસ્પતિ ફૂટી નીકલી, અનેકના અંકુરો ફૂટવા લાગ્યાં, ને અનેક ગાઉમાં આવેલા ઉધાનો, મનોહર અને આંખને ઠંડક આપે તેવા ઉભરાવા લાગ્યાં. કરમાઇ ગયેલ કળીઓ, જાણે હસતી હસતી બહાર આવતી હોય તેમ જણાવા લાગી. ફૂલોની દુનિયાને પણ, આ એક અનોખો અને અનેરો ઉત્સવ ઉજવવાનો હોય, તેમ જણાવા લાગ્યું. આ ફૂલોએ પોતાની સૌરભ, સર્વશકિત દ્વારા, ખિલવવા માંડી. ને જગત ને પોતાનો પરિચય આપવા તૈયાર થયાં હોય તેમ તેઓ દેખાવા લાગ્યું.

પાણીના સુકકા અને ખાલી જલાશયો પણ વગર વરસાદે ઉભરાવા લાગ્યાં. પૃથ્વીએ પોતાનામાં સંચય કરી રાખેલું અને સંઘરી રાખેલું પાણી, ઝરણા અને ધોધ દ્વારા, વહેતું મુકવાં માંડયું. જેના પરિણામે, ઠેર ઠેર કૂવા, નદી, વાવડી વિગેરે પાણીથી ભરાઇ ગયાં ને ગ્રીષ્મ ઋતુને વર્ષા ઋતુ તેમજ વસંત ઋતુ જેવી બનાવી દીધી.

આ પાણી પણ સ્વચ્છ, નિર્મળ અને સ્વાદિષ્ટ હતાં. પાણી પણ, ખોરાકની ગરજ સારે તેવાં હતાં. ને તૃષાતુરને શીતલતા આપે તેવા મીઠા અને ગુણયુક્ત હતાં.

જેમ પવનના ફૂંકાવાથી, પાણી હિલોલે ચઢે ને મોજાઓનું તાંડવનૃત્ય શરુ થાય, તેમ દેશ અને રાષ્ટ્ર ભરના લોકોના ઉત્સાહનો જુવાલ, ક્રમે ક્રમે વધવા માંડયો.

જંગલના પ્રાણીઓએ પોતાના વૈર યુક્ત સ્વભાવનું વિસ્મરણ કરવા માંડયું. એક બીજાને પ્રેમથી ચાહવા લાગ્યાં, ને આહાર–વિહાર આદિમાં, જરાપણ ક્ષોભ અનુભવ્યા વિના, એકજ પ્રદેશે, ચરવા તેમજ હર–ફર કરવા લાગ્યાં. જાણે પ્રેમાળુ કુટુંબ હોય.

જંગલો સર્વ પ્રાણીઓ માટે ઉત્પન્ન થયેલાં છે, એમ, જંગલી પ્રાણીઓના મનમાં ભાવ પ્રગટ થયો. દરેકને સુખરૂપ અને સહાયક બનવું તેમ, તેમની મનોવૃત્તિ થવા લાગી. જાતિવેરની ભાવના અદ્રશ્ય થવા લાગી. પોતપોતાની ભાષાઓ દ્વારા, પ્રેમસૂચક ચિન્હો બતાવવા લાગ્યાં. પોત પોતાની રીતે આનંદ વ્યક્ત કરતાં જણાવા લાગ્યાં. કદાપિ આવો આનંદ, જીવનમાં નહિ આવ્યો હોય! તેમજ નહિં માણયો હોય ! તેમ તેઓને જણાવા લાગ્યું. ને આવા ઉદ્ભવેલા આનંદનો ભોગવટો કરી લેવો, એમ માની, તેમાં ગરકાવ થયાં હોય તેમ તેઓ જણાવા લાગ્યાં,

આકાશ માર્ગો પણ, ચકચકિત વિમાનોથી ભરચક ભરેલાં હતાં તેમ જણાતું હતું. વિમાનોની હારમાળાઓ દ્રશ્યમાન થતી હતી. દેવવિમાનોથી, આકાશ માર્ગ રુધાંઇ ગયો હોય તેમ જણાતું. વિમાનોના અંદર થતાં નાટયારંભોનો દિવ્યધ્વનિ, પૃથ્વી ઉપરના લોકો સાંભળી શકે તેવો તીવ્ર અને ઉચ્ચ શ્રેણીનો હતો. કિન્નરો–ગંધર્વો પોતાની ગાયનકળા અને નૃત્યો ઉચ્ચશ્રેણીના દેવોને બતાવી રહ્યાં હતાં. વિદ્યાધરો, પોતાના પહાડો પરની રાજધાનીઓને, શણગારી તેજોમય બનાવી રહ્યાં હતાં ને પોતાની પુત્રીઓને, તે સમારંભોના ઉત્સવો માણવા, પ્રેરણા કરી રહ્યાં હતાં.

કોયલ–કોકિલા–પોપટ વિગેરે જાનવરો પણ કદી નહિ ભોગવેલ એવો આમ્રરસ પાઇ રહ્યાં હતાં. પ્રકૃતિ (કુદરત) પણ તૃષાયમાન થઇ રહી હોય તેમ જણાતું હતું. કારણ કે, ઝાડપાન પરના ફળો લચી રહ્યાં હતાં ને મિઠાશથી ભરચક બની રહ્યાં હતાં. જંગલના અને વનવગડાંના પક્ષીઓને, ભગવાનના જન્મ સમયે, મિષ્ટ ભોજનો આપવાના ઇરાદાથી, પ્રકૃતિએ કુદરતે પણ ફળ–ફૂલોની આડે વગડે, રેલમછેલ કરી મૂકી હતી. અને આ ફળોમાં બારોબાર સાકર ભરી દીધી હોય તેમ જણાતું.

આમ્રમંજરીના રસની મિઠાશથી, ધરાઈ ગયેલ કોયલો, પંચમ સ્વરથી, ગીતો ગાઈ રહી હતી. ને જીવનની અનુપમ મોજ, સર્વ પક્ષીઓ માણી રહ્યાં હતાં. (સૂ૦૫૫)

મૂળ અને ટીકાનો અર્થ—'जं रयणिं' ઇત્યાદિ. જે સમયે ભગવાનનો જન્મ થયો તે સમયે, અને તે રાત્રિએ, ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અને દેવિઓ, ભગવાન સમીપ આવતાં, અને ઉપર જતાં તેથી એક મહાન અદ્ભુત પ્રકાશ ફેલાઇ ગયો. અને તે પ્રકાશ દિવ્ય હોઇ, તેની મહાન્ તેજોમય ઉજ્જવલતા પૃથ્વી પર દેખવામાં આવતી.

દેવો અંદરો અંદર મળતા ઝુંલતાં હતાં, તેથી 'કલ-કલ' શબ્દનો શોર બકોર પણ થતો હતો. આ શોર અસ્ફુટ રહેતો. અને દેવ-દેવીઓની ખૂબ ભીડ જામી હતી.

ત્યારપછી દેવો અને દેવીઓએ એક ઘણી મોટી અમૃતવર્ષા કરી, સુગંધવર્ષા કરી, ચૂર્ણવર્ષા કરી, પુષ્પવર્ષા કરી, સોનાચાંદી અને રત્નોની પણ વર્ષા કરી. (સૂ૦૫૬)

મૂળનો અર્થ—'तए णं' ઇત્યાદિ. આસન કંપાયમાન થતાં, છપ્પન દિશાકુમારીઓએ, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો, તેમને જાણવામાં આવ્યું કે, સંસારના તાપ હરવાવાળા ભગવાન મહાવીર દેવનો જન્મ થયો છે. આથી, તેઓ ઘણી હર્ષિત થઇને, ઉતાવળી-ઉતાવળી પ્રસૂતિગૃહમાં આવી પહોંચી.

આ દિશાકુમારીઓ કેટલી અને કયા કયા પ્રકારની હતી તે નીચે મુજબ વર્ણવવામાં આવે છે, ને તેઓનું શું શું કાર્ય હોય છે. તેની રૂપરેખા પણ બતાવવામાં આવે છે.

દિશાકુમારિઓનો પ્રકાર—(૧) ભોગંકરા (૨) ભોગવતી (૩) સુભોગા (૪) ભોગમાલિની (૫) સુવત્સા (૬) વત્સમિત્રા (૭) વારિસેના (૮) બલાહકા આ આઠ દિશાકુમારિઓ અધોલોકમાંથી આવી.

આ કુમારીકાઓ પોતાની ફરજ અનુસાર, તીર્થંકર અને તેમની માતાને, ભાવ ભર્યું વંદન કરે છે. ત્યારબાદ, પ્રસૂતિ ગૃહને સંવર્ત્તક વાયુ દ્વારા, સાફસુફ કરી શુદ્ધ કરે છે. શ્રેષ્ઠ સુગંધિ પદાર્થો દ્વારા તેને સુગંધિત બનાવે છે. તીર્થંકર અને તેમની માતાથી થોડે દૂર ઉભી રહી તીર્થંકરને હાલરડાં ગાય છે. (સૂ૦૫૬)

ટીકાનો અર્થ-'तए णं' ઇત્યાદિ. પરમ વીતરાગી પુરુષનો જન્મ થતાં, કુદરતી કાનૂન અનુસાર, છપ્પન દિશાકુમારિઓના આસન હચમચી ઉઠે છે અને અસ્થિર માલુમ પડે છે. આવા આસનો કદાપિ પણ ચલાયમાન થતાં નથી. છતાં તેમનું ચલિતપણું જોઇ, ઘડી એક ભર વિચારમગ્ન બની જાય છે. વિચારમગ્ન થતાં, કાંઇ સમજણ નહિ પડવાથી, પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કરે છે. આ જ્ઞાનદ્વારા, ઘણે દૂર દૂર બનતાં બનાવો જોઈ, કોઈક નિર્ણય પર આવી જાય છે. તદનુસાર, ઉપયોગ દ્વારા, જોતાં જણાયું કે, ભરતક્ષેત્રમાં આ ચોવીશીના અંતિમ તીર્થંકરનો જન્મ, ત્રિશળા રાણીની કૂખથી થયો છે.

આ જાણ થતાની સાથેજ, તમામ કામ પડતાં મૂકી, ઉતાવલી-ઉતાવલી દોડતી આવી, પ્રસૂતિ ગૃહમાં હાજર થઇ ગઇ. ભગવાનને જોતાં, તેમનો દેહ-મન અને વાણી પ્રફુલ્લિત થયાં.

આ આઠ કુમારિઓ, નીચે અધોલોકમાં વાસ કરીને રહે છે. તેઓનો વાસ, હાથીના દંતૂશળના આકારે રહેલાં પર્વતોની નીચે બનેલાં ભવનોમાં હોય છે.

તેઓ પરિપૂર્ણ ભાવોથી, આવા વીતરાગી પુરુષને તથા તેમની માતાને, વંદન-નમસ્કાર કરે છે. ને પોતાની ફરજ ઉપર ચડી જાય છે. આ કુમારિકાઓની ફરજ પ્રથમ વખતે પ્રસૂતિગૃહનું મેલું ઉપાડી, ફેંકી દઇ, તેને સાફસુફ કરવાનું હોય છે. આ બાલાઓ, ઝપાટામાં, નિમેષમાત્રમાં, સાફ કરી નાખે તેવા ચક્કર ચક્કર ફરતા સંવર્ત્તક નામના વાયુનો ઉપયોગ કરે છે. ત્યારબાદ, સુગંધિ પદાર્થોનો છંટકાવ કરી, પ્રસૂતિ ગૃહને, મઘ-મઘાયમાન બનાવી મૂકે છે, ને માતા તેમજ બાળકને જાતે સાફ કરી, બાળકને પારણામાં સુવાડી પહેલું હાલરડું ગાય છે, અને જરા દૂર ઉભી રહે છે. (સૂ૦૫૭)

## મેધંકડરાદિ દિક્કુમારિયોં કા આગમન

મૂળનો અર્થ—'**मेहंकरा**' ઇત્યાદિ. (૧) મેઘંકરા (૨) મેઘવતી (૩) સુમેઘા (૪) મેઘમાલિની (૫) તોયધરા (૬) વિચિત્રા (૭) પુષ્પમાળા (૮) અનિંદિતા, આ આઠ દિશાકુમારિકાઓ ઉર્ધ્વલોકમાંથી ઉતરી આવી. આ બાલાઓએ પંચરંગી ફૂલોની વૃષ્ટિ કરી, ભગવાન અને તેની માતાને હાલરડાં સંભલાવતી, જરા દૂર ઉભી રહી. (૧૬)

(૧) નંદોત્તરા (૨) નંદા (૩) આનંદા (૪) નંદિવર્ધના (૫) વિજયા (૬) વજયન્તી (૭) જયન્તી (૮) અપરાજીતા, એ આઠ, પૂર્વ દિશામાં રહેલી દિશાકુમારિકાઓ, રુચક પર્વત ઉપરથી: ઉતરી આવી તેઓના હાથમાં દર્પણ હતાં. ભગવાન અને તેમની માતાને વિધિયુક્ત વંદન કરી, જરા દૂર ઉભી રહી, હાલરડાં ગાવા લાગી ને ભગવાનને હિંચોળવા લાગી. (૨૪)

(૧) સમાહારા (૨) સુપ્રતિજ્ઞા (૩) સુપ્રબુદ્ધા (૪) યશોધરા (૫) લક્ષ્મીવતી (૬) શેષવતી (૭) ચિત્રગુપ્તા (૮) વસુન્ધરા; એ આઠ દિગ્વાળાઓ દક્ષિણ દિશાના રુચક પર્વત ઉપરથી આવી પહોંચી. આ આઠેની હાથમાં ઝારી હતી. ઉપર પ્રમાણે વિધિ પતાવી, ગાણાં ગાવા લાગી. (૩૨)

(૧) ઈલાદેવી (૨) સુરાદેવી (૩) પૃથિવી (૪) પદ્માવતી (૫) એકનાસા (૬) નવમિકા (૭) સીતા (૮) ભદ્રા; આ બાળાઓ પશ્ચિમ દિશાના રુચક પર્વત ઉપરથી આવે છે. તેઓના હાથમાં પંખા હોય છે. ભગવાન અને માતાને વંદન કરી, ગાણાં ગાતી જરા દૂર ઉભી રહે. છે. (૪૦)

(૧) અલંબુષા (૨) મિતકેશી (૩) પુંડરીકિણી (૪) વારુણી (૫) હાસા (૬) સર્વગા (૭) શ્રી (૮) હ્રી; આ

આઠ દિક્કુમારીઓ, ઉત્તરના રુચકપ્રદેશ પરથી આવી. તેઓના હાથમાં ‘ચમર’ હતાં. તેઓ ગાયન કરતી, નજીકમાં ઉભી રહી. (૪૮)

(૧) ચિત્રા (૨) ચિત્રકનકા (૩) શતેરા (૪) સૌદામિની; આ ચાર કુમારિકાઓ વિદિશાઓ (કોણો) માંથી ઉતરી આવી. તેઓના હાથમાં નાના નાના ‘દીપકો’ હતાં. આ ચારે જણીઓ ખૂણાઓમાં ઉભી રહી હાલરડાં ગાઇ રહી. (૫૨)

(૧) રૂપા (૨) રૂપાંશા (૩) સુરૂપા (૪) રૂપવતી; એ ચાર કુમારિકાઓ રુચક પર્વતના મધ્ય ભાગમાંથી આવી રહી. આ કુમારિકાઓએ, ભગવાનના ચાર અંગુળ પ્રમાણ નાળને કાપી, ભૂમિમાં દાટી દીધો. (૫૬)

આ છપ્પન દિશાકુમારીઓ ‘ભગવાન પર્વતની સમાન ચિરાયુ થાઓ’ આ પ્રકારે કહી ગાણું ગાતી એક બાજુ ઉભી રહી. (સૂ૦૫૮)

ટીકાનો અર્થ—‘**मेघंकरा**’ ઈત્યાદિ. સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. ફક્ત ભેદ આટલુંજ છે કે ઉર્ધ્વલોકથી આવી એટલે ભદ્રશાળ વનની સમભૂમિથી પાંચશો જોજન ઊંચું નંદનવન છે. ત્યાં પાંચસો પાંચસો યોજન પ્રમાણવાળા આઠ કૂટો આવેલાં છે તે કૂટોથી આવી. **अदूरसामंते** નો **અર્થ**–નહિ દૂર નહિં નજીક, તેવો થાય છે. (૧૬)

‘**नंदोत्तरा**’ વિગેરેનો અર્થ સ્પષ્ટ છે. કેવળ-**आदर्शहस्तगताः** નો અર્થ એવો થાય છે કે તેઓના હાથમાં દર્પણ હતાં. (૨૪) **समाहारा** ઇત્યાદિ સ્પષ્ટ છે. **भृङ्गारहस्तगताः** નો અર્થ એવો થાય છે કે હાથમાં ‘ઝારી’ હતી. (૩૨) **इलादेवी** વિગેરેનો અર્થ સ્પષ્ટ છે. ફક્ત તેઓના હાથમાં તાડના પંખા હતાં, તેવો અર્થ અહિં કરાય છે. (૪૦)

**अलम्बुषा** આદિનો અર્થ પણ સ્પષ્ટ છે. વિશેષતા એટલી કે આ દિશાકુમારિઓના હાથમાં, ‘ચામર’ રહેલાં હતાં. (૪૮)

**चित्रा** આદિ સ્પષ્ટ છે. વિશેષમાં તે ચારેના હાથમાં ‘દીવા’ હતાં. (૫૨)

**रूपा** આદિ સ્પષ્ટ છે. વિશેષતા એ કે-તે ચાર દિશાકુમારીઓ નાળ છેદ કરવાવાળી હતી. (૫૬) રુચક પહાડ, જંબૂ દ્વીપના પ્રાકાર સમાન લેખાય છે.

આ સર્વ છપ્પન દિશાકુમારિકાઓ, ભગવાનને, હે ભગવન્! ‘તમો પર્વતની સમાન ચિરાયુ થાઓ’ એવા આશિષવચનો બોલી, ગાતાં ગાતાં ઉભી રહી. (સૂ૦૫૮)

મૂળનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. શક્રેન્દ્રનું પણ સિંહાસન ચલિત થતાં તે વિચાર કરવા લાગ્યા. અવધિજ્ઞાનના ઉપયોગ વડે દૃષ્ટિ ફેંકતા, તેને તીર્થંકરનો જન્મ થયો જણાયો. સિદ્ધ ભગવાન અને તીર્થંકરને **नमोत्थु णं** નો પાઠ બોલી નમસ્કાર કર્યા.

ત્યાર બાદ પાયદળ સેનાના અધિપતિ હરિણૈગમેષી દેવને, 'સુઘોષા' નામનો ઘંટ બજાવવા હૂકમ કર્યો. આ ઘંટ એક જોજનના ઘેરાવાવાળો બનેલો હતો.

ઘંટ વાગતાની સાથે, સૌધર્મ દેવલોકના એક ઓછું બત્તીસ લાખ વિમાનોના એક ઓછુ બત્તીસ લાખ ઘંટાઓનો ખણખણાટ થવા લાગ્યો. જેમ ગરીબ માણસો ને, આકસ્મિક સંપત્તિ મળી જાય ને, જેવો આનંદ વ્યાપી રહે, તેવો એ અનુભવ્યો.

હરિણૈગમેષી દેવ દ્વારા, ઘોષિત થયેલી શક્રેન્દ્રની આજ્ઞાને સાંભળી સર્વ દેવો, ખુશ-ખુશાલ થયાં. બધા દેવો હર્ષોન્મત્ત થયાં. દરેક જણ, પોતપોતાના વિમાન પર બેસી, ચાલતાં થયાં.

કોઇ દેવો, ઇન્દ્રની આજ્ઞા થવાથી રવાના થયાં, કોઇ દેવો મિત્રોની પ્રેરણાથી પ્રેરાયાં, કોઇ પોતાની દેવીના આગ્રહને લીધે ખેંચાયા, કોઇ કૌતુક દેખવાની ઉત્કંઠાથી આકર્ષાયા, કોઈ આશ્ચર્યકારક ઘટનાથી દોરાયા, કોઇ તીર્થંકરનો જન્મ મહોત્સવ જોવાની ભાવનાથી દોડ્યા, કોઇ ભગવાનના દર્શન કરવાના અભિલાષી થઈ ઉપડયા, કોઈ આ ભગવાન મોક્ષમાર્ગના દર્શક થશે એમ જાણીને રવાના થયાં. આ અવસર્પિણી કાળમાં, અહિં ભરતક્ષેત્રે, ભગવાન અંતિમ તીર્થંકર છે. એમ સમજી કોઇ દેવે, પ્રયાણ કર્યું, કોઈ ભક્તિભાવથી ખેંચાઇ ચાલી નીકળ્યાં. એમ વિવિધ દૃષ્ટિકોણ રાખીને સૌધર્મ દેવલોકના દેવોએ, ભરતખંડમાં આવવા રવાનગી લીધી. (સૂ૦૫૯)

ટીકાનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. ત્યારબાદ આસન ધ્રુજતા **શક્ર** નામના દેવાધિપતિ દેવનાયકે અવધિજ્ઞાનદ્વારા અન્તિમ ચોવીસમાં તીર્થંકરનો જન્મ થયાનું જાણીને સિદ્ધ ભગવાનને તથા તીર્થંકરને "**नमोत्थु णं**" દીધું, એટલે કે "**नमोत्थु णं**" નો પાઠ ભણીને નમસ્કાર કર્યાં. પછી પાયદળ સેનાના નાયક હરિણૈગમેષી દેવને એક યોજનના ઘેરાવાવાળો સુઘોષા-મનોહર અવાજ વાળો, યથાનામ તથા ગુણવાળો ઘંટ વગાડવાની આજ્ઞા આપી. ત્યાર બાદ હરિણૈગમેષી દેવે સુઘોષા નામનો ઘંટ બજાવતા જ સૌધર્મ કલ્પમાં બત્રીસ લાખમાં એક ઓછા વિમાનોમાં, બત્રીસ લાખમાં એક ઓછા ઘંટ એક સાથે જ વાગવા લાગ્યા. તે વખતે સમસ્ત દેવો અને દેવીઓને પ્રભુના જન્મના સમાચાર સાંભળીને એટલા અદ્ભુત આનંદનો અનુભવ થયો કે જેટલો દરિદ્રને અચાનક સંપત્તિ પ્રાપ્ત થવાથી થાય છે.

ત્યારબાદ હરિણગમેષી દેવ દ્વારા સૂચિત શક્રેન્દ્રની આજ્ઞા સાંભળીને બધા દેવો હર્ષ અને સંતોષ પામ્યા એટલે કે અત્યન્ત પ્રસન્ન થયા. હર્ષથી એમનું હૃદય ખિલી ઉઠ્યું. બધા પોત પોતાના-વિમાનોમાં બેસીને ચાલી નીકળ્યાં. તે દેવોમાં કેટલાક ઇન્દ્રની આજ્ઞાથી ઉપડયાં, કેટલાક મિત્રોની પ્રેરણાથી ઉપડયાં, કેટલાક પોતાની દેવીના

આગ્રહથી ઉપડયાં, કેટલાક કુતૂહલ જોવાની ઉત્કંઠાથી ઉપડયાં, કેટલાક આશ્ચર્ય જોવાને માટે ઉપડયાં, કેટલાક તીર્થંકરનો જન્મમહોત્સવ જોવાને માટે ઉપડયાં, અને કેટલાક ભગવાનનાં દર્શન કરવાને માટે રવાના થયાં. કોઇ કોઇ એમ સમજીને ગયા કે આ ભગવાન મોક્ષમાર્ગના દર્શક થશે, અને કોઈ કોઇ એમ ધારીને ગયા કે આ અવસર્પિણી કાળમાં, આ ભરતક્ષેત્રમાં આ જ અન્તિમ તીર્થંકર છે. કેટલાક દેવો આત્મીયભાવથી ગયા તો કેટલાક ભક્તિભાવથી પ્રેરાઇને ગયા. (સૂ૦૫૯)

## ભગવાન્ કે દર્શનાર્થ આતે હુએ દેવોં કા વર્ણન

મૂલનો અર્થ—'**जं समयं च णं**' ઈત્યાદિ. જે સમયે દેવો રવાના થયાં તે સમયે, સ્વર્ગલોકમાં, વિવિધ દિવ્ય વાદ્યોનો ધ્વનિ થઇ રહ્યો. ઘંટાઓની ધ્વનિવડે, ધ્વનિઓના પ્રતિધ્વનિઓ વડે, દેવ–દેવીઓના 'કલરવ'ના નાદવડે, સંપૂર્ણ આકાશમંડળ ગાજી ઉઠયું. તે સમયે, કરોડો દેવ–વિમાનોથી આકાશ સંકડાઇ ગયું હોય! તેમ જણાવા લાગ્યું.

સિંહાકાર વાલા વિમાનમાં બેઠેલાં દેવો, ગજાકાર વિમાનોના દેવોને કહેવા લાગ્યા કે "હે દેવો! તમે આગળ આગળ ચાલ્યા જાઓ છો પણ તમારા હાથિયોને એક તરફ તારવી અમને આગળ જવાદો, નહિતર અમારા પરાક્રમી સિંહો તમારા હાથીઓની હત્યા કરી બેસશે!" આ પ્રકારે ભેંસના આકારવાલા દેવો તેમની આગળ નીકળી ચુકેલાં અશ્વાકાર વિમાનના દેવોને પડકારતાં, ગરુડાકાર વિમાનીઓ, સર્પાકાર વિમાનિયોને ચેલેંજ ફેંકતાં, ચિત્તાના આકારવાળા વિમાનિયો, ઘેટાના આકારવાળા વિમાનિયો ને ધમકાવતાં.

કેટલાક દેવો ઉત્કંઠાથી અને હોંશના કારણે પોતાના મિત્રોને પણ છોડી આગળ–આગળ નીકળી જતાં. કોઇ કોઇ તો એક બીજાને કહી પણ દેતા કે "ભાઇઓ! જરા થોભી જાવ, અમે પણ તમારી સાથે આવીએ છીએ" કોઇ કોઇ તો, આગળ માર્ગ કાઢવા વાતોડિયા અને દલીલબાજ દેવોને સાફ શબ્દોમાં સંભળાવી પણ દેતાં હતાં કે 'આજ ઉત્સવનો દિવસ છે માટે ચૂપચાપ રહી, વખતસર પહોંચી જાવ, નહિતર રહી જશો!

આકાશમંડળમાં ચંદ્રનું સ્થાન જ્યાં આવી રહેલું છે તે સ્થાનની નજીક દેવો પ્રયાણ કરી રહ્યાં હતાં. ચંદ્રમાનાં શ્વેત કિરણો, દેવોના માથા પર પડવાથી તે દેવો નિર્જર–એટલેજરા–ગઢપણ–વગરના હોવા છતાં જરા–વાળા એટલે વૃદ્ધ જેવા દેખાવા લાગ્યાં.

દેવોના માથા પર આવેલા તારાઓ ઘડા જેવા દીસતાં હતાં ને ગળામાં આવેલા તારાઓ ઝગમગ ઝગમગ થતાં હોવાને કારણે દેવોના રત્નમય આભૂષણો સમાન દૃષ્ટિગોચર થતાં હતાં. આ ઉપરાંત, દેવોના શરીરપર આવેલા તારાઓ પરસેવાના ટીપાં જાણે બાઝ્યાં ન હોય! તેમ જણાતાં; કારણ કે દેવો આ તારામંડળોની વચમાં થઇનેજ પસાર થતાં હતાં (સૂ૦ ૬૦)

ટીકાનો અર્થ–'**जं समयं च णं**'ઇત્યાદિ. જે સમયે દેવો રવાના થયાં, ત્યારે દેવોના માર્ગમાં થતા વિવિધ પ્રકારના દિવ્ય વાજીં-ત્રોના સામાન્ય અવાજથી તથા સારી રીતે પ્રસરી જતા અવાજોથી ઘંટોના અવાજથી, દિવ્ય વાદ્યો અને ઘંટોના પ્રતિધ્વનિથી

દેવો તથા દેવીઓના કલકલનાદથી આખું આકાશ ગુંજી ઉઠયું, મધુર અને અસ્ફુટ શબ્દોથી છવાઇ ગયું. તે સમયે કરોડો વિમાનોથી વિસ્તીર્ણ આકાશ પણ દેવ-સમૂહથી ભરાઇ જવાને કારણે સાંકડું થઇ ગયું-એક સોય પણ સમાઇ ન શકે એવું થઇ ગયું. તે વિમાનચારી દેવોમાં જેઓ સિંહની આકૃતિવાળાં વિમાનોમાં બેઠેલા હતા તેમણે હાથીના આકારના વિમાનોમાં બેઠેલા દેવોને કહ્યું-"અરે આગળ ચાલનારા દેવો! પોત-પોતાના હાથીઓને એક બાજુ કરીને ચાલો, નહિ તો-એક બાજુ ન કરવાથી અમારા બળવાન સિંહ તમારા હાથીઓની હત્યા કરી નાખશે. એજ પ્રમાણે મહિષાકાર (ભેંસના આકારવાળા) વિમાનમાં બેઠેલા દેવોએ અશ્વાકૃતિવાળાં વિમાનમાં રહેલાઓને કહ્યું. ગરુડાકાર વિમાનમાં બઠેલા દેવોએ ભુજંગાકૃતિના વિમાનવાળાઓને કહ્યું. ચિત્તાના આકારના વિમાનમાં જેઓ બેઠેલા હતા તેમણે મેષ (ઘેટા)ના આકારના વિમાનવાળાઓને કહ્યું, કેટલાય દેવો ઉત્સુકતાને કારણે મિત્રોને મૂકીને આગળ ચાલી નીકળ્યા. કેટલાય કહેવા લાગ્યા—"હે ભાઇઓ! જરા થોભો, થોભો, અમે પણ આવીએ છીએ. અમે પણ ત્રિશલાનન્દનનો જન્મોત્સવ જોવાની ઈચ્છાથી તમારા સાથીદાર બનીને સાથે આવીયે છીએ. કેટલાય દેવોએ, 'હું આગળ ચાલું, હું આગળ ચાલુ' આમ કહીને વિવાદ કરનારા દેવોને કહ્યું "આજ ઉત્સવનો દિવસ છે, માટે તમે લોકો શાન્તિપૂર્વક આવો"

હવે દેવોના આગમનના સમયના સ્વરૂપને કહે છે—પૂર્વોક્ત પ્રકારે જ્યારે દેવો આકાશમાં ગમન કરી રહ્યાં હતાં ત્યારે તેમનાં મસ્તકો ચન્દ્રમાની ઘણી નજીક હોવાથી, ચન્દ્રમાના પ્રકાશિત કિરણો, તેમના પર ચકચકિત પણે પ્રકાશિત થતા હોવાને કારણે તેમના મસ્તકોનાં વાળ, અત્યંત શ્વેત અને તેજોમય લાગતાં હતાં, તેથી જોનારને એમ લાગતું કે યુવાન દેવો પણ વૃદ્ધ બની ગયાં છે! ચકચકિત તારાઓનાં જૂમખાઓ પણ તેમનાં માથાં પર આવી રહેલાં હોઇ, માથા ઉપર મૂકેલા ઘડાઓ જેવાં લાગતા હતા, ગળાપર આવેલા તારાઓ મોતીનાં હારોની ગરજ સારતા હતાં. પરસેવા પર સૂર્યનો પ્રકાશ પડવાથી જેમ પરસેવાનાં બિંદુઓ ચળકાટ મારે છે તેમ નાના તારાઓ દેવોનાં શરીર પર બિંદુરૂપે ચળકાટ મારતાં હતાં. (સૂ૦ ૬૦)

મૂલનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યારબાદ દેવેન્દ્ર દેવરાજ શક્ર, પાલકયાન વિમાન પર આરૂઢ થઇ, દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ વડે સજ્જ થઇ, સર્વ પરિવારને પોતપોતાના વિમાન પર બેસાડી નંદીશ્વર દ્વીપ મધ્યે આવ્યા. આ દ્વીપના અગ્નિકોણમાં, રતિકર પર્વતપર, સર્વ દિવ્ય ઋદ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ તથા સર્વકુટુંબ પરિવારને વિમાનો સહિત ત્યાં મૂકયાં.

ત્યાંથી રવાના થઇ, જ્યાં તીર્થંકર ભગવાનનું જન્મનગર હતું, જ્યાં જન્મભવન હતું, ત્યાં આવી પહોંચ્યાં. પોતાના દિવ્યયાન-વિમાનથી તીર્થંકરના જન્મભવનના ઇશાનકોણમાં પૃથ્વીથી ચાર આંગળની ઉંચાઇએ પોતાનું વિમાન સ્થાપિત કર્યું"

આ કાર્ય પતાવીને, જ્યાં તીર્થંકર ભગવાન અને તેની માતા હતાં ત્યાં આવી ત્રણ વાર પ્રદક્ષિણા કરી, ને તેમની દૃષ્ટિ પડે તેમ, ત્રણ વખત પ્રણામ કર્યા. પ્રણામ બાદ મસ્તકપર અંજલી કરી બોલ્યા 'હે ઉદરમાં રત્ન ધારણ કરવાવાળી, હે જગતના દીપકને પ્રગટ કરવાવાળી, તમને નમસ્કાર કરૂં છું; કેમકે સમસ્ત જગતના હિત કરવાવાળા, પ્રાણીમાત્રના નેત્ર સમાન, અખિલ સંસારના જીવોને વત્સલસ્વરૂપ, મોક્ષમાર્ગના પ્રકાશક, વિશાલ-વચનરૂપી ઋદ્ધિના સ્વામી, જીન, જ્ઞાની, નાયક, બુદ્ધ, બોધક, સર્વલોકના નાથ, અનાસક્ત, શ્રેષ્ઠકુલમાં ઉત્પન્ન, જ્ઞાતિથી, ક્ષત્રિય, અને સર્વશ્રેષ્ઠ ભગવાનની જન્મદાત્રી છો. તેથી તમો ધન્યવાદના પાત્ર છો. તમારૂં જીવન કૃતાર્થ છે! હે દેવાનુપ્રિયે! હું ભગવાન તીર્થંકરનો જન્મમહોત્સવ ઉજવીશ, તો તમો દિવ્ય પ્રભાથી જરાપણ ભયભીત થશો નહિં."

આમ કહીને, ઈન્દ્ર માતાને ગાઢનિદ્રામાં સુવાડી દીધાં અને સ્વશક્તિના બળે કે જે શક્તિને "વૈક્રિય" શક્તિ કહે છે તે વડે, પોતાના જેવા, પાંચ ઇન્દ્રો (શક્રેન્દ્રો) બનાવી દીધા.

આ વૈક્રિયરૂપ ધારણ કરવાવાલા પાંચ શક્રેન્દ્રોમાંથી, એકે તીર્થકર ભગવાનને પોતાના કોમલ કરની હથેળીમાં ઉંચકી લીધાં. બીજા ઈન્દ્રે ભગવાનની પીઠ પછવાડે ઉભા રહી ભગવાન ઉપર છત્ર ધારણ કર્યું. આ છત્ર હંસની પાંખ કરતાં પણ, અધિક ધવલ હતું. બીજા બે ઇંદ્રો બેઉ બાજુ ચામર વીંજતા હતાં. હવે પાંચમા શક્રેન્દ્રે હાથમાં વજ્ર લઇ ભગવાનની રક્ષા કરવા માટે આગળ ચાલવા માંડયું. (સૂ૦૬૧)

ટીકાનો અર્થ—'तए णं' ઈત્યાદિ. સામાન્ય દેવો રવાના થયા પછી, શક્ર નામના દેવેન્દ્ર દેવરાજ પાલક નામનાં વિમાનમાં બેસીને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ સાથે તથા પોતપોતાના વિમાનમાં બેઠેલ સઘળા પરિવારની સાથે, નન્દીશ્વર નામના દ્વીપમાં, દક્ષિણ-પૂર્વ દિશાની વચ્ચે-અગ્નિ કોણમાં, રતિકર પર્વત પર, તે દિવ્ય અદ્ભુત દેવઋદ્ધિને તથા પોતપોતાનાં વિમાનમાં બેઠેલ સઘળા પરિવારને મૂકીને, તથા દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવ-પ્રભાવને સંકેલીને, જે સ્થાને ભગવાન તીર્થંકરનું જન્મનગર હતું, જ્યાં જન્મગૃહ હતું, ત્યાં આવ્યાં. આવીને તે અદ્ભુત વિમાનથી તીર્થંકરના જન્મગૃહની ત્રણ વાર દક્ષિણની તરફથી આરંભીને પ્રદક્ષિણા કરી એટલે દક્ષિણ તરફથી પ્રદક્ષિણા શરૂ કરીને દક્ષિણ તરફ જઇને જ તે અટકયું. આ રીતે પ્રદક્ષિણા કરી ભગવાન તીર્થંકરનાં

જન્મભવનના ઇશાન કોણુમાં ભૂમિતળથી ચાર આંગળ ઊંચે તે વિમાનને ઉભું રાખ્યું. પછી જ્યાં ભગવાન તીર્થંકર અને તેમના માતા હતાં ત્યાં તે આવ્યા. આવીને ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને દર્શન થતાં જ પ્રણામ કર્યાં, પ્રણામ કરીને બન્ને હાથ જોડીને મસ્તક પર આવર્ત અને અંજલિ કરીને આ પ્રમાણે કહ્યું—

"હે રત્નકુક્ષિધારિકે! એટલે કે કૂંખમાં ભગવાન રૂપી રત્નને ધારણ કરનારી! હે જગત્પ્રદીપદીપિકે! એટલે કે જગતનાં પ્રકાશક ભગવાનનો જન્મ આપીને પ્રકાશમાં લાવનારી! તમને નમસ્કાર હો, કારણ કે તમે ત્રણે લોકને માટે મંગળસ્વરૂપ, સઘળા જીવોનાં નેત્ર સમાન, જેમ નેત્ર ઘટ-પટ આદિના પ્રકાશક છે એજ રીતે જિનદેવ સત્-અસત્ વસ્તુના પ્રકાશક છે, તેથી ચક્ષુનાં જેવાં, સમસ્ત સંસારવર્તી જીવોનું પુત્રની જેમ પાલન કરનારાં, સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ હિતકારી મોક્ષમાર્ગનો પ્રકાશ કરનારી તથા સમસ્ત ભાષાઓનાં રૂપે પરિણત થનારી હોવાથી સર્વવ્યાપી વચનલબ્ધિના સ્વામી, એટલે કે અતિશય યુકત વચન-લબ્ધિના ધારક, રાગદ્વેષના વિજેતા, અતિશય જ્ઞાનના ધારક, ધર્મવરચક્રવર્તી, તત્ત્વોના જાણકાર, ભવ્ય જનોને બોધ દેનાર, બોધિબીજ (સમ્યકત્વ) નાં દેનાર અને રક્ષક, ક્ષેમકર હોવાથી સમસ્ત લોકના નાથ, મમત્વથી રહિત, સિદ્ધાર્થ ક્ષત્રિયના શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થનાર, જાતિ (વર્ણ) થી ક્ષત્રિય, અને સમસ્ત પુરુષોમાં ઉત્તમ (ભગવાન) ની માતા છો તેથી ધન્ય છો, કૃતાર્થ છો."

આ પ્રમાણે ભગવાનની માતા ત્રિશલાને વન્દના તથા સ્તુતિ કરીને ઇન્દ્ર પોતાનો અંતિમ આશય કહે છે—

"હે દેવાનુપ્રિયે! હું ભગવાન તીર્થંકરનો જન્મ-મહોત્સવ કરીશ, તો આપ ડરશો મા."

આ પ્રમાણે કહીને ઇન્દ્રે તેમને અવસ્વાપની નિદ્રામાં પોઢાડી દીધાં. પછી વૈક્રિયશકિતથી પોતાનાં પાંચ રૂપ બનાવ્યાં. તે પાંચ ઇન્દ્રોમાંથી એકે ભગવાન તીર્થંકરને પોતાનાં કોમળ કરસમ્પુટમાં ઉપાડી લીધાં, એકે શ્વેતતામાં હંસની પાંખને પણ મહાત કરનાર છત્ર ધારણ કર્યું, બે ઇન્દ્ર ભગવાનને બન્ને પડખે ચામર ઢાળવાં લાગ્યાં. એક પુરન્દર ઇન્દ્ર હાથમાં વજ્ર લઇને ભગવાન તીર્થંકરનાં રક્ષણને માટે આગળ-આગળ ચાલવા લાગ્યો (સૂ૦૬૧)

મૂળનો અર્થ— '**तए णं**' ઇત્યાદિ. ત્યારપછી નંદીશ્વર દ્વીપમાં પહેલેથી આવેલા પોતપોતાના રતિકર પર્વત પર પોતાની ઋદ્ધિ અને યાનવિમાનોને મૂકવાવાળા, અને પોતપોતાના પરિવારથી યુકત એવા ત્રેસઠ ઇન્દ્રોનો સાથ મેલવી, તે શક્ર દેવેંદ્ર દેવરાજ જ્યાં અભિષેક-સિંહાસન હતું ત્યાં આવ્યા.

મેરુ પર્વત ઉપર ચારસો ચોરાણું (૪૯૪) જોજનના વિસ્તારવાલું ચુડીના આકારે રહેલું ચોથુ પંડકવન છે. આ વનની ચારે બાજુ, શ્વેતસુવર્ણમય, અર્ધચંદ્રાકારવાળી, પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર દિશાઓમાં અનુક્રમે આવેલી પાંડુકંબલા, અતિપાંડુકંબલા, રકતકંબલા અને અતિરકતકંબલા નામવાલી ચાર શિલાઓ છે. આ શિલાઓ અભિષેક-શિલાઓ કહેવાય છે. જે સ્થાને અતિપાંડુકંબળશિલા છે, અને જ્યાં અભિષેક સિંહાસન છે, ત્યાં દેવેન્દ્ર આવ્યાં, ત્યાં આવી પલોંઠીવાળી બેઠા પછી, ભગવાનને ખોળામાં લીધાં, ને પૂર્વ દિશા તરફ મોં કરી પોતે સ્થિર આસન કર્યું (સૂ૦૬૨)

## ભગવાન્ કો ઉત્સંગ મેં લેકર અભિષેક સિંહાસન પર શક્રેન્દ્રકા બૈઠના

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યાર પછી શક્ર દેવેન્દ્ર દેવરાજ નન્દીશ્વર દ્વીપમાં પહેલેથી આવેલ, પોતપોતાના રતિકર પર્વત પર જેઓ પોતપોતાની ઋદ્ધિ અને પોતાના પરિવારને મૂકી ગયા હતા અને જેઓ પોતપોતાના પરિવારની સાથે હતાં, એવાં ત્રેસઠ ઇન્દ્રોની સાથે, તેમનાથી વીંટળાયેલા, મેરુ પર્વતની ઉપર જે સ્થાન પર વર્તુળાકારે ઉભેલું તથા ચારસો ચોરાણું યોજનના વિસ્તારવાળું પંડક નામનું ચોથું વન છે, તે વનની ચારે દિશાઓમાં શ્વેત સુવર્ણની બનેલી, અર્ધચન્દ્રાકારની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં અનુક્રમે વિદ્યમાન ચાર અભિષેકશિલાઓ છે, એટલે કે (૧) પૂર્વમાં પાંડુકમ્બલા, (૨) દક્ષિણમાં અતિપાંડુકમ્બલા, (૩) પશ્ચિમમાં રકતકમ્બલા, અને (૪) ઉત્તરમાં અતિરકતકંબલા શિલા છે. એ ચારેમાંથી જ્યાં દક્ષિણ દિશાની અતિપાંડુકમ્બલા શિલા છે અને જ્યાં અભિષેક–સિંહાસન છે, ત્યાં પહોંચ્યાં. ત્યાં પહોંચીને તે અભિષેક–સિંહાસન પર સકળ લોકના ઉપકારક, અને ત્રિલોકના નાથ તીર્થંકરને પોતાના ખોળા રૂપી પલંગમાં બેસાડીને પોતે પૂર્વ–દિશાની તરફ મુખ કરીને બેસી ગયાં. (સૂ૦૬૨)

## ભગવાન્ કા જન્મ મહોત્સવ કરને કી ઈચ્છાવાલે દેવોંકે મનોભાવ કા વર્ણન

મૂળનો અર્થ–'तए णं' ઇત્યાદિ. ત્યારપછી ઈશાન આદિ ત્રેસઠ ઇંદ્રો પોતપોતાના કુટુંબ સાથે પોતપોતાના આસનો પર બેસી ગયાં. તે સમયે, સર્વ દેવ–દેવીઓ એકીસાથે મળીને પોત–પોતાના કામમાં પરોવાઇ ગયાં. સંપૂર્ણ રિદ્ધિ, દ્યુતિ, બળ, સમુદય, આદર, વિભૂતિ, ઐશ્વર્ય, સંભ્રમ અને સમારોહથી અને પુષ્પ, ગંધ, માળા, અલંકાર અને હૃદયના ઉલ્લાસથી અને મહાન્ શબ્દોથી એક મહાન્ તીર્થંકરના જન્માભિષેક કરવા માટે તૈયાર રહીને, ઇંદ્રની આજ્ઞાની રાહ જોતાં ઉભા હતાં.

ઉપરોકત તૈયારી પૂરી થતાં સર્વ દેવો, ભગવાનનું મુખારવિંદ જોવા તલપાપડ થઇ રહ્યાં હતાં. જેમ તરસ્યા પાણીની પ્રતીક્ષા કરતા ઉભા હોય છે, જેમ દરિદ્રી ઇષ્ટવસ્તુ મેળવવાની લાલચે વાટ જોઈ રહ્યો હોય છે, જેમ રોગી રોગના નિવારણની રાહ જોઇ રહ્યો હોય છે, જેમ નિરાધાર આધારને વળગવાનું વિચારી રહ્યો હોય છે, જેમ શરણહીન શરણ પ્રાપ્ત કરવાને ઝંખી રહ્યો હોય છે, તેમ સર્વ દેવ–દેવાંગનાઓ, ભગવાનનું નિર્મળ અને સૌમ્ય મુખ જોવાની તાલાવેલી સેવી રહ્યાં હતાં. (સૂ૦૬૩)

ટીકાનો અર્થ—'तए णं' ઈત્યાદિ. ત્યાર બાદ ઇશાન આદિ ત્રેસઠ ઈન્દ્ર પણ પોતપોતાના પરિવારથી વીંટળાઇને અતિપાંડુકમ્બલશિલાની પાસે પોતપોતાનાં આસન પર બેસી ગયાં. ત્યારે સઘળા દેવ અને દેવીઓ એક સાથે મળીને પોતપોતાના કામે વળગી ગયાં. સમસ્ત સંપત્તિથી, સમસ્ત પ્રકાશથી, સમસ્ત પરાક્રમથી, સમસ્ત સેનાથી, પોતપોતાના સમસ્ત પરિવારથી અથવા સમ્યક્ ઉદયથી, બધી જાતના આદરથી, સમસ્ત ઐશ્વર્યથી, પૂરી ત્વરાથી, પૂર્ણ સમારોહ–તૈયારીથી, પુષ્પો થી, સમસ્ત ગંધો, સમસ્ત માળાઓ, સમસ્ત આભૂષણો, અને

સમસ્ત શોભાની સાથે એટલે કે વિશિષ્ટ આભૂષણોથી, તથા સઘળાં દિવ્ય વાજિંત્રોના ધ્વનિથી, વિશાળ ઋદ્ધિથી, ચિત્તના અત્યંત ઉલ્લાસ (આનંદ)થી, મહાન શબ્દોથી, તીર્થંકરના જન્માભિષેકનો એક અનુપમ ઉત્સવ ઉજવવાને માટે ઇન્દ્રની આજ્ઞાની અભિલાષા કરવા લાગ્યાં. જ્યારે દેવગણુને જાણુ થઈ કે ભગવાન તીર્થંકરનો જન્માભિષેક થવાનો છે ત્યારે તેઓ ભગવાનના નિર્મળ વદન-કમળના દર્શનને માટે એટલા બધા આતુર થઇ ગયાં જેટલા તરસ્યા પાણીને માટે, જન્મદરિદ્ર ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને માટે, રોગી આરોગ્ય મેળવવાને માટે, નિરાધાર માણુસ આધાર મેળવવાને માટે અને અશરણુ શરણુ મેળવવાને માટે આતુર હોય છે !

## દેવોં કે આનન્દ, આઠ પ્રકારકે કલશ, શકેન્દ્રકી ચિંતા ઔર મેરૂકંપનકા વર્ણન

અહીં એક દેવગણુ ઉપમેય છે અને તરસ્યા આદિ બીજાં બધા ઉપમાન છે. તે કારણે માલોપમા અલંકાર છે. (સૂ૦૬૩)

મૂળનો અર્થ—"**तेणं कालेणं**" ઇત્યાદિ. તે કાળે અને તે સમયે દેવોને અતિશય અલૌકિક હર્ષ થયો. "તે સમયના દેવગણુના આનંદનું વર્ણન કરવાને સરસ્વતી પણુ શકિતમાન નથી. એ વખતે દેવો એટલા બધા શાન્ત થઇ ગયાં કે નીચે પડતી સોયનો અવાજ પણુ સાંભળી શકાય. ॥ ૧ ॥

ત્યારે દેવો અને દેવીઓનાં મન હર્ષના અતિરેકથી એકાગ્ર થઇ ગયાં. તેમની પલકો એટલી બધી નિશ્ચલ થઇ ગઇ કે મોટો પર્વત પડે તો પણુ જરાયે ચલાયમાન ન થાય! ત્યાર બાદ (૧) સુવર્ણનાં (૨) ચાંદીનાં (૩) રત્નોનાં (૪) સોના-ચાંદીનાં (૫) સોના-રત્નોનાં (૬) ચાંદી-રત્નોનાં (૭) સોના-ચાંદી અને રત્નોનાં તથા (૮) માટીના; એ આઠ પ્રકારના કળશોમાંથી એક એક પ્રકારના, પ્રત્યેક ઇન્દ્રની પાસે એક હજાર આઠ કળશ હતાં. આ પ્રમાણે ચૌસઠ ઈન્દ્રોના કુલ પાંચ લાખ, સોળ હજાર, છન્નું (૫૧૬૦૯૬) કળશ થયાં. આટલા બધા કળશોને જોઇને દેવેન્દ્ર દેવરાજ શક્રને એવો આધ્યાત્મિક, પ્રાર્થિત, ચિન્તિત, કલ્પિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે શિરીષના ફૂલ જેવો સુકુમાર આ બાળક (ભગવાન) આટલાં બધાં, જળથી ભરેલાં મહાકળશોની અત્યંત વિશાળ જળધારાને કેવી રીતે સહન કરી શકશે? શક્રના આ પ્રકારના પાંચે વિચારોને અવધિજ્ઞાનથી જાણીને તેની શંકાનું નિવારણ કરવા માટે, અપાર બળ અને પરાક્રમવાળાં તીર્થંકર ભગવાને પોતાના પગના અંગુઠાના અગ્રભાગથી સિંહાસનના એક ભાગનો સ્પર્શ કર્યો. ત્યારે ભગવાન તીર્થંકરના અંગુઠાના સ્પર્શ માત્રથી જ મેરુ પર્વત કંપવા લાગ્યો. જાણે "મહાપુરુષોનાં ચરણ સ્પર્શથી હું પાવન થઈ ગયો"-એમ ધારીને હર્ષથી ડોલવા લાગ્યો. (સૂ૦૬૪)

ટીકાનો અર્થ—'**तेण कालेणं**' ઇત્યાદિ. તે કાળે અને તે સમયે દેવોને અત્યંત લોકોત્તર આનંદ થયો. તે

અવસરે તદ્દન શાન્તિ હતી, તે દર્શાવવા માટે કહે છે—

"तयायणं देवगणप्पमोयं, वागीसरी नत्थि अलं पवत्तुं।
अच्चंतसंता य हविंसु देवा, सद्दायई जत्थ पडंतसूई ॥१॥ इति।

એટલે કે તે સમયે દેવોના સમૂહને જે હર્ષ થયો તેનું વર્ણન કરવાને સરસ્વતી પણ સમર્થ નથી. ત્યાં દેવો એટલાં બધાં શાન્ત અને એકાગ્રચિત્ત થઇ ગયાં કે નીચે સોય પડે તો તેનો અવાજ પણ સંભળાયા વિના રહે નહીં.

ત્યાર બાદ શાંતચિત્ત તે દેવ–દેવીઓ આનંદના અતિરેકથી એટલાં બધાં એકાગ્રચિત્ત થઇ ગયાં કે ઘણો ભારે પર્વત પડે તો પણ તે દેવ–દેવીઓની દૃષ્ટિ સ્હેજ પણ ચલાયમાન થાય નહીં.

ત્યાર બાદ (૧) સોનાનાં, (૨) ચાંદીનાં, (૩) રત્નોનાં, (૪) મિશ્રિત સોના–ચાંદીના, (૫) સોના–રત્નોનાં (૬) ચાંદી–રત્નોનાં, (૭) સોના–ચાંદી–રત્નોનાં, અને (૮) માટીનાં, એમ આઠ પ્રકારનાં કળશો હતાં. તેમાં પ્રત્યેક ઇન્દ્રની પાસે દરેક પ્રકારના એક હજાર આઠ કળશ હતાં. બધા પ્રકારના કળશો મળીને પ્રત્યેક ઈન્દ્રની પાસે આઠ હજાર ચૌસઠ કળશો હતાં. તેથી ચોસઠ ઇન્દ્રોના બધાં મળીને એકંદર પાંચ લાખ, સોળ હજાર, છન્નું કળશ હતાં. કળશોની આટલી બધી મોટી સંખ્યા જોઇને શક્ર દેવેન્દ્ર દેવરાજના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક, પ્રાર્થિત, ચિન્તિત, કલ્પિત, મનોગત સંકલ્પ (વિચાર) ઉત્પન્ન થયો કે પ્રભુ બાળક છે, શિરીષ–પુષ્પના જેવાં અતિશય કોમળ છે. તેઓ આ પાંચ લાખ સોળ હજાર છન્નું (૫૧૬૦૯૬) જળપૂર્ણ મહાકળશોની અત્યંત વિશાળ જળધારાને કેવી રીતે સહન કરી શકશે?

આ પ્રકારના શક્રના આધ્યાત્મિક, પ્રાર્થિત, ચિન્તિત, કલ્પિત, મનોગત સંકલ્પને, અનુપમ બળ અને અનુપમ પરાક્રમવાળા ભગવાન તીર્થંકરે અવધિજ્ઞાનથી જાણીને તેની શંકાને દૂર કરવા માટે, પોતાના પગના અંગુઠાના અગ્રભાગથી પોતાના આધારભૂત (જેના પર તેઓ વિરાજમાન હતાં) મેરુપર્વતના અવયવરૂપ સિંહાસનના એક ભાગનો સ્પર્શ કર્યો. ભગવાન તીર્થંકરના અંગુઠાના અગ્રભાગનો સ્પર્શ થતાં જ "મહાપુરુષોનાં ચરણ–સ્પર્શથી હું પાવન થઈ ગયો" એમ માનીને જાણે હર્ષને લીધે મેરુ પર્વત કંપવા લાગ્યો. અહિ ધાતકીખંડ આદિના જ્યોતિષી દેવેન્દ્ર આદિ દેવોના કળશોની વિવક્ષા કરેલ નથી. (સૂ૦૬૪)

## મેરૂકે કંપન સે ભુવનત્રયમેં રહે હુવે જીવોંકો ભય હોના, શકેન્દ્રકી ચિન્તા, કમ્પન કે કારણ કો જાનના, પ્રભુ સે ક્ષમાયાચના

મૂળનો અર્થ—'जं समयं च णं' ઈત્યાદિ. જે સમયે સુમેરુ પર્વતે કંપન શરુ કર્યું તે સમયે આખી પૃથ્વી કંપવા લાગી. સમુદ્રો ખળભળી ઉઠયાં. શિખરો ઉપરા-ઉપરી પડવા મંડયાં. સમસ્ત સંસારી જીવોના હૃદયને ભેદી નાખે તેવો દારુણ અવાજ થયો. ત્રણે લોકમાં કોલાહલ મચી ગયો. લોકો ડરના માર્યા ભયભીત થવા લાગ્યાં. પ્રાણીઓ આમ તેમ દોડધામ કરવા લાગ્યાં. સર્વ જીવજંતુ ભયથી આકુલ-વ્યાકુલ થઇ રહ્યાં. 'ત્રાહિ ત્રાહિ'ના પોકારો થવા લાગ્યા. શરણુ શોધવા આમ તેમ મથામણ કરી રહ્યાં. સર્વ દેવ-દેવીઓનાં મન પણ ભયથી ધ્રુજી ઉઠયાં.

આ વખતે શક્રેન્દ્રને આ પ્રમાણે મનોગત ભાવો ઉઠી આવ્યાં કે, કદાચ આવો મહાન-વિશાલ અને ઊંચો મેરુ પર્વત, આ કોમલ શરીરવાળા બાળ પ્રભુ ઉપર ગબડી પડશે તો, તેમની શું દશા થશે?, હું તેમની માતા પાસે શું મોઢું લઇને જઈશ?, તેમને કઈ હકીકતથી વાકેફ કરીશ?, આવા પ્રકારના વિચારોની પરંપરાને લીધે તેનું મન ઉગ્રતાને પામ્યું, ને તે આર્તધ્યાન કરવા લાગ્યો.

આવા ભાવો મનમાં આવતાં, તેમનામાં તીવ્ર ક્રોધાગ્નિ સળગી ઉઠયો. ક્રોધની જ્વાળાઓને લીધે, આખું શરીર બળવા લાગ્યું. બળતરા થતાં તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો, તેમાં તેમને સર્વ હકીકત વિદિત થઈ, ને પોતાનો દોષ જણાતાં, બે હાથ જોડી, માથે અંજલી ધરી, ભગવાન પાસે ગળગળા-હૃદયે બોલવા લાગ્યા કે "હે ભગવન્ત! હું સર્વ જાણી ચુકયો, સારી રીતે મને સર્વ સમજાયું, મેં સાંભળ્યું છે અને અત્યારે અનુભવ પણ કરી લીધો છે કે અતીત, વર્તમાન અને ભાવી કાળના અર્હન્ત ભગવાનો, અનંત વીર્યવાન, અનંત પુરુષાકારના ધણી, અને અનંતપરાક્રમી હોય છે. આવા પ્રકારનું કથન નમ્રભાવે પ્રગટ કરી, શકેન્દ્રે ભગવાનને વંદન-નમસ્કાર કરી, થયેલ અપરાધની માફી માગી. (સૂ૦ ૬૫)

ટીકાનો અર્થ-'जं समयं च णं' ઇત્યાદિ. મેરુ પર્વત ત્રણે લોકને આવરી લે તેવો હોવાથી, તે લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇમાં, સંપૂર્ણ રીતે વિસ્તૃત છે, આથી તેના કંપનનો સ્પર્શ ત્રણે લોકમાં અનુભવાયો. કંપનના લીધે, ધરતી પણ ધણધણી ઉઠી, ધરતી ધણધણાતાં, સમુદ્રનું પાણી ઉછળી આવ્યું, ને આ ઉછાળાને લીધે, ચારે બાજુ જળજળાકાર થઇ રહ્યું.

ઉલ્કાપાતથી, ધરતીના આધારે રહેલા નાના-મોટા શિખરો પણ સ્વસ્થાનેથી ચ્યુત થતાં જણાવા લાગ્યા, ને ઘરબાર-મેડી-મહેલાત-હવેલીઓ સર્વે પડીને પાદર થયાં. માનવ, પશુ, પ્રાણી દુઃખના લીધે અથાગ શોક-સંતાપને પામે છે, શરણ અને આશ્રય વિનાના થઇ જવાથી, કોલાહલ કરી મૂકે છે. માનવોના આશ્રય સ્થાનો તો, ચલ અને અસ્થિર છે, તે તો કંપ લાગતાં પડી જાય છે. પણ દેવોના આશ્રય સ્થાનો-દેવાલયો, વિમાનો, ક્રીડાંગણો સર્વે અચલ અને સ્થિર છે, છતાં તેમને પણ કંપનો સ્પર્શ થતાં, પડવાનો ભય ઉપસ્થિત થયો ને ડોલું-ડોલું થઇ રહ્યાં.

આવી સ્થિતિ સર્વ લોકોમાં વ્યાપી રહી હતી. ત્યારે શકેન્દ્રના મનમાં પણ ચિત્ર-વિચિત્ર તરંગો ઉઠવા લાગ્યા.

કદાચ મેરુ પર્વતના શિખરોને તો હું આડો હાથ દઇ, ભગવાનના કોમળ-બાળશરીર પર પડતાં, અટકાવી દઇશ, પણ મેરુ પર્વત ગબડી પડતાં હું, ભગવાનને કેવી રીતે બચાવી શકીશ?, ને તેમની માતાને વિલામોંએ જઇ શું જવાબ આપીશ ?

આવા વિચારોથી તેમનું મન ઘેરાઇ ગયું, બુદ્ધિ અને વિચારશક્તિ કુંઠિત થઇ ગઈ, ને મૂઢ જેવા થઇ ગયા. અચાનક પોતાની દિવ્યશક્તિ 'અવધિજ્ઞાન'નો વિચાર સ્ફુરી આવ્યો, ને તે શકિતનો ક્ષણ એકમાં ઉપયોગ કરતાં જણાયું કે, આ સર્વના દુઃખનો કર્તા હું છું. કારણ કે, અરિહંતોની અનંત શકિતમાં મારો વિશ્વાસ ડગમગી ઉઠયો, તેથીજ ભગવાનની સહનશકિતમાં મને અપૂર્ણતા ભાસી. મને વિશ્વાસ પૂર્ણ કરવા સારું ભગવાને સ્વયં પ્રેરિત થઇને આ ઘડીભરના તાંડવનૃત્યમાં પોતાની વીરતા દાખવી.

પોતાના જ દોષનું આરોપણ કરી, ગળગળે હૈયે ભગવાન સામું જોઈ, થયેલ અપરાધની માફી માગી, દોષમુક્ત થયા. આમાં શક્રેન્દ્રનો વિચારદોષ નથી, તેમજ તેની શ્રદ્ધામાં અપૂર્ણતા હતી તેમ પણ ન હતું; પરંતુ ભક્તહૃદયો, આવાજ કોમળ હૈયાનાં ઘડાયેલાં હોય છે, તેથી પોતાની અપેક્ષાએ, ભગવાનના દુઃખની ગણત્રી કરે છે, અને તે દુઃખનો કંપ જાતે અનુભવે છે, ને અનુભવતાં પ્રતિકાર કરવાના રસ્તા પણ ખોળી કાઢે છે. આ છે ભગવાનના વાત્સલ્યભાવવાળા ભકતોના શુદ્ધ હૃદયો! (સૂ૦ ૬૫)

## અચ્યુતેન્દ્રાદીકોં સે કિયે હુયે ભગવાન્ કે અભિષેક કા વર્ણન, સર્વ દેવોં કા શક્રેન્દ્ર કે સાથ ત્રિશલા મહારાની કે પાસ ભગવાન્ કો રખકર અપને અપને સ્થાન પર જાના

મૂળનો અર્થ—'तए णं' ઈત્યાદિ. હર્ષથી વિકસિત થઇને તમામ ઇન્દ્રોએ, પૂરા ઠાઠમાઠ સહિત, મહાન ઘોષણા કરી, ને ભગવાનને અભિષેક કર્યો. આ અભિષેકની ક્રિયા અચ્યુતેન્દ્રે શરુ કરી, અને ક્રમપ્રમાણે ઉત્તરની શ્રેણીના ઇન્દ્રો વડે, પૂરી કરવામાં આવી.

ભગવાનનું અનુપમ બળ જોઇને, ભવિષ્યમાં પણ દારુણ દુઃખોનો તે સહનશીલતાપૂર્વક સામનો કરશે, તેમજ ઉપસર્ગોની અવગણના કરીને પણ, પોતાનું ધ્યેય હાંસલ કરશે, એવી નીડરતા અને મક્કમતા બાળપણથી જ પારખી લઇને, શક્રેન્દ્ર, તેમનું નામ દેવોના અગણિત સમૂહની વચ્ચે, ગુણનિષ્પન્ન 'મહાવીર' એવું રાખ્યું.

ઉત્સવની ક્રિયા સંપૂર્ણ થયા બાદ, શક્રેન્દ્ર, પોતાના દેવશરીરની વિકુર્વણા કરીને પાંચ શક્રેન્દ્રો સર્જ્યા. એક શક્રેન્દ્રે, ભગવાનને પોતાની હથેળીમાં ઉપાડયા. બીજાએ ભગવાનના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. ત્રીજાએ અને ચોથાએ બન્ને ખભા ઉપર ચામર વીંજવા માંડયા. પાંચમા શક્રેન્દ્ર હાથમાં વજ્ર લઇ, ભગવાનની આગળ ચાલવા લાગ્યા.

આ પ્રમાણેના સરઘસ સાથે, શક્રેન્દ્રની સેવામાં, ચૌરાસી હજાર સામાનિક દેવો હતા. તથા ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક, અને વૈમાનિક દેવો પોતાની સર્વોત્તમ રિદ્ધિ સાથે હાજર હતા. તે સર્વે આ સમારોહમાં સાથે ચાલતા હતા.

ઘોષણા અને દિવ્યનાદ કરતા કરતા, જ્યાં જન્મનગર હતું, જ્યાં જન્મભવન હતું, જ્યાં માતા નિદ્રાધીન થયેલાં હતાં તે સ્થાને તેઓ બધા આવી પહોંચ્યા, ને ભગવાનને માતાની ગોદમાં મૂકયા. ત્યારબાદ માતાને આવરણ કરી રહેલા અવસ્વાપની નિદ્રાને દૂર કરી સર્વ દેવ-દેવીઓ જે સ્થાનેથી આવ્યા હતા, તે સ્થાને જવા રવાના થયા. (સૂ૦૬૬)

ટીકાનો અર્થ–'तए णं' ઇત્યાદિ. જ્યારે શક્રેન્દ્ર, આ દુઃખમય ઘટનાઓથી વિમુક્ત થયા, ને થયેલ આશાતનાની માટે પ્રભુની માફી માગી, ત્યારે જેમ દેણદાર ઋણમાંથી મુક્ત થાય ત્યારે છેલ્લો શાંતિનો શ્વાસ ખેંચે છે, તેમ તેનું હૃદય હળવું ફૂલ થઈ ગયું, ને અગાઉની માફક પ્રફુલ્લિત–વદને ઉભા રહ્યા.

આ બધું ક્ષણવારમાં બની ગયું, ને કંપ વિગેરે અદૃશ્ય થયા, ત્યારે દેવ દેવીઓએ પણ ખુશીનો દમ ખેંચ્યો અને અંગે અંગ તેઓને શાતા વળી. ઘડી ભર પહેલાં તો સર્વેના જીવ તાળવે ચોંટી ગયા હતા, ને 'શું બન્યું ને શું બનશે' તેની કાગારોળ કરી રહ્યા હતા, ને જન્મ–મરણની વચ્ચે જોલાં ખાઇ રહ્યા હતા, દરેકને 'હમણાં ગયાં કે જશું'' એવોજ ભય વ્યાપી રહ્યો હતો, ત્યાં તો સપાટામાં, કાળનું અવળદોમ ચક્કર ફરી ગયું. સર્વ વેદનાઓ નાશ પામી. આક્રંદને ઠેકાણે સંતોષ અને આનંદ છવાઇ ગયાં. ભયનું ભૂંગળ સલામતીના રૂપમાં ફેરવાયું, ને લોકના વિષે જીવ–જંતુઓએ નિરાંત અનુભવી.

ભય દૂર થતાં દેવ–દેવીઓએ આનંદનો ઉભરો ઠાલવ્યો. દરેક પ્રકારની જે જે સામગ્રીઓ, જુદે જુદે સ્થળોએથી, ભેગી કરી હતી, તે સર્વનો ઉપયોગ, ભગવાનના અભિષેકમાં કર્યો.

જેમ ગાર્ગેય મુનિએ, સંયતિ રાજાને "अभओ पत्थिवा तुज्झं"–હે રાજન્! તું ભયમુકત છે.–આમ કહ્યું ને રાજા ભયથી મુકત થાતાં અભયદાનનું મહાત્મ્ય સમજ્યો, તેમ દેવોને પણ, 'અભયદાન' ની મહત્તાનો પૂરેપૂરો ખ્યાલ આવ્યો ને આ ભગવાનની વીરતા અતૂટ છે તેવું તેમને ભાન થયું. આવું બળ, વીર્ય અને પરાક્રમ પણ માનવ દેહોમાં હોય છે.–તેમ ખ્યાલ આવતાં તેઓનો ગર્વ ગળવા માંડયો, ને પૂર્ણ ભકિત પ્રદર્શિત કરીને, ભગવાનનો અભિષેક કર્યો.

ભય કેવી રીતે ઉત્પન્ન થયો તેનું ખ્યાન જ્યારે શક્રેન્દ્રે આપ્યું, ત્યારે દેવદેવીઓ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં. અભિષેકની ક્રિયા પૂરી થતાં, મોટા સમુદાયની વચ્ચે 'ભગવાનનું નામ 'મહાવીર' રાખવામાં આવે છે'– એવી દિવ્ય ઘોષણા કરી શક્રેન્દ્રે સર્વને જાણ કરી, અને આ જાણ કરતાંની સાથે, ભગવાનના અતુલબળનું વિવરણ કરતા ગયા, અને 'કંપ' થવાના કારણો ખુલ્લા કરી, દરેકને સમજણ આપતા ગયા.

"બાળપણમાંજ પોતાના પરાક્રમનો, આપણને પરચો બતાવ્યો, ને આ જ ભવમાં, પોતાના પૂર્વે કરેલ શુભાશુભ કર્મોનો, વીરતાપૂર્વક સામનો કરી, ખુરદો કરી નાખશે, ને તે કર્મ ચકચૂર કરવામાં અનંત સહનશકિત ધારણ કરી, અને પ્રગટ કરી, સામે આવેલા ઉપસર્ગો અને પરીષહોને, આનંદથી વધાવી લેશે, માટેજ આ પ્રભુનું નામ વાસ્તવિકરીતે ગુણસંપન્ન 'મહાવીર' હોવું જોઇએ"–એમ દઢતાપૂર્વક જાહેરાત થતાં તે 'નામ' ને સર્વ દેવોએ વધાવી લીધું.

શક્રેન્દ્રની પાસે કેટલો દેવસમુદાય હતો તેનું વર્ણન કરતાં ટીકાકાર કહે છે કે ચોરાસી હજાર સામાન્ય

કક્ષાના દેવો હતા, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવો હતા, ચાર લોકપાલ દેવો હતા, આઠ અગ્રમહિષીઓ તેમના પરિવાર સાથે હતી, ત્રણ પરિષદો હતી, સાત અનીકાધિપતિઓ (સેનાપતિઓ) અને ચોરાસી હજાર આત્મરક્ષક દેવો હતાં".

આ અંગત પરિવાર ઉપરાંત, મૂળ અર્થમાં દર્શાવ્યા મુજબ, ચાર જાતના દેવો, દેવીઓ, ભવનપતિ વિગેરે પણ હાજર હતાં. આ જબરજસ્ત સમારોહ પૂર્ણ રીતે દિવ્ય વાજીંત્રો આદિની સાથે સજ્જ થઈ, પૂર્ણ રીતે શોભાયમાન થઇ, માનસિક ઉલ્લાસ અને ઉત્કંઠા ધારણ કરી, દઢતા–પૂર્વક ભગવાનને લઇને પાછા આવવા લાગ્યા!

ઉપરોકત સમારોહમાં દેવ–દેવીઓની હાજરી હતી. (૧) ચપલા, (૨) ચંડા, (૩) ઉગ્રા, અને (૪) જયા, આ ચાર ગતિઓ દેવોને વરેલી જ હોય છે, ચપલા એટલે કાયથી ચંચળ, ચંડા એટલે ઉત્કર્ષતાવાળી, ઉગ્રા એટલે સિંહની સમાન દઢતા અને સ્થિરતાવાળી તથા દર્પવાળી, જયા એટલે જયશીલા, આ અદ્‌ભુત–દેવગતિઓથી ગમન કરીને, દેવો જન્મભવનમાં પહોંચ્યા, ભગવાનને માતાની ગોદમાં સ્થાપિત કરી, પોતાની ફરજ યથાયોગ્ય બજાવાઇ ગઇ તેનો આનંદ અને ઉત્સાહ લઇ, દેવો પોતપોતાના સ્થાને જવા વિદાય થયા. (સૂ૦૯૯)

## સિધ્ધાર્થને મનાયા હુવા ભગવાન્ કે જન્મમહોત્સવ કા વર્ણન

મૂળનો અર્થ—"**तए णं**" ઇત્યાદિ. રાજા સિદ્ધાર્થે ઉત્સવ મનાવવાનું શરૂ કર્યું. પ્રાતઃકાલ થતાં, પ્રભુના જન્મોત્સવ નિમિત્તે, અંતઃપુરના નોકરવર્ગનું દારિદ્ર ફીટાડી દીધું–દાસ–દાસી નોકર–ચાકર વિગેરેને અઢળક દ્રવ્ય આપ્યુ, ને તેઓની હંમેશની કંગાલીયત મટાડી દીધી.

દેશના નાગરિકોની દરિદ્રતા દૂર કરવા, કુબેરના ભંડારને પણ ચડી જાય તેવો તેમનો ભંડાર હતો. આ ભંડાર માંહેનું ધન, વરસાદની ધારાઓની માફક વહેતું મુકવામાં આવ્યું. આ ધન દ્વારા, દુઃખોના દાવાનળ ઓલવવામાં આવ્યા, ને ગરીબ વર્ગને આર્થિક ભયમાંથી, હંમેશને માટે મુકત કર્યો, ને આ વર્ગમાં આનંદના અંકુરો ફૂટવા લાગ્યા.

જેલના કેદીઓને બંધનમુકત કર્યાં, ઉત્તરોત્તર ઉત્સાહ વધારીને, જેટલા અંશે ગરીબ–ગરબાંને ધન દ્વારા સંતોષાય, તેટલા અંશે સંતોષ્યાં.

ક્ષત્રિયકુંડગ્રામ નગરને બહારથી અને અંદરથી, સાફસૂફ કરી, તમામ પ્રકારે સુશોભિત બનાવ્યું. શહેરની ફરતી દિવાલો રંગાવી–ધોળાવીને આકર્ષક રીતે ચીતરી. અંદરના રસ્તાઓ જેવા કે શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથ, રથ્યા વિગેરેને સાફ કરી, તેના પરના કચરાને દૂર કરી પાણી છંટાવ્યું.

શહેરનો મધ્યભાગ, બજારો અને ગલી–ખુંચીઓમાંથી ગંદવાડ વિગેરે દૂર કરાવી, તેની પર પાણીનું સિંચન કર્યું, ને ઉડતી ધૂળ અને તેની રજોને બેસાડી દીધી. ધ્વજાઓ અને પતાકાઓ વડે, શહેરની શોભામાં વૃદ્ધિ કરી, ઉત્તમ પ્રકારના રંગરોગાન વડે દિવાલો અને કમાડો ધોવડાવ્યાં અને રંગાવ્યા. ગોશીર્ષચંદન અને લાલચંદનના થાપા દરેક બારી બારણા ઉપર લગાવ્યાં, ને ચંદનથી સુગંધિત બનાવેલા કળશો, દરેક પેઢી, દુકાનો અને કાર્યાલય–કચેરીઓમાં મૂકાવ્યા.

દરેક ઘરના દરવાજે દરવાજે, ચંદનથી લેપાએલા ઘડાઓના તોરણો બંધાવ્યાં. તોરણ પર, નીચે ઉપર લટકતી લાંબી અને પહોળી ફૂલમાળાઓ લટકાવવામાં આવી. પચરંગી ફૂલોની શોભાવડે આ તોરણોને વિશેષ શોભિત કર્યાં. આ ફૂલોનો રંગ અને સુગંધ ઘણા ઉગ્ર હતાં.

ઘેર ઘેર ઉત્તમ અગરબત્તી, કુન્દુરુક્ક (ચીડા), તુરુષ્ક (લોબાન) ની ઉંચી બનાવટવાળા ધૂપો સળગાવવામાં આવ્યા, આ ધૂપોમાં પણ અતિ સુગંધ છૂટે તેવાં ચૂર્ણો ભભરાવવામાં આવ્યા. સર્વત્ર જાણે સુગંધનુંજ સામ્રાજ્ય હોય! તેવી સુવાસ ફેલાવવામાં આવી.

શેરીએ શેરીએ અને ગલીએ–ગલીએ, નટ–નર્તક–જલ્લ મલ્લ–મૌષ્ટિક–વિલંબક–પ્લાવક–કથક–પાઠક–લાસક આચક્ષક–લંખ-તૂણાવંત–તુમ્બવીણિક તથા અનેક તાલચરો રોકવામાં આવ્યા.

હજારો જોતરાં અને હજારો સાંબેલાં, આખાએ ગામમાંથી ઉઘરાવી લીધાં, અને એક ઠેકાણે સઘળાં ભેગાં કર્યાં. મતલબ એ હતો કે, જેથી ભગવાનના જન્મમહોત્સવના શુભ અવસર ઉપર, કોઇપણ બળદને, હળ કે ગાડા સાથે, જોડી શકાય નહિ, તેમજ સાંબેલા વડે ખાંડી શકાય નહિં અને પ્રાણી માત્રને શાતા મળે. (સૂ૦ ૬૭)

ટીકાનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. માબાપને પોતાના પુત્રનો જન્મ–ઉત્સવ ઉજવવામાં આનંદ હોયજ, પણ આવા લોકનાથ થવાવાળા પુત્રનો જન્મઉત્સવ ઉજવવામાં તો આખુંયે રાષ્ટ્ર તૈયાર થઇ ગયું. રાજાએ, પોતાનો– ખજાનો ખુલ્લો મૂકી દીધો, ને ગરીબવર્ગના દુઃખો મટાડવામાં કાંઇપણ મણા રાખી નહિં. પોતાના આશ્રયે પડેલા નોકરીયાત વર્ગને તો, રાજાએ ન્યાલ કરી દીધો, ને તવંગરની કક્ષામાં તે સર્વને મુકી દીધા.

જન્મપર્યન્ત સુધીની થયેલ શિક્ષાઓ પણ માફ કરવામાં આવી, અને દરેક કેદીને, ફરીથી કોઇ ગુન્હાસર જેલમાં જવાનો અવસર ઉભો ન થાય તે અર્થે આર્થિક મદદ અને ધંધા રોજગાર વિગેરેની વિપુલ પ્રમાણમાં સગવડતાઓ આપી. આથી જેલ–પંખીઓ પણ, આનંદથી નાચી ઉઠયાં, અને પોતાનું બાકીનું જીવન સુંદર રીતે વિતાવવા તત્પર થયાં.

આ ઉપરાંત અનેક ખાનદાન કુટુંબોની ગરીબ વ્યકિતઓને, જોઈએ તેટલા પ્રમાણમાં, ગુપ્ત રીતે અખૂટ ધન આપી સંપત્તિવાન બનાવ્યા, જેને પરિણામે, તેમની હંમેશની ભૂખ ભાંગી.

નગરના રાજમહેલો, હવેલીઓ, રંગમંડપો, ઉધ્યાનશાલાઓ, સભાગૃહો, મહેમાનગૃહો,અંતઃપુરના બંગલાઓ, રાજકચેરીઓ, જાહેર મકાનો વિગેરેને સંપૂર્ણ રીતે સુધારી, રોનકમાં લાવવામાં આવ્યાં.

બજારો–જાહેર રસ્તાઓ તેમજ ખાનગી ગૃહોની શેરીઓના પણ, વાળીચોળી સુઘડ બનાવી, સુગંધિ દ્રવ્યો વડે સિંચિત કરી શહેરને ધજા–પતાકા વડે શણગારવામાં આવ્યો. જાહેર રસ્તાના ચૌટાઓમાં મંચો અને માંચડાઓ ઉપર, જાહેર જનતા બેસી, નાટચારંભો–નાટકો–ખેલો–તમાસાઓ સુખપૂર્વક જોઇ શકે તેવી વ્યવસ્થાઓ ઉભી કરી.

ધ્વજા અને પતાકા ઉપર ચિત્ર વિચિત્ર ચિત્રામણો દોરવામાં આવ્યાં હતાં. મોટી ધ્વજાઓને, લોકો 'વૈજયન્તી' કહેતા અને નાની ધ્વજાઓને 'પતાકા' ના નામથી ઓળખતા.

અનેક પ્રકારે શહેરના આંતર તેમજ બાહ્ય ભાગોને એવી સુંદર રીતે શણગાર્યાં અને ભભકાબંધ બનાવ્યા

હતાં કે, ઘડીભર આપણે મોહિત થઈ જઈએ, અને ભ્રમમાં પડીએ કે શું આ પ્રત્યક્ષ સ્વર્ગ હશે કે કેમ ?, તે ઓળખવા પણ સુંઝાવું પડે!

જેમ જેમ શહેર શોભાયુક્ત થતું ગયું તેમ તેમ તેની મંડનક્રિયા પણ વધવા લાગી. નવીનતા અને ભપકો વધવા લાગ્યો. તોરણદ્વારો પર સ્વર્ગીય અને મનોરમ દેખાવો થવા લાગ્યા. તોરણોની શોભામાં ઠાઠ–માઠ પૂરવા ખૂબ કાળજી લેવામાં આવી. કારણ આ તોરણોમાં પચરંગી ફૂલો ઉપરાંત પંચરંગી માળાઓ પણ લટકતી રાખીને, તેની અંદર હાંડી–તકતા ગોઠવવામાં આવ્યા હતા. આ હાંડી–તકતા જુદા જુદારંગના હોઇ, અંદર મૂકેલા દીપકો, જુદાજ રંગોનો આભાસ અને તેજ આપતા હતા. આ તેજ ઉપર પુષ્પો અને માળાઓનું પ્રતિબિંબ પડતાં જાણે ફૂલોએ જાતેજ પચરંગી નાટચારંભ શરુ કર્યો હોય તેમ લાગ્યા વિના રહેતું નહિં.

સુગંધિ ફેલાવવા માટે, કશી પણ કચાશ રાખી ન હતી. સુગંધિ–જળના છંટકાવ ઉપરાંત, સુગંધિ ધૂપો અને ઉંચી બનાવટની અગરબત્તીઓ, ચૂર્ણો તેમજ સુગંધી દ્રવ્યોનો તો કોઇ હિસાબ રાખ્યો જ ન હતો. આખું શહેર મહેક–મહેક બની રહ્યું હતું, ને ખુશબોની સુવાસ ચોમેર પથરાઇ રહી હતી. મઘમઘાયમાન થયેલું સમસ્ત પાટનગર, સુગંધને લીધે, મ્હેકી ઉઠયું હતું.

લોકોને જમવા માટે, રાજયના રસોડાં ખુલ્લાં મૂકી દીધાં હતાં. જયાં સુધી ઉત્સવ ચાલે ત્યાં સુધી, કોઇએ પણ પોતાના ઘેર, રસોઇ કરવાની હતીજ નહિં, જમ્યા પછી, આનંદ પ્રમોદ માણવા, ઠેર ઠેર ચોકમાં મંચો ગોઠવી દીધા હતા તે મંચો ઉપર બેસી, લોકો પોતાને યોગ્ય લાગે તે જાતની કલાઓ જોઇ શકતા.

આ કલાઓનું પ્રદર્શન દિવસ–રાત ચાલુ રહેતું હતું. કલાઓના પ્રકારો ઘણા હતા ને તે કલાઓના નિષ્ણાતો લોકોમાં જુદા જુદા નામથી ઓળખાતા હતા.

વેષ પરિધાન કરી, કોઈ પૂર્વે થઇ ગયેલ વ્યક્તિનો ચિતાર રજુ કરનારને લોકો ‘નટ’ તરીકે ઓળખતા. સ્વયં નાચ કરવા વાળાને ‘નૃત્યકાર’ કહેતા. આ નૃત્યની કલા, સ્ત્રી તેમજ પુરુષ બન્ને ભજવી શકતાં, તેથી પુરુષ કલાધરને ‘નૃત્યકાર’ કહેતા અને સ્ત્રીને ‘નૃત્તિકા’ કહેતા. ‘રસી’ પર કૂદવા વાળો ‘જલ્લ’ કહેવાતો. બાહુબળ બતાવવા વાળો ‘મલ્લ’ તરીકે ઓળખાતો. ઠોંસા મારવામાં કુશળ હોય તેને ‘મૌષ્ટિક તરીકે ઓળખતા. મોઢાથી વિકૃત ભાવ પ્રગટ કરવા વાળાને, ‘વિલંબક’ અથવા ‘વિદૂષક’ કહેતા. છલાંગ મારીને કુદી જનાર ‘પ્લાવક’ તરીકે ઓળખાતો. ચારણ ભાટને ‘કથક’ કહેતા. શાસ્ત્રોના શ્લોકો સંભળાવનારને ‘પાઠક કહેતા. રાસગાન ગાનાર ‘લાસક’ તરીકે ઓળખાતો. શુભાશુભ શકુનના કહેનારા નૈમિત્તિકોને લોકો ‘આચક્ષક’ કહીને સંબોધતા. વાંસ ઉપર ખેલ કરનારને ‘લંખ’ કહેતા. સારંગી ગાવાવાળો વર્ગ ‘તુણાવંત’ ના નામથી સંબોધાતો. વીણા વગાડનાર ‘તુમ્બવીણિક’ કહેવાતો. હાથતાળી બજાવવામાં કુશળ કલાધરને લોકો ‘તાલચર’ કહીને બોલાવતા.

ભગવાનના જન્મ પ્રસંગના મહોત્સવ વખતે, નાનાપ્રાણીઓને પણ દુઃખ ન થવું જોઇએ એ ઇરાદાથી, બળદ–પાડા–હાથી વિગેરેને છુટા મૂકી સંપૂર્ણ ઘાસ ચારો આપી, આનંદ કરતા બનાવી મૂકયા હતા. તે દિવસો દરમ્યાન, ખાનગી રીતે પણ કોઇ બળદ આદિને ખેતરમાં જુતે નહિ માટે ‘જોતરા’ પણ રાજ્યમાં મૂકાવી દીધાં, ને ભાર ખેંચતાં સર્વ પ્રાણીઓને બંધન મુક્ત કર્યાં.

ખાંડણીયામાં અનાજ વિગેરે ખાંડવાથી આરંભ થાય, તે આરંભને રોકવા માટે સાંબેલા વિગેરે રાજમહેલમાં મૂકાવ્યાં.

કોઇપણ જાતના કામમાંથી મુકત હોય તો, મનુષ્ય જન્મ-મહોત્સવ માણી શકે એ ઇરાદાથી, સર્વ જાતના વ્યાપાર બંધ કરાવવા, ઉત્સવમાં ભાગ લેવા રાજ્ય તરફથી ઢંઢેરો બહાર પાડયાનું સૂચન કર્યું. (સૂ૦૬૭)

## ત્રિસલા દ્વારા કી ગઈ પુત્ર કી પ્રસંસા કા વર્ણન

મૂલાર્થ—'अह ललियसीलालंकिय' ઇત્યાદિ. શીલથી સુંદર, સ્ત્રીઓના કર્તવ્યમાં કુશળ, અને ઉછળતા એવા અત્યંત ચંચળ આનંદરૂપી તરંગોથી યુક્ત મહાસ્નેહરૂપી સમુદ્રમાં હિલોળા ખાતી, ખીલેલાં કમળોના જેવા મુખવાળી, સ્ત્રી–પુરુષોના સારાં-નરસાં લક્ષણોને જાણવાવાળી, તેમજ બાળકના લક્ષણોને ઓળખવાવાળી ત્રિશલારાણી, સુંદર ગુણોથી સુશોભિત વિશાલભાલવાળા પોતાના બાળકની સ્તુતિ કરવા લાગી.

ગુણ વગરના ઘણા પુત્રોથી પણ શું ? પરંતુ અપ્રમાદી કુળરૂપી કૈરવ–રાત્રિ-વિકાસી કમળને ખીલવવામાં ચંદ્ર સરખો તારા સરખા અનુપમ ઉજ્જવલ ગુણવાળો એકજ પુત્ર ઉત્તમ છે, જે પુત્ર પૂર્વજન્મોપાર્જિત અનેક પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. જેવી રીતે ગન્ધને લઈ જનાર પવન પુષ્પોની સુગંધિને દિશા–વિદિશાઓમાં ફેલાવે છે, તેવીજ રીતે ઉત્તમ પુત્ર પોતાના માતપિતાના નામને સર્વત્ર પ્રસિદ્ધ કરે છે. જેવી રીતે સુગન્ધયુક્ત નિર્મલ ખીલેલાં પુષ્પોના ભારથી સુશોભિત કલ્પવૃક્ષ નંદનવનને સુવાસિત કરે છે, તેવીજ રીતે સુપુત્ર પોતાના ગુણ-સમૂહથી ત્રણે લોકને સુવાસિત કરે છે. તથા તેલ–વગરનો મણિદીપ જેવી રીતે ગૃહાદિકને પ્રકાશિત કરે છે, તેવીજ રીતે તારા જેવો પુત્ર ત્રણે લોકને પ્રકાશમાન કરે છે, અને ત્રણે લોકમાં રહેલા જીવોના હૃદયરૂપી ગુફામાં સંચરણ કરવાવાળા ઘણા લાંબા કાળથી રહેલા અજ્ઞાનરૂપ અન્ધકારસમૂહને દૂર કરે છે. કહ્યું પણ છે—

જે પાત્રને સંતપ્ત કરતો નથી, મલને ઉત્પન્ન કરતો નથી. સ્નેહનો નાશ નથી કરતો, ગુણોનો વિનાશ નથી કરતો, તેમજ દ્રવ્યના વિનાશ કાળમાં અસ્થિરતાને પામતો નથી, તેવો આ પુત્રરૂપ દીવો કુળરૂપી ઘરમાં કોઇ વિલક્ષણજ દીવો છે. ॥ ૧ ॥ इति ।

આ લોકોત્તર ગુણગણોથી યુક્ત પુત્ર ઘણાજ આનન્દને આપવાવાળો હોય છે. વળી પણ કહ્યું છે—

ચંદન શીતળ કહેવામાં આવ્યું છે, તેમજ તેનાથી પણ શીતળ ચંદ્ર છે, અને ચંદ્ર તથા ચંદનથી પણ મહાન શીતળ પુત્રનો સ્પર્શ છે. ॥ ૨ ॥

સાકર મીઠી હોય છે, તેનાથી પણ મીઠું અમૃત છે, અને તેથી પણ મીઠો પુત્રનો સ્પર્શ છે. ॥ ૩ ॥

સોનું આ લોકમાં સુખદાયક છે, તેથી પણ રત્ન અધિક સુખદાયક છે. એ બન્નેથી પણ અધિક સુખ આપનાર આ અનુપમ પુત્રસ્પર્શ મહા સુખદાયક છે. ॥ ૪ ॥ (સૂ૦ ૬૮)

ટીકાર્થ—હવે દેવો, અસુરો, અને મનુષ્યોના સમૂહથી જેનું ચરણકમળ વન્દિત છે એવા પોતાના બાળકનું મુખકમળ જોઇને ત્રિશલાદેવીના હ્રદયમાં જે ભાવ ઉત્પન્ન થયો તેને સૂત્રકાર 'अह ललियसीलालंकिय' ઇત્યાદિ સૂત્ર દ્વારા પ્રદર્શિત કરે છે.

ત્યારપછી સુંદર-નિર્દોષ શીલ-સ્વભાવ અથવા સારા વર્તનથી યુક્ત, સ્ત્રીઓના કર્તવ્યમાં નિપુણ, સ્ત્રી-પુરુષના લક્ષણ-પરિજ્ઞાનમાં કુશળ અને પોતાના પુત્રના વીતરાગ લક્ષણને જાણનારી તે ત્રિશલાદેવી, મનોહર ગુણસમૂહવાળા, શુભ લક્ષણોથી યુક્ત લલાટવાળા પોતાના પુત્ર મહાવીરને જોઇને ઉછળતા એવા અતિશય ચંચળ આનન્દરૂપી તરઙ્ગવાળા મહાસ્નેહરૂપી સમુદ્રમાં ઝુલતી અર્થાત્ પરમ આનંદના સમૂહથી યુક્ત હ્રદયવાળી, પૂર્વોક્ત ગુણસમૂહથી સુશોભિત પોતાના તે અનુપમ પુત્રની પ્રશંસા કરવા લાગી. તે આવી રીતે—

ધૈર્ય ઔદાર્ય આદિ સદ્ગુણોથી રહિત ઘણા પુત્રોથી શું? અર્થાત્ એવા નિર્ગુણ પુત્રોનું કઇજ પ્રયોજન નથી. તેના કરતાં તો હે પુત્ર! તમારા જેવા અદ્વિતીય વિશુદ્ધગુણથી યુક્ત અતંદ્ર એટલે ઉત્સાહી, કુળરૂપી કૈરવ-શ્વેત કમળને ખીલવવામાં ચંદ્રરૂપ એકજ પુત્ર શ્રેષ્ઠ છે, કે જે પુત્ર પૂર્વજન્મના પુણ્યયોગથી પ્રાપ્ત થાય છે. હે પુત્ર! તારા જેવા સત્પુત્ર દ્વારા માતા-પિતાની ખ્યાતિ દિશા-વિદિશાઓમાં સર્વત્ર ફેલાઇ જાય છે, જેમ વાયુદ્વારા દિશા-વિદિશાઓમાં પુષ્પોની સુગન્ધિ. અર્થાત્ જેવી રીતે વાયુદ્વારા પુષ્પોની સુગન્ધિ દિશા-વિદિશાઓમાં સર્વત્ર પ્રસારિત થાય છે તેવીજ રીતે તમારા જેવા સત્પુત્રથી માતા-પિતાની ખ્યાતિ દિશા-વિદિશાઓમાં સર્વત્ર ફેલાઇ જાય છે. તથા હે પુત્ર! તારા જેવા સત્પુત્રથી આ ત્રણે લોક ગુણગણથી સુવાસિત થાય છે, જેમ સુગન્ધવાળા ખીલેલાં પુષ્પોના ગુચ્છાથી શોભિત કલ્પવૃક્ષથી નંદનવન. અર્થાત્ જેવી રીતે કલ્પવૃક્ષ પોતાના પુષ્પોની સુગન્ધિથી સમગ્ર નંદનવનને સુગંધવાળું કરે છે, તેવીજ રીતે તારા જેવા સત્પુત્ર પોતાના ગુણોથી આ સમસ્ત લોકને સુશોભિત બનાવે છે. તથા હે પુત્ર! તારા જેવા પુત્રથી આ ત્રણે લોક પ્રકાશિત કરાય છે, જેમ તેલ વગરના મણિદીપથી આ ઘર આદિ. અર્થાત્ જેવી રીતે તેલરહિત મણિદીપ સર્વદા સમાન રૂપથી ગૃહ આદિને પ્રકાશિત કરે છે, તેવીજ રીતે તમારા જેવા સત્પુત્ર ત્રણ લોકને સતત સમાનરૂપથી પ્રકાશમાન કરે છે. તથા તારા જેવા સત્પુત્ર ત્રણ લોકમાં રહેલા જીવોના હ્રદયરૂપી ગુફાની અંદર સંચરણ કરવાવાળા ચિરકાલિક અર્થાત્ અનાદિકાલીન અજ્ઞાનરૂપી અંધકારની પરંપરાને દૂર કરે છે.

વળી કહે છે—पात्रं न तापयति ઇત્યાદિ.

એનો અર્થ એ છે કે કુળરૂપ-વંશરૂપ ઘરમાં આ સત્પુત્રરૂપી અલૌકિક દીવો નિશ્ચય કોઇ અપૂર્વ વિલક્ષણ દીવો છે. જે સત્પુત્રરૂપ દીવો પાત્રને અર્થાત્ સત્પુરુષને સંતાપ પહોંચાડતો નથી, અથવા પોતાના આધારરૂપ માતાપિતા આદિને પોતાના આચરણથી કોઇપણ વખતે સંતપ્ત-દુઃખિત કરતો નથી, કોઇપણ વખતે પાપનું આચરણ કરતો નથી. સ્નેહને-પ્રેમને અર્થાત્ દયાને કોઇ વખતે છોડતો નથી. એનો અભિપ્રાય એ છે કે તે કોઇની પણ ઉપર દયારહિત થતો નથી. દયાદાક્ષિણ્ય-આદિ સદ્ગુણોનો નાશ તે કોઇપણ સમયે કરતો નથી. તે દ્રવ્યના અવસાન કાળમાં અર્થાત્ ધનનો નાશ થાય ત્યારે ચંચળતા-અસ્થિરતાને ધારણ કરતો નથી, અર્થાત્ કોઇપણ પરિસ્થિતિમાં તે નીતિમાર્ગનો ત્યાગ કરતો નથી. આ શ્લોકનો અભિપ્રાય એ છે કે—દીપક પોતાના આધારપાત્રને સંતપ્ત કરે છે, મલ અર્થાત્ કજ્જલ (કાજલ મશ) ને ઉત્પન્ન કરે છે, સ્નેહ-તેલનું શોષણ કરે છે, ગુણનો-બત્તી (દીવેટ) નો નાશ કરે છે, અને તેલરૂપી દ્રવ્યના અભાવમાં અસ્થિરતા પામે છે, અર્થાત્ ઓલવાઈ જાય છે. પરંતુ સત્પુત્રરૂપ દીપક તો એવો હોતો નથી, તે તો હંમેશાં એનાથી વિલક્ષણ હોય છે. ॥ ૧ ॥

અહો ! લોકોત્તમ ગુણોથી વિભૂષિત સત્પુત્ર અતિશય આનંદ આપનાર હોય છે. ત્રિશલારાણી ફરીથી કહે છે—

આ લોકમાં ચંદન શીતલ હોય છે અને તેથી પણ અધિક શીતલ ચંદ્રમા છે. પરંતુ ચંદન અને ચંદ્રની અપેક્ષાએ પુત્રના અંગનો સ્પર્શ અત્યંત શીતલ હોય છે. ॥ ૨ ॥

સાકર મીઠી હોય છે, અને સાકરથી અમૃત વધારે મીઠું હોય છે. પરંતુ સાકર અને અમૃત આ બન્નેથી પણ અધિક મીઠો પુત્રના અંગનો સ્પર્શ છે. ॥ ૩ ॥

આ લોકમાં કનક-સોનું સુખ આપવાવાળું છે, પણ રત્ન સોનાથી અધિક સુખ આપવાવાળું હોય છે. પરંતુ પુત્રનો સ્પર્શ તો એ બન્નેથી પણ મહાન્ સુખદાયી હોય છે. ॥ ૪ ॥ (સૂ૦ ૯૮)

## ભગવાન્ કે નામકરણ કા વર્ણન

મૂલનો અર્થ—'**तए णं समणस्स**' ઇત્યાદિ. ભગવાનના જન્મને અગિયાર દિવસો વ્યતીત થયાં, બારમો દિવસ આવી ઉભો રહ્યો. તે દિવસે જન્મ-પ્રસૂતિનું સૂતક રહેતું નથી. આ દિવસે ભગવાનના માતા-પિતાએ અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ અને મિષ્ટ ભોજનો તૈયાર કરાવ્યાં.

આ ભોજનોમાં ભાગ લેવા, મિત્રો-જ્ઞાતિજનો-સંબંધિઓ, સગાવ્હાલાંઓને આમંત્રિત કર્યાં. સાથે સાથે શ્રમણ-બ્રાહ્મણ-દીન-યાચક-ભિખારી તથા તદ્દન સામાન્ય કોટિના ગૃહસ્થોને પણ ભોજન વસ્ત્ર વિગેરેનું દાન કર્યું. કોઇપણ દીન-દુઃખી-અનાથ-અપંગ-લુલાં-લંગડાં અન્ન-વસ્ત્ર વિના બાકી રહી ન જાય, તેની ખાસ તકેદારી રાખી, સર્વને ભોજનાદિ પહોંચતા કર્યાં.

જ્યારે જ્ઞાતિજનો, મિત્રવર્ગ, સગાસબંધીઓ જમીને પરવાર્યા અને આરામ ગૃહમાં લવંગ-સોપારી વિગેરે

મુખવાસ લેવા એકત્રિત થયાં, ત્યારે સર્વની સમક્ષ, રાજા સિદ્ધાર્થે જાહેર કર્યું કે જ્યારથી આ બાળક ગર્ભમાં આવ્યો છે ત્યારથી હિરણ્ય-સુવર્ણ-ધન-ધાન્ય-વૈભવ-ઐશ્વર્ય-ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ-સત્કાર-સન્માન-પુરસ્કાર-રાજ્ય-રાષ્ટ્ર-બળ-વાહન-કોષ-કોષ્ઠાગાર (કોઠાર)-પુર-અંતઃપુર-જનપદ-જાનપદ-યશોવાદ-કીર્તિવાદ-વર્ણવાદ-શબ્દ-વાદ-શ્લોકવાદ-સ્તુતિવાદમાં તેમજ વિપુલ-ધન-સુવર્ણ-રત્ન-મોતી-શંખ-પરવાળાં-શિલા-લાલરત્ન આદિ વાસ્તવિક સંપત્તિમાં, ઉત્તરોત્તર વધારો થતોજ ગયો છે. દિન-પ્રતિદિન આનંદની વૃદ્ધિ થતાં, અમો તેનું નામ ગુણમય ગુણનિષ્પન્ન 'વર્ધમાન' રાખીએ છીએ.

આ પ્રમાણે એક બાજુ દેવોએ ભગવાનનું નામ 'મહાવીર' રાખ્યું, ત્યારે બીજી બાજુ માતા-પિતાએ 'વર્ધમાન' રાખ્યું. ભગવાન 'કાશ્યપગોત્ર' માં જન્મેલ હોવાથી તે 'કાશ્યપગોત્રી' પણ કહેવાય છે. (સૂ૦૬૯)

ટીકાનો અર્થ—'**तए णं समणस्स**' ઇત્યાદિ. લૌકિક વ્યવહારમાં, પ્રસૂતિ થયા બાદ, અગીઆર દિવસ સુધી માતાને તથા બાળકને માટે 'અશૌચ' ગણાય છે.

સૂતક સમય વીત્યા બાદ, વ્યાવહારિક દષ્ટિએ, બારમા દિવસે, ખુશાલી બતાવવા, સગાંવ્હાલાં-મિત્ર-જ્ઞાતિ-સંબંધી-વર્ગને જમાડવામાં આવે છે.

આ પ્રમાણે ભગવાનનો જન્મ થતાં તેની ખુશાલીમાં સિદ્ધાર્થરાજાએ, વિપુલ ભોજનની સામગ્રી તૈયાર કરાવી, ખૂબ પ્રેમ અને વાત્સલ્ય ભાવથી તેમને જમાડયાં, તેઓ પણ ખૂબ-ખૂબ આનંદિત થઇ 'વર્ધમાન' નામ પાડવામાં હાર્દિક અનુમોદન આપ્યું.

ભગવાનના જન્મ-નિમિત્તે વેરભાવ ઉપશાંત થતાં, સર્વત્ર આનંદ-મંગળ વ્યાપી રહ્યો, અને તે આનંદને પ્રદર્શિત કરવા ગરીબ-ગુરબા વિગેરેને પણ વિપુલ પ્રમાણમાં મિષ્ટભોજન કરાવી તેમને દરેક રીતે સંતોષવામાં આવ્યાં.

હિરણ્ય કહેતા ચાંદી, સુવર્ણ કહેતા સોનું, ધન કહેતા ગાય-ઘોડા-ભેંસ આદિના ધણ, અથવા ગોકુળ, ધાન્ય કહેતાં વ્રીહિ-શાલિ-જવ-ઘઉં વિગેરે, વિભવ એટલે આનંદ, ઐશ્વર્ય એટલે ધન અને માનવ સમુદાયનું અધિપતિપણું, ઋદ્ધિ એટલે સંપત્તિ, સિદ્ધિ એટલે ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ, સત્કાર એટલે જનતા દ્વારા પ્રાપ્ત થયેલ સ્થાન, સન્માન એટલે યોગ્ય આસન આદિ અર્પણ કરી બતાવાતો પૂજ્યભાવ, પુરસ્કાર એટલે સામાન્યપણે બતાવાતો ઉધમ, રાજ્ય એટલે ૧ સ્વામી, ૨ અમાત્ય, ૩ મિત્ર, ૪ કોષ, ૫ રાષ્ટ્ર, ૬ દુર્ગ, અને ૭ સેના, આ સાત અંગો જેમાં હોય તે. રાષ્ટ્ર એટલે સમસ્ત દેશ, બલ એટલે હયદળ-ગજદળ-રથદળ અને પાયદળની સેના, વાહન એટલે જમીન-પાણી અને હવામાં ચાલતા મુસાફરીના સાધનો, કોષ એટલે રોકડા સિક્કાથી માંડી રત્નો આદિનો ભંડાર, કોષ્ઠાગાર એટલે ધાન્યો રાખવાના કોઠારો, પુર એટલે નગર, અંતઃપુર એટલે રાણીવાસ, જનપદ એટલે પ્રાંત, જાનપદ એટલે પ્રજા, યશોવાદ એટલે કીર્તિની સામાન્ય કક્ષા અથવા શ્રેણી, કીર્તિવાદ એટલે વ્યાપકપણે ફેલાએલો યશ-જેમાં જે જે કાર્યો પ્રજાના હિતાર્થે તેમજ પરોપકારી કાર્યો થયા હોય તે સર્વનો સમાવેશ થાય છે. જ્યારે 'યશ' માં છૂટા-છૂટા કાર્યોની સામાન્ય ગણત્રી કરાતી હોય છે, ને જે કામ જેની દ્વારા પરિપકવ થયું હોય, તેને ભાગે તે 'જશ' જાય છે. 'યશ' એક-પ્રાતવ્યાપી હોય છે, જ્યારે કીર્તિ સમસ્ત પ્રદેશોમાં વ્યાપી રહેલ હોય છે, આટલો 'યશ' અને 'કીર્તિ' માં ફરક છે. સાધુવાદ એટલે સુગુણોની વૃદ્ધિ અથવા સત્પુરુષો તરફની રુચિ, વર્ણવાદ એટલે પ્રસંશા, શબ્દવાદ એટલે અર્ધદિશામાં વ્યાપ્ત થયેલ સુગુણો-વખાણો કે શબ્દ

દ્વારા માનવસમૂહથી જે ઉચ્ચારાય તે, શ્લોકવાદ એટલે ભાટ-ચારણો વડે છંદ-ચોપઇ અને દૂહાઓ દ્વારા વખાણ થાય તે. સ્તુતિવાદ એટલે બંદિજનો ગુણકીર્તન કરે તે. ઉપરની સર્વ બાબતોનો ધારો થતો ગયો. તે ઉપરાંત વિપુલ ધન, વિપુલ સ્વર્ણ, કર્કેતન આદિ સર્વ-શ્રેષ્ઠ રત્નો, ચંદ્રકાંત આદિ સર્વોત્તમ મણિયો, દક્ષિણાવર્ત્તાદિ શંખો અને રાજપટ્ટ વિગેરે ઉત્તમ શિલાઓથી, વિપુલ પ્રવાલ, વિપુલ લાલ એટલે લાલરત્ન-વિશેષથી અને ઘણા પ્રકારના ઉત્તમ વસ્ત્રોથી રાજ્યભંડાર ભરાવા લાગ્યો. તેથી આ બાળકનું નામ ગુણનિષ્પન્ન ‘વર્ધમાન’ રાખવામાં આવે છે.

ભગવાનના ત્રણ નામો આ પ્રમાણે છે-માતા-પિતાએ રાખેલું ‘વર્ધમાન’ નામ, તપશ્ચર્યા આદિના સામર્થ્યને લીધે ‘શ્રમણ’, ઇન્દ્રે રાખેલું ‘મહાવીર’. (સૂ૦૬૯)

(ઇતિ પંચમ વાચના)

## ભગવાન્‌કી બાલ્યાવસ્થાકા વર્ણન

મૂલનો અર્થ—‘तए णं’ ઇત્યાદિ. જેમ શુકલ પક્ષનો ચંદ્રમા, દિન-પ્રતિદિન કલાઓમાં વધતો જાય છે તેમ ભગવાન મહાવીર પણ, સદ્‌ગુણોમાં વૃદ્ધિ પામવા લાગ્યાં. જેમ પર્વતની ગુફામાં ઉગેલ ચંપક વૃક્ષ, ક્રમે ક્રમે વિકાસ પામે છે, તેમ ભગવાન પણ વયથી વૃદ્ધિ પામવા લાગ્યાં.

મોરની પાંખથી સુશોભિત ચોટલીવાલા સમાન વયના સુંદર મિત્રો સાથે, ભગવાન પોતાનું પરાક્રમ ગોપવી રાખીને, બાલ્યાવસ્થાને અનુરૂપ ક્રીડાઓ અને રમતો કરવા લાગ્યાં.

કોઈ એક વખતે, દેવલોકમાં, દેવોના સમૂહ વચ્ચે બેઠેલા પહેલા દેવલોકના ઇન્દ્ર સૌધર્મેન્દ્રે ભગવાનના અનુપમ ગુણોનું વર્ણન કરવાનું શરુ કર્યું. આ સાંભલી, સર્વ દેવ-દેવીઓના હૃદયો હર્ષથી પુલકિત થયાં.

આ દેવો મધ્યે કોઇ એક દેવને, પ્રભુના પરાક્રમોના મહિમા ઉપર વિશ્વાસ બેઠો નહિ, તેથી શીઘ્રપણે મૃત્યુલોકમાં આવ્યો. આ દેવ, તે વખતે મિથ્યાદૃષ્ટિ ગણાતો, તેમજ તેના સ્વભાવ ઇર્ષ્યાવાળા અને દુર્ભાવવાળા હતા.

આ દેવ, મૃત્યુલોકમાં આવીને, જ્યાં ભગવાન પોતાના સમાન વયસ્ક બાળકો સાથે રમતો રમતાં હતાં, ત્યાં પહોંચી ગયો, પહોંચ્યા બાદ, તુરતજ ભગવાનને પોતાની પીઠ પર બેસાડી દીધાં, ને પોતાની વૈક્રિય શક્તિના પ્રતાપે, પોતાનું શરીર સાત-આઠ તાડ-વૃક્ષો જેટલું, ઉંચુ બનાવી દીધું. કારણ કે આમ કરીને, તે ભગવાનનું હનન કરવા માંગતો હતો. આમ ઉચકીને, આકાશમાંથી નીચે પૃથ્વી પર પછાડવાનું શરું કર્યું.

આવું દૃશ્ય જોઈ, સ્વભાવથી ડરપોક એવા બાળકો, નાસ-ભાગ કરવા લાગ્યાં. પ્રભુ તો ચતુર અને વિચક્ષણ હતાં. તેમણે અવધિજ્ઞાન-દ્વારા જાણી લીધું કે, આ ઉપદ્રવ દેવકૃત છે: આ બાળકો મારા માતા-પિતા પાસે જઈ, મારી દશાનું વિવરણ કરશે તો, ખિન્ન થશે.

આવું વિચારી, ભગવાને, આ દેવના સાન ઠેકાણે લાવવા માટે, તેની પીઠ પર બેઠાબેઠા, પોતાનું શરીરનું વજન વધારી દીધું; અસહ્ય ભારને લીધે, આ દેવ વાંકો વળી ગયો, ને રાડ નાખી, પૃથ્વી પર પટકાઈ ગયો.

આ તમાસો જોઈ, આકાશના દેવોએ 'જય જયકાર' શબ્દોની ઘોષણા કરી. ભોઠો પડેલો આ દેવ, ભગવાનના ચરણમાં આવી નમી પડયો, ને થયેલ અપરાધની માફી માંગી. પોતાનો મિથ્યાત્વભાવ તજી, સાચી સમજણ લઈ સ્વસ્થાને વિદાય થયો. (સૂ૦૭૦)

**ટીકાનો અર્થ—'तए णं'** ઇત્યાદિ. નામકરણ પછી ભગવાન મહાવીર ક્રમશઃ પોતાના સદ્‌ગુણોના સમૂહથી એવી રીતે વધવા લાગ્યા કે જેમ અજવાળિયામાં બીજનો ચન્દ્ર વધે છે. વળી પર્વતની ગુફામાં રહેલ ચમ્પક વૃક્ષ જેમ વધે છે તેમ વયમાં વધવા લાગ્યાં. આ રીતે તે ભગવાન મહાવીર પોતાના મહાન્ શક્તિમય સ્વરૂપને છુપાવીને મોર પીંછાવાળી શિખાઓથી શોભતાં સમવયસ્ક બાળકોની સાથે ક્રીડા કરવા લાગ્યાં.

એક વખત દેવલોકમાં દેવગણોથી સુશોભિત સુધર્મા નામની સભામાં સૌધર્મ દેવલોકના સ્વામી ઇન્દ્ર બેઠેલ હતાં. તેમણે પોતાના અનુપમ ગુણોથી વર્ધમાન (વધતાં) વર્ધમાન પ્રભુનાં બળ-પરાક્રમનું વર્ણન કરવા માંડયું. તે પરાક્રમોનું વર્ણન કાનથી સાંભળીને તથા હૃદયમાં ધારણ કરીને સઘળાં દેવ-દેવીઓનાં મન હર્ષથી વિકસિત થયાં. તે દેવ-દેવીઓમાંથી કોઇ એક મિથ્યાદૃષ્ટિ દેવને ભગવાન મહાવીરના પરાક્રમના મહિમા પર વિશ્વાસ આવ્યો નહીં. તે ઇર્ષાળુ હતો તેથી તેના મનમાં દુર્ભાવના ઉત્પન્ન થઈ. તે તરત જ મનુષ્ય લોકમાં આવ્યો અને બાળકોની સાથે ક્રીડા કરતાં ભગવાન વર્દ્ધમાન સ્વામીને પોતાની પીઠ પર બેસાડી દીધાં. તેણે પોતાની વૈક્રિય શક્તિથી પોતાનાં શરીરને સાત-આઠ તાડ જેટલું ઊંચું બનાવીને મહાવીર સ્વામીની હત્યા કરવાની ઇચ્છા કરી. તેણે મહાવીર પ્રભુને ઊંચા આકાશતલમાંથી નીચે ફેંકવાનું શરૂ કર્યું.

આ દૃશ્ય જોઇને ડરપોક સ્વભાવનાં બાળકો તો તરત જ નાસવાં લાગ્યાં. પોતાની ચતુરાઇથી પ્રસિદ્ધ મહાવીર સ્વામીએ, અવધિજ્ઞાનનો ઉપયોગ કરીને જાણ્યું કે આ ઉપસર્ગ દેવ વડે કરાયેલ છે. ત્યારે તેમણે આ પ્રમાણે વિચાર કર્યો-તે બાળકો મારાં સ્નેહાલ માતા-પિતાને આ આફતની-દેવથી કરાયેલ આ ઉપસર્ગની વાત કરશે. તે સાંભળીને માતા-પિતા મને સંકટમાં મૂકાયેલો જાણીને ચિંતા ન કરે, એવો વિચાર કરીને તરત જ તે દુષ્ટ આશયવાળા દેવને નમાવવા માટે દેવની પીઠ પર રહેલાં એવાં તેમણે પોતાનાં શરીરને થોડું ભારે કર્યું. પ્રભુનાં શરીરનો થોડો ભાર વધતાં જ તે દેવ તેને પણ સહન કરી શકયો નહીં. દુષ્ટ દેવ ઘણાં ઊંચા સ્વરે ચીસ પાડીને ભૂતલ પર આવીને પડયો. તેને પડતાં જ આકાશમાં દેવોએ જયનાદ કર્યો. ત્યાર બાદ ભગવાનનાં ચરણો પર પોતાનું મસ્તક મૂકીને તે ઉપદ્રવ કરનાર દેવ ભગવાન પાસે પોતાના અપરાધની ક્ષમા માગીને તથા સમ્યકત્વ પામીને પોતાનાં સ્થાને ચાલ્યો ગયો. (સૂ૦૭૦)

મૂળનો અર્થ—"तए णं" ઇત્યાદિ. ત્યાર બાદ કોઇ સમયે ભગવાનના માતાપિતાએ સકળ કળાઓના જ્ઞાનથી યુક્ત ભગવાનને અતિશય વાત્સલ્યને કારણે કળાઓ શીખવાને માટે મોટા ઉત્સવ તથા ઘણી જ ભેટ–સોગાદો સાથે તથા વિપુલ પરિવારની સાથે કલાચાર્યની પાસે મોકલ્યાં, તે સમયે વાજાં વાગતાં હતાં. ભગવાન અવધિજ્ઞાની હોવા છતાં પણ અજાણ્યા જેવી મુખાકૃતિ રાખીને, માતા–પિતાના અનુરોધથી કલાચાર્યની પાસે જવા રવાના થયાં. ભગવાનનું શુભ આગમન જાણીને કળાચાર્ય પ્રસન્ન થયાં, ઊંચાં આસને બેસી ગયાં, અતિશય આનંદથી ખિલી ઉઠયાં. અનુપમ હારને ધારણ કરનાર રાજકુમાર વર્ધમાન પરિવાર સાથે હમણાં જ મારી પાસે આવવાના છે એમ વિચારીને તેમની રાહ જોવા લાગ્યા, પણ થોડી એવી કળાને જાણનાર તે પંડિત, સઘળી કળાઓથી સુશોભિત, સમસ્ત સમીચીન વિદ્યાઓના અધિષ્ઠાયક દેવતા દ્વારા વંદના કરવાને પાત્ર ત્રિશલાના પુત્ર પુરુષોત્તમ ભગવાનને શું ભણાવી શકવાનો હતો ? પૂર્ણ રીતે શુદ્ધ સુવર્ણને તાવવાથી શું વળે ? આંબાને તોરણોથી શું શણગારી શકાય ! અમૃતને મધુર દ્રવ્યોથી શું સ્વાદિષ્ટ કરી શકાય ! સરસ્વતીને શું ભણાવી શકાય ! ચન્દ્રમા પર ઉપરથી શું સફેદી લગાડી શકાય ! સોના પર સોનાનું પાણી ચડાવીને શું તેને વધારે ચળકતું બનાવી શકાય ! જે ભગવાન ત્રણ જ્ઞાનનું મહાન સ્થાન હતાં, વિપુલ વિજ્ઞાનનાં સાગર હતાં, મહાન સામર્થ્યનાં ભંડાર હતાં, મહાબુદ્ધિશાળી, મહાધીર, અને મહાગંભીર હતાં, તે અલ્પજ્ઞાનીની પાસે ભણવા જાય તે ઘણી જ અટપટી વાત હતી.

આ પ્રવૃત્તિથી દેવલોકમાં, સુધર્મા સભામાં, શક્ર દેવેન્દ્ર દેવરાજનું આસન ચલાયમાન થયું. ત્યારે આસન ચલિત થવાનું કારણ તરત જ અવધિજ્ઞાનથી જાણીને શક્રેન્દ્ર તરત જ ત્યાંથી બ્રાહ્મણનું રૂપ લઈને, પ્રભુની પાસે આવીને અને પ્રભુને ઊંચે આસને બેસાડીને, જે પ્રશ્નો કલાચાર્યનાં હૃદયમાં સંદિગ્ધરૂપે રહેલા હતા, એજ પ્રશ્નો ભગવાનને પૂછ્યાં. ઈન્દ્રે પહેલાં વ્યાકરણના વિષયમાં પ્રશ્ન પૂછયો. ભગવાને તેનો જવાબ આપીને સંક્ષિપ્તમાં આખું વ્યાકરણ કહી દીધું. ત્યારબાદ ઇન્દ્રે 'નય' અને 'પ્રમાણ' નું સ્વરૂપ પૂછયું. ત્યારે ભગવાને સંક્ષિપ્તમાં સમાધાન કરીને ન્યાયનું સમસ્ત રહસ્ય પ્રકાશિત કરી દીધું. ત્યારબાદ તેણે ધર્મના વિષયમાં પ્રશ્ન પૂછયો. ધર્મનું સ્વરૂપ બતાવતા ભગવાને ઉપશમ કહ્યો. ઉપશમની સાથે વિવેક કહ્યો, વિવેકની સાથે વિરમણ કહ્યું, વિરમણની સાથે પાપ–કર્મોનું અકરણ (ન કરવુ તે) કહ્યું. પાપ–કર્મોનાં અકરણની સાથે નિર્જરા, બંધ અને મોક્ષનું સ્વરૂપ કહ્યું (સૂ૦૭૧)

## ભગવાન્ કા કલાચાર્ય કે સમીપ અધ્યયન કરનેકી અનુચિતતા કા પ્રતિપાદન કરના

ટીકાનો અર્થ—'**तए णं**' ઈત્યાદિ. ત્યારબાદ કોઇ સમયે ભગવાન મહાવીર સ્વામીનાં માતા-પિતાએ સમસ્ત કળાઓને જાણનાર પ્રભુને પણ પ્રગાઢ પ્રેમને કારણે કળાઓનું જ્ઞાન અપાવવા માટે મહોત્સવની સાથે તથા ભારે ભેટ સાથે, મનોહર વાજાંની સાથે, તથા ઘણા મોટા પરિવારની સાથે કલાશિક્ષકની પાસે મોકલ્યા. ભગવાન વર્ધમાન અવધિજ્ઞાની હોવા છતાં પણ જાણે અજાણ્યા હોય એવી ચેષ્ટા કરીને, માતા-પિતાના અનુરોધથી કલાચાર્યની પાસે પધાર્યા. કલાચાર્ય, શ્રી વર્ધમાન સ્વામીનાં શુભ આગમનને જાણીને પ્રસન્ન થયાં, અને ઊંચાં આસન પર બેઠેલ તે હર્ષની તીવ્રતાથી ફૂલી ગયાં. અનુપમ હારને ધારણ કરનાર, ગંભીરતા આદિ ગુણોથી સુશોભિત, સિદ્ધાર્થ મહારાજાના પુત્ર, રાજકુમાર વર્ધમાન હમણાં જ પરિવાર સાથે મારી પાસે આવશે એવો વિચાર કરીને કલાચાર્ય તેમના આગમનની રાહ જોવા લાગ્યાં. પણ થોડી એવી કળાઓ જાણનાર પંડિત, સમસ્ત કળાઓમાં નિપુણ, પુરુષોમાં ઉત્તમ, બધી શ્રેષ્ઠ વિદ્યાઓના અધિપતિ દેવતા વડે પણ વન્દનીય, એટલે કે સરસ્વતી દ્વારા પણ સ્તવનીય ત્રિશલાનન્દન ભગવનાને ભણાવવાને શું શક્તિમાન થઇ શકતા હતા !. આજ અર્થ બીજી રીતે દર્શાવે છે. શું શુદ્ધ તદ્દન સોનાને તાવવામાં આવે છે ?, તાવવામાં આવતું નથી; કારણ કે તે પોતે જ શુદ્ધ હોય છે. આંબાને તોરણોથી શું શણગારી શકાય છે ?, ના, તે તો પોતે જ પાનવાળો છે. અમૃતને શું મધુર દ્રવ્યોથી સ્વાદિષ્ટ કરી શકાય છે ?, ના, કારણ કે તે તો કુદરતી રીતે જ મીઠું હોય છે. સરસ્વતી દેવીને શું પાઠ-વિધિ શિખવવાની આવશ્યકતા રહે છે ?, ના, તે તો પોતે જ એ શીખેલ હોય છે. ચન્દ્રમામાં ધવલતાનું આરોપણ શું કરી શકાય છે ?, ના, તેની આવશ્યકતા જ નથી, કારણ કે તેમાં કુદરતી રીતે જ ધવલતા રહેલ હોય છે. શું સોના પર સોનાનું પાણી ચડાવવાની જરૂર પડે છે ? ના, તે તો જાતે જ પરિશુદ્ધ છે.

## ભગવાન્ કા કલાચાર્ય કે પાસ જાના-જાનકર શકેન્દ્રકા આસન કમ્પાયમાન હોના, શકેન્દ્ર કા બ્રાહ્મણ રૂપ સે આકર પ્રશ્ન કરકે ભગવાન્ કે સર્વશાસ્ત્રજ્ઞ હોને કા પ્રકાશન કરના

જે ભગવાન ત્રણ જ્ઞાન-મતિ, શ્રુત, અવધિના ભંડાર, સમસ્ત કળાઓના સાગર, વિશાળ શક્તિના નિધાન, મહાન મતિમાન્, મહાધીર-ધીરોમાં અગ્રગણ્ય અને અતિશય ગંભીરતા આદિ ગુણોવાળાં હતાં, તે વર્ધમાન સ્વામી,

અલ્પજ્ઞાની કલાચાર્યની પાસે ભણવા જાય, એ વાત અત્યન્ત અયોગ્ય હતી. કલાચાર્યની પાસે વિદ્યા પ્રાપ્ત કરવા જવાની ભગવાનની પ્રવૃત્તિથી દેવલોકની, સુધર્મા સભામાં, શક્ર દેવેન્દ્ર દેવરાજનું આસન ડોલવા લાગ્યું. આસન ધ્રુજતા અવધિજ્ઞાનના ઉપયોગથી શકેન્દ્ર આસન ધ્રુજવાનું કારણ જાણ્યું. ત્યારે તરત જ શકેન્દ્ર દેવલોકમાંથી ઉપડયો અને બ્રાહ્મણનું રૂપ લઇને ભગવાનની પાસે આવ્યો. પ્રભુને ઉચ્ચ આસન પર વિરાજમાન કરીને, જે પ્રશ્નો કલાચાર્યનાં હૃદયમાં સંશયરૂપથી રહેલાં હતાં એ જ પ્રશ્નો તેણે ભગવાનને પૂછયાં.

તે પ્રશ્નોમાં સૌથી પહેલાં ઇન્દ્રે વ્યાકરણ વિષે પ્રશ્ન પૂછયો. ભગવાન વર્ધમાન સ્વામીએ તે પ્રશ્નની યોગ્ય રીતે વ્યાખ્યા કરીને, થોડાં જ અક્ષરોમાં આખું વ્યાકરણશાસ્ત્ર કહી દીધું. ત્યારથી "જૈનેન્દ્ર વ્યાકરણ"ની પ્રસિદ્ધિ થઇ.

વ્યાકરણસંબંધી પ્રશ્ન પૂછયા પછી ઇન્દ્રે નૈગમાદિ નયોનું તથા પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણોનું સ્વરૂપ પૂછયું. ભગવાને ટૂંકાણમાં તેનો જવાબ આપીને સંપૂર્ણ ન્યાયશાસ્ત્રનો સાર પ્રકાશિત કરી દીધો. ત્યાર બાદ ઇન્દ્રે ધર્મના વિષયમાં પ્રશ્ન કર્યો ભગવાન શ્રી વર્ધમાને ધર્મનું સ્વરૂપ બતાવતાં ઉપશમ-મનોનિગ્રહ કહ્યો. ઉપશમની સાથે વિવેક (કર્તવ્ય-અકર્તવ્ય પદાર્થોનું વિવેચન) કહ્યો. વિવેકની સાથે વિરમણ (સાવદ્ય વ્યાપારોનો ત્યાગ) કહ્યું. વિરમણની સાથે પ્રાણાતિપાત આદિ પાપો ન કરવા વિષે કહ્યું. પાપો ન કરવાનું કહીને નિર્જરા, બંધ અને મોક્ષનું સ્વરૂપ કહ્યું (સૂ૦૭૧)

## ભગવાન્ કો સર્વશાસ્ત્રાભિજ્ઞ જાનકર કલાચાર્યાદિકોં કા પરમ આનન્દિત હોના

મૂલનો અર્થ—'एएसि णं' ઇત્યાદિ. કલાચાર્યની રજા લઇ, બ્રાહ્મણના રૂપમાં શકેન્દ્રે પૂછેલા પ્રશ્નોના જવાબો, સર્વની શંકાને વિદારી નાખે તેવા આવવાથી, સર્વ સમુદાય ચકિત થઈ ગયો. કલાચાર્ય પણ વિશેષ પ્રસન્ન થયાં.

કલાચાર્યને આશ્ચર્ય પ્રગટ થયો કે આવા નાના બાળકને આખું જ્ઞાન કોણે આપ્યું?. ચિરકાળથી ઘર કરી રહેલ મારા મનની શંકાઓનું નિવારણ આ બાળકના પ્રત્યુત્તરથી સહેજે આવી ગયું.

ગંભીરતાગુણ અને જ્ઞાનસંપત્તિ હોવા છતાં, વધારે જ્ઞાન મેળવવાની ઇચ્છાએ આ બાળક અહિં આવ્યો. તે વિચારથી પણ કલાચાર્ય ઘણા પ્રસન્ન થયાં.

કલાચાર્ય, આ બાળકની સરલતા અને નિરભિમાનપણું જોઇ, વિચારવા લાગ્યાં કે, અધુરાં ઘડાંઓજ છલકાય છે, પૂરા નહિ!. નબલા મનના માણસોજ કિકિયારી પાડે છે, શૂરા નહિ!. કાંસુજ અવાજ અને ખણખણાટ કરી મૂકે છે, સોનું નહિ! ટુંકમાં, મહાપુરુષ, કદાપિ પણ, પોતાની શકિત અને ગુણોનો આવિર્ભાવ કરતાં જ નથી.

પ્રશ્નવિધિ અને કળાચાર્યના મનનું મંથન પૂરું થયાં પછી, બ્રાહ્મણરૂપે આવેલાં શકેન્દ્ર, પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું, ને ત્યાં આવેલાં સર્વજનોને પ્રભુના અતુલ, બલ, વીર્ય, બુદ્ધિ અને પ્રભાવનો પરિચય કરાવ્યો, ને કહ્યું કે "સકલ ગુણોનો ભંડાર, સુકુમાર આ બાળક કોઇ સામાન્ય બાળક નથી, પણ સમસ્ત શાસ્ત્રોમાં પારંગત અને સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવામાં સદા તત્પર એવા ચરમ તીર્થંકરની પદવીનો ધારક છે."

## ઈન્દ્ર દ્વારા કિયે ગયે પ્રશ્નોંકા ઉત્તર સુનકર લોગોં કા ઔર કલાચાર્ય કા આનન્દિત હોના

ત્યારબાદ, શક્રેન્દ્રે, ભગવાનને વંદના–નમસ્કાર કર્યાં, ને જે દિશામાંથી આવ્યા હતાં, તે દિશામાં ચાલ્યા ગયા.

ભગવાન પણ, હાથી ઉપર આરુઢ થઈ, પ્રસન્નચિત્તે, મહેલ તરફ વળ્યાં. રસ્તામાં લોકો ભગવાનને જોઇ જોઇને પણ ધરાંતાં ન હતાં. તેઓનો તેમનામાં અથાગ પ્રેમ હતો. માબાપ પણ પ્રભુનું આટલું બધુ અતુલ જ્ઞાન જોઈ, વિસ્મય પામ્યાં, ને આનંદની લહેરીઓમાં સમાઇ ગયા. (સૂ૦૭૨)

ટીકાનો અર્થ—'एएसिं णं' ઈત્યાદિ. વ્યાકરણ, નય, પ્રમાણ અને ધર્મસંબંધી એ પ્રશ્નોનાં ચિત્તમાં સંતોષ ઉત્પન્ન કરનાર ઉત્તરોથી ત્યાં રહેલ બધા લોકો અશ્ચર્યચકિત થઈ ગયાં. કલાચાર્યનાં અંતઃકરણમાં પણ સંતોષ થયો. ત્યાર બાદ કલાચાર્યે વિચાર કર્યો, જે વિચાર કર્યો તે કહે છે–''અહા, આ દૂધમુખ કોમળ બાળકે ચિત્તમાં ચમત્કાર કરનારી આવી વિદ્યા કયા મનુષ્ય પાસેથી શીખી છે? મારાં મનમાં આજ સુધી જે શંકા રહેલ હતી અને આજ સુધી જે શંકાનું કોઇએ પણ સમાધાન કર્યું ન હતું, તે બધી શંકાઓનું આજ બાળક વર્ધમાને નિવારણ કરી નાખ્યું. યથાર્થ જ છે કે મહાપુરુષમાં આવા ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરનારા ગુણો હોય છે જ, આ બાળકની ગંભીરતા કેટલી બધી છે કે ચમત્કારિક ગુણોના સમૂહવાળો હોવા છતાં પણ તે મારી પાસે વિદ્યા પ્રાપ્ત કરવા માટે ચાલ્યો આવ્યો છે. એ બરાબર જ કહેલ છે કે અધુરો ઘડોજ અવાજ કરે છે પૂરો ભરેલો અવાજ કરતો નથી, દુર્બળ માણસ જ વધારે ગર્જે છે શૂર નહીં, કાંસુ વાગે છે સુવર્ણ નહીં, એજ પ્રમાણે મહાપુરુષ પોતાની મહત્તાને જાહેર કરતાં નથી.

## ઈન્દ્ર દ્વારા ભગવાન્ કો ચરમતીર્થંકર રૂપ સે પ્રકાશિત કરના

ત્યાર બાદ શક્ર દેવેન્દ્ર દેવરાજે પોતાના ઈન્દ્રનાં રૂપને પ્રગટ કરીને, સમસ્ત ગુણોના સાગર, ભગવાન મહાવીરના અતુલ બળ, વીર્ય, બુદ્ધિ અને પ્રભુતાનો ત્યાં આવેલ માણસોને પરિચય કરાવ્યો કે આ દયા, દાક્ષિણ્ય–આદિ સઘળા ગુણોનો આલબાલ (ક્યારી) સુકુમાર બાળક સામાન્ય નથી, પણ સમસ્ત શાસ્ત્રોનો પાર પામનાર તથા આખા સંસારમાં જીવોની જે મનુષ્યાદિ યોનીઓ છે, તેમની રક્ષા કરવાને સમર્થ શ્રી વર્ધમાન નામના અન્તિમ–ચોવીસમા તીર્થંકર છે.

શ્રીવીર ભગવાનનો પરિચય આપ્યા પછી શક્ર દેવેન્દ્ર દેવરાજે શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યાં, નમસ્કાર કર્યાં, બંદન–નમસ્કાર કરીને જે દિશામાં પ્રગટ થયાં હતાં એજ દિશામાં ચાલ્યા ગયાં.

## ભગવાન્ કા અપને પ્રાસાદમેં આના ઔર માતાપિતા કા આનન્દિત હોના

શ્રીવર્ધમાનસ્વામી સારી રીતે શણગારેલા ગજરાજ પર સવાર થઇને સાથે આવેલ તથા શિક્ષાસ્થાનમાં એકત્ર થયેલ જનસમૂહદ્વારા તથા પરિજનસમૂહદ્વારા ફરી-ફરીથી અનિમેષ નજરે જોવાતાં પ્રસન્નતાપૂર્વક પોતાના રાજમહેલમાં ચાલ્યા ગયાં.

ઈન્દ્ર દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું સમાધાન, કલાચાર્યને સંતુષ્ટ કરવું અને સઘળા લોકોને પ્રસન્ન કરવું, આ પ્રકારની શ્રીવીરસ્વામીની પ્રવૃત્તિથી માતા-પિતાના તથા આદિ શબ્દથી ભાઈ વગેરેનાં મનમાં પ્રબળ હર્ષ રૂપી સાગરની વારંવાર ઉછળતી અને ચંચળ લહેરો સમાઇ શકી નહીં. આશય એ છે કે તે હર્ષ અંદર સમાયો નહીં તો હર્ષાશ્રુરૂપે બહાર નિકળી પડયો. (સૂ૦૭૨)

## ભગવાન્ કે વિવાહ કા વર્ણન / ભગવાન્ કે સ્વપ્નોકા વર્ણન

મૂલનો અર્થ—'तए णं' ઇત્યાદિ. બાળક વર્ધમાન, બાલ્યાવસ્થાથી મુકત થયાં, યુવાન વયને પ્રાપ્ત થયાં, તેના નવ અંગો પરિપૂર્ણ યુવાનીને લીધે જાગ્યાં એટલે વિકસિત થયાં, તેનું જ્ઞાન પણ પરિપકવ થયું. આ બધું જણાતાં, માતા-પિતાએ, સાકેતપુર (અયોધ્યાનગરી)ના અધિપતિ સમરવીર રાજાની પુત્રી અને ધારિણી રાણીની અંગજાત યશોદા નામની કન્યા સાથે 'વર્ધમાન' નું પાણિગ્રહણ (લગ્ન) કરાવ્યું.

સમય વીતતાં, 'વર્દ્ધમાન' ને ત્યાં પ્રિયદર્શના નામની પ્રિય કન્યાનો જન્મ થયો. આ કન્યાને પ્રાપ્તવયે 'વર્દ્ધમાન' ના ભાણેજ જમાલિ સાથે, પરણાવી દેવામાં આવી. આ પ્રિયદર્શનાને, શેષવતી નામની એક પુત્રી પણ ઉત્પન્ન થઇ.

ભગવાન મહાવીરના કાશ્યપગોત્રી પિતાના, ત્રણ નામ હતાં—(૧) સિદ્ધાર્થ, (૨) શ્રેયાંસ, (૩) યશસ્વી.
તેમની વાશિષ્ઠગોત્રી માતાના પણ, ત્રણ નામ હતાં—(૧) ત્રિશલા, (૨) વિદેહદત્તા, (૩) પ્રિયકારિણી.
ભગવાનના કાકા સુપાર્શ્વ, વડિલ બંધુ નંદિવર્ધન, અને મોટી બહેન સુદર્શના આ સર્વ કાશ્યપગોત્રી હતાં.

તેમના પત્ની યશોદાનું ગોત્ર "કૌડિન્ય" હતું. ભગવાનની કાશ્યપગોત્રી દીકરીના બે નામ હતા-(૧) અનવદ્યા, (૨) પ્રિયદર્શના. અને પ્રિયદર્શનાની પુત્રી કૌશિકગોત્રી હતી. આ દૌહીત્રીના બે નામ હતાં—(૧) શેષવતી, (૨) યશસ્વતી.

ભગવાનના માતા-પિતા પાર્શ્વાપત્યીય (પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી) શ્રમણોપાસક હતાં. આ બન્ને જણાએ, વર્ષો સુધી, શ્રાવકપર્યાયનું યથાર્થ પાલન કરી, અંતિમ-સમયે મારણાન્તિક સંલેખણાનું સેવન કર્યું, કાલ આવ્યે કાલ કરી,બારમા અચ્યુત નામના દેવલોકમાં દેવપણે તેઓ ઉત્પન્ન થયાં. ત્યાંથી ચવી, મહાવિદેહ ક્ષેત્રમાં આવી, ત્યાં તે ક્ષેત્ર, સિદ્ધ થશે. (સૂ૦૭૩)

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરને, બાલ્યાવસ્થા પસાર કર્યા પછી બે કાન, બે

આંખ, બે નાક, જીભ, ત્વચા અને મન એ નવ અંગો જે સુપ્તાવસ્થામાં હતાં તે યૌવનને કારણે જાગૃત થતાં પરિપકવ-વિજ્ઞાનવાળાં થયેલ જોઇને માતા-પિતાએ અયોધ્યાના રાજા સમરવીરની પુત્રી અને ધારિણી દેવીની અંગજાત યશોદા નામની શ્રેષ્ઠ રાજકન્યાની સાથે તેમનો વિવાહ કર્યો. વિવાહ પછી કાળક્રમે શ્રમણ ભગવાન મહાવીરને યશોદાની કૂંખે "પ્રિયદર્શના" નામની કન્યા થઈ. પ્રિયદર્શના ધીરે ધીરે યૌવનાવસ્થાએ પહોંચી ત્યારે ભગવાને પોતાના ભાણેજ જમાલિ સાથે તેનો વિવાહ કર્યો પ્રિયદર્શનાને પણ શેષવતી નામે પુત્રી થઈ.

શ્રમણ ભગવાન મહાવીરનાં પિતા કાશ્યપગોત્રમાં જન્મ્યાં હતાં. તેમનાં ત્રણ નામ હતાં–સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી.

વાશિષ્ઠગોત્રમાં ઉત્પન્ન થયેલ તેમનાં માતાનાં પણ ત્રણ નામ હતા–ત્રિશલા, વિદેહદત્તા અને પ્રિયકારિણી.

ભગવાનના કાકા 'સુપાર્શ્વ' કાશ્યપગોત્રમાં ઉત્પન્ન થયેલ હતા. મોટા ભાઈ કાશ્યપગોત્રમાં ઉત્પન્ન થયેલ નન્દિવર્ધન હતા. કાશ્યપગોત્રીયા સુદર્શના તેમની મોટી બેન હતાં. પત્નીનું નામ યશોદા હતું, તે કૌડિન્યગોત્રમાં ઉત્પન્ન થયેલ હતી. તેમની કાશ્યપગોત્રીયા કન્યાનાં બે નામ હતાં–પ્રિયદર્શના અને અનવદ્યા. કૌશિકગોત્રમાં ઉત્પન્ન થયેલ નાતિન (દીકરીની દીકરી) નાં બે નામ હતાં–શેષવતી, યશસ્વતી.

ભગવાનના માતા–પિતા ભગવાન પાર્શ્વનાથની શિષ્યપરંપરા સાથે સંબંધ રાખનાર શ્રાવક હતાં. તેઓ ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસકપર્યાય પાળીને, છેવટે મરણસમયે થનારી સંલેખના–જોષણાથી શરીરને જોષિત કરીને (સમાધિમરણનુ સેવન કરીને) કાળમાસમાં કાળ કરીને અચ્યુત–નામના બારમા કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને મોક્ષ પ્રાપ્ત કરશે. (સૂ૦૭૩)

## ભગવાન્ કે માતાપિતા વિગેરહકા વર્ણન

મૂળનો અર્થ—'तेणं कालेणं' ઇત્યાદિ. તે કાળે તે સમયે, ત્રણ જ્ઞાનયુક્ત શ્રમણ ભગવાન મહાવીરના માતા-પિતા દેવલોકમાં પધારવાના કારણે તેમની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ ગઇ. અઠ્ઠાવીશ વર્ષ ગૃહવાસ (સંસાર)માં રહ્યા પછી તેમણે દીક્ષા અંગીકાર કરવા નિશ્ચય કર્યો.

## દીક્ષિત હોનેકે લિયે ભગવાન્ કા નન્દિવર્ધન કે સાથકા સંવાદ કા વર્ણન

પ્રભુનો આ નિર્ણય જાણી ભગવાનના મોટાભાઇ નંદિવર્ધન રાજાએ ભગવાનને કહ્યું કે 'હે ભાઇ! માતા-પિતાના વિયોગનું દુઃખ હજી હું વીસરી શકયો નથી. આપણા સ્વજન–પરિજનો પણ શોકથી હજી મુક્ત થયાં નથી. એવા સંજોગોમાં તમે દીક્ષા ગ્રહણ કરવાની વાત ન કરો, મારા હૈયામાં પડેલા ઘા હજી રૂઝાયા નથી ત્યાં મીઠું ભભરાવવાનું સાહસ ન ખેડો. તમે મારા પ્રાણથી પણ અધિક વહાલા છો. તમારો વિયોગ મારાથી સહન થશે નહિ.

ભગવાને જવાબ આપ્યો—'હે ભાઇ ! માતા-પિતા અને બહેન-ભાઈનો સંબંધ તો આ જીવે અનંતીવાર કર્યો છે. માટે આ વિષયમાં હવે અંતરાય ન નાખો તો સારૂં !'

નંદિવર્ધને આગળ ચાલી કહ્યું કે હે ભાઇ ! તમે જે કહ્યું તે સત્ય છે. પરંતુ મારો આગ્રહ માની જઇ તમે હજુ બે વર્ષ ગૃહવાસમાં વિતાવો તો સારૂં !

મોટાભાઇનો આ પ્રત્યુત્તર સાંભળી નિશ્ચયજ્ઞાની પ્રભુ મહાવીરે પોતાના ભાઇ નંદિવર્ધનની આવી ઇચ્છા જાણી, હૃદયમાં ઉતારી અને કહ્યું કે 'જો આપની ઇચ્છા એમજ હોય તો હું હજુ બે વર્ષ ગૃહવાસમાં રહીશ, પણ શરત એ કે મારા નિમિત્તે, ઘરમાં કોઈ પણ પ્રકારનો આરંભ-સમારંભ થવો ન જોઇએ. હું સાધુ-વૃત્તિવાળો થઇને જ રહીશ.' નંદિવર્ધને પ્રભુની આ વાતનો સ્વીકાર કર્યો.

મોટાભાઇ સાથે આ વાત થયા પછી, શ્રમણ ભગવાન મહાવીર ગૃહવાસમાં રહી દિવસો વીતાવવા લાગ્યા. તે દરમ્યાન આ પ્રમાણે નિયમોનું પાલન કરવા લાગ્યા. (૧) દરરોજ કાયોત્સર્ગ કરતા. (૨) બ્રહ્મચર્યનું પાલન કરતા. (૩) શરીરની શોભા વધારવાના ઉપાયોથી દૂર રહેતા. (૪) શરીરના પોષણ પૂરતો જ આહાર લેતા. એ પ્રકારે વિશુદ્ધ ધ્યાન ધરતાં ધરતાં ભાવમુનિ જેવી વૃત્તિને આચરતાં જેમ તેમ એક વર્ષ સુધી અગારવાસમાં (સંસારીપણામાં) રહ્યા. (સૂ૦૭૪)

ટીકાનો અર્થ—'**तेणं कालेणं**' ઇત્યાદિ. તે કાળે અને તે સમયે એટલે કે પ્રભુ મહાવીરના માતા-પિતા દેવલોક પામતાં, મતિ, શ્રુત અને અવધિજ્ઞાનધારી એવા શ્રમણ ભગવાન મહાવીરની પ્રતિજ્ઞા હવે પૂર્ણ થઇ. અઠાવીસ વર્ષ સંસારમાં રહ્યા બાદ તેમને સંયમ લેવાની એટલે કે દીક્ષા લેવાની ભાવના જાગૃત થઈ. જ્યારે પ્રભુ મહાવીરના મોટાભાઇ રાજા નન્દિવર્ધને આ જાણ્યું ત્યારે તેમણે ભગવાન મહાવીરને ભારે હૈયે કહ્યું—"ભાઇ, વર્ધમાન ! માતા-પિતાના વિરહનું દુઃખ તો હજી મારા હૈયાને કોતરી રહ્યું છે. હૈયું દુઃખથી શોકાતુર છે. સ્વજનો અને પરિજનો પણ હજી આ શોકની લાગણીમાંથી મુક્ત થયા નથી. એક બાજુ શોકનાં વાદળો તુટી પડયાં છે, તેમાં વળી તમે સંયમ લેવાની અભિલાષા દર્શાવીને માતાપિતાના મૃત્યુને કારણે આઘાત પામેલ મારા હૈયાં ઉપર તમારા વિયોગનાં દુઃખ રૂપી મીઠું ન ભભરાવશો. રાજપાટ મળવા છતાં હું દુઃખી છું. મને વધારે દુઃખી ન કરશો. તમે મારા પ્રાણથી પણ વધારે મને પ્રિય છો તમારા વિયોગનું દુઃખ અમારે માટે અસહ્ય થઇ પડશે."

ત્યારે વર્ધમાન પ્રભુએ કહ્યું—"જયેષ્ઠ બંધુ ! માતા-પિતા, ભાઇ અને બહેનનો સંબંધ આ જીવને અનંતીવાર થયો છે. આ સંબંધ કાંઇ નવોસવો નથી, માટે પ્રવ્રજ્યા (દીક્ષા) લેવાના મારા શુભ કાર્યમાં અંતરાય ન નાંખતાં અનુમોદન આપો."

આ સાંભળીને નન્દિવર્ધને કહ્યું—"બંધુ ! તમે જે કહો છો તે અક્ષરશઃ સત્ય છે-સનાતન સત્ય છે, પણ મારા અનુરોધ-આગ્રહથી મારા દુઃખને હળવું કરવા પણ તમારે બે વર્ષ સંસારમાં અવશ્ય ખેંચી કાઢવાં જોઇએ."

નિશ્ચયજ્ઞાની પ્રભુએ જ્ઞાનના પ્રભાવે જોયું કે હજી બે વર્ષ સુધી મારે સંસારમાં રહેવાનું બાકી છે, ત્યારે પોતાના ભાઈ નન્દિવર્ધનની આ વાતને પાછી ન ઠેલતાં હૃદયમાં વિશેષરૂપે ધારીને કહ્યું—"વડિલ બંધુ ! આપની જો એમ ઇચ્છા છે તો બે વર્ષ સુધી હું ગૃહવાસમાં તો રહીશ, પણ આજથી ઘરમાં મારા નિમિત્તે આહાર વિગેરેના પચન-પાચન રૂપ આરંભ-સમારંભ થવો જોઇએ નહિ. હું મુનિઓ જેવી ચર્યાથી નિવાસ કરીશ, કાળાં વાદળોમાં દૃશ્યમાન થતી તેજરેખા જેવી પ્રભુની વાણી સાભળી રાજા નન્દિવર્ધનને ટાઢક વળી અને એટલેથી સંતોષ માની પ્રભુનાં આ વચનોનો સ્વીકાર કર્યો.

## નિશ્ચય જ્ઞાનવાન્ ભગવાન્કા દો વર્ષ ગૃહસ્થાવાસ મેં સ્થિત હોના

મોટાભાઈ નન્દિવર્ધને પ્રભુના કથનને સ્વીકારતાં, શ્રમણ ભગવાન મહાવીર સંસારમાં રહેવા છતાં સાધુચર્યા કરવા લાગ્યા દરરોજ કાયોત્સર્ગ કરતાં, બ્રહ્મચર્યનું પાલન કરતાં, શરીરશોભા વધારનારાં સાધનો અને સ્નાનનો ત્યાગ કર્યો, નિર્દોષ આહાર–પાણી વિગેરેથી શરીરને નીભાવતા. આ પ્રમાણે ધર્મધ્યાન કરતાં ભાવમુનિના (મુનિની ભાવનાવાળા) જેવું આચરણ કરતાં ભગવાનનું એક વર્ષ તો સંસારમાં પસાર થયું. (સૂ૦૭૪)

## ભગવાન્ કો દીક્ષા કે લિયે લોકાન્તિક દેવોં કી પ્રાર્થના

મૂલનો અર્થ—'**તેણં કાલેણં**' ઇત્યાદિ. તે કાળે અને તે સમયે પરિવારસહિત સર્વ લોકાંતિક દેવોનાં આસનો ચલાયમાન થયાં. અવધિજ્ઞાન મુકીને દેવોએ જોયું તો પ્રભુ મહાવીરની દીક્ષાભાવના દેખવામાં આવી.

આ જાણતાંની સાથે તે દેવો ભગવાનની સમીપ આવ્યા. આકાશમાં સ્થિર રહી ભગવાનને ત્યાં રહ્યે રહ્યે વંદના નમસ્કાર કર્યાં. ત્યારબાદ દેવો કહેવા લાગ્યા કે "ભગવાનની જય હો ! ભગવાનની વિજય હો !. હે નાથ ! આપ જ્ઞાનના સ્વામી બનો ! સમસ્ત જગતવાસી જીવોનું રક્ષણ અર્થે ધર્મતીર્થની સ્થાપના કરો ! જેથી કરીને સર્વલોકમાં સર્વપ્રાણી–ભૂત–જીવ–સત્ત્વને માટે જે કાંઇ સુખકર અને કલ્યાણકારી હોય તે પ્રવર્તાવો !" ભગવાન પોતે તો જ્ઞાની છે, પણ દેવો આવીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનું ભગવાનને સમજાવે છે. તે તેમનો જીતવ્યવહાર એટલે પરંપરાગત આચાર છે.

## ભગવાન્ કા વાર્ષિક દાન, અભિનિષ્ક્રમણ ઔર શક્રાદિ દેવોં કા આગમન

ત્યારબાત ભગવાન વર્ષીદાન દેવામાં તત્પર થયા. તેઓ સૂર્યોદય પહેલાં એક પહોરમાં એક કરોડ આઠ લાખ સોનૈયાનું એક દિવસમાં દાન કરવા લાગ્યા. આ પ્રમાણે કરતાં કરતાં બીજા એક વર્ષ દરમ્યાન પ્રભુએ ત્રણ સો અઠ્ઠાસી કરોડ એંસી લાખ સોના મહોરોનું વર્ષીદાન દીધું.

ત્યારબાદ નંદીવર્ધન રાજાએ ભારે ઉત્સાહ પૂર્વક ભગવાનનો અભિનિષ્ક્રમણ મહોત્સવ કર્યો.

ભગવાનનો અભિનિષ્ક્રમણ સમય જાણીને શક્ર વિગેરે ચોસઠ ઇન્દ્રો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને વિમાન-વાસી દેવ દેવીઓ, પોત પોતાના પરિવાર અને રિદ્ધિ સાથે આવી પહોંચ્યાં.

જેવી રીતે શરદઋતુમાં, પદ્મ સરોવર શોભે છે. તેમજ સિદ્ધાર્થવન, કર્ણિકારવન અને ચંપકવન કુસુમોના ભાર વડે શોભે છે. તેવી રીતે સુરગણોથી છવાએલું આકાશ શુશોભિત અને રમ્ય લાગવા માંડયું. (સૂ૦૭૫)

ટીકાનો અર્થ—તેણં કાલેણં ઇત્યાદી. જયારે જયેષ્ટ બંધુ નંદિવર્ધનની આજ્ઞા અનુસાર ભગવાને સ્વીકારેલા બે વર્ષના ગૃહાવાસ દરમ્યાન એક વર્ષ તો વીતી ચુકયું અને બીજા વર્ષનો પ્રારંભ થતાં જ પરિવાર સહિતના લોકાંતિક દેવોનાં આસનો ચલાયમાન થવાં લાગ્યાં આ દેવો દેવપણામાં હોવા છતાં પણ વૈરાગ્યવાન અને ઉદાસીન વૃત્તિવાલા હોય છે. તેઓના સ્થાનો પણ નિરાલા અને એકાંત જેવા હોય છે. આ દેવો મોક્ષ પંથના નિકટ ગામી હોય છે. તેઓનું દિવ્યજીવન પણ ભોગની દૃષ્ટિએ અનાસક્ત જેવું હોય છે. કોઇ પણ માનવી સંસારમાંથી મહા અભિનિષ્ક્રમણ કરે અગર વાંચ્છના કરે છે. જયારે તેઓના ખ્યાલમાં તરત આવી જાય છે. અને તુરત જ તેની પાસે જઇ બોધદાયક વચનો સંભળાવી, સંસારદશામાંથી તે મહાપુરુષને જાગૃત કરે છે.

આવી મહાન્ વ્યક્તિનું સામર્થ્ય જોઇ, ધર્મ પ્રવૃત્તિ ચલાવવા તેમને વિનંતિ પણ કરે છે. કારણ કે જગતના જીવો આધિ વ્યાધિ અને ઉપાધિથી સળગી રહ્યા છે, તેમના આ દુઃખો મટાડવાની તીવ્ર ભાવના આ દેવોમાં હોય છે. આખો લોક બળીજળી રહ્યો છે, તેથી એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીનાં જીવોની રક્ષા માટે "(મા-હણો મ.-હણો) હણો નહિ-હણો નહિ-દયા કરો-દયા કરો" એવા કરૂણ વચનો વડે આ લોકાંતિક દેવો, મહાપુરૂષના આત્માને જાગૃત કરે છે. આ એક તેમનાં કુલ પરંપરાનો વ્યહવાન માર્ગ છે. અને તે માર્ગને અનુસરી, આવા પ્રકારનું કાર્ય કરે છે આ એક ફક્ત તેઓનો રુઢિ પરંપરાનો આચાર છે.

જાગૃતિનો પોકાર સાંભળતાં જ આ જગતના અનિત્ય ધનને, લોકોપયોગી કામમાં વાપરવા, ભાવી તિર્થંકરો ઉદ્યત થાય છે; તેમજ 'દાન' એ ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. અને મુખ્ય પાયો પણ છે; તેવું જગતને ઠસાવવા તેનું પ્રતિપાદક કરાવે છે. અને તેથી જ વરસીદાનની અખંડધારા તેઓની મારફત વહેવા માંડે છે. દરરોજ એક કરોડ આઠ લાખ સોના મહોરોના દાનનો હિસાબ કરતાં વરસે દહાડે તે રકમ, ત્રણ અબજ અઠ્ઠાસી કરોડ એંસી લાખ સુધી પહોંચે છે.

## ભગવાન્‌ને વર્ષીદાનમેં દાન દી હુઈ સુવર્ણમુદ્રાકી સંખ્યાકા વર્ણન

જેમ લોકો વિવાહ પ્રસંગે અઢળક ધન ખર્ચે છે. તેમ દીક્ષાના હિમાયતીઓ, તેના મહોત્સવોને ખૂબ ઠાઠમાઠથી ઉજવે છે. આ પ્રશંસનીય પગલું છે. જગતને લાત મારીને જે નીકળે છે. તેનું બહુમાન કરવુંજ જોઈએ. અને તે મહાન્ પુણ્ય છે, અને મુક્તિ માર્ગોમાં આ એક મુખ્ય માર્ગ છે. આનો અતિરેક કર્યા વિના, દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ પ્રમાણે, તેનું આચરણ કરવું જોઈએ. આવો અપૂર્વ પ્રસંગ કોઈ પરમ ભાગ્યશાળીને જ લાધે છે; તેથી નંદીવર્ધને, ભગવાનનો દીક્ષા મહોત્સવ ધામધુમથી ઉજવ્યો.

## ભગવાન્ કે અભિનિષ્ક્રમણ મેં આયે હુવે ઈન્દ્રદિ દેવોં કા વર્ણન

ભગવાનનું મહાભિનિષ્ક્રમણ એ કોઈ મામુલી નથી. રગે રગમાં અને હાડે હાડમાં જેને વૈરાગ્યનો રંગ લાગ્યો છે, જેને આ 'ભવ' સિવાય અન્ય કોઈ ભવનથી, તેવી મહાન વ્યક્તિનાં અભિનિષ્ક્રમણની વાત, અવધિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થતાં ચોસઠ ઈન્દ્રો, તેમની સર્વ સિદ્ધિ સંપત્તિ સાથે આવવા લાગ્યાં, જોત જોતામાં આખુએ આકાશ ભરપૂર અને વ્યાપ્ત થતાં, તલભાર પણ જગ્યા બાકી રહી ન હતી· આ કારણે તે વખતે આકાશનો દેખાવ પણ અકલ્પનીય અને અવર્ણનીય હતો. (સૂ૦૭૫)

## ભગવાન કા દીક્ષામહોત્સવ કા વર્ણન

મૂળનો અર્થઃ—'तण्णं', ઇત્યાદિ. તે સમયે, વિશાળ ઢોલ, ભેરી, ઝાલર, અને શંખ આદિ વાજા વાગવા લાગ્યાં. તત વિતત ઘન અને શુષિર આદિ ચાર પ્રકારનાં લાખો વાદ્યયંત્રો-વાજાં વાગવા લાગ્યાં. સેંકડો શ્રેષ્ઠ નર્તકો નાચવા લાગ્યાં. સમસ્ત દિવ્ય લોકનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. ચોસઠ ઇન્દ્રો-દેવો અને દેવીઓએ મહાન્‌ઋદ્ધિ-મહાન્ વિભૂતિ, અને મહાન્ હૃદયોલ્લાસ સાથે, તીર્થંકરનો દીક્ષા મહોત્સવ ઉજવવાનો આરંભ કર્યો. આ પ્રસંગ કેવી રીતે ઉજવાયો તેનું વર્ણન આ રહ્યું.

શકેન્દ્રે ચંદ્રપ્રભા નામની એક મોટી શિબિકા (પાલખી) તૈયાર કરી આ પાલખી વૈક્રિય શક્તિદ્વારા બનાવવામાં આવી હતી. તેમાં હાથી-ઘોડા-વિગેરેના અનેક પ્રકારના ચિત્રો વડે ચિતરવામાં આવી હતી. તેને હારતોરાથી અર્ધ ચંદ્રહાર વિગેરે આભૂષણોદ્વારા સુશોભિત કરવામાં આવી હતી. મોતીયોના ગોખલાઓ તેની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં હતાં. આ પાલખી ઉત્તમ પ્રકારનો આનંદ ઉત્પન્ન કરવાવાળી હતી. કમળોવડે કરવામાં આવેલી રચનાથી તે અદ્ભુત લાગતી હતી. અનેક પ્રકારનાં મણિ અને રત્નોના કિરણોથી તે ચિત્ર વિચિત્ર ભાસતી હતી. તેની ઉપરનું

શિખર વિવિધ રંગના ઘંટ અને પતાકાઓ વડે શણગારવામાં આવ્યું હતું. તેની મધ્યમાં પાદપીઠ સહિતનું એક સિંહાસન મૂકવામાં આવ્યું હતું. આ પાલખીને ઉપાડવા માટે એક હજાર પુરુષોની જરૂર પડે તેવી ભારે વજનદાર હતી.

આ પાલખીને તૈયાર કરીને, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બીરાજતા હતા. ત્યાં શક્રેન્દ્ર પધાર્યા, અને આદક્ષિણ–પ્રદક્ષિણ પૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર વંદના–નમસ્કાર કરી ઘણાં મૂલ્યવાન અને અલ્પ વજનવાળા આભરણો અને વસ્ત્રોથી સજ્જ થયેલા તિર્થંકર ભગવાનને તેમાં બેસાડયાં.

સૌધર્મ અને ઇશાન દેવલોકના સૌધર્મેન્દ્ર અને ઇશાનેન્દ્ર દેવોએ પડખે ઉભા રહી મણિ અને રત્નોથી જડાએલ દંડવાલા ચામર ભગવાન ઉપર વીંઝવા લાગ્યા.

આ પાલખીને સૌ પ્રથમ રોમરોમ જેનાં પ્રફુલ્લિત થયાં છે, જેનું હૈયું હર્ષથી વિકસિત થયું છે. તેવા મનુષ્યોએ ઉપાડી. ત્યારબાદ તેને વહન કરવામાં સુરેન્દ્ર અસુરેન્દ્ર. નાગેન્દ્ર અને સુપર્ણેન્દ્ર તેમની સાથે જોડાયા. આ પાલખીના ચાર હાથા ચાર દિશાએ હતાં. પૂર્વદિશાનો હાથો સુરેન્દ્ર પકડયો હતો, દક્ષિણદિશાનો નાગેન્દ્રોએ ઉઠાવ્યો હતો, પશ્ચિમદિશાનો હાથો અસુરકુમારેન્દ્રના હાથમાં હતો જ્યારે ઉત્તરદિશાનો હાથો સુવર્ણકુમારેન્દ્રના હાથમાં હતો. (સૂ૦ ૭૯)

ટીકાનો અર્થઃ—આવ્યા પછી તે ચોસઠ ઇન્દ્રોએ દેવોએ અને દેવીઓએ ભગવાન મહાવીરનો દીક્ષા–મહોત્સવ ઉજવવાનો આરંભ કર્યો. મોટાં મોટાં ઢોલ વાગવાં લાગ્યાં, ભેરિયોના નાદ થવા લાગ્યો, ઝાલરો અને શંખોનો નાદ થવા લાગ્યો. મૃદંગ આદિ લાખો વાજીંત્રો વાગવાં લાગ્યાં.વીણા આદિ તત (તંતુ વાદ્ય), પટહ વિગેરે વિતત, કાંસાના તાલ આદિ ઘન અને બંસરી વિગેરે શુષિર–એ પ્રમાણેનાં ચાર પ્રકારનાં વાદ્ય વાગવાં લાગ્યાં. કહ્યું પણ છે.—

## ભગવાનકી શિબિકા (પાલખી) કા વર્ણન

"ततं वीणादिकं ज्ञेयं, विततं पटहादिकम् ।
घनं तु कांस्यतालादि, वंशादि शुषिरं मतम् ॥ १ ॥ इति

વીણા આદિને તત, પટહ (ઢોલ) આદિને વિતત, કાંસાના તાલ આદિને
ઘન અને બંસરી આદિને શુષિર માનવામાં આવ્યાં છે. ॥૧॥

સેંકડોની સંખ્યામાં ઉત્તમોત્તમ નર્તકો નાટય કરવા લાગ્યા. સમસ્ત વાજીંત્રોનાં શબ્દોનાં નાદથી, મહાન શબ્દોથી, વિપુલ સંપત્તિથી, વિપુલ વિભૂતિથી તથા અતિશય હાર્દિક ઉલ્લાસથી બધાંએ તીર્થંકરો મહાન દીક્ષા–મહોત્સવ ઉજવવાનો આરંભ કર્યો. તે આ રીતે–

શક્ર દેવેન્દ્ર દેવરાજે શિબિકા (પાલખી)ની વિકુર્વણા કરી એટલે કે વૈક્રિય શક્તિથી પાલખી બનાવી. તે

પાલખી કેવી હતી તે કહે છે-તે હાથી, ઘોડા આદિ ઘણાં પ્રકારનાં પ્રતીકોવાળી હતી. અઢારસરો હાર અર્દ્ધહાર નવસરો હાર આદિ આભૂષણોથી શોભાયમાન હતી. મોતીઓના સમૂહોથી તેના ગોખોની શોભા ખૂબ વૃદ્ધિ પામતી હતી. ચિત્તમાં આનંદ ઉત્પન્ન કરનારી અને અતિશય માનસિક આહ્લાદ ઉત્પન્ન કરનારી હતી. કમળો વડે કરવામાં આવેલ રચના વડે તે અનુપમ લાગતી હતી. અનેક પ્રકારનાં કર્કેતન, આદિ રત્નો તથા વૈડૂર્ય આદિ મણીઓનાં કિરણોનાં તેજથી ઝગમગી રહી હતી. વિવિધ રંગનાં ઘંટ અને પતાકાઓથી તેના શિખરનો અગ્રભાગ સુશોભિત હતો. તેની વચ્ચે પાદપીઠ સાથેનું સિંહાસન ગોઠવેલું હતું. આવી એક હજાર પુરુષો વડે ઉચકી શકાય તેવી ચન્દ્રપ્રભા નામની મોટી શિબિકા વૈક્રિય શક્તિથી શક્રેન્દ્રે બનાવી.

## ભગવાનકી શિબિકા કો વહન કરને કા પ્રકાર કા વર્ણન

શિબિકા તૈયાર કરીને શક્રેન્દ્ર જ્યાં ભગવાન મહાવીર બીરાજમાન હતાં ત્યાં પધાર્યા આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર દક્ષિણથી આરંભીને પ્રદક્ષિણા કરીને વન્દના કરી, નમસ્કાર કર્યા, વન્દના-નમસ્કાર કરીને જેમણે મહામૂલ્યવાન ક્ષૌમ વસ્ત્રોને ધારણ કર્યા છે એવાં ભગવાન તીર્થંકરને પાલખીમાં બેસાડયાં.

ત્યાર બાદ શક્ર અને ઇશાન એ બન્ને ઇન્દ્રો ભગવાનને જમણે-ડાબે પડખે ઉભા રહીને મણીઓ તથા રત્નો જડીત ચામર પ્રભુ મહાવીર ઉપર ઢાળવા લાગ્યાં.

## સુરેન્દ્રાદિ દેવોંકા પૂર્વાદિ દિશાઓંકા ક્રમ સે વહન કરને કા વર્ણન

ત્યાદ બાદ શ્રીવીર ભગવાન જેમાં વિરાજમાન હતાં તે પાલખીને સૌ પ્રથમ રોમાંચિત અને હર્ષને કારણે ઉલ્લસિત હૃદયવાળા મનુષ્યોએ ઉપાડી. ત્યારબાદ વૈમાનિકોના ઇન્દ્ર, ચમર અને બલિ નામના અસુરેન્દ્ર, ધરણ અને ભૂતાનંદ નામના નાગકુમારેન્દ્ર, વેણુદેવ અને વેણુદાલિ નામના સુપર્ણકુમારેન્દ્ર-એ છ ભવનપતિઓનાં ઇન્દ્ર ક્રમશઃ વહન કરવા લાગ્યાં. પાલખીને ઉપાડનાર સુરેન્દ્રો, અસુરેન્દ્રો નાગકુમારેન્દ્રો, તથા સુપર્ણકુમારેન્દ્રોમાંથી સુરેન્દ્રે પ્રભુનાં તે પાલખીને પૂર્વ દિશા તરફથી ઉપાડી નાગકુમારેન્દ્રે પશ્ચિમ દિશાની તરફથી, ધરણ અને ભૂતાનંદ નામના અસુરકુમારેન્દ્ર દક્ષિણ તરફથી અને વેણદેવ તથા વેણુદાલિ નામના બન્ને સુપર્ણકુમારેન્દ્રે ઉત્તરની તરફથી પ્રભુની પાલખી ઉપાડી. ॥ ૭૬ ॥

## દેવેન્દ્રાદિ દ્વારા શિબિકામેં ભગવાનકો જ્ઞાતખણ્ડોધાન મેં લાના

**મૂલનો અર્થ—'तएणं'** ઇત્યાદિ. ત્યાર બાદ મનુષ્ય-ઇન્દ્રોથી વહન કરાતી પ્રભુની આ પાલખી, ઉત્તર ક્ષત્રિય-કુંડપુર સંનિવેશની મધ્યમાંથી નીકળી જ્યાં 'જ્ઞાતખંડ' ઉદ્યાન હતું ત્યાં તે પાલખી પહોંચી. પહોંચ્યા પછી ધરતીથી એક હાથ લગભગ ઉંચે, આ પાલખીને સ્થાપિત કરવામાં આવી. આ પાલખીનું નામ 'ચંદ્રપ્રભા' હતું.

પાલખી થોભ્યા પછી પ્રભુ ધીરે ધીરે પાલખીમાંથી નીચે ઉતર્યા. ઉતરીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ તરફ મુખ રાખીને બિરાજ્યા.

ત્યાંથી ઉઠી, ભગવાન ઈશાન ખૂણામાં પધાર્યા; અઢાર સેરા, નવ સેરા હાર આદિ સર્વ અલંકારો અને આભૂષણોને ઉતારવા લાગ્યાં. તે વખતે વૈશ્રવણદેવે, ઉડતાં જંતુની માફક આવી પહોંચી ભગવાનનાં સર્વ અલંકારો અને આભૂષણોને હંસની પાંખ સમાન સફેદ ખાસ્તા જેવા ઉજળા વસ્ત્રમાં ઝીલી લીધાં. (સૂ૦૭૭)

## શિબિકા દ્વારા ભગવાન્ કા જ્ઞાતખણ્ડોધાનમેં આગમન

**ટીકાનો અર્થ—**પ્રભુની પાલખીને ઉપાડવી એ પણ એક અહોભાગ્ય છે; એમ માની દેવ-મનુષ્યો હર્ષોન્મત્ત બની તેને પોતાના ખભે ઉચકતા હતા તે ભારે વજનવાળી પાલખીને, પોતાની કાંધ ઉપર લઇને, શહેરના મધ્ય ભાગમાંથી સરઘસ રૂપે લઈ જતા હતા તે વખતનું દૃશ્ય અનુપમ અને અલૌકિક હતું. પાલખીને ત્યાંના 'જ્ઞાતખંડ' નામના ઉદ્યાનમાં લઈ જવામાં આવી.

ભગવાન તો સ્વયંબુદ્ધ હતાં; તેથી તેમને કોઇ ગુરુની સમીપે દીક્ષા લેવાની જરૂર ન હતી, તેથી પોતે જાતે પાલખીમાંથી નીચે ઉતરી પૂર્વ દિશાના મુખે રહેલાં સિંહાસન ઉપર બેઠાં.

## ભગવાન્ કા સર્વ અલંકારકા ત્યાગ કરના ઔર સામાયિક ચારિત્રકા એવં મનઃપર્યવજ્ઞાન કી પ્રાપ્તિકા વર્ણન

છેવટનો શણગાર પોતાનો ન હતો, પણ પુદ્ગલનો હતો તેથી તેમણે લોકોની સમક્ષ સર્વ અલંકારો ઉતારી નાખ્યાં. છેવટે તમામ શણગારો-હીરામોતી-મણિ વિગેરેના મુગટો પણ છોડીને જવાનું હોય છે, તો પહેલેથી જ શા માટે પોતાની નજર સમક્ષ તેનો ત્યાગ ન કરવો ? એવો આદર્શ બતાવવા માટે જ ભગવાને ધારણ કરેલ આભરણ વસ્ત્રો વિગેરે લોકસમુદાયની સમક્ષ ઉતાર્યાં.

આ અલંકારો માનવીકૃત ન હતાં. કારણ કે માનવીની સર્વશ્રેષ્ઠ સર્જન શક્તિની બહારની આ વાત હતી. આ આભૂષણો તો દૈવી હતાં. જેવાં પ્રભુએ આભૂષણો ઉતારવા માંડયાં કે જાણે ઉડતાં જંતુ કે પક્ષીની માફક અચાનક વૈશ્રવણદેવ આવી પહોંચ્યા અને હંસની પાંખ સમાન ઉજ્જવળ શ્વેત વસ્ત્રમાં પ્રભુનાં અલંકારોને ઝીલી લીધાં. (સૂ૦૭૭)

મૂલનો અર્થ—'तेणं कालेणं' ઈત્યાદિ. તે કાલે અને તે સમયે હેમન્ત ઋતુ (શિયાળા)ના પ્રથમ માસનું પ્રથમ અઠવાડિયું ચાલી રહ્યું હતું. એ માગશર (ગુજરાતી કારતક) માસ હતો અને વદીનું પખવાડિયું હતું. આ માગશર (ગુ. કારતક) મહિનાની વદી દશમના સુવ્રત દિવસે, વિજય મુહૂર્તે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો ચંદ્રમાનો યોગ થતાં છાયા જ્યારે પૂર્વ દિશા તરફ ઢળી રહી તે વખતે (સાંજના પહોરે) જ્યારે દિવસનો એક પહોર બાકી રહ્યો હતો તે સમયે છકનો ઉપવાસ કરીને જમણા હાથે જમણી તરફના અને ડાબા હાથે ડાબી તરફના વાળનું પંચમુષ્ઠિ લોચ કરીને સિદ્ધ ભગવાનને શ્રી મહાવીર દેવે નમસ્કાર કર્યાં. નમસ્કાર કરી કહ્યું કે "હવેથી કોઈ પણ પ્રકારનાં પાપ કરવાં મારા માટે (અકરણીય) યોગ્ય નથી" આમ કહી તેમણે સિંહવૃત્તિથી સામાયિક ચારિત્ર અંગિકાર કર્યું.

આ સમયે, સુરો-અસુરો અને મનુષ્યોની મેદનીઓની એટલી બધી જમાવટ થઇ હતી કે, જેનું કથન અવર્ણનીય છે ને શાંતિ પણ અપૂર્વ જણાતી હતી; ભિંતોમાં આલેખિત ચિત્રોની માફક, સ્તબ્ધ થઈ ચોટાઇ ગયેલ જેવી માનવ અને દેવોની મેદની જણાતી હતી. શક્રેન્દ્રે આવીને ભગવાનનાં કેશને વજ્રમય થાળમાં ઝીલી લીધા, અને તે કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યાં. જે સમયે ભગવાને સામાયિક ચારિત્ર અંગિકાર કર્યું તે વખતે, તેમને ચોથું મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યારપછી જ્ઞાનમાં ઉલ્લસિત અને સાધુવ્રતમાં ઉપસ્થિત થતા ભગવાનને દેવદેવિઓએ અભિનંદનના વરસાદ વરસાવવા માંડયાં અને ખૂબ જોરશોરથી પ્રભુની 'જય' બોલાવતાં કહેવા લાગ્યા કે "હે ભગવાન! તમો જયવંત હો! શ્રમણ ધર્મનું યથાર્થ પાલન કરો! શુકલ ધ્યાન વડે આઠે પ્રકારના કર્મોનો નાશ કરો! રાગ-દ્વેષ રૂપી મલ્લોને જીતો, અને મોક્ષમહાલ ઉપર આરૂઢ થાઓ (બીરાજો)!" આ પ્રકારે વારંવાર જયનાદ પોકારતાં પોકારતાં જે દિશામાંથી તેઓ આવ્યાં હતાં તે દિશામાં પાછા ચાલ્યાં ગયાં.

## ભગવાન્ કા શક્રાદિ દેવેન્દ્રકૃત અભિનન્દન ઔર ભગવાન્ કા અભિગ્રહધારણ કરને કા વર્ણન / ભગવાન્કા પંચમુષ્ટિક લુંચન કરના ઔર સામાયિક ચારિત્ર અંગીકાર કરને કા વર્ણન

શ્રમણ ભગવાન મહાવીરે મિત્રો-જ્ઞાતિજનો-સ્નેહિસંબંધીઓ, આત્મીયજનો, સ્વજનો અને પરિજનોથી છુટા પડી આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો.

'બાર વર્ષ પર્યન્ત કાયોત્સર્ગ કરી દેહાધ્યાસ છોડવામાં પ્રયત્નશીલ રહીશ. મારા અભિગ્રહ દરમ્યાન જો કોઇ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મને ઉપસર્ગ ઉત્પન્ન થશે તો હું તેને સમ્યક્ પ્રકારે (શાંતભાવે) સહન કરીશ. ઉપસર્ગ આપનારાઓને હું ક્ષમા કરીશ. મારો આત્મિક રોગ મટાડવા, ઉપસર્ગની તિતિક્ષા કરીશ. મારા આ નિશ્ચયમાં દૃઢ રહીશ. હું કોઇ પણ પ્રકારની સહાયતાની કોઇની પાસેથી પણ આશા રાખીશ નહિં. (સૂ૦૭૮)

ટીકાનો અર્થ—તે કાળે અને તે સમયે જ્યારે હેમંત ઋતુનો (શિયાળાનો) પહેલો માસ માગશર

(ગુજરાતીમાં કારતક) ચાલતો હતો, પ્રથમ પક્ષ એ–માગશર–(કારતક) માસના કૃષ્ણપક્ષની (વદી) દસમ હતી, સુવ્રત નામના એ શુભ દિવસના વિશે વિજય નામના મુહૂર્તમાં હસ્ત નક્ષત્રથી ઉપલક્ષિત ઉત્તરા નક્ષત્રમાં–એટલે કે ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્રની સાથે ચન્દ્રનો યોગ થતાં પડછાયો જ્યારે પૂર્વદિશામાં પડતો હતો ત્યારે એટલે કે સાંજના સમયે, જ્યારે દિવસનો એક પહોર બાકી હતો ત્યારે એટલે કે દિવસનાં ચોથા પહોરે, નિર્જળ ષષ્ઠભક્તની (છઠની) સાથે (બે ઉપવાસમાં પાણીનો પણ ત્યાગ કરીને) ભગવાને જમણા હાથે જમણી બાજુના અને ડાબા હાથે ડાબી બાજુના પંચમુષ્ટિક લોચ કરીને (માથાના સઘળા વાળ પાંચ મુઠીથી ઉખેડીને) સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કર્યા. નમસ્કાર કરીને "મારે માટે સમસ્ત પ્રાણાતિપાત આદિ અઢારે પ્રકારનાં પાપ–સાવદ્ય કર્મ અકર્તવ્ય છે." આ પ્રમાણે જ્ઞ પરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરીને સિંહ વૃત્તિથી સામાયિકચારિત્ર અંગિકાર કર્યું. તે વખતે દેવો, અસુરો તથા મનુષ્યોનો સમૂહ ચિત્રવત્ સ્તબ્ધ બની ગયો.

પ્રભુએ ચારિત્ર–ગ્રહણ કરતાં જ શક્ર દેવેન્દ્ર દેવરાજ આગળ આવ્યા અને તેમણે શ્રમણ ભગવાન મહા-વીરનાં કેશને રત્નના થાળમાં ઝીલી લીધા અને વિનયપૂર્વક ક્ષીર સાગરમાં પધરાવ્યાં.

## ભગવાન્ કો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન

જે સમયે ભગવાને સમ્યક્ ચારિત્રને અંગીકાર કર્યું. તે વેળાએ ભગવાન વર્ધમાનને ચોથું એટલે કે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ જ્ઞાનોમાંથી ચોથું મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું. શક્ર આદિ ચોસઠ ઇન્દ્ર સઘળાં દેવ અને દેવીઓએ શ્રીવીર પ્રભુને આ રીતે અભિનન્દન કરવા લાગ્યા. "ભગવન્! આપનો જય હો. શ્રમણ-ધર્મનું યથાર્થ પાલન કરજો, આઠ પ્રકારના કર્મરિપુઓને શુકલધ્યાન વડે દૂર કરજો, રાગદ્વેષ રૂપી મલ્લોનાં માનનું મર્દન કરજો, મુક્તિમહેલ પર આરોહણ કરજો" ઇત્યાદિ પ્રકારે ચિત્તમાં ઉત્સાહ ઉત્પન્ન કરનાર વચનોથી ફરી ફરીથી અભિનંદન અને ગગનભેદી જયનાદ પોકારતા જે દિશામાંથી પ્રગટ થયાં હતાં તેજ દિશામાં પાછા ચાલ્યા ગયા.

## શક્રાદિ દેવ ઔર મિત્ર સ્વજન જ્ઞાત્યાદિ જાને કે પીછે ભગવાન કા અભિગ્રહ ગ્રહણ કરના

ઇન્દ્રરાજા વગેરે ચાલ્યાં ગયાં પછી શ્રમણ ભગવાન મહાવીરે મિત્રજનો, સજાતીઓ, નિજજનો (પુત્રાદિકો) સ્વજનો (કાકા આદિકો) સંબંધીજનો (પુત્ર–પુત્રીના સસરા આદિ સગાં) તથા પરિજનો (દાસ–દાસી વગેરે)થી છુટા પડયા અને પોતે આ પ્રકારનો અભિગ્રહ–નિયમ કર્યો કે "હું બાર વર્ષ સુધી કાયોત્સર્ગ કરીને, દેહાભિમાનનો ત્યાગ કરીને દેવો, મનુષ્યો અથવા તિર્યંચો સંબંધી જે ઉપસર્ગ (ત્રાસ) ઉત્પન્ન થશે તે ઉપસર્ગોને માનસિક દઢતા સાથે નિર્ભય ભાવથી સહન કરીશ, ક્રોધ કર્યા વિના ક્ષમા કરીશ, અદીન ભાવે સહન કરીશ અને નિશ્ચલ રહીને સહન કરીશ તે ઉપસર્ગો સહન કરવા આદિમાં કોઈ પણ દેવ કે મનુષ્યની સહાયતાની ઇચ્છા પણ નહિ કરૂં." (સૂ૦૭૮)

મૂલનો અર્થ--'तएणं' ઈત્યાદિ. આવા પ્રકારના અભિગ્રહને ધારણ કરી શરીરની શુશ્રૂષા કે મમતાનો ત્યાગ કર્યો. તેજ દિવસે છેલ્લા મુહૂર્તમાં ભગવાન 'કુર્માર' ગામ તરફ ચાલી નીકળ્યા.

જ્યાં સુધી ભગનાન દૃષ્ટિગોચર થયાં ત્યાં સુધી નંદિવર્ધન વગેરે સ્વજનોએ અનિમેષ દૃષ્ટિએ ટગર ટગર જોયા કર્યું ને પ્રભુના દર્શનામૃતનું પાન કરતાં હર્ષિત રહ્યાં. પરંતુ જ્યારે પ્રભુ દૃષ્ટિ-મર્યાદાથી દેખાવા બંધ થતા ગયા તેમ તેમ દરિદ્રોની સમાન સ્વજનોના હર્ષો ઓછા થવાં લાગ્યાં. જેમ ઉનાળાના પ્રખર તાપમાં સરોવરનું પાણી સુકાઈ જાય છે તેમ સ્નેહીજનોનો હર્ષ સુકાવા લાગ્યો. પાણી વિના જેમ કમળો કરમાઇ જાય છે તેમ પ્રભુ-દર્શન વિના સર્વના મન કરમાવાં લાગ્યાં. તેને વિકસિત કરનારા વહેતા મંદમંદ શીતલ અને સુગંધિત પવનો પણ તેઓને સર્પના શ્વાસસમ વિષમય લાગતા હતા.

દીક્ષામહોત્સવ રૂપી નંદનવનમાં પ્રભુદર્શનરૂપી કલ્પવૃક્ષના મૂલમાં ઇષ્ટપ્રાપ્તિથી જે આનંદની લ્હેરીઓ ઉઠતી હતી તે બધી લ્હેરીઓ વીરભગવાનના વિરહ રૂપી વડવાનલ-અગ્નિમાં બળીને ખાખ થઇ ગઈ. ચકોર પક્ષીને જેમ ચન્દ્રનો વિયોગ સાલે છે તેમ પ્રભુનો વિયોગ સર્વજનોને સાલવા લાગ્યો. અને આ વિરહ શલ્યની માફક ખૂંચવા લાગ્યો. પ્રભુવિયોગને લીધે ચોમેર પ્રસરાએલ પ્રભુવિરહ રૂપ સઘન અંધકારને લીધે ત્યાં ઉભેલા બધા માણસો મોટી મોટી આંખો હોવા છતાં આંધળા ભીંત જેવા થઇ ગયા. જેવી રીતે દીવો ઓલવાતાં ઘરની શોભા નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે ત્યાંની પ્રભુના પ્રકાશથી થતી નવી અને સુંદર શોભા નષ્ટ થઇ ગઇ. જેમ નદીકાંઠો ધોવાઇ જતાં નદી બેડોળ લાગે છે, જેમ રસ ચુસાઇ જતાં ફળફૂલ પત્ર ફીક્કાં લાગે છે તેમ પ્રભુના ગયા બાદ સમસ્ત જનતાનાં મન રસહીન ફીક્કાં દેખાવા લાગ્યાં. શ્રાવણ ભાદરવાની વર્ષાની ધારાની માફક લોકોની આંખોથી આંસુઓની ધારા વહેવા લાગી દુશ્મનોને શાડ પડાવી દે તેવા તેમના મોટા ભાઈ નંદિવર્ધન મૂર્છિત થઇને કાપેલા વૃક્ષની ડાળી માફક ધરતી પર પડી ગયા. જેમ વૃક્ષનાં ફૂલો નીચે ગબડવા માંડે તેમ તેમનાં આભૂષણો પણ એક પછી એક નીચે ગબડવા માંડયાં નિસ્તેજ થયેલ નંદિવર્ધનને બેશુદ્ધ પડેલા જોઇ સર્વસામંતો વગેરે પણ બેશુદ્ધ થઈ ભોંય પર પડવા લાગ્યા.

શીત ઉપચાર વડે નંદિવર્ધન જ્યારે હોશમાં આવ્યા ત્યારે તેમની વ્યથાનો પાર ન હતો. જાણે દુઃખના વાદળો તુટી પડયા. ગળામાં ડુમો ભરાયો હતો. આંસુથી છલકતી આંખોને સાફ કરી આત્મનિંદા કરવા લાગ્યા. 'ધિક્કાર છે મારા પાપોના પરિણામોને ! આ બંધુવિરહ ઇન્દ્રના વજ્રના માર સમાન દુઃખ આપી રહ્યો છે ! આમ કહી તેઓ હૈયાફાટ રોવા લાગ્યાં ને ચોધાર આંસુ પાડી વિલાપ કરવા લાગ્યાં. ઘોડા, હાથી વગેરે પ્રાણીઓ પણ આંસુ વહા-વતાં પ્રબલ શોક અનુભવવા લાગ્યાં. આ સમયે નાચ કરનાર મયૂરો પણ નાચ કરવાનું ભૂલી ગયાં. વૃક્ષો શોકના ચિન્હ તરીકે પુષ્પોનો ત્યાગ કરવા લાગ્યા. હરણોએ મોઢામાં લીધેલું ઘાસ છોડવા લાગ્યાં; પક્ષીઓએ ચણવાનું છોડી દીધું. આ પ્રમાણે સર્વ પ્રાણીઓ પણ વિલાપ કરવા લાગ્યાં. ઝાડપાન પણ શોકના માર્યા ઝુરવા લાગ્યાં. શોકથી દુઃખિત થયેલ નંદિવર્ધન ભગવાનનું ચિંતન કરતાં કરતાં ખીન્ન ભાવે પોતાના મહેલે પહોંચ્યાં. (સૂ૦૭૯)

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદી. દીક્ષા લીધા પછી શ્રમણ ભગવાન મહાવીર આગળ બતાવ્યા પ્રમાણેના અભિગ્રહને અંગીકાર કરીને શરીરની સુશ્રૂષાને ત્યાગી શરીર ઉપરનો મોહ છોડયો. જ્યારે બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે "કુર્માર" ગામની તરફ વિહાર કર્યો.

જ્યાં સુધી નજર પહોંચતી રહી–જ્યાં સુધી શ્રી વર્ધમાન સ્વામી દૃષ્ટિગોચર રહ્યા ત્યાં સુધી નંદિવર્ધન વગેરે જનો ભગવાન શ્રી વર્ધમાન પ્રભુને જોવાને માટે તેમની તરફ મુખ ઊંચું કરીને નેત્ર–પુટોથી મીટ માંડી તેમના દર્શન રૂપી અમૃતનું પાન કરતા રહ્યા અને પ્રસન્ન થતાં રહ્યાં, પણ જેમ જેમ શ્રી વર્ધમાન સ્વામી દૃષ્ટિ-પથથી દૂર દૂર થતાં ગયાં તેમ તેમ દીન માણસોની જેમ ત્યાં એકઠા થએલા બધા લોકોનો તે ઉત્કૃષ્ટ આનંદ વિલીન થવા લાગ્યો. જેમ ગ્રીષ્મ ઋતુમાં સરોવરોનું પાણી સૂકાવા લાગે છે તેમ તેમનો હર્ષોલ્લાસ સૂકાવા લાગ્યો. જેમ જળના અભાવે વિકસિત કમળોનો સમૂહ ચીમળાઇ જાય છે, એજ પ્રમાણે ત્યાં ઉપસ્થિત થએલા માણસોનાં હૃદય અસહ્ય પ્રભુવિરહથી–શ્રી વર્ધમાનસ્વામીના વિયોગથી ઝુરવા લાગ્યાં. સર્વનાં હૃદયને પ્રફુલ્લિત કરી રહેલો સુંદર, શીતળ, મંદ અને સુગંધિત પવન પણ સાપના ઝેરી શ્વાસની માફક સંતાપી રહ્યો હતો. ભગવાન વર્ધમાન સ્વામીના દીક્ષા–ગ્રહણ નિમિત્તે પ્રકટેલા ઉત્સવ રૂપી નંદનવનમાં શ્રી વર્ધમાનસ્વામીનાં દર્શન રૂપી કલ્પવૃક્ષના મૂળમાં ઈષ્ટ સિદ્ધિથી આનંદની જે લહેરો ઉત્પન્ન થઇ હતી તે બધી પ્રભુના વિરહ રૂપી દાવાનળમાં ભસ્મ થઇ ગઇ. જેમ ચન્દ્રમાનો વિયોગ ચકોર પક્ષીને સંતાપે છે એજ પ્રમાણે ભગવાનનો વિયોગ લોકોના હૈયામાં અપાર વ્યથા કરવા લાગ્યો અથવા જેમ કોમળ હૈયામાં ખુંચી ગએલા બાણની અણી મહાવ્યથા કરે છે એજ પ્રમાણે તે વિયોગ સૌને સંતા-પવા લાગ્યો. પ્રભુવિરહનો ગાઢ અંધકાર ચોતરફ ફેલાવાને કારણે મોટી અને સ્વચ્છ આંખોવાળા હોવા છતાં પણ દીક્ષાસ્થાન પર ઉપસ્થિત લોકો જાણે નેત્રહીન થઇ ગયાં. ભગવાનની હાજરીને કારણે ત્યાંની શોભામાં જે નવીનતા અને રમણીયતા આવી હતી તે જાણે કે દીપક બુઝાઇ જતાં ભવનની શોભા જેમ નાશ પામે તેમ નાશ પામી. જેમ પાણીનું વહેણ બંધ થતાં નદીના તટની શોભા મલીન થઇ જાય છે, અથવા રસ સૂકાઇ જતાં જેમ પાંદડાં સુકાં અને નિસ્તેજ થઇ જાય છે એજ પ્રમાણે લોકોનાં હૈયાં ઉત્સાહ વિનાનાં નિરસ થઈ ગયાં, જેમ વર્ષાઋતુમાં વરસાદની ધારા પડે છે તેમ લોકોની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવા માંડયો.

જેમ ખરતાં પુષ્પવાળું વૃક્ષ કપાઈને ધરણી પર તૂટી પડે છે તેમ જેનાં આભૂષણો નીચે પડી રહ્યાં છે એવા ભગવાનના જયેષ્ઠ ભાઇ અને શત્રુઓના વિજેતા રાજા નંદિનીવર્ધન વિરહવેદનાથી શરીર ઉપરનો કાબુ ગુમાવતાં ધડીમ કરતાક ધરણી પર ઢળી પડયાં, અને બેહોશ થઇ ગયા. આજુબાજુ એકઠા થએલા પ્રજાજનોએ તેમની મૂર્છા ટાળવા શીતળ ઉપચાર કરીને તેમ જ પંખા વડે પવન વગેરે નાખતાં રાજા નંદિવર્ધન ભાનમાં આવ્યાં. ભાનમાં આવતાં તે અત્યંત દુઃખી જણાતા હતા. આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. આંખો લુછવા છતાં પુરની માફક આંસુ ઉભરાતાં હતાં, દુઃખની કોઇ સીમા ન હતી. દુઃખ માટે તેઓ પોતાના આત્માને ધિક્કારવા લાગ્યા. "ધિક્કાર હજો અમારાં પાપનાં પરિણામને. આ કયા ભવનાં પાપ ઉદય આવ્યાં હશે કે મારી આંખો સામે મારા

ભાઇનો વિયોગ થયો. આ બન્ધુવિયોગ તો ઇન્દ્રના વજ્ર જેવો કારી ઘા મારી રહ્યો છે." પોતાની પ્રજાને આનંદિત કરનાર રાજા નંદિવર્ધન પ્રભુનો વિયોગ થતાં પત્થરને પણ પીગળાવે તેવા કરૂણસ્વરે વલોપાત કરવા લાગ્યો. વિરહની કરૂણતા ચારે તરફ વ્યાપી રહી હતી. પક્ષિઓએ ચણવાનું મુકી દીધું. હાથી અને ઘોડાઓ જે સમારંભને શોભાવતા હતા તે પણ આ વાતાવરણથી મુક્ત ન રહ્યા. તેમની આંખો અશ્રુપૂર્ણ હતી. નર્તન કરી રહેલા મયૂરોએ તેમનું નર્તન છોડી દીધું વૃક્ષો પણ વંચિત ન રહ્યા. નયનોમાંથી જેમ આંસુડા ખરે તેમ વૃક્ષો ઉપરથી પુષ્પો આંસુડાની માફક ખરખર ખરવાં લાગ્યા. વનમાં નિર્દોષ રીતે ફરતાં ભોળાં મૃગલાંઓએ મ્હોંમાં લીધેલું કડપ પણ છોડી દીધું. હા, પ્રભુ ! તારો વિયોગ ! કોને વ્યથા નથી ઉપજાવતો ? પશુ શું ? ને પક્ષી શું ? માનવી શું કે દેવ શું ? વાત્સલ્યના અવતાર એવા પ્રભુના વિરહથી સારી વનરાજી, પશુ, પક્ષી, માનવી અને દેવગણ, કોઈ દુઃખથી મુક્ત ન હતું. પ્રભુ તો ગયા. હવે રડે શો ફાયદો ? એમ વિચારી ભારે હૈયે નંદિવર્ધન રાજા એમ કહેવા લાગ્યા કે—

"यत्र तत्र च सर्वत्र, त्वामेवाऽऽलोकयाम्यहम् ।
वियुक्तोऽसीति वीर ! त्वं, दुःखादेवानुमीयते" ॥ १ ॥

અર્થાત્—હે ભાઇ હું જ્યાં ત્યાં બધી જગ્ગોએ તને જ જોઉં છું. તો પછી કોણ કહે કે તારો વિયોગ થયો છે, મને તો ચારે તરફ તું જ તું દેખાઇ રહ્યો છે, પણ હે વીર ! જ્યારે અંતરમાં દુઃખ થાય છે ત્યારે અનુમાન કરૂં છું કે તારો વિયોગ થઇ ગયો છે. આ પ્રમાણે મનમાં ને મનમાં બોલતા નન્દિવર્ધન રાજાએ જ્ઞાતખંડ ઉદ્યાનમાંથી પોતાના ભવનની તરફ ડગલાં ભર્યાં. (સૂ૦૭૯)

મૂળનો અર્થ—'तत्थ' ઇત્યાદિ. વિલાપ કરતાં નંદિવર્ધન કહે છે કે, 'હે વીર ! હું તારા વિના શૂન્ય અને શ્મશાન જેવા થઇ પડેલાં ભયજનક ભવનમાં કેવી રીતે જાઉં ?" આ વિષયમાં ત્રણ શ્લોકો છે તે આ પ્રમાણે છે—

"तए विणा वीर ! कहं वयामो, गिहेऽहुणा सुण्णवणोवमाणे ।
गोट्ठीसुहं केण सहाऽयरामो, भोक्खामहे केण सहाऽहबंधू ! ॥ १ ॥

"હે વીર ! તારા વિના હવે આ ભવનમાં કેવી રીતે જાઉં ? તારા વિના તો આ ભવન સુનસાન વગડા જેવું લાગે છે. હે વીર ! તારા જતાં હું કોની સાથે ગોષ્ઠી કરીશ ? વિનોદ કરીશ ? હે બંધુ ! તારા જતાં હું કોની સાથે બેસીને ભોજન કરીશ ? (૧)

सव्वेसु कज्जेसु य वीर–वीरे–श्रामंतणादंसणओ तवऽज्ज ! ।
पेमप्पकिट्ठीइ भजीअ मोयं, णिरासया कं अह आसयामो ॥ २ ॥
अइप्पियं बंधव ! दंसणं ते, सुहं जणं भावि कयऽम्ह अक्खिणं ।
नीराग चित्तोऽवि कयाह अम्हे सरिस्ससी सव्वगुणाभिरामा" ॥ ३ ॥ इति.

હે આર્ય ! દરેક કામમાં "હે વીર ! હે વીર !" કરીને તમને પોકારતો અને તમારાં દર્શન કરીને તમારા પ્રેમની પ્રકૃષ્ટતાથી અમો આનંદનો અનુભવ કરતા હતા, પણ આજે અમો નિરાધાર થતાં હવે કોનો આશ્રય લઇએ ? (૨)

"હે બન્ધુ ! મારા નેત્રોના સુખકારી અંજન સમાન, તથા ઘણા પ્રિય એવા તારા દર્શન હવે મને ક્યારે થશે ? હે સર્વગુણાભિરામ ! તમે તો હવે વિરક્ત ચિત્તવાળા થયા છો, છતાં કોઇક દહાડો તો અમોને યાદ તો કરશોને ? ક્યારે કરશો ? (૩)

નંદિવર્ધન અને અન્યજનો, આ પ્રકારનો વિવિધ વિલાપ કરી રહ્યાં હતાં. તેમનાં નેત્રોમાંથી તુટેલી મોતીની માળાસમાન અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો. નેત્રો રૂપી છીપમાંથી, અશ્રુ રૂપી મોતીડાંઓ નીકળી જ્યાં ત્યાં વેર-વિખેર થઇ રહ્યાં હતાં. રાજા, પ્રજા અને સમસ્ત પ્રાણીઓનાં હૈયામાં ભડભડતો શોકાગ્નિ જોઇને સૂર્ય પણ થંભી ગયો. શોકનો ભાગીદાર થયો. દુઃખનો ભાર વધુ ન જીરવાતાં પશ્ચિમ દિશામાં પોઢી ગયા. સૂર્યાસ્ત થતાં પૃથ્વી ઉપર અંધારપટ છવાઈ ગયો. શોકાતુર મુખે લોકો પણ પોતપોતાંના સ્થાને જવા ભારે હૈયે ચાલી નીકળ્યાં. (૮૦)

ટીકાનો અર્થ—શોકાકુલ લોકોમાંથી નન્દિવર્ધને આ પ્રમાણે વિલાપનાં વચનોનું ઉચ્ચારણ કર્યું, “હે વીર, તમારા વિના સૂન-સાન વનનાં જેવાં અને શ્મશાન સમાન ભયંકર રાજભવનમાં કેવી રીતે રહી શકાશે?” આ વિષે શ્લોક પણ છે—‘तए विणा’ ઈત્યાદિ.

હે વીર! તમારા વિના હવે શૂન્ય વનનાં જેવાં ભવનમાં અમે કેવી રીતે જઇએ? હે બંધુ! આ સમયે અમે તે ગોષ્ઠીનું સુખ અને તત્ત્વવિચારણાથી થનાર આનંદનો કોની સાથે અનુભવ કરશું અને કોની સાથે ભોજન કરશું? ।।૧।।

હે આર્ય! બધાં કામોમાં “હે વીર, હે વીર” આ રીતે તમને સંબોધીને અને તમારાં દર્શન કરીને તથા તમારા પ્રેમની વિપુલતાથી અમે આનંદ પ્રાપ્ત કરતાં હતાં. હવે તમારા વિયોગથી નિરાધાર થઇ ગયાં છીએ. હાય, હવે કોનો આધાર લેવો? ।।૨।।

હે ભાઇ! અમારી આંખોને માટે સુખજનક આંજણનાં જેવાં તથા અત્યંત પ્રિય તમારાં દર્શન ફરી ક્યારે થશે? હે સમસ્ત ગુણોથી સુંદર ભાઈ! રાગરહિત ચિત્તવાળા થઇને પણ તમે ક્યારે અમારૂં સ્મરણ કરશો? ।।૩।।

આ રીતે વારંવાર દુઃખમય વચનોનું ઉચ્ચારણ કરનાર નન્દિવર્ધન આદિ સર્વે લોકોનાં નેત્રોમાંથી મોતી-ઓની માળા સમાન મોટી આંસુઓની ધારા વહેવા લાગી, તેથી આંખો રૂપી છીપોમાંથી અશ્રુ રૂપી મોતી આમ તેમ વેરાવા લાગ્યા.

આ પ્રકારનો શોકનો અવસર જાણીને સૂર્ય પણ મંદ કિરણ-અસ્તોન્મુખ થઇ ગયો. એકબીજાનાં દુઃખ જોઇને પરસ્પર દુઃખી થાય છે. જાણે એવું વિચારીને જ સૂર્ય અસ્ત અસ્તાચળની તરફ ચાલ્યો ગયો. સૂર્ય અસ્ત પામતાં પૃથ્વીએ અંધકાર રૂપી વસ્ત્રને ધારણ કરી દીધું એટલે કે પૃથ્વી અંધકારથી ઢંકાઈ ગઇ. સઘળા લોકો શોકથી વ્યાકુળ હતાં, તેથી બધાના ચહેરા ફીક્કાં પડી ગયાં હતાં. તેઓ પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયાં. ।।સૂ૦૮૦।।

## ગોપ દ્વારા કિયે હુયે ભગવાન્ કે ઉપસર્ગ કા વર્ણન

મૂલનો અર્થ—'जयाणं' ઇત્યાદિ. જેવા શ્રમણ ભગવાન્ મહાવીર ક્ષત્રિયકુંડગ્રામનગરથી વિહાર કરી 'કુર્મોર' ગ્રામની પાસે પહોંચ્યા તે સમયે સૂર્યાસ્ત થયો. સૂર્યાસ્ત થતાં સાધુઓને વિહાર કરવો કલ્પતો નથી એમ વિચારી ભગવાન ગામની નજીકમાં એક વૃક્ષ નીચે બાર પહોરનો કાયોત્સર્ગ કરી સ્થિર ઉભા રહ્યા. ભગવાને જાવ-જીવ સુધી પરીષહોને સહન કરવાનું વ્રત લીધું હતું તે અનુસાર ઇન્દ્રે વહોરાવેલા દેવદૂષ્ય વસ્ત્રથી પણ તેમણે હેમન્ત ઋતુનો સમય હોવા છતાં પોતાનું શરીર ઢાંકયું નહિ.

ઇન્દ્રે વહોરાવેલ દેવદૂષ્ય વસ્ત્રને આ વ્યવહાર સર્વ તીર્થંકરો આચરે છે એમ સમજીને પ્રભુએ તેનો સ્વીકાર કર્યો હતો. દીક્ષા સમયે ભગવાનના શરીર ઉપર સુગંધી દ્રવ્યો તથા ચંદનનો લેપ કરવામાં આવ્યો હતો. આથી તે સુગંધના લોભી એવા ભ્રમર–કીડિઓ આદિ જંતુઓએ ચાર માસથી પણ વધારે વખત સુધી પ્રભુના શરીરે વળગી રહી તેમનું માંસ અને રૂધિર ચૂસ્યું, તે છતાં ભગવાને તેમને અટકાવ્યા નહિ.

એક દિવસ એક ગોવાળ પોતાના બળદોને લઈને આવ્યો અને પ્રભુની પાસે ઉભા રાખી બોલ્યો કે 'હે ભિક્ષુ! તું આ મારા બળદોનું રક્ષણ કરજે અને તે કયાંય ચાલ્યા જાય નહિ તે જોતો રહેજે.' આ પ્રમાણે કહી ખાવા માટે ગોવાળ પોતાના ઘેર ચાલ્યો ગયો. ખાઇપીને તે પ્રભુની પાસે આવ્યો; ત્યારે બળદ તેના જોવામાં આવ્યા નહિ તેથી તેણે આખો દિવસ ને રાત આખા વનમાં તેની શોધમાં વિતાવી. છતાં પણ બળદો નહિ મળવાથી તે ભગવાન પાસે આવી પહોંચ્યો. અહીં આવીને જોયું તો તેણે બળદોને બેઠેલાં જોયાં અને તેઓ ઘાસ–ચારો વાગોળી રહ્યા હતા

## ગોપકૃત ઉપસર્ગ કે નિવારણ કે લિયે ઈન્દ્ર કા આગમન

આથી ગોવાળ ઘણો ગુસ્સે થયો :અને ક્રોધથી ધમધમતો પ્રભુને કહેવા લાગ્યો—'અરે ભિક્ષુ! શું તું મારા બળદોને છૂપાવી રાખી મારી મશ્કરી કરવા માગતો હતો? તો હવે તું આવી ક્રૂર મશ્કરીનું ફળ ચાખ!' આમ બોલી ભગવાનને મારવા તૈયાર થયો. આ સમયે સ્વર્ગમાં શક્રેન્દ્રનું આસન ચલાયમાન થયું. આસન ચલિત થતાંની સાથે તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. આ જ્ઞાન દ્વારા તેના જાણવામાં આવ્યું કે ભગવાન ઉપર ઉપસર્ગ આવ્યો છે તેથી તત્કાલ તે મનુષ્યલોકમાં ઉતરી આવ્યો અને ગોવાળને કહેવા લાગ્યો—'હે અપ્રાર્થિત પ્રાર્થી એટલે મૃત્યુના ચાહનાર, કુલક્ષણી, હીણપુણ્ય, કૃષ્ણ ચૌદશના જાયા, લક્ષ્મી, લજ્જા, ધૈર્ય અને કીર્તિથી વર્જીત, અધર્મ ઇચ્છુક અધર્મના પ્યાસા, પાપના કામી, પાપના પ્યાસા, નરક–નિગોદના ઇચ્છુક શા માટે આ પાપ કરી રહ્યો છે? તું આ ત્રિલોકીનાથ, ત્રિલોક વંદિત, ત્રણે લોકના હિતકારી અને સુખકારી એવા ભગવાનને દુઃખ આપી રહ્યો છે?' આમ કહી શક્રેન્દ્ર તેને માર મારવા તૈયાર થયા. આ દશ્ય જોઈ પ્રભુએ શક્રેન્દ્રને તેમ કરતા અટકાવ્યા. તે વખતે શક્રેન્દ્રે પ્રભુને પ્રાર્થના કરી કે 'હે ભગવન્ત! આપની ઉપર આગળ ઘણા પરીષહો અને દુઃખો આવી પડશે, માટે તેના નિવારણ અર્થે હૂં આપની સાથે રહૂં?'

## સહાયતા કે લિયે ઈન્દ્રકૃત પ્રાર્થના કા અસ્વીકાર કરના

શક્રેન્દ્રનું કથન સાંભળી ભગવાન બોલ્યા, 'હે શક્ર! જે જે તીર્થંકરો ભૂતકાળમાં થયા છે, વર્તમાનમાં થાય છે અને આગામી કાળે થશે તે બધા પોતાના ઉત્થાન કર્મ-બલ-વીર્ય-પુરૂષકાર અને પરાક્રમ વડે કર્મનો ક્ષય કરે છે અને અસહાયપણે વિચરે છે. તેઓ કદાપિ પણ દેવ-અસુર-નાગ-યક્ષ-રાક્ષસ-કિન્નર-કિંપુરૂષ-ગરૂડ ગંધર્વ અને મહોરગ આદિની સહાયતા વિના જ વિચરે છે અને તેઓની મદદની લેશ પણ ઇચ્છા રાખતા નથી તેથી હે શક્ર! મારે કોઈની પણ સહાયતાની જરૂર નથી. આ પ્રમાણે સાંભળીને દેવરાજે પોતાની વિનંતિ મોકુફ રાખી અને ભગવાનને વંદના-નમસ્કાર કર્યા. વંદના-નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા. (સૂ૦૮૧)

વિશેષાર્થ—દ્રવ્યે અને ભાવે સાધુપણું અપનાવ્યા બાદ કેવળ શુષ્કતા આદરી બેસી રહેવું ભગવાનને પાલવે તેમ ન હતું. કારણ કે પૂર્વે અસંખ્યાત ભવોમાં ભ્રમણ કર્યું હતું. તે ભ્રમણ દરમ્યાન બાંધેલ શુભાશુભ કર્મો દ્વારા આત્મપ્રદેશ પર જે મોહ રૂપી જાળા બંધાઈ ગયા હતા તેનું છેદન-ભેદન કરવા માટે નિરવ શાંતિની જરૂર હતી. આ નિરવ શાંતિ કોઇ ઉજ્જડ અને વેરાન પ્રદેશમાં જઇ કેવળ આત્મ ઉત્થાન અર્થે ભોગવવામાં આવે તો જ લેખે લાગી કહેવાય. એ ઇરાદાથી કુમાંર નામના ગામની સમીપે જઈ બાર પહોરનો કાઉસગ્ગ કરી શુદ્ધ ચિંતવનમાં ભગવાન ઉભા રહ્યા. કાઉસગ્ગ આદરતાં મન એ ચિંતનમાં ઓતપ્રોત થવા લાગ્યું. કાયા હલન-ચલન વિનાની સ્થિર થઈ. વચન તો સ્થિર કરવાનું હતું જ નહિ કારણ કે તે તો પહેલેથી જ મૌનપણામાં પરાવૃત પામી ગયું હતું. આ મન-વચન-કાયાના રૂંધનને જૈન પારિભાષિક શબ્દોમાં 'કાયોત્સર્ગ' કહે છે.

## ઈન્દ્રદત્ત દેવદૂષ્યવસ્ત્ર સે ભી ભગવાન્ ને કભી શરીર આચ્છાદિત નહીં કિયા

ભગવાન દ્રવ્યે અને ભાવે નગ્ન હતા, પરંતુ વ્યાવહારિક રીતે જ્યારે તીર્થંકરો દ્રવ્ય સાધુપણું અંગીકાર કરે છે ત્યારે તેમને દેવદૂષ્ય નામનું વસ્ત્ર શરીર ઢાંકવા માટે વહોરાવવામાં આવે છે. પણ આ વસ્ત્રનું અર્પણ કરવું અને લેવું તે એક જીનવ્યવહાર એટલે કે કલ્પવ્યવહાર-આચાર થઇ ગયો છે. ભગવાન કોઈ પણ ઋતુમાં વસ્ત્રને ગ્રહણ કરતા ન હતા તેમ જ ઇચ્છતા પણ ન હતા. તેમણે શરીરને પુદ્‌ગલનો પિંડ પહેલેથી જ માન્યો હતો અને આત્મદ્રવ્ય એ શુદ્ધ-નિરંજન-નિરાકાર પર દ્રવ્યથી તદ્દન નિરાળું અને સર્વથા ભિન્ન છે એમ અનુભવતા આવ્યા છે એટલે જ્ઞાન-દર્શનની શુદ્ધતા અને નિર્મળતાને મૂળથી જ શ્રદ્ધાપણે અપનાવી છે એટલે પુદ્‌ગલ ઉપરની રુચિ અને ભાવ સ્વનિર્ણયની અપેક્ષાએ છૂટી ગયા છે. માત્ર તેના પરનો બાહ્ય સંયોગ જ છોડવાનો રહે છે તેથી હેમંત અને અન્યઋતુમાં વસ્ત્ર આદિનું માનસિક ગ્રહણ પણ તેમને રહેતું નથી. કેવળ આત્મા તરફની રૂચિને સ્થિર કરવા ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે.

ભગવાનના શરીર પર દીક્ષા પ્રસંગે ચંદન આદિના શ્રેષ્ઠ લેપો કરવામાં આવ્યા હતા. જેની સુગંધ મહેક મહેક થતી હતી. માનવ પણ આ સુગંધથી તેમની તરફ ખેંચાતો હતો તો જીવજંતુઓની વાત જ શી ? કારણ કે જીવજંતુઓને માનવ કરતાં ઘ્રાણેન્દ્રિય શક્તિ તીવ્ર હોય છે, તેથી સાધારણ પણ ગંધ આવતાં તેઓ તે તરફ આકર્ષાય છે. જ્યારે ભગવાનના શરીર ઉપરની સુગંધ મનોગમ્ય હોવાને કારણે ભમરાઓ અને કીડિઓ વગેરે જંતુઓ ખેંચાયાં. સુગંધિનું પાન કરતાં કરતાં તેઓને રસ પડયો ને તેઓ તેમના શરીરમાં કાણા પાડી, ઘરની માફક તેમાં રહી ચાર મહિનાથી પણ વધારે ભગવાનના રૂધિરનું અને માંસનું ભક્ષણ કરતાં અચકાયા નહિ. કારણ કે તેઓને આ ઉત્તમ પુરૂષનું લોહી-માંસ સાકર જેવાં મીઠાં લાગ્યાં તેથી તેઓએ તૃપ્ત થતાં સુધી ભગવાનનું રૂધિર પીધા કર્યું.

આત્મા સ્વ-પર પ્રકાશ કહેવાય છે. આત્માનું ઓજસ અને પ્રભાવ શરીરના સૂક્ષ્મ રોમ-રાય દ્વારા પ્રગટ થાય છે. જેમ ગુણો દ્વારા આત્મા શુદ્ધ થતો જાય છે તેમ શરીરના રજકણો પણ મલીનતામાંથી શુદ્ધપણામાં પ્રરાવૃત્ત થાય છે. આથી શરીરની અંદર રહેલા હાડ-માંસ-ચરબી-લોહી શ્વાસોશ્વાસ પણ સુગંધીવાળા અને મિઠાશવાળા થવા માંડે છે. લોહી અને માંસનું આવું ચૂસણ થતાં ભગવાનને અનંત વેદના થવા લાગી, તો પણ ભગવાને તેમને તેમ કરતાં રોકયાં નહિ. સ્વશરીરને તેઓશ્રીએ પોતાનું માન્યું જ ન હતું તેથી તે શરીર પર પોતાનો હક્કપણ માન્યો ન હતો, કારણ કે આત્મભાન થતાં તેઓને દેહ અને આત્મા જુદા જ ભાસ્યા હતા.

બીજો પરીષહ માનવકૃત અહીં વર્ણવવામાં આવે છે--

આ ગ્રામ્ય પ્રદેશમાં વસતા ગ્રામ્યજનો કેવા બુધ્ધુ અને મૂર્ખ હોય છે તેનું દૃષ્ટાંત 'ગોવાલ' ના દૃષ્ટાંત પરથી મળી આવે છે. તેઓ શુદ્ધ આત્મિક અને નિર્લેપદશાવાળા સાધુ પુરૂષોને તેઓના બાહ્ય આચાર-વિચારથી પણ ઓળખી શકતાં નથી એટલે સુધી તેઓ મૂર્ખ હોય છે. જોયાજાણ્યા વિના તે ગોવાળ ભગવાનને દુઃખ આપવા તૈયાર થયો તે એક જડપણું છે; એમ આ ઉપરથી સ્પષ્ટ તરી આવે છે. આવા જડબુદ્ધિવાળા ગ્રામ્ય પ્રદેશોમાં કેવળ દુઃખ સ્વયં ઉપાર્જન કરવા માટે જ ભગવાને વિહાર શરૂ કર્યો.

## ઈન્દ્ર દ્વારા ગોપકા તિરસ્કાર કરના

ભક્તિભાવથી જેનું હૃદય હમેશાં ઉછળી રહ્યું છે અને મૃત્યુલોકમાં જે કાંઇ સૂક્ષ્મ કે સ્થૂલ બનાવ બને તેનું જેને તત્કાલ જાણ થાય છે એવા શક્રેન્દ્રે ભગવાનની પાસે આવી આ મૂર્ખ શિરોમણી ભરવાડને ખૂબ ઠપકો આપ્યો અને ભગવાન પાસે હમેશા તેમના રખેવાળ તરીકે રહેવા પ્રભુને વિનંતિ કરી, જેથી તિર્યંચ અને માનવકૃત ઉપસર્ગોનું પોતે નિવારણ કરી શકે. ભગવાન તો સ્વયંબુદ્ધ હતા તેઓ જાણતા હતા કે જેણે જે જે કર્મ બાંધ્યા હોય તે તો તેને જાતેજ ભોગવવાં પડે છે. પોતાના જ બળ અને વીર્ય વડે અનંતકાળનું આત્મપ્રદેશે લાગેલું અજ્ઞાન રૂપી આવરણ જાતેજ ખસેડવું પડે તેમાં કોઇની સહાયતા કામ આવતી નથી.

બાહ્ય ઉપસર્ગો તો નિમિત્ત રૂપ છે. બાહ્ય ઉપસર્ગો અંદરના કર્મોના ઉદય આવ્યે બહાર દેખાય છે અને આવી મળે છે. આંતરિક કર્મોદય ઘણા જ સૂક્ષ્મ–પુદ્ગલ પરમાણુઓ રૂપ છે; તે અન્યજનથી કેમ અટકાવી શકાય?

## ગોપ કો મારને કે લિયે ઉદ્ધત ઈન્દ્ર કો ભગવત્કૃત નિષેધ / સહાયતા કે લિયે ઈન્દ્ર કી પ્રાર્થના કા અસ્વીકાર

આ કર્મોદયને આત્મા પોતેજ સમજી શકે અને તેને ફળ આપતાં પોતે પણ અટકાવી શકે તેમ નથી. કેવળ સારા–માઠા ફળ રૂપે પરિણમતી વખતે પોતે તેમાં રાગદ્વેષ કરી જોડાય નહિ; અને પોતાના સ્વભાવ તરફ લક્ષ કરી આ ઉદય તરફ દુર્લક્ષ કરે અને વેદનાને સમભાવે ભોગવે. આ જાતનું સૂક્ષ્મપણે વરતતું આંતરિક કાર્ય પોતા દ્વારા જ થઇ શકે. બીજો કોઇ આ અરૂપિ રચના અને તેની કાર્યપદ્ધતિ શી રીતે સમજી શકે? જ્યારે સમજ પણ ન પડી શકે તો તેનું નિવારણ પણ કેમ કરી શકે? આ નિવારણનો સચોટ ઉપાય મારા જ હાથમાં છે ને મારા સિવાય બીજું કોઇ કંઈ કરી શકવાને જરા પણ સમર્થ નથી એવું ભગવાને પોતાના અનન્ય ભક્ત શક્રેન્દ્રને સમજાવ્યું ત્યારે તેણે પોતાની ભૂલ અને ગેરસમજણ કબૂલ કરી ભગવાનની માફી માંગી પોતાના સ્થાને પાછા ફર્યા. ભગવાને શક્રેન્દ્રને બળ–વીર્યના જે જે પ્રકારો બતાવ્યાં તેના પ્રકારો પાંચ છે. તેમાં 'ઉત્થાન' એટલે કોઈ પણ પ્રકારની શારીરિક, વાચિક અને કાયિક ચેષ્ટા દ્વારા પુરૂષાર્થ ફોરવવું તેને 'ઉત્થાન' કહે છે. ચાલવું–બેસવું–બોલવું આદિ પદ્ધતિને 'કર્મ' કહે છે. શારીરિક શક્તિ દ્વારા કાર્યની સફળતા મેળવવી તેને 'બળ' કહે છે. અંતરની શક્તિ એટલે 'વીલ પાવર' ઇચ્છા શક્તિને 'વીર્ય' કહે છે. 'પુરુષકાર' એટલે માનસિક શક્તિનો વિકાસ કરી તેનો ઉપયોગ કરવો તેને 'પુરુષકાર' કહે છે; અને શરીર–મન અને આત્માની સર્વ શક્તિઓ વડે રોકાઈ જઇ કાર્યની સફળતા મેળવવામાં ઓતપ્રોત થવું તેને 'પરાક્રમ' કહે છે. આ તમામ પ્રકારો સ્વયંપ્રેરિત હોય તોજ કાર્ય સાધક થઇ શકે છે એમ ભગવાને પોતાના ભક્તને સ્પષ્ટીકરણ દ્વારા જ્યારે સમજાવ્યું ત્યારે શક્રેન્દ્ર ઘણા રાજી થયા અને ભગવાન ઉપરનો અનન્ય ભાવ તેની આંખમાં પ્રગટપણે દેખાવા લાગ્યો. (સૂ૦૮૨)

## બેલે કે પારણેં મેં ભગવાન્ કા બહુલ નામક બ્રાહ્મણ કે ઘરમેં પધારના

મૂળનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર કુર્માર ગ્રામથી વિહાર કરી પ્રાચીન તીર્થંકરોની પરંપરા અનુસાર ગ્રામાનુગ્રામ ચાલતા, સુખે સમાધે વિચરતા જ્યાં 'કોલ્લાક' સંનિવેશ હતું ત્યાં આવી પહોંચ્યા. છઠના પારણે ભગવાન મહાવીર ભિક્ષાચર્યા માટે બહુલ નામના બ્રાહ્મણના ઘેર દાખલ થયાં. આ બ્રાહ્મણે ભક્તિભાવપૂર્વક પાત્રમાં ખીર વહોરાવી. આ ખીર વડે ભગવાને બેલા (છઠ) ઉપવાસનું પારણું કર્યું. બહુલે જે દાન આપ્યું તે શુદ્ધ અને નિર્મલ તેમ જ નિર્દોષ હતું. દાન લેનાર પણ પવિત્ર હતા ને આપનારનો ભાવ પણ તદ્દન વિશુદ્ધ અને ફળની ઇચ્છા વિનાનો અનાસક્ત હતો. ત્રણે કરણ શુદ્ધ હોવાથી ત્યાં પાંચ દિવ્યો પ્રગટ થયા. દિવ્યોના નામ આ પ્રમાણે છે. (૧) વસુધારાનો વરસાદ (૨) પચરંગી ફૂલોની વૃષ્ટિ (૩) વસ્ત્રોની વર્ષા (૪) આકાશમાં દુંદુભીની ઘોષણા (૫) આકાશમાં 'અહોદાન—અહોદાન'નો જયનાદ થયો. કોલ્લાક સંન્નિવેશમાંથી નીકળી ભગવાન મહાવીર આજુબાજુના પ્રદેશમાં વિચરવા લાગ્યા. (સૂ૦૮૩)

## ભગવાન્ કો ભિક્ષા દેને સે બહુલ બ્રાહ્મણ કે ઘરમેં દેવકૃત પાંચ દિવ્યોં કા પ્રગટ હોના

ટીકાનો અર્થ—શક્ર ચાલ્યા ગયા પછી શ્રમણ ભગવાન મહાવીરે કુર્માર ગામથી વિહાર કર્યો અને પૂર્વવર્તી તીર્થંકરોની પરંપરાથી વિચરતા એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં જ્યાં કોલ્લાગસન્નિવેશ હતું ત્યાં પધાર્યા. કોલ્લાગસન્નિવેશમાં શ્રમણ ભગવાન મહાવીરે ષષ્ઠભક્ત (છઠ) નાં પારણાને દિવસે, ગોચરીને માટે ફરતા ફરતા, બહુલ નામના બ્રાહ્મણનાં ઘરમાં પ્રવેશ કર્યો. બહુલ બ્રાહ્મણે ભક્તિ અને અત્યંત સત્કાર સાથે ભગવાનના કર–પાત્રમાં ખીર વહોરાવી. ભગવાન શ્રીવીરપ્રભુએ તે ખીરથી પારણું કર્યું, પારણાં પછી પ્રાસુક એષણીય અશનાદિ રૂપ દ્રવ્ય શુદ્ધિથી, દ્રવ્ય અને ભાવથી શુદ્ધ એવા દાતાને કારણે તથા અતિચાર રહિત તપ અને સંયમવાળા ગ્રાહક (પાત્ર)ના શુદ્ધ હોવાને કારણે આ રીતે દ્રવ્ય, દાતા અને પાત્ર ત્રણેની શુદ્ધિ હોવાથી, તથા દાતાના મન વચન કાય રૂપ ત્રણે કરણ શુદ્ધ હોવાથી, ભગવાન મહાવીરને વહોરાવવાથી તે બહુલ બ્રાહ્મણનાં ઘરમાં આગળ જે કહેવાશે તે પાંચ દૈવી વસ્તુઓ પ્રગટ થઇ. તે આ પ્રમાણે હતી–(૧) દેવોએ સુવર્ણની વૃષ્ટિ કરી (૨) પાંચ રંગના પુષ્પો વરસાવ્યાં (૩) વસ્ત્રોની વૃષ્ટિ કરી (૪) દુંદુભિ નાદ થયો (૫) આકાશમાં "અહો દાન, અહો દાન" નો ઉચ્ચસ્વરે નાદ કર્યો. ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીરે કોલ્લાગ સન્નિવેશમાંથી બહાર નીકળીને જનપદ–વિહાર કરવા માંડયો. (સૂ૦૮૩)

મૂલનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. વિહાર કરતા કરતા, ભગવાન પ્રથમ ચાતુર્માસમાં અસ્થિક ગામમાં પધાર્યા. ત્યાં શૂલપાણી નામના યક્ષના યક્ષાયતનમાં રાત્રીના સમયે કાયોત્સર્ગમાં સ્થિર રહ્યાં. દુષ્ટ ભાવનાવાલા તે યક્ષે, પોતાની પ્રકૃતિ અનુસાર, ભગવાનને ઉપસર્ગ આપ્યો તેમ જ ઉપસર્ગોની પરંપરા શરુ કરી દીધી.

પહેલા ઉપસર્ગમાં ડાંસ-મચ્છર ઉત્પન્ન કરી ભગવાનને વિપુલ પ્રમાણમાં ડાંસ-મચ્છર કરડાવ્યા. આ વેદનામાં ભગવાન અક્ષુબ્ધ રહેવાથી, યક્ષે બીજો ઉપસર્ગ તૈયાર કર્યો. તેણે પોતાની દિવ્ય પ્રભાવડે, જમીન ઉપર સેંકડો વિંછીઓને પેદા કર્યા. આ વિંછીઓનો ડંખ પણ, ભગવાન સહન કરી ગયા, અને ધર્મધ્યાનથી ચલિત થયાં નહિ. આ અચલ અને અકંપિત દશાવાળા ભગવાનને જોઇ, યક્ષે, ત્રીજો પ્રયોગ કર્યો. આ પ્રયોગમાં, તેણે એક મહાન વિષધારી સર્પની ઉત્પત્તિ કરી. આ સર્પડંસથી પણ ભગવાનને ચલિત થતા ન જોવાથી, તે વધારે કોપાયમાન થઇ, જંગલી પશુઓની વિકુર્વણા કરી. આ વિકુર્વણામાં રિંછો ઉત્પન્ન કર્યા, એ રિંછોએ પોતાના તીણા અને ઉગ્ર નખો વડે ભગવાનના શરીરને ઉઝરડી નાખ્યું. આવી વેદનામાં પણ ભગવાન અડોલ રહ્યાં. આ અડોલતાને યક્ષ સાંખી શકયો નહિ. ભગવાનને ઉદ્વેગ વિનાના અને અસંવિગ્ન જોઇ, તેનો મિજાજ ફર્યો અને તેના ક્રોધની પારા શીશી વધવા લાગી. વૈક્રિય શક્તિ દ્વારા, ઘૂર ઘૂર કરતા તીક્ષ્ણ દાંતવાળા સુવરો (ભૂંડો) ને ઉત્પન્ન કર્યા. આ સુવરો દ્વારા, ભગવાનના શરીરનું વિદારણ કરાવ્યું. આમાં પણ પ્રભુને દઢ રહેતા જોઇ, તેણે ઘણો વિષાદ અનુભવ્યો. વજ્રની અણી જેવા તીખા તગતગતા દાંતોવાળો હાથી તેણે સર્જ્યો, અને તે હાથી દ્વારા, તીવ્ર દુઃખ આપ્યું. આ દુઃખથી પણ ભગવામ અચલ રહ્યા. આવો પહાડ જેવો અચલ આદમી જોઇ તેનો પિત્તો ફર્યો. આથી તેણે તીક્ષ્ણ નખ અને દાઢોવાળો વાઘ તૈયાર કરી, તેના દ્વારા અતુલ દુઃખ આપ્યું. જયારે યક્ષે અહિં પણ દુઃખોને હસી કાઢતા ભગવાનને જોયા, ત્યારે તેણે કેશરીસિંહની વિકુર્વણા ઉભી કરી. તેના નખ વડે, પ્રભુનું શરીર ચીરાવ્યું. ઉગ્ર વેદના હોવા છતાં તેઓ મધ્યસ્થ મુખવાળા જણાયા. ત્યારબાદ તેનું વેર અને ક્રોધ શાંત કરવા પોતે વૈતાલનું રૂપ ધારણ કરી, અત્યંત વિકરાળતા બતાવી અનેક કષ્ટો દ્વારા તેમને ચલિત કરવા પ્રયાસો કર્યા. છતાં તેમને વિષાદહીન જોતો યક્ષ પોતે વિષાદગ્રસ્ત થયો ને અત્યંત ખેદને પામવા લાગ્યો. ભગવાન તો વિષાદવિહીન, કલુષતાહીન, અવ્યથિત, અદીનમાનસ, તથા મન-વચન-કાયાથી ગુપ્ત રહી મધ્યસ્થતાને અનુભવવા લાગ્યાં. આવા મરણાન્તિક દુઃખોને પણસમ્યક્ પ્રકારે સહન કરી, અતુલશક્તિ પેદા કરવા લાગ્યાં. આવા ઉગ્રકષ્ટોમાં પણ ક્રોધને શમાવી દઇ ક્ષમાના ગુણ ખિલવવા લાગ્યાં. દુઃખનું વેદન કરતાં પણ દિનતા અનુભવી નહિ ને નિશ્ચલતાના ગુણને વધારે ને વધારે પ્રગટ કરતાં ગયાં. આ યક્ષે જયારે જાણ્યું કે ભગવાન તો મનથી પણ ચલિત થતાં નથી, આમ જાણી ક્ષમાના સાગર સમા

પ્રભુ પાસે અપરાધની માફી માગી. માફી મળતાં તેમને વંદના-નમસ્કાર કર્યા. ત્યારપછી પોતાના સ્થળે તે ચાલ્યો ગયો. આ કાળ અને આ સમયે શ્રમણ ભગવાન મહાવીરે આ અસ્થિક ગામમાં ચાતુર્માસ કર્યું હતું. ચોમાસા દરમ્યાન તેમણે 'અર્ધમાસ ખમણ' કર્યાં. આ પ્રમાણે આ આઠ 'અર્ધમાસ ખમણ' ચાતુર્માસમાં પૂરા કરી, તેઓ અસ્થિક ગામમાંથી વિહાર કરી ગયાં. વાયુ સમાન અપ્રતિબંધ વિહારી બની તેઓ શ્વેતાંબી નગરીમાં પધાર્યા. (સૂ૦૮૪)

ટીકાનો અર્થ—ત્યારપછી ક્રમે ક્રમે વિહાર કરીને શ્રીવીરપ્રભુ પહેલા ચોમાસામાં અસ્થિક નામનાં ગામમાં પધાર્યા. ત્યાં શૂલપાણિ નામના યક્ષના યક્ષાયતનમાં રાત્રિને વખતે કાયોત્સર્ગ કરીને ઉભાં રહ્યાં. તે યક્ષ દુષ્ટ ભાવના વાળો હતો. તેણે પોતાના સ્વભાવ પ્રમાણે ભગવાનને ઉપસર્ગો કર્યાં. તેણે પોતાની વૈક્રિયશક્તિથી ડાંસ અને મચ્છરોના અનેક સમૂહ ઉત્પન્ન કરીને ભગવાનને તે કરડાવ્યાં. ભગવાન ડાંસ-મચ્છરો દ્વારા ઉત્પન્ન કરાયેલ ઉપસર્ગથી ક્ષુબ્ધ થયાં નહીં અને પ્રશસ્ત ધ્યાનમાં લીન રહ્યાં ત્યારે તેણે વીંછીઓ ઉત્પન્ન કરીને તેમના દ્વારા ડંસ દેવરાવ્યાં. આ ઉપસર્ગથી પણ ભગવાનને ચલાયમાન કે કંપિત થતાં ન જોઇને તેણે વૈક્રિય શક્તિથી ઉત્પન્ન કરેલ ઉગ્ર વિષવાળા વિશાળકાય સર્પ દ્વારા ભગવાનના શરીર પર ડંસ મરાવ્યાં. જેમ પવનના સમૂહ સામે પર્વત સ્થિર રહે છે તેમ ભગવાન તેનાથી પણ અકંપિત રહ્યાં ત્યારે તે યક્ષે રીંછોનું નિર્માણ કર્યું. રીંછોએ પોતાના તીક્ષ્ણ નહોરથી ભગવાનને પીડા આપી. યક્ષે જોયું કે ભગવાન તેનાથી પણ ત્રાસ પામ્યા નથી અને આત્મધ્યાનમાં લીન રહ્યાં છે ત્યારે તેણે વૈક્રિયશક્તિથી ઉત્પન્ન કરેલ ઘૂર ઘૂર નાદ કરતાં કાંટાની અણી જેવાં તીક્ષ્ણ દાંતવાળા સૂવરો (ભૂંડો) વડે ભગવાનનું વિદારણ કરાવ્યું, તેથી પણ ભગવાનને વિષાદ ન થયો અને તેઓ ધ્યાનમાં સ્થિર રહ્યાં ત્યારે તેણે વજ્રના અગ્રભાગ જેવાં તીણાં દંતાગ્રભાગોવાળા હાથીઓ દ્વારા ઉપસર્ગ કર્યો, છતાં પણ ભગવાનને દૃઢ, સ્થિર તથા મન-વચન કાયા વડે અવિચલ જોઇને યક્ષે અત્યંત તીક્ષ્ણ નખ અને દાંતવાળા વાઘો દ્વારા ઉપસર્ગ કર્યો, તો પણ પ્રભુ ચલાયમાન ન થયાં ત્યારે યક્ષે અતિશય તીણાં નખ અને દાઢોનાં અગ્રભાગવાળા સિંહો દ્વારા ઉપસર્ગ કરાવ્યો તો પણ ભગવાનનું ચિત્ત ચલાયમાન ન થયું અને શરીર પણ ચલાયમાન ન થયું. તેઓ કાયોત્સર્ગથી વિચલિત ન થતાં જ્યારે સ્થિર જ રહ્યાં ત્યારે તે જોઇને યક્ષે વિકરાળ વૈતાલ નામના વ્યંતર દેવો દ્વારા ભગવાનને સતાવ્યા.

## ભગવાન્ સે યક્ષકી ક્ષમાપ્રાર્થના

આ પ્રમાણે તે દુષ્ટ સ્વભાવવાળા યક્ષે આખી રાત ઉપસર્ગો કર્યાં. ઉપસર્ગ કરીને પોતે જ થાકી ગયો. તે કારણે તેને વિષાદ થયો. પણ ભગવાન મહાવીર સ્વામીને વિષાદ ન થયો અને દ્વેષ તેમને સ્પર્શી શક્યો નહીં. તેમના પર પીડાની અસર ન થઇ. તેમના મનમાં દીનતાનો પ્રવેશ થયો નહીં. તેઓ કૃતકારિત અનુમોદનના રૂપ ત્રણે કારણોથી યુક્ત મન-વચન-કાયાથી ગુપ્ત રહ્યાં અને યક્ષ દ્વારા કરાયેલ સઘળા ઉપસર્ગોને નિર્ભય ભાવથી શાન્તિપૂર્વક અદીનતા સાથે તથા નિશ્ચલ રૂપે સહન કરતાં રહ્યાં ત્યારે તે યક્ષે અવધિજ્ઞાનથી જાણ્યું કે ભગવાનનો મનથી પણ ધ્યાનમાંથી વિચલિત થયાં નથી. એટલું જ નહીં પણ તેમની પ્રબળ સ્થિરતા પણ તેણે જોઇ ત્યારે અપાર ક્ષમાના સાગર-બીજાં દ્વારા કરાયેલ અપકારને સહન કરી લેવાના ગુણના સાગર-ભગવાન પાસે તેણે પોતાના અપરાધ માટે ક્ષમા માગી તેમને વંદના કરી નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તે પોતાને સ્થાને ચાલ્યો ગયો.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરે તે અથસ્કિ ગામમાં આઠ અર્ધમાસ ક્ષપણ (આઠ વાર પંદર પંદર

દિવસનું) તપશ્ચરણ કરીને તે ચાતુર્માસ પસાર કર્યું એટલે કે ચાર માસમાં ફક્ત આઠ દિવસ આહાર-પાણી લીધાં. ચાતુર્માસ પસાર કરીને ભગવાન અસ્થિક ગામથી નીકળ્યાં અને વાયુની જેમ અપ્રતિબંધ વિહાર કરતા કરતા શ્વેતામ્બી નામની નગરીમાં પધાર્યા. (સૂ૦૮૪)

## શ્વેતામ્બિકા નગરી પ્રતિ ભગવાન્ કે વિહાર કા વર્ણન

મૂલનો અર્થ—'अह य' ઈત્યાદિ. શ્વેતાંબીનગરીના બે માર્ગ હતાં. એક આડો અને એક સીધો. જે માર્ગ સીધો હતો તેમાં એક મહાન્ અટવી આવતી હતી. આ મહા અટવીમાં ચંડકોશિક નામનો એક દૃષ્ટિવિષ ફણિધર નાગ રહેતો હતો. આ સર્પ મહા વિકરાળ અને સાક્ષાત્ યમરાજ જેવો ગણાતો હતો. એ માર્ગે અવરજવર કરતા પથિકો-વટેમાર્ગુઓને તે સર્પ ક્રૂરતાપૂર્વક પોતાના દૃષ્ટિવિષ વડે બાળી નાખતો, ઘાત કરતો-મારતો અને ડસતો પણ હતો. આ અટવીમાં જો કોઇ પક્ષી અહીંતહીં ઉડે તેને પણ બાળીને ભસ્મ કરી નાખતો. તેના વિષના પ્રભાવે ત્યાંનું ઘાસ પણ બળી ગયું. જ્યાં ઘાસ બળી ગયું હતું ત્યાં નવા અંકુરો પણ ફૂટતા નહિં. આવા ઉપદ્રવને લીધે તે માર્ગ સદંતર જવાઆવવા માટે બંધ થઈ ગયો હતો તેથી ત્યાંનું આવાગમન વ્યવહાર અટવાઇ પડયો હતો.

ભગવાનને સીધે માર્ગે શ્વેતાંબીનગરી તરફ જતાં જોઈ ગોવાળીઆઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે 'હે ભિક્ષુ! આ સરળમાર્ગ નહિ પકડતાં લાંબા માર્ગે જવાનું રાખો. જેનાથી કાનની બુટીઓ તૂટી જાય તે સોનાને (ઘરેણાંને) પહેરવાથી શો લાભ? આ સીધા માર્ગમાં મહાન અટવી મધ્યે એક કાળો ફણિધર નાગ રહે છે તે તમને ખાઈ જશે.' આવું સાંભળી ભગવાને જ્ઞાન દ્વારા જાણી લીધું કે આ સર્પનો ક્રોધ હજી સુધી દૂર થયો નથી, છતાં તે આત્મા સુલભ બોધી તો જરૂર છે. કોઇ પણ જીવની વર્તમાનદશા અનિષ્ટકારી પ્રવર્તતી હોય અને આ અનિષ્ટપણુ તે જીવ ખૂબ બતાવતો હોય, તેનું વર્તન બહારથી ઘણું ખરાબ અને ઝેરીલું હોય તો લોકો કહે છે કે આ જીવ કદાપિ પણ સુધરી શકશે નહિ; પરંતુ વાસ્તવિક રીતે આ વાત બરાબર નથી. મનનો કોઇ અંશ કદાચ વિકૃત બની જાય તો ઉચિત ઉપાય વડે તેને સુધારી શકાય છે તેમજ બદલાવી પણ શકાય છે આટલુંજ નહિ પણ અનિષ્ટ અંશનું જેટલું બળ પ્રતિકૂલ વિષયમાં હોય છે તેટલું જ તીવ્ર તે અનુકૂલ વિષયમાં પણ પલટાઇ શકાય છે. ચિત્તની શક્તિ એવી છે કે ઇષ્ટતા પણ સાધે અને અનિષ્ટતા પણ સાધે! માટે તેની શક્તિ કોઈ સદ્રસ્તે વાળવાથી તેનો સુંદર ઉપયોગ થઇ શકે છે. ચિત્તમાંથી ઈષ્ટ અને અનિષ્ટ બંને ભાવો નીકળે છે; પણ શક્તિની અપેક્ષા એ ચિત્ત બંને-ઇષ્ટ અને અનિષ્ટપણામાં સમાનબલ-વીર્યથી કામ કરે છે.

ચિત્તને અગ્નિ સાથે સરખાવવામાં આવ્યું છે. જેમ અગ્નિ કાચા અન્નને પકવે છે અને તેજ અગ્નિ સમસ્ત પદાર્થોને બાળી પણ શકે છે. આવી બે ધારી શક્તિઓ જેમ અગ્નિમાં છે, તેમ ચિત્તમાં પણ રહેલી છે. ચિત્ત જો સવળે માર્ગે વળે તો આત્માને ઘડીએક ભરમાં મોક્ષગતિએ લઈ જાય છે અને શક્તિ અવળે માર્ગે કામ કરે તો સાતમી નરકે પહોંચાડી દે છે.

અનિષ્ટ ઉત્પન્ન કરવાવાળી ચિત્તશક્તિને વારંવાર ધિક્કાર આપી તેનો બહિષ્કાર કરવો જોઇએ એમ જો મનુષ્ય માનતો હોય તો તેની એક ભ્રમણા છે. જે ચિત્તશક્તિ અધિકમાં અધિક અનિષ્ટતાને આદરી શકે છે તેજ શક્તિ ઇષ્ટતાને પણ તેજ પ્રમાણે આદરી શકે છે. જે શક્તિ દ્વારા ચક્રવર્તી નરકમાં જવા યોગ્ય હિંસા આદિના પ્રશસ્ત કાર્યો કરી મોક્ષની સાધના પણ કરી શકે છે. જે જીવ સામર્થ્યહીન છે. શુભ-અશુભ કાંઇ કરી શકવાની શક્તિ ધરાવતો નથી, ગળિયા બળદની માફક તેજહીન છે; જડ જેવી જગતની ભ્રાંતિમાં દબાયેલો રહ્યો છે, જેને પામરતા-ભોગલાલસા-દરિદ્રતા અને પ્રમાદની કોઇ સીમા નથી તેવો આત્મા જગતમાં કાંઇ પણ કરી શકતો નથી. જેનામાં આ આત્મબળ હોય, શૌર્ય આદિ ગુણ હોય તે ભલે શુભ-અશુભ ગમે તે અવસ્થામાં પડેલો હોય તો પણ તે વાંછનીય છે. કારણ કે આવા સામર્થ્યવાન આત્માને સદ્‌રસ્તે વાળવામાં વાંધો આવતો નથી.

આ શકિત ભલે તે સદ્‌ભાવની હોય કે અસદ્‌ભાવની! પરંતુ તે ક્ષયોપશમભાવ દ્વારા પ્રાપ્ત થઇ છે, એટલે શકિત તો આદરણીય છે. ફેર એટલો છે કે તે અશુભ રસ્તે દોરવાઇ ગઈ છે. તેને પાછી વાળી શુભ રસ્તામાં ગોઠવવાની છે. આવી અશુભ માર્ગે દોરાએલી શક્તિ નિમિત્ત મળતાં પાછી વળે છે, અને તેનો સદ્‌ઉપયોગ થઈ શકે છે. માટે આ સીધે માર્ગે જવામાં ઘણો લાભ છે; એમ જ્યારે સર્પના જીવન ઉપરથી ભગવાને જાણી લીધું ત્યારે તેઓશ્રી સીધા માર્ગે પ્રસ્થાન કરી ગયા.

## વિકટ માર્ગ મેં ચંડકૌશિકસર્પ કે બાંબી કે પાસ ભગવાન કે કાયોત્સર્ગ કરને કા વર્ણન

આ અટવીમાં પ્રવેશ કરતાં ભગવાનના ખ્યાલમાં આવી ગયું કે આ ભૂમિ પ્રમાણે જ વાતાવરણ છે. આ ભૂમિ પર કોઈ પણ પ્રાણીનાં પગલાં જણાતાં નથી. પાણીના નાળાં અને ગરનાળાં ધોરિયા વગેરે પાણીના અભાવે સુકાઈ ગયેલાં માલુમ પડે છે. પુરાણાં ઝાડપાન ચંડકોશિકના વિષની જવાલાઓ વડે બળી ગયેલા અને સુકાઇને ખાખ જેવા થઈ ગયેલાં જ જણાય છે ભૂમિ પણ સડેલાં અને જીર્ણ થયેલા પાંદડાથી ઢંકાઇ ગયેલી જણાતી હતી ને ઠેર ઠેર મોટા ઢગલા જ્યાં ત્યાં પડેલા જણાતા હતા. આખો માર્ગ ઉજજડ અને વેરાન થઇ ગયો હતો. અગાઉની નાની કુટિરો પણ પડી-ખખડી ગઇ હતી અને તેનો કાટમાળ ભોંયભેગો થઈ ગયો હતો. આવી ભયંકર અટવીમાં જ્યાં ત્યાં વેળુના રાફડા જામી ગયા હતા. આ ભયંકર નિર્જન પ્રદેશમાં જ્યાં ચંડકોશિકનો રાફડો હતો ત્યાં ભગવાન પહોંચી ગયા.

ચંડકોશિકના રાફડા પાસે આવી આજુબાજુ નજર કરી. જે જગ્યા તેમને નિર્દોષ જણાઈ, તે જગ્યાએ પોતે સાવધપણે કાયાને સ્થિર કરી કાયોત્સર્ગ ધારણ કર્યો અને આત્મસમાધિમાં મનને જોડી દીધું. (સૂ૦૮૫)

## શ્વેતાંબિકાનગરી કે માર્ગસ્થિત ચંડકૌશિકસર્પ કા વર્ણન

ટીકાનો અર્થ– શ્વેતાંબી નગરીમાં જવાના જે બે માર્ગો હતા. તેમાં એક કેડી માર્ગ હતો. લોકોનું માનસ હંમેશા ટૂંકા રસ્તે થઇ, ઇચ્છિત સ્થલે પહોંચવાનું હોય છે. આવા ટૂંકા રસ્તા, પહાડ–નદી–નાળા વિગેરે અજાણ્યા રસ્તે થઇને જ જતાં હોય છે. પહેલો ચીલો પાડનાર માણસ મુશ્કેલી અનુભવે છે. પણ ત્યારપછી માણસોના પગરવ પડતાં, ત્યાં એક રીતસરની કેડી પડી જાય છે. ત્યારબાદ, આ કેડીનો ઉપયોગ ધીમે ધીમે નાના રસ્તા તરીકે થાય છે.

બીજો એ ધોરી માર્ગ શ્વેતાંબી નગરી તરફ જતો હતો, નગરજનો તે રસ્તાનો જ ઉપયોગ કરી રહ્યા હતા. પરંતુ કમભાગ્યે ત્યાંના રસ્તે કોઈ એક ભયંકર સાપ અવાર નવાર નજરે પડતાં આવવા જવાનો વ્યવહાર ઓછો થવા લાગ્યો. આ સાપ પોતાના ઝેર વડે મનુષ્ય–પશુ, પંખી વિગેરેને મારી નાખતો હોવાનું માલુમ પડતાં આ રસ્તે મનુષ્ય અને પ્રાણીઓની અવર જવર તદ્દન ઓછી થઇ ગઇ. છતાં પણ દુષ્ટ પ્રકૃતિવાળા સાપે, પોતાની દુષ્ટતા ઓછી કરી નહિ. હવે કોઈ હાથમાં ન આવતાં પશુ–પંખીને બદલે, ઝાડ–પાન–ફલ–ફૂલ વિગેરે ઉપર ઝેર ઓકવા માંડયો. પરિણામે આ વનસ્પતિ પણ, સુકાઇ અને નિર્બીજ બની ગઇ એટલે લોકોમાં એવી માન્યતા પ્રસરી ગઈ કે આ સર્પની દૃષ્ટિમા જ હલાહલ વિષ રહેલું છે. જે કોઇ એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવને તે જુએ છે કે તરત જ તેની પર વક્ર દૃષ્ટિ કરે છે, અને વક્ર દૃષ્ટિ થતા, તેનું દૃષ્ટિવિષ, મનુષ્ય તરફ ફેંકાય છે જેવો તે મનુષ્ય ઉપર વક્રદૃષ્ટિપાત કરે છે કે, મનુષ્ય અગર પ્રાણી જે કોઇ હોય તે બળવા માંડે છે, અને ક્ષણવારમાં બળીને ખાખ થઇ જાય છે. આથી લોકો, તે માર્ગને છોડી, કેડી માર્ગ ગ્રહણ કરી, શ્વેતાંબી નગરીએ જતા.

ઝેર સ્વયં કાળું હતું ને તેને લીધે ઝેર ધારણ કરનાર આ સર્પ પણ કાળો કાળો ભમ્મર જેવો દેખાતો હતો. આ સર્પમાં એટલી બધી ભયંકર દુષ્ટતા ભરી હતી કે માણસને વિષથી માર્યા પછી પણ તે પોતાની પૂંછડી વડે, તેના ઉપર પ્રહાર કરતો હતો. તે ઉપરાંત, તેના અવયવોને, દાંતથી કરડી ખાતો. આકાશમાં ઉડનાર પક્ષી પણ, તેના દૃષ્ટિવિષથી નીચે પટકાઇ પડતુ, અને મરણને આધિન થતું. જયારે આવા ઉંચે ઉડવાવાળા પક્ષી સુધી, તેનું ઝેર ઉંચે ચડતું તો જમીન પર ચાલનાર પ્રાણીઓની તો વાત જ શી? ઘાસ આદિના અંકુરો પણ નવીન પણે ફૂટતાં નહિ હોવાને કારણે આખો રસ્તો વેરાન અને સ્મશાન ભૂમિ જેવો થઇ ગયો હતો. જાણે અહિ કોઈ રણ ઉબુથયું ન હોય! તેમ આખો પ્રદેશ નિઃસત્ત્વ બની ગયો હતો.

## વિકટ જંગલ કે માર્ગ સે જાતે હુએ ભગવાન્ કી ગોપોં દ્વારા નિષેધ કરના

જ્ઞાનીઓ અને સાધુજનોને, ગૃહસ્થોની માફક, કાંઇ ગુપ્તતા જાળવવાની ન હોવાથી આડે માર્ગે જવા આવવાનું કાંઇ પ્રયોજન હોતું જ નથી–તેથી, તેઓ હંમેશા સીધા માર્ગે જ જવા ટેવાયેલા હોય છે. તે અનુસાર ભગવાન પણ, સાધુ માર્ગી હોવાથી, જાહેર રસ્તો પકડયો, અને તે તરફ તેમણે ચાલવા માંડયું.

ભગવાન તો, આ બધુ પ્રથમથીજ જાણતાં હતાં. અને તે સર્પનો ઉદ્ધાર તેમના જ હાથે થવા લખાયેલો હતો અને આ વાત તેમના ખ્યાલમાંજ હતી. વળી યક્ષના ઉગ્ર પરિતાપોથી જેઓ ડગ્યાં નહિ, તેને એક મામુલી સર્પ

શું કરવાનો હતો? વળી શરીર ઉપરથી મોહ તો ભગવાને પહેલેથી જ કાઢી નાખ્યો હતો, એટલે શરીરના દુઃખે દુઃખી, થવાનું તેમને હતું જ નહિ. આ બધાનો વિચાર કરી, ભગવાન તે રસ્તે ચાલી નીકળ્યા. રસ્તામાં વિચાર કરતાં ગયાં કે, આ ચંડકોશિક ઉગ્ર સ્વભાવવાળો છે, છતા સુલભ બોધી છે. તેને સમજાવતાં વાર લાગે તેમ નથી. તે વિચારી આ અશુભ કર્મના ઉદયમાં સપડાયો છે, પરંતુ તેની માનસિક વૃત્તિ નિખાલસ છે તો જરૂર તેનું પરિવર્તન થઇ શકશે.

કદાચ કોઈ કારણે ચિત્તનો અમુક અંશ વિકૃત થઇ ગયો તો એમ સમજવાનું નથી કે તેનું આખુ ચિત્ત વિકૃત બની ગયું છે. અમુક ચિત્તવૃત્તિઓ વિકારી થઇ જાય છે, પણ બાકીની વૃત્તિઓ નિર્વિકારી હોવાથી, વિકારી ચિત્તવૃત્તિને, નિર્વિકાર અવસ્થામાં ફેરવી શકાય છે. કારણ ચિત્ત-મન અનેક વૃત્તિઓનું બનેલું હોય છે. અનંત કાલના ભવ-ભ્રમણ દરમ્યાન અનેક શુભા શુભ બંન્ને વૃત્તિઓ ઘડાએલી હોય છે. એટલે સારી અને નરસી બંન્ને વૃત્તિઓથી વ્યાપ્ત થયેલ ચિત્ત અનેક સુંદર અને અસુંદર ભાવોને પ્રકટ કરે છે.

## ચંડકૌશિક કે વિષય મેં ભગવાન્ કે વિચાર કા વર્ણન

ભગવાન ચંડકોશિકની મલિનવૃત્તિને ખસેડવા માગતાં હતાં. તેનું ચિત્ત જે દુષ્ટ કાર્યમાં રમણ કરે છે તેમાંથી તેને હટાવી, અન્ય ભાવ ઉપર નજર પડતાં, તેને પોતાનું નિજસ્વરૂપ સમજાઇ જશે, એમ માની, ભગવાને આ વિકટ માર્ગ પકડયો.

ચિત્તનો ચમકારો અને ઝુકાવ, જેટલો અને જેટલી શક્તિ એ અનિષ્ટતા—ઉપર વળે છે, તેવો જ ચમકારો અને ઝુકાવ અને તેટલી જ શક્તિ એ ઇષ્ટ ભાવો ઉપર પણ પડે છે. એ મૂળભૂત શક્તિ ચિત્તમાં કામ કરી રહી છે અને જે શક્તિ શુભ અને અશુભ બંને વૃદ્ધિઓમાં કામ કરે છે તે ચિત્તશક્તિને યથાયોગ્ય સમજી તેનું પરીવર્તન કરવું જોઈએ.

ધાન્યને પકવવાની અને ધાન્યને બાળી નાખવાની એમ બે શક્તિઓ અગ્નિમાં જોવામાં આવે છે તેવી રીતે શુભ અને અશુભ બંને કર્તવ્યોમાં કામ કરતી શક્તિ આત્માના એક જ અંશમાંથી ઉત્પન્ન થયેલી છે. હવે આપણે જોવાનું એ રહે છે કે આ શક્તિનો શેમાં ઉપયોગ કરવો? આ શક્તિનો શુભ કે અશુભમાં ઉપયોગ કરવાનો અધિકાર વ્યક્તિ પરત્વેનો હોય છે અને તે કાર્ય વ્યક્તિને આધિન રહે છે. ઘણા ચક્રવર્તિઓએ પોતાની શક્તિનો ઉપયોગ નિજ સાધનમાં વાપરી આત્માર્થ પ્રાપ્ત કર્યો અને બીજાઓ તેજ શક્તિનો સંસાર અર્થે વાપરી અશુભ કર્મો બાંધી અધમ ગતિમાં પહોંચી ગયા.

## ચંડકૌશિક સર્પકી બાંબી કે પાસ ભગવાન્ કા કાયોત્સર્ગ મેં સ્થિત હોના

મનુષ્ય પોતાની શકિતને ઓળખ્યા વિના પોતાને પામર માનતો થઇ ગયો છે અને આત્મોદ્ધાર કરવા તરફ અગર ગુણવૃદ્ધિ કરવા તરફ તેનું વલણ રાખવા જતાં તે હિંમત ખોઇ બેસે છે. દરેક આત્મામાં શકિત રહેલી છે અને તે પણ સૌમાં સરખા પ્રમાણમાં છે. જેણે જેણે આત્મવિશ્વાસ કેળવ્યો તેણે તેણે તે શકિત પ્રાપ્ત કરી. આ શકિત બહારથી આવતી નથી, પરંતુ અંદર ગુપ્ત રીતે રહેલી છે અને તેજ બહાર આવે છે. ફકત તેનો આવિર્ભાવ થવામાં બહારના સાધનો નિમિત્ત ભૂત થાય છે, એટલે આપણે કહીએ છીએ કે આ સાધનોથી જ મારી શકિત ખીલી ! જો શકિત અંદર ન હતી તો ખીલી કયાંથી ? આ બતાવે છે કે દરેક આત્મામાં અનંત શકિતનો પિંડ પડયો છે. ફકત કેવી રીતે બહાર લાવવો તેજ વિચારવાનું રહે છે.

ભગવાન આ બધું જોતાં જોતાં સર્પના રાફડા આગળ આવી પહોંચ્યા અને તે રાફડાની આસપાસ જ ધ્યાનમગ્ન થવા વિચાર કર્યો, અને તે સ્થળે કાયોત્સર્ગ કરી ઉભા રહ્યા. (સૂ૦૮૫)

## ચંડકૌશિકસર્પ કા ભગવાન્ કે ઉપર વિષ પ્રયોગ ઔર ભગવાન્ કે ચંડકૌશિક કો પ્રતિબોધ કરને કા વર્ણન

મૂલનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ચંડકૌશિકનાગ બહાર નીકળતા ક્રોધથી ધુંવાફુવાં થયો ને પ્રભુને સ્થિર ઉભેલાં જોઈ વિચાર કરવા લાગ્યો કે 'આ કયો માનવી છે કે જે મોતથી પણ ડરતો નથી ? અને જુવારના ઠુંઠાની માફક સ્થિર થઇ ઉભો છે ? હમણાં જ હું તેને જ્વાલા વડે બાળીને ભસ્મ કરી નાખું છું. ચંડકૌશિક નાગ આવું વિચારી ક્રોધથી ધમધમી ઉઠેલો શીઘ્ર કોપાયમાન થતો ક્રોધાવેશથી નીકળતી જ્વાળાઓને ધારણ કરતો, વિષ રૂપી અગ્નિનું વમન કરતો, ફેણ વિસ્તૃત કરતો, ભીષણ ફૂંફાડા મારતો, સૂરજની સામે દેખતો ભગવાનની સામે દૃષ્ટિ કરી; પરંતુ અન્ય માણસોની માફક પ્રભુને બાળી શકયો નહિ. એ પ્રમાણે ચંડકૌશિકે બીજીવાર–ત્રીજીવાર દૃષ્ટિ ભગવાન તરફ કરી; પરંતુ પ્રભુના શરીરને ઉની આંચ પણ આવી નહિ.

દૃષ્ટિ વડે જ્યારે ભગવાનને કાંઇ પણ અસર થઇ નહિ ત્યારે તેણે પ્રભુના અંગુઠે ડંખ માર્યો. ડંખ મારવાથી આ માનવી વિષના જોરે કદાચ મારી ઉપર પડે તે બીકથી તે દૂર સરકી ગયો. છતાં પ્રભુને તો કાંઇ પણ થયું નહિ. આવી રીતે બે ત્રણ વાર ડંખ માર્યો, પણ તેમને કોઇ પણ પ્રકારની અસર જણાઇ નહિ, તેમ પડયા પણ નહિ અને કાયોત્સર્ગમાંથી પણ ચ્યુત થયા નહિ. આથી તેને ઘણો ક્રોધ વ્યાપી રહ્યો અને ક્રોધયુક્ત દૃષ્ટિથી એ સર્પે ભગવાન તરફ દૃષ્ટિપાત કર્યો. દૃષ્ટિપાત કરતાં શાંત મુદ્રાવાળા અતુલકાન્તિના ધણી, સૌમ્ય, સૌમ્યમુખી, સૌમ્યદૃષ્ટિયુકત, મધુર ગુણો-

વાળા અને ક્ષમાશીલ ભગવાનને જોતાં ચંડકોશિકની વિષમય આંખો શાંત થઇ ગઇ! ક્રોધના પિંડ સમાન એવો ચંડકોશિક સ્તબ્ધ થઇ ગયો. પ્રભુના શાંતિબળ આગળ એનો કોધ શાંત પડી ગયો. તેની ક્રોધયુકત જવાળા ઉપર પ્રભુએ ક્ષમા રૂપી જળનું સિંચન કર્યું. આને લીધે તે શાંત અને શાંતસ્વભાવી થઇ ગયો તેને શાંતસ્વભાવી જોતાં પ્રભુએ તેને નીચે પ્રમાણે કહ્યું.

"હે ચંડકોશિક! બુઝ! બુઝ! બુઝીઆ! ક્રોધને તિલાંજલી આપ! પૂર્વભવમાં ક્રોધને વશ થવાથી અને મરણ વખતે જ તું કોધી બન્યો હોવાથી કાળ આવ્યે મરણ પામી તું સર્પ બન્યો. ક્રોધની આવી માઠી ગતિ ભોગવી રહ્યો છે, છતાં હજુ તું ક્રોધને ભૂલવા માંગતો નથી. જો હજુ ક્રોધને વશ થઈ આવું પાપી જીવન જીવીશ તો આથી પણ વધારે માઠી ગતિને પામીશ, માટે હવે તું કલ્યાણના માર્ગને અપનાવ! અને ક્રોધાવેશમાંથી હંમેશને માટે છૂટી જા!"

પ્રભુનો આવો અમૃત સમાન બોધ સાંભળી ચંડકોશિક નાગ વિચારસાગરમાં ડુબી ગયો. વિચારશ્રેણી પર ચઢતાં તેને પૂર્વજન્મનું સ્મરણ થઇ આવ્યું. આ સ્મરણથી તેણે જાણ્યું કે પૂર્વભવે ક્રોધ પ્રકૃતિમાં મરણ થવાથી આ ગતિને હું પામ્યો છું. આ વિચારને પરિણામે તેને પારાવાર પશ્ચાત્તાપ થયો અને હિંસામય પ્રવૃત્તિનો ત્યાગ કરી શાંત સ્વભાવી બની ગયો. શાંત સ્વભાવી થતાં તેણે પંદર દિવસનું અણશણ આદર્યું. શુભધ્યાનમા રહી પૂર્વનાં પાપોનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરતો, પાપોને સંભારીને યાદ કરી તેની આલોચના કરતો કાળ કરી ગયો–મરણ પામ્યો.

અહીંથી મરી તે અઢાર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સહસ્રાર નામના આઠમા દેવલોકમાં, ઉત્કૃષ્ટ સ્થિતિવાળો એકાવતારી દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમા ઉત્પન્ન થઈ કર્મનો સર્વથા ક્ષય કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે. (સૂ૦૮૬)

ટીકાનો અર્થ—"પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય" એ કહેવત ખોટી નથી. ગમે તેટલો પ્રયત્ન કરવામા આવે, ગમે તેટલું નુકશાન થાય પણ પોતાનો અસલ સ્વભાવ છૂટતો જ નથી તદનુસાર આ સર્પે સઘળો પ્રદેશ રણ જેવો બનાવી દીધો તો પણ તેનો ક્રોધ શાંત થયો નહિ. પશુ રહિત તથા પંખીના ઉડ્ડયન વિનાનો બની ગયો તો પણ તેને શાંતિ થઈ નહિ. અગ્નિમાં જેમ જેમ ઘાસ આદિ નાખતા જઇએ તેમ તેમ અગ્નિ વધારે ને વધારે ભભૂકતો જાય છે; તેમ જેમ જેમ માર્ગ વેરાન થતો ગયો તેમ તેમ તેનો ક્રોધ શાંત થવાને બદલે વધતો જ ગયો. ભગવાનને દેખવાથી તો તેનો ક્રોધ ઘણો જ વ્યાપી ગયો. કારણ કે અહીં પશુપંખી આવવાની હિંમત કરતું નથી, તો આ કાળા માથાના માનવીએ અહીં આવવાની હિંમત કેવી રીતે કરી? તેમાંય પણ ઝાડની માફક સ્થિર થઇને ઉભો રહ્યો છે? આવું અકલ્પનીય દૃશ્ય જોઇ ઘણો ધમધમી ઉઠયો અને ક્ષણવારમાં તે ભગવાનને હતા ન હતા કરી દેવા તૈયાર થયો.

દુષ્ટ માણસ વખત આવ્યે પોતાની દુષ્ટતા બતાવવામાં પાછી પાની કરતો નથી, અને તે અંગે તેના સઘળા પ્રયત્નો કરી છૂટે છે તેમ ચંડકોશિકે દૃષ્ટિ, ફેણ, ડંખ, વગેરે ધમપછાડા કર્યા. પણ જેમ જેમ તે ઉપાયો અજમાવતો ગયો તેમ તેમ તેના પ્રયત્નો નિષ્ફળ થવા લાગ્યા. આથી છેવટનું હથિયાર અજમાયશ કરવા સર્વ શક્તિઓને કેન્દ્રિત કરી ભગવાન સામે અતૂટ દૃષ્ટિપાત કર્યો; પરંતુ તેમાં નિષ્ફળતા અનુભવતાં તેનો ક્રોધી સ્વભાવ શાંતપણે પરિણમવા લાગ્યો.

શાંતિનું સામ્રાજ્ય અંતરમાં વ્યાપતાં તેને વિચાર કરવાનો અવસર પ્રાપ્ત થયો. અશાંતિમાં કાંઇ વિચાર આવતો નથી, તેમ જ યોગ્ય નિરાકરણ પણ થઇ શકતું નથી. શાંતિ અને ક્રોધનો ઉછાળો બન્નેનું અનુક્રમે વ્યાપ્ત-પણું અને ઠરી જવું થતાં તેની વિચારધારા બદલાઈ. આવા પરમ દયાળુ ક્ષમાવંત અને શાંત મુદ્રાવાળા પુરુષને જોઇ તેના અંતરમાં ઠંડક વળી અને માનભરી દૃષ્ટિએ તેમની તરફ જોઈ રહ્યો. અગ્નિ ઠંડા પાણીથી બુઝાય છે, શીત ગરમીથી ચાલી જાય છે, દરેક પદાર્થનો નાશ તેના વિરૂદ્ધ ગુણવાળા પદાર્થથી થાય છે એ પ્રકૃતિનો નિયમ છે. જગતમાં યુદ્ધ બે જાતનાં પ્રવર્તે છે (૧) ઉષ્ણયુદ્ધ–ધમધમાટ પ્રવૃત્તિવાળુ હોય છે, તેનાથી સમસ્ત જગત પ્રવૃત્તિઓથી ધમધમી રહેલું દેખાય છે, જેમ હલન–ચલન–દોડધામ–મારંમારા–પોકાર–ક્રૂરતા–શસ્ત્રસજાવટ–લોકોની દોડધામ વિગેરે ચારેકોર નજરો નજર દેખાય છે. કોઇને ઘડી ભરની પણ ફૂરસદ હોતી નથી. અગ્નિમાં જેમ જેમ કાષ્ઠાદિ નાખવામાં આવે, તેમ તેમ, તે આગળ ધપતો હોય છે, તેમ આ ગરમ યુદ્ધ, જેમ જેમ લડાતું જાય છે, તેમ તેમ તે વિસ્તૃત થતું જાય છે. (૨) શીત યુદ્ધ જુદા જ પ્રકારનું માલુમ પડે છે. તે બહાર દેખાતું નથી, તેની દોડધામ નજરે પડતી નથી; તે કોઇ પ્રકારે હલન–ચલન વાળું જણાતું નથી, પરંતુ આંતરિક પણે પ્રસરતું હોઈ સર્વ દાવાનળને ઠંડુ ગાર બનાવી દે છે. જેમ હિમ એ ઠંડુ કુદરતી યુદ્ધ છે; તે શાકભાજી ઝાડ-પાન વિગેરેને બાળીને ભસ્મ કરે છે. તેમાં બહારનો અગ્નિ હોતો નથી, પરંતુ અંદરની સખ્ત તાકાત હોય છે. ઠંડા યુદ્ધને બહારનો આડંબર હોતો નથી, પણ તે અંદરખાનેથી સચોટ કામ કરી રહે છે. અને ગમે તેવા પદાર્થોને જડમૂળમાંથી ઉખેડીને નિર્બીજ કરી નાખે છે, તેમ ભગવાનની ઠંડી આત્મ શાતી રૂપ શક્તિએ, સર્પની કષાય રૂપ ઉષ્ણ શક્તિ પર વિજય મેળવ્યો. આ વિજય પ્રસ્થાન રૂપે, સર્પને વિચાર કરતો કરી મૂકયો અને તેને આત્માના અસલ સ્વભાવ તરફ લઇ ગયો.

ભગવાનના બોધ વચનોએ, તેના પર જાદૂઇ અસર કરી. તેના પૂર્વભવોનું સ્મરણ કરાવ્યું. નરક આદિ ભવોની પ્રાપ્તિનો યથાયોગ્ય ખ્યાલ કરાવ્યો. ભીષણ દુઃખોની આગાહી કરાવી. ક્રોધને છોડવા વારંવાર ઉપદેશ દેવા માંડયો. આવું અપૂર્વ જ્ઞાન અને દીલને ઠંડક વળે તેવા વીતરાગી વચનો સાંભળવાથી, તેનું મન શાંતરસે પરિણમવા લાગ્યું. અને તે રસમાં ઠરવા, નિરાહારપણે રહી, ધ્યાનમગ્ન થયો. આત્મ ચિંતનમાં આયુષ્ય પુરું કરી, તે આઠમા દેવલોકે ઉત્કૃષ્ટ સ્થિતિએ, દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી એક ભવકરી, તે સિદ્ધગતિને પામશે. અહીંથી ચ્યવીને મહા-વિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાનો ભવજ ફક્ત છેલ્લો હશે! અને તે ભવમાં, સાધુ પણું અંગિકાર કરી પૂર્ણ પુરુષાર્થ વડે, આત્મ સ્વભાવ પ્રગટ કરી, શુદ્ધ દ્રવ્યને પ્રાપ્ત કરશે. અને આયુષ્ય પુરું કરી, સિદ્ધ દશાને મેળવશે. (સૂ૦૮૯)

## ઉત્તરવાચાલ ગામ મેં નાગસેન કે ઘર પર ભગવાન્ કે ભિક્ષા ગ્રહણ કા વર્ણન

મૂળનો અર્થ—'एवं णं' ઇત્યાદિ. શ્રમણ ભગવાન મહાવીર, ચંડકોશિક સર્પ ઉપર ઉપકાર કરી, અટવીથી બહાર નીકળી ગયા. ત્યાંથી પ્રસ્થાન કરી, 'ઉત્તર વાચાલ' નામના ગામમાં પધાર્યા. આ ગામમાં 'નાગસેન' નામનો ગાથાપતિ રહેતો હતો. તેને એક પુત્ર હતો, જે વિદેશમાં ગયો હતો. બાર વર્ષ બાદ, અકાલે વૃષ્ટિસમાન તે અચાનક પોતાને ઘેર આવી પહોચ્યો. પુત્રનું શુભ આગમન થતાં, નાગસેન ઘણો રાજી થઇ ગયો. અને તેની ખુશાલીમાં તેણે અનેક પ્રકારનાં મિષ્ટાન્નો બનાવી, વિવિધ પ્રકારના મેવા મિઠાઇઓ તૈયાર કરાવી, મિત્રો-જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો, સંબંધીઓ અને ઓળખાણ પિછાણવાળા સર્વને નોંતર્યા, અને આનંદપૂર્વક ભોજન કરાવ્યાં. તે કાળે અને તે સમયે, ભગવાને 'અર્ધમાસ ખમણ' કર્યું હતું. અને તેમના પારણાનો દિવસ આવ્યે, અચાનક નાગસેનના ઘરમા તે પધાર્યા. નાગસેને પૂર્ણ ભક્તિપૂર્વક અને માન સાથે, પ્રભુને ક્ષીરનું ભોજન વહોરાવ્યું.

## ભગવાન્ કે પ્રતિલાભિત હોને સે નાગસેન કે ઘરમેં પાંચ દિવ્યોં કે પ્રગટ હોને કા વર્ણન

દેનાર-લેનાર અને દાતવ્ય ત્રણે શુદ્ધ હોવાથી, નાગસેનને ઘેર પાંચ દિવ્ય વસ્તુઓ પ્રગટ થઇ. તે આ છે.- (૧) સુવર્ણ વૃષ્ટિ (૨) પચરંગી ફૂલોની વૃષ્ટિ (૩) દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ (૪) દુંદુભીનાદ (૫) 'અહોદાન-અહોદાન' ના જયનાદ ભર્યા પોકારો અને ધ્વનિ. (સૂ૦૮૭)

ટીકાનો અર્થ—ભગવાન મહાવીરે, ચંડકૌશિકને પ્રતિબોધ આપી, મોક્ષનો અધિકારી બનાવ્યો, ને તેને અનેક રીતે ઉપકૃત કર્યો. પોતાનું કાર્ય સફળ થયેલું જોઇ, મહાન ભવી જીવને તેનું શુદ્ધપણું બતાવી, ભગવાન તે સ્થાનનેછોડી ગયા. પ્રભુને તો સ્વયં વિકાસ સિવાય બીજું કાંઇ જોઈતું ન હતું. સ્વયં વિકાસ દરમ્યાન, જો બીજા જીવો પોતાનું નિમિત્ત પામી, સવળી દશા અનુભવે તો, તેમને તે વધારે પ્રિય હતું.

જ્યાં જ્યાં પ્રભુ સ્વયં ઉત્થાન માટે પધાર્યા, ત્યાં ત્યાં તેમને અનેક દુઃખમય કષ્ટોનાં બીજ, પોતેપૂર્વે વાવેલાં હતાં. અને તેનો ઉદય આવતાં, સમ પરિણામી રહી, જ્ઞાતા-દ્રષ્ટા તરીકે, તેમણે તે જોયા કર્યાં. આવી રીતે વર્તતાં પ્રભુમાં સ્થિરતા વધતી ગઇ અને બહારનાં દુઃખોના નિમિત્તો ઉત્પન્ન કરનાર જીવો પણ, ભગવાનની અતુલ ક્ષમા અને ધીરજ તેમજ સહન શકિતને જોઈ, પ્રતિબોધિત થયાં. તેમાંના ઘણાં, સ્વપરાક્રમ ફોરવી ભગીરથ પુરુષાર્થ આદરી, પાંચમી ગતિએ જશે. અર્થાત્ મોક્ષ પામશે.

પ્રભુ આત્મ-સ્થિરતાંમાં લયથવા તપશ્ચર્યા કરતા અને તે પંદર-પંદર દિવસ સુધી ચાલ્યા કરતી. આવી તપશ્ચર્યાને પારણે કોઇપણ યોગ્ય ઘરમાં ભિક્ષાર્થે પહોંચી જતા. ત્યાં પોતાના હાથને પાત્ર બનાવી, ઉભા રહેતા, અને ઘર ધણી નિર્દોષ આહાર જે આપે તેનું ગ્રહણ કરતા.

લેનાર-દેનાર અને દાતવ્ય વસ્તુ-આ ત્રણે મન, વચન, કાયારૂપ ત્રણ કરણથી શુદ્ધ હોવાને લીધે ત્યાં પાંચ દિવ્ય વસ્તુઓ પ્રગટ થતી 'નાગસેન' જેવા કોઈ મહાન પુણ્યશાળી હોય તેને ત્યાંજ આવા પારણાનો જોગ બનતો. (સૂ૦૮૭)

મૂલનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યારપછી ભગવાન ઉત્તર વાચાળ નામના ગ્રામમાંથી યથા સમયે નીકળી શ્વેતાંબિકા નગરીની મધ્યમાંથી પસાર થઈ સુરભિપુર નામના નગરમાં પધાર્યા. જાણે પૃથ્વીએ ધવલવસ્ત્ર ધારણ કર્યું હોય તેવાં નિર્મળ હિલોળાં ખાતાં પાણી વાળી અને વિશાળ કાય સમુદ્રની જેમ મોજાંઓ ઉછાળતી એવી ગંગા નદીના તટે પ્રભુ પધાર્યા અને નદીને પેલે પાર જવા ઇચ્છા કરી. ત્યાં પડેલી નૌકાના માલિકની આજ્ઞા લઇ ભગવાન તે નૌકામાં બેઠા. પાણીનો પંથ કાપતી આ નૌકા અગાધ જળ મધ્યે આવી પહોંચી. આ મધ્ય ભાગમાં 'સુદંષ્ટ્રક' નામનો એક નાગકુમાર દેવ નિવાસ કરી રહ્યો હતો. ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં ભગવાને જે સિંહને માર્યો હતો તેજ સિંહનો આ જીવ હતો અને તે 'સુદંષ્ટ્રક' નામના નાગકુમાર તરીકે અહીં જન્મ્યો હતો.

આ સુદંષ્ટ્રક દેવે ભગવાનને જોયા કે તરત જ પૂર્વભવના વેરનું સ્મરણ થઈ આવ્યું. સ્મરણ માત્રથી તે ક્રોધાગ્નિથી બળવા લાગ્યો અને તરતજ ભગવાન પાસે આવી હવામાં અદ્ધર ઉભો રહી 'કિલ-કિલ' અવાજ કરતાં બોલવા લાગ્યો—'હે ભિક્ષુક! કયાં જાય છે? ઉભો રહે!' આમ કહી પ્રલય નીપજાવે તેવાં સંવર્તક નામના વાયુને વૈક્રિય શક્તિ દ્વારા પેદા કર્યો અને ભગવાનને ઉપસર્ગ આપવા તૈયાર થયો. આખા ઉપસર્ગનું વર્ણન નીચે મુજબ છેઃ—

આ પ્રલયકારી પવનને લીધે વૃક્ષો ઉખડીને પડવા લાગ્યાં, પર્વતો કંપવા લાગ્યાં, ધૂળનો વંટોળ ચડાવી તેણે સર્વત્ર અંધકાર પાથરી દીધો. મોજાઓ ખૂબ ઉછળવા લાગ્યાં, આ મોજાંઓ જાણે આકાશને સ્પર્શી રહ્યા હોય તેમ જણાવા લાગ્યાં. આ મોજાઓ ઉંચે ચઢીને નીચે પટકાતી વેળાએ ભયંકર ગર્જનાઓ થતી હતી. આ મોજાંઓને કારણે ગંગાના પાણીમાં વહેતી આ નૌકા પણ આકાશમા ઉછળતી અને ફરી પાછી નીચે ગબડી પડતી હતી. ડગમગવાને કારણે તેનો સ્થંભ તૂટી ગયો, લાકડાનાં પાટિયાં પણ વેરવિખેર થઇ ગયાં. હવાને આધારે ફરફરતો સઢ પણ ફાટી ગયો. હલેસાં કાંઇ કામનાં ન રહ્યાં. નૌકામાં બેઠેલાં માણસો ભયભીત થઇ ગયાં. જીવનદોરી તૂટી જવાની શંકાથી હાહાકાર થવા મંડયો. નૌકાનો નાવિક પણ ચિંતાતુર થઇ ગયો. ભયના કારણે તેને ખૂબ ખિન્નતા વ્યાપી ગઇ. તે દિગ્મૂઢ અને વિચારશૂન્ય થઈ ગયો.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પૂર્વભવના કંબલ અને શંબલ નામના બે વૈમાનિક દેવ-મિત્રોએ અવધિજ્ઞાન દ્વારા ભગવાન ઉપર વરસતી આ દુઃખની હેલી જાણી લીધી. 'સુદંષ્ટ્ર' નામનો નાગદેવ આ વિતક વરતાવી રહેલ છે તે પણ જ્ઞાનના પ્રભાવે જાણ્યું. આ બન્ને દેવમિત્રો ત્યાં આવ્યા અને નૌકાને કિનારા પર સહીસલામત લઇ આવ્યા અને નાગકુમાર દેવને વધારે ઉપસર્ગ કરતો રોકી પાડયો. ત્યારબાદ આ બન્ને દેવોએ નાગકુમાર દેવને પડકાર્યો અને માર મારવા તૈયાર થયા; પરંતુ કરૂણાના સાગર ભગવાને આ બન્ને દેવોને તેમ કરતા રોકયા. દેવોએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું અને વંદના-નમસ્કાર કરી જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

ક્ષમાના સાગર એવા વીતરાગી પ્રભુએ વિતક વિતાડનાર સુદંષ્ટ્ર દેવ ઉપર જરા પણ દ્વેષ કર્યો નહિ; તેમ જ ઉપકાર કરવાવાળા કંબલ અને શંબલ દેવો પર જરા પણ અનુરાગ ભાવ કર્યો નહિ. ભગવાને બન્ને જણા ઉપર

સમભાવ જ પ્રગટ કર્યો. નૌકા સહીસલામત આવતાં તેની અંદર બેઠેલા મુસાફરોએ પ્રભુને જીવનદાતા માની તેમજ પ્રાણી માત્રના રક્ષક માની તેમની ભક્તિ અને બહુમાન કર્યાં. (સૂ૦૮૮)

ટીકાનો અર્થ— અચાનક નાગસેનના પુણ્યના બળે તેના ઘેર પ્રભુનું પારણું થયું. ત્યારપછી પ્રભુ ઉત્તરવાચાલ ગામમાં ચાલી નીકળ્યા. 'ઉત્તરવાચાલ' ગામથી સુરભિપુર જવામાં વચ્ચે શ્વેતાંબિકા નગરી આવતી હતી. રસ્તો નગરીની મધ્યમાં થઇને જ પસાર થતો હતો. સુરભિપુર નગરીની નજીકમાં થઇને હિલોળા મારતી સફેદ દૂધ જેવી ગંગા નદી વહેતી હતી. આ નદી ઓળંગીને સુરભિપુર નગરમાં પહોંચાય તેમ હતું. લોકો આ કાંઠેથી સામે કાંઠે અવરજવર હોડકા દ્વારા કરી રહ્યા હતા. બન્ને સામસામે કાંઠે આવેલાં ગામોનો તમામ જાતનો વ્યવહાર નાવડાંઓ મારફત જ ચાલી રહ્યો હતો. ભગવાન સામે કાંઠેના ગામે જવા ઇચ્છતા હતા તેથી તેઓ નાવિકની રજા લઈ તેમાં બેસી ગયા. અહીં દરિયા જેવી વિશાલ ગંગા નદીમાં સુદંષ્ટ્ર નામનો નાગકુમાર દેવ વસતો હતો.

વેરની ભૂમિકા એવી દુર્ઘટ હોય છે કે તેનું બીજ જો એક વખત પણ ભૂલેચૂકે વવાઈ ગયું હોય તો તે બીજ વડવાઇઓની માફક ફૂટી નીકળે છે અને તેનો છેડો પણ આવતો જ નથી. એક વેર વાળતાં બીજું વેર ઉભું જ થાય છે અને તેની પરંપરા ભવોભવ વધતી જ જાય છે, માટે જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે કે વેર ઉભું થવા જ દેવું નહિ, અને કદાચ ઉભુ થયું હોય તો તેનું નિરાકરણ તુરત લાવ પરસ્પરમાં ક્ષમાપના થઇ જવી જોઇએ, નહિતર એની ભૂમિકા વધતાં તેનો પાર આવશે નહિ.

આ પ્રમાણે ભગવાનનો જીવ જયારે ત્રિપૃષ્ઠ વાસુદેવપણે અવતર્યો હતો ત્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવે લોકોને રંજાડનારા એક ક્રૂર:સિંહને ચીરી નાખ્યો હતો. તેનું વેર વધતાં તેનું ફળ તે સિંહે સુદંષ્ટ્ર દેવપણે અવતરી આ વખતે ભગવાન પાસેથી વસુલ કરવા માંડયું. વેરી વેરીને તુરત જ ઓળખી કાઢે છે તેવો જીવનો સ્વભાવ ઘડાઈ ગયો હોય છે.

એકબીજાનો સમાગમ થતાં જ પૂર્વના વેરનાં બંધનો ઉછળી આવે છે. વેર એ માયાવી ગાંઠ છે અને જીવ પોતાની વક્રતા અનુસાર તે ગાંઠને બાંધે છે, પોષે છે અને વધારી-ઘટાડી પણ શકે છે. આ ગાંઠ બંધાતા જીવમાં માયા-કપટના દોષો એક પછી એક વધતાં જ જાય છે, જેના પરિણામે કષાય યુક્ત થઇ મહાન્ નિવિડકર્મ ઉપાર્જન કરતો તે આત્મા ભવોભવમાં પૂર્વનાં વેર લેતો જાય છે અને સાથે સાથે નવાં વેરનાં બંધનો બાંધતો જાય છે, માટે જ શાસ્ત્રકારો કહે છે કે—

"આ ભવને ભવોભવ મહિં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ,
તે સવિ મિચ્છામિ દુક્કડં.
જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય,
વેર વિરોધ ટળી જજો, અક્ષયપદ સુખદાય,
સમભાવિ આતમ થશે.
ભારે કર્મી જીવડાં, પીવે વેરનું ઝેર,
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો."

આ પ્રમાણે પ્રભુને જોતાંજ નાગકુમારને અત્યંત ઝેર વ્યાપી ગયું અને દાંત પીસતો ભગવાનની પાસે આવી ઉપસર્ગ માંડયો.આ દેવે પ્રચંડવાયુ વિકુર્વીને જળમાં અનેક પહાડ જેટલાં મોજાં ઉભાં કર્યાં. આ મોજાંઓના ઉછાળાને લીધે નાવડી પણ અહીંતહીં ઉછળીને પડવા લાગી. તેનો કાટમાળ બધો તૂટી ફૂટી ગયો અને હમણાં જ નદીના તળીએ જઇ બેસશે એમ આગાહી થવા લાગી. તેમાં બેઠેલા મુસાફરોના જીવ તળીએ બેસી ગયા. લોકો 'બચાવો, બચાવો'ના પોકારો કરવા લાગ્યા. કેટલાક પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરતાં જીવવાની આશા પણ છોડીને બેઠાં હતાં.

## ઉપકારક ઔર અપકારક કે પ્રતિ ભગવાન્ કે સમભાવ કા વર્ણન

ભગવાન આ દરેકની સામે દયાળુ ભાવે જોઇ રહ્યા હતા. તેઓ મનમાં વિચારતા કે આ જીવોએ પણ મારી જ સાથે આ દેવનું વેર બાંધ્યું હશે. આ બધો તરફડાટ દેવનો જ છે એમ ભગવાન પોતે જાણતા હતા છતાં લોકોને કાંઇ કહ્યું નહિ, તેમ જ ઇસારો પણ કર્યો નહિ. ભગવાનના ખ્યાલમાં હતું કે આ વેરનો બદલો છેલ્લો જ છે, તેથી તે કર્મ પૂરૂં થતાં આપોઆપ શાંતિ થઇ જશે. કેટલાક તો ભગવાનને આ તોફાન શાંત કરવા વિનંતિ પણ કરતા હતા; અને ભગવાન તેમને શાંત રહેવા સૂચના પણ આપતા હતા. આ કર્મનું ફળ પૂરૂં થતાં ભગવાનના પૂર્વભવોના મિત્રો આવી પહોંચ્યા અને તેઓએ આ દેવને તેમ કરતો અટકાવી તોફાનને શાંત પાડ્યું. નૌકાને કાંઠે દોરી ગયા. સહિસલામતપણે કિનારે પહોંચી જતાં લોકોના ખોળિયામાં જીવ આવ્યો. ઘડી પહેલાં જીવન તૂટવાની અણી પર હતું તે ઘડી પછી સંધાઇ જતાં લોકોમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો અને પ્રભુને ભક્તિભાવે પ્રાર્થવા લાગ્યા.

અપાર વેદના આપનાર તરફ પણ ભગવાન અદ્વેષી રહ્યા; તેમ જ દુઃખમાંથી છોડાવનાર તરફ પણ અરાગી રહ્યા. આવું તેમનું વર્તન જોઈ દેવમિત્રો વિસ્મય પામ્યાં અને તેમની સ્તુતિ કરી નિવાસસ્થાને પાછા ફર્યો. મુસાફરો આવું દૃશ્ય જોઇ. અનભવી આ સાધુને અંતરના આશીર્વાદ આપતા તેમની સ્તુતિ કરવા લાગ્યા. (સૂ૦૮૮)

મૂળનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. ત્યારપછી ભગવાન નાવડામાંથી નીચે ઉતરી એક મહારણ્ય તરફ ચાલી નીકળ્યા. આ અરણ્યમાં એક સુનું ઘર હતું. ત્યાં આખી રાત કાયોત્સર્ગમાં ઉભા રહ્યા. ત્યાં મધ્યરાત્રિના સમયે માયીક અને મિથ્યા દૃષ્ટિવાળો અધમ દેવ જેનું નામ સંગમ હતું તે ભગવાનની પાસે આવી પ્રગટ થયો. આવતાની સાથે તેણે લાલાશ ધારણ કરી, રૂષ્ટપુષ્ટ શરીરનો આકાર કરી કોપાયમાન દૃષ્ટિએ ઉભો રહ્યો તેનો દેખાવ ભયંકર રૌદ્રતાવાળો હતો. તેણે દાંત કચકચાવીને ભગવાનને કહ્યું કે 'અરે ભિક્ષુ! તુ મોતને શરણે આવ્યો છે! તું લજ્જારહિત થઈ રહ્યો છે; લક્ષ્મી, લાજ, ધીરજ અને કીર્તિ વિનાનો બની ગયો છે! અરે ધર્મઢોંગી! પુણ્યવાંછક! સ્વર્ગની ઇચ્છાવાળા મોક્ષ મેળવવાવાળા! ધર્મના ઈચ્છુક! અરે ધર્મપિપાસુ! તું શું મને ઓળખતો નથી કે હું તને પળવારમા જ ધર્મભ્રષ્ટ કરી નાખીશ? આમ કહી તેણે ધૂળની આંધી ચડાવી. આ ભયંકર આંધીને લીધે ભગવાનનો શ્વાસોચ્છવાસ તેણે અટકાવી દીધો, તેમ છતાં ભગવાન મહાવીર ડગ્યા નહિ. ત્યારબાદ તેણે તીક્ષ્ણ મુખવાળી મોટી મોટી કીડિઓ ઉત્પન્ન કરી ભગવાનને કરડાવી. સાધારણ સંખ્યામાં આ કીડિઓ ન હતી, પણ જાણે કીડિઓના રાફડા ફાટયા ન હોય તેમ તેઓ એકી સાથે ચટકા ભરવા લાગી. આ ચટકાઓને પરિણામે ભગવાનના શરીરમાંથી રૂધિરની સેરો ઉડી. આટલું થયું છતા ભગવાન જરાયે ન ડગ્યા. ત્યારબાદ તેણે ઉગ્ર વિષથી ભરેલા અને ભયંકર આંકડાવાળા વિંછીઓની પરંપરા ઉભી કરી. તે દ્વારા સંગમદેવે ભગવાનને અપાર વેદના આપી. આથી પણ વધારે ભયંકર એવા તીક્ષ્ણ સૂંઢવાળા અને દાંતુશૂળવાળા હાથીને પેદા કર્યો. હાથીએ ભગવાનને સૂંઢ વડે ઉછાળીને પછાડયા અને તીણા દાંત વડે ભગવાનને ચીર્યા તેમ જ પગ નીચે ચગદી નાખ્યા. આ પછી તે સંગમ દેવ ભયાનક પિશાચનું રૂપ ધારણ કરીને પ્રભુને ડરાવવા લાગ્યો. ત્યારબાદ સિંહની વિકુવર્ણા કરી તેમનું શરીર તીક્ષ્ણ નહોર વડે ચીરી નાખ્યું. આ ઉપરાંત તેમની ઉપર ભારે વજનવાળા લોઢાના ગોળા ફેંકયા. ઉપરોક્ત સઘળા ઉપદ્રવોમાં સફળ ન થતાં સંગમ દેવે સર્પ, ભૂંડ, ભૂત, પ્રેત વગેરેને ઉત્પન્ન કરી તેમની મારફત ભગવાનને પારાવાર દુઃખ આપ્યું; છતાં પ્રભુ તો અકંપિત, ભયરહિત, ત્રાસ વિનાના નિર્વિઘ્ન, ઉદ્વેગરહિત ક્ષુબ્ધ થયા વિના અને જરા પણ અશાંતિ અનુભવ્યા વિનાના સ્થિર ઉભા રહ્યા. પ્રભુએ આ ભયંકર ઘોર, તીવ્ર, પ્રચંડ અને પ્રગાઢ વેદનાને સમભાવપૂર્વક વેદી અનંત દારૂણ દુઃખને સમ્યક્ પ્રકારે સહન કર્યું. આ ત્રાસની આનંદપૂર્વક તિતિક્ષા કરી અને તેના પરિણામોને વેદી લીધા. આટઆટલું થયા છતાં અનંત કરૂણાના સાગર પ્રભુએ મનથી પણ તે દેવનું યતકિંચિત્ અશુભ ઇચ્છયું નહિ. અને મૌનપણે ધર્મધ્યાનમાં જ લીન રહ્યા

## ભગવાન્ કે ચાતુર્માસ કા ઔર તપ કા વર્ણન

ઉપરના દુષ્ટ કાર્યોને પણ ટપી જાય તેવા અઘોર દુષ્કાર્યો દ્વારા સંગમદેવે ભગવાનને ઉપસર્ગો આપ્યા. અને જ્યાં જ્યાં ભગવાન વિચરવા લાગ્યા ત્યાં ત્યાં સંગમ દેવે તેમની પાછળ પાછળ જઇ છ માસ સુધી અનેક અણુચિતવ્યા અને કલ્પનામાં પણ ન આવે તેવાં ઘણા જ દારૂણ દુઃખો આપ્યાં. છતાં પણ પ્રભુની પ્રાણહાની ન થઇ તેનું કારણ વજ્રઋષભ નારાચ સંહનન હતું. આ પ્રકારે વિચરતાં મહાવીર ભગવાન દીક્ષિત થયા, બાદ તેર માસ સુધી સચેલક રહ્યા. ત્યારબાદ અચેલકપણે વિહાર કરવા લાગ્યા.૧ પૂર્વતીર્થંકરોની પરંપરા અનુસાર ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. બીજું ચોમાસુ અતિ સુશોભિત રાજગૃહી નગરીના પ્રખ્યાત નાલંદા નામના પાડામાં કર્યું અહીં 'માસખમણ'નું તપ આદરી આત્મભાવે સ્થિર થયા. અહીં પ્રભુને પહેલા માસખમણનું પારણું વિજય શેઠને ત્યાં થયું, બીજું પારણું નંદ શેઠને ત્યાં, ત્રીજું પારણું સુનંદ શેઠને ઘેર અને ચોથું પારણું બહુલબ્રાહ્મણને ત્યાં થયું. થયું. જેને જેને ઘેર ભગવાનને માસખમણના પારણે અતિ ભાવપૂર્વક આહાર મળ્યો તેને તેને ઘેર પાંચ દિવ્યો પ્રગટ થયા.૨, ત્રીજું ચાતુર્માસ પ્રભુએ ચંપાનગરીમાં કર્યું. અહીં પ્રભુએ બબ્બે 'માસખમણ' તપ આદર્યાં ને ધર્મધ્યાનમાં પોતાનો સમય વિતાવતા.૩, ચોથું ચોમાસું પૃષ્ઠચંપાનગરીમાં જ કર્યું અને ત્યાં ચાર માસનું ચૌમાસી તપ કર્યું.૪, પાંચમું ચાતુર્માસ ભદ્રિકા નગરીમાં ચૌમાસી તપસ્યા સાથે પૂરું કર્યું.૫, આજ નગરીમાં છઠ્ઠું ચોમાસુ વિવિધ પ્રકારના અભિગ્રહો અને ચૌમાસી તપ સાથે પરિપૂર્ણ કર્યું.૬, સાતમું ચોમાસુ આલંભિકા નગરીમાં પસાર કર્યું. ત્યાં પણ તેઓએ ચૌમાસી તપની આરાધના કરી.૭, આઠમું ચાતુર્માસ રાજગૃહી નગરીમાં ઉપર પ્રમાણેની તપસ્યા સાથે સમાપ્ત કર્યું.૮ (સૂ૦૮૯)

## ભગવાન્ કી સંગમદેવકૃત ઉપસર્ગ કા ઔર ભગવાન્ કે ચાતુર્માસ કા વર્ણન

ટીકાનો અર્થ—અપાર વેદનાઓને સહન કર્યા પછી પણ તેમનું મન શાંત અને નિર્જન ભૂમિમાં જવા આતુર હતું તેથી નૌકામાંથી સહિસલામત ઉતરી કોઇ એક અરણ્ય તરફ પ્રયાણ કરતાં પડતર ઘર નજરમાં આવ્યું. ત્યાં રાતવાસો ગાળવા નિશ્ચય કરી ધ્યાનમગ્ન થયા, આ બધા દુઃખોની તિતિક્ષા પાછળ અસીમ સહનશક્તિ પ્રગટ કરવાનો તેમનો ઉદ્દેશ તરી આવતો. કારણ કે દુઃખોને તેઓ એક જાતની કલ્પના સમજતા. પોતે શરીરથી ભિન્ન છે, આત્મા અરૂપી છે, તેને છેદન–ભેદન કાંઇ પણ થતું નથી, તેવા દૃઢ નિશ્ચયી હતા, છતાં પૂર્વાપર તરફની રૂચિને લીધે જે સંયોગો બંધાયા હતા તે સંયોગો ઉદયમાં આવતાં, તેનાથી છૂટા રહેવું અને તે સંયોગી કારણમાં ફરી રૂચિ નહિ કરતાં તટસ્થ ભાવે સ્થિત રહેવું, એ તેમનો મનોભાવ વર્તતો હતો. જોકે પૂર્વની પર તરફની રૂચિને લીધે વેદન ઉભું થાય, પણ તે વેદનને વાસ્તવિક વેદન નહિ માનતાં કાલ્પનિક વેદન છે, એમ આત્મ અનુભવ કરતાં ભગવાન સ્વ–સ્વરૂપમાં આગળ વધતા હતા.

આ વૃદ્ધિને પરિણામે દુઃખોની લેશ પણ પરવા કર્યા સિવાય, 'સ્વાનુભવ' વધાર્યે જતા હતા. આ સ્વાનુભવ કરવામાં પૂર્વ ઉપાર્જિત જે જે કર્મોનો ઉદય આવી રહ્યો હતો તે તે કર્મોની રજ ભોગવાઇને સ્વયં ખરી પડતી હતી. પોતામાં રાગ–દ્વેષ રૂપી ચિકાશ નહિ હોવાને કારણે બંધાવા યોગ્ય કર્મરજ પણ કર્મરૂપે બંધાતી ન હતી, એટલે ભૂતકાળનું કર્મરૂપી આવરણ પણ તેની મેળે ફળ ઉત્પન્ન કરી નિર્બીજ થઈ જઇ ખસી જતું અને ભાવી આવરણ પણ રાગ–દ્વેષની ચિકાશના અભાવે અકારક થઇ રહેતું. બન્ને ભૂત અને ભવિષ્ય દૂર થવાથી વર્તમાન-દશાને જ ભગવાન ભોગવી રહ્યા હતા. મૃત્યુલોકનો માનવી આત્મસ્થિરતા પ્રગટ કરવામાં આટલો બધો અચળ હોય છે તે મિથ્યાભિમાની દેવોના મનમાં વસી શકતું નથી તેથી તેઓ તેની કસોટી કરવામાં જરા પણ કચાશ રાખતા નથી. આવી કસોટીઓમાંથી પાર ઉતરનાર અને આવી કસોટીએ ચડનાર સર્વ તીર્થંકરોમાં ભગનાન મહાવીર એક જ હતા. તેમના જેવા પરિષહો બીજા કોઇ તીર્થંકરે ભોગવ્યા હોય તેમ જણાતું નથી. આટલે સુધી મિથ્યાત્વી દેવો, આત્મજ્ઞાનિઓને દુઃખ દેવામાં અસાધારણ શક્તિનો ઉપયોગ કરતાં હશે, તે તો ભગવાન મહાવીરના જીવન ઉપરથી જાણી શકાયું. આત્મશક્તિ પ્રગટ કરવામાં આટલે સુધી તૈયારી હોવી જોઇએ એમ આ ઉપસર્ગો આપણને સૂચન કરી જાય છે.

જ્ઞાનનું અંતર પરિણમન થતાં પોતાનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાય છે; અને તે વાસ્તવિક સ્વરૂપની યથાર્થ ઓળખાણ થયે તેના પર રુચિ વધ્યે જીવ મંદકષાયી બને છે. મંદકષાયી બનતાં આસ્રવના ભાવો બંધ થાય છે અને સંવર કરણી તરફ તેનું લક્ષ્ય જાય છે. સંવર કરણી આદરતાં આદરતાં પર પદાર્થો ઉપરનો મોહ અને તેની ઉપરનો ભાવ ઓછો થવા માંડે છે. સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધા તેમજ સમ્યક્ ચારિત્રનું અવલંબન લેતાં નિર્જરા પણ થવા માંડે છે. માટે સમજણપૂર્વક જ્ઞાન અને શ્રદ્ધાને અપનાવતાં ઉદાસીન ભાવ પ્રગટે છે. મોક્ષનું મુખ્ય સાધન સંસાર તરફ વરતતો ઉદાસીન ભાવજ છે. જે ભાવના આધારે ત્યાર પછીની સર્વ ક્રિયાઓ થતી જોવામાં આવે છે.

આવા તીવ્ર દુઃખો દરમ્યાન શાસ્ત્રના કહેવા મુજબ ભગવાને દેવદુષ્ય ધારણ કરી રાખ્યું હતું અને ત્યાર-બાદ તે વસ્ત્ર આકસ્મિકપણે અદૃશ્ય થતાં, ભગવાન અચેલક રહેવા લાગ્યા. દેવ–દૂષ્ય હતું ત્યાં સુધી, ભગવાન સચેલક કહેવાતા એટલે વસ્ત્રસહિત કહેવાતા અને વસ્ત્ર દૂર થતા તેઓ અચેલક કહેવાયા. અચેલ અવસ્થા પ્રાપ્ત કર્યા બાદ તેઓએ રાજગૃહી–ચંપાપુરી વગેરેમાં ચતુર્માસ કરી, ચોમાસા દરમ્યાન. સ્થિરતા કરી. ચોમાસામાં માસખમણ; ને માસખમણ અને છેવટે ચોમાસી તપ સુધીના તપોની આરાધના કરી.

એક માસથી માંડી ચાર ચાર માસ સુધીના માસ ખમણના તપને તપીને, તેઓ પારણાને દિવસે જુદા જુદા સ્થળે આહાર માટે ઉપસ્થિત થતા આ પારણાની ક્રિયાઓ ઉપર જણાવ્યા મુજબના મહાન પુણ્યશાળીઓને ત્યાં થતી આ વખતે દેનાર લેનાર અને દ્રવ્ય, એ ત્રણેની શુદ્ધિના પ્રભાવે, આહાર દેનારને ત્યાં પાંચ દિવ્ય વસ્તુઓ પ્રગટ થતી હતી.

રાજગૃહી ચંપા ભદ્રિકા વિગેરે નગરીઓ તે સમયે વિખ્યાત હતી. આ નગરિઓમાં 'આલંભિકા' નગરીનો પણ સમાવેશ થાય છે. આ નગરિઓના ચાતુર્માસ દરમ્યાન માસખમણોની તપશ્ચર્યા ઉપરાંત, ભગવાન વિવિધ પ્રકારના અભિગ્રહો પણ ધારણ કરતા હતા આ અભિગ્રહો એટલે અમુક સંયોગોમાં, અમુક વસ્તુઓ પ્રાપ્ત થાય તો તપના અંતે પારણું કરવું. આવા નિશ્ચયો ઘણા દુર્ઘટ છે અને એવા નિશ્ચયો પરિપૂર્ણ થતાં ઘણા પરિષહો તેમને સહન કરવા પડતા. ઘણીવાર, આદરેલાં માસખમણ તપો પણ, અમર્યાદિતપણે વધી જતાં. (સૂ૦૮૯)

## ભગવાન્ કે અનાર્ય દેશમેં પ્રાપ્ત પરીષહ એવં ઉપસર્ગ કા વર્ણન / ઘોર પરીષહ એવં ઉપસર્ગ પ્રાપ્ત હોને પરભી ભગવાન્ કે મન કે અવિકૃત સ્થિતિ કા વર્ણન

'**तए णं**' ઇત્યાદિ શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાંથી નીકળી કઠિન કર્મોના ક્ષય અર્થે અનાર્ય દેશમાં પધાર્યા. ત્યાં ચૌમાસી તપની આરાધના કરતાં થકાં ચતુર્માસમાં સ્થિર થયા. અહિં પ્રભુ ઇર્યાસમિતિ વિગેરે સમિતિઓ વડે યુક્ત થઇને વિચરવા લાગ્યા. આ સ્થળે તેમને સાનુકૂળ પરીષહો સહન કરવા પડયા સ્ત્રીઓ તેમને પ્રાર્થના કરતી હતી તો પણ પ્રભુ વિરત ભાવમાંજ રહેતા હતા. આ ઉપરાંત મ્લેચ્છજાતિના લોકો તરફથી તેમને હેરાન કરવામાં પણ આવતા હતા આવા સાનુકૂળ અને પ્રતિકૂળ બંન્ને પરીષહોને સહન કરતા હતા. તેમજ તે પરી-ષહોની તિતિક્ષા કરવા મૌન ધારણ કરતા હતાં. સાનુકૂળ પરીષહોનો સામનો કરવા તીવ્ર વૈરાગ્યને તેઓ પાળી રહ્યા હતા. તેમને કોઈ વંદન કરતું તો તેનાથી તે ખુશી થતા નહિ. કદાચ કોઈ તેમને નિંદે તો તેનાથી તેમને નાખુશી ઉત્પન્ન થતી નહિ. કોઇ તેમનો તિરસ્કાર કરતું તેમની ઉપર તેઓ દ્વેષ કરતા નહિ. દરેક બાબતમાં સમભાવ રાખી સમપરિણામે સર્વનું વેદન કરતા. 'દરેક પ્રાણી, ભૂત, જીવ, સત્વ પોતપોતાના કર્મોના પ્રભાવ વડે, સંસારરૂપી ભયંકર અટવામાં ભ્રમણ કરી રહ્યા છે એ પ્રકારની સંસારની વિચિત્રતાનો વિચાર કરતા વિચરી રહ્યા હતા. 'દ્રવ્યે અને ભાવે ઉપાધિમાં પડેલા અજ્ઞાની જીવો પાપમય કર્મોના બંધ કર્યા કરે છે' એવું વિચારી ભગવાન પાપ સમૂહથી વિમુખ રહીને વરતતા હતા. છતાંય અનાર્ય દેશમાં નાના બાલકો ભગવાનને જોઇ લાઠી અને મુષ્ટિના પ્રહારો કરતા 'મારો–મારો'ના પોકારો કરી તેમના ઉપર હલ્લાઓ કરતા અને તેમની પછવાડે હોકારાઓ પાડી રોકકળ કરી મારપીટ કરતા. તે દેશના પુખ્ત ઉમરના માણસો તેમને લાકડીઓ વડે મારતા તેમજ તેમની વાળને ખેંચીને કષ્ટ આપતા તો પણ ભગવાન દ્વેષરહિત થઇ વિચરતા.

આ અનાર્ય ભુમિમાં ભગવાનને ગૃહસ્થીઓ બોલાવતા છતાં મૌન સેવતા અને તેમના પરિચયનો ત્યાગ કરતા સહન કરવા અશકય, એવા પ્રભુને આવી પડેલા સંખ્યાબંધ પરીષહોને અહિં ગણવામાં પણ આવ્યા નથી.

## ભગવાન્ કી આચારવિધિ કા વર્ણન

નૃત્ય; ગીત; રંગ-રાગમાં તો, પ્રભુએ, દૃષ્ટિ પણ કરી નથી. દંડયુદ્ધ મુષ્ટિયુદ્ધ આદિયુદ્ધો સાંભળવાની ઉત્કંઠા ભગવાને સેવી ન હતી. સ્ત્રી સમૂહો, ભગવાનને ડોલાયમાન કરવા, એકત્રીત થતાં ત્યારે કામકથામાં લીન થયેલ સ્ત્રી વર્ગનાં અંદરો અંદરના વાર્તાલાપો સાંભળીને પણ, ભગવાને તેમાં રાગ-દ્વેષ અનુભવ્યો નહિ, પરંતુ, મધ્યસ્થ ભાવનું સેવન કરી આશ્રય રહિત થઈ વિચરતા.

ઘોર અને અતિઘોર સંકટો આવી પડતાં, મનને જરાપણ વિકૃત કરતા નહિ પરંતુ સંયમ અને તપની ભાવનાઓથી ભાવિત થઈ વિચરતા.

ભગવાને, અન્યના વસ્ત્રોનું સેવન કર્યું નથી, તેમજ ગૃહસ્થના પાત્રમાં ભોજન પણ આરોગ્યું નથી. તેઓ ભોજન અને પાણીની મર્યાદાને જાણવાવાળા હતા, રસલોલુપી નહિ હોવાથી સર્વ રસદાયક પદાર્થોમાં અનાસક્ત રહેતા અને અપ્રતિજ્ઞ પણ હતા. શરીર શુશ્રૂષા માટે તેમણે કદાપિ પણ, આંખોને સાફ કરી નથી, તેમજ કાયાને ખજવાળી પણ નથી. વિહાર દરમ્યાન, આડીઅવળી નજર નહિ કરતાં સામે દૃષ્ટિ કરી શરીર પ્રમાણ રસ્તાને જોતા જતા. ઈર્યાસમિતિ વિગેરે સમિતિનું યતના પૂર્વક પાલન કરતા કરતા વિચરતા હતા.

શિશિર ઋતુમાં, બંન્ને હાથો ઉંચા કરી સંયમમાં પોતાનું પરાક્રમ દાખવતા બન્ને ભુજાઓને કાંધ ઉપર રાખતા નહિ. અન્ય મુનિજન પણ આ પ્રમાણે વિચરે એવો વિચાર કરી અપ્રતિજ્ઞએવા ભગવાન, અનેકવાર આવી વિધિનું અનુસરણ કરતા હતા. (સૂ૦૯૦)

## ભગવાન્ કે સમભાવ કા વર્ણન

ટીકાનો અર્થ—રાજગૃહિ નગરીમાં આઠમું ચાતુર્માસ વીતાવ્યા બાદ, શ્રમણ ભગવાન મહાવીર ત્યાંથી વિહાર કરી ચાલી નીકળ્યા. ભગવાન, પોતાના ગાઢ કર્મોની ઉદીરણા કરવા માગતા હતા ભૂમિમાં વિચરવાથી કર્મો ચકચુર કરી શકાશે. આ આશયને પૂરો કરવા પોતે અનાર્ય ભૂમિમાં વિચરવા લાગ્યા. અને અનાર્ય ભૂમિમાં ચૌમાસી તપ સાથે નવમું ચોમાસુ વ્યતીત કર્યું. ભગવાનનું રૂપ બ્રહ્મચર્ય અને તપના પ્રભાવ વડે દેદીપ્યમાન લાગતું હતું. તેમનું શરીર પણ કઠણ લોઢા જેવું મજબૂત અને સુદૃઢ હોવાથી તે ભૂમિની સ્વરૂપવાન સ્ત્રિઓ, ભગવાન ઉપર મોહ પામવા લાગી. અને તે તેમને દરેક રીતે ચલાયમાન કરવા પ્રયત્નો કરતી. દરેક પ્રકારના હાવ ભાવ વિલાસ, શરીર સૌદંર્ય વિગેરે બતાવવા ઉદ્યત રહેતી. તેમના સ્થળની આસપાસ, સુગંધિત દ્રવ્યો છાંટી ઋતુની સજાવટ કરતી; જેથી ભગવાન લોભાઇ જાય! એમ તેઓ ધારતી હતી.

ભગવાને આજ સુધી પ્રતિકૂલ સંયોગોનો સામનો કરી કર્મ ક્ષય કર્યો હતો. હવે કુદરતે તેમને સાનુકૂલ (મનોજ્ઞ. જીવ લપસી પડે–જીવને ગમે તેવા) સંયોગો આપ્યા. આ સંયોગોમાં રહી તેમને કર્મક્ષય કરવાનો હતો. કેવી અટપટી કરામત!

આવા મનોજ્ઞ પદાર્થોમાં તો સહેજે લપસી જવાય! અનુકૂલ સંયોગોમાં જીવને બમણું ત્રણગણું, વીર્ય ફોળવવું પડે! પ્રતિકૂલ સંયોગોમાં એક જ પ્રકારનું અને એક ધારૂં વીર્ય દાખવવાનું હોય છે. ત્યારે અનુકૂલતામાં બે જાતના અને તે પણ ઉલટી દિશાનાં વીર્યો (શક્તિઓ) ખૂબખૂબ પ્રમાણમાં દાખવવાં પડે છે. એકબાજુ એક શક્તિદ્વારા પોતાના આત્માને સ્થિર રાખીને, અંતરપરિણામી કરવાનો હોય છે; ત્યારે બીજી બાજુ ઉભા થયેલાં નિમિત્તો સામે ટક્કર જીલવાની હોય છે. પ્રતિકૂળતામાં, આત્મવીર્ય અંદર ગોપવી, પડયા રહેવાનું હોય છે, ત્યારે અનુકૂળતામાં આત્મવીર્ય વારંવાર બહાર જતું રહે છે તેને વારંવાર સમજાવી, સ્થિર કરી, અંતઃગતિ કરવાનું હોય છે. આ છે એક સર્વ કઠિન યોગ સાધના!

## ભગવાન્ કી આચારવિધિ કા વર્ણન

આવા અનુકૂળ સંયોગો એક બાજુ હતા. બીજી બાજુ ભગવાન અચેલ અવસ્થામાં વિચરતા હતા તે વખતે ભગવાને કેટલો સંયમનો ભાર વહ્યો હશે અને આંતર ઇદ્રિયો પર મૂકી દીધો હશે? તે કલ્પનામાં પણ આવતું નથી, અર્થાત્ આ અનાર્ય ભૂમિની સ્ત્રીઓ જગતના સર્વ દેશોમાં સર્વશ્રેષ્ઠ રમણીયો તરીકે પંકાતી. તેમની વચ્ચે આ પ્રભુ મેરૂ પર્વતની માફક, અડોલ અને નિષ્કંપ ઉભા રહ્યા કેવુ મહાન આશ્ચર્ય! આ યોગ સાધનાને જૈનશાસ્ત્રોમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં ગણી લેવામાં આવી છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ યુક્ત સાધુ 'યોગી' ગણાય છે. યોગના સર્વ સાધનો આ આઠ પ્રવચનમાતામાં સમાઇ જાય છે. આ માતાનો આધાર લઇ ભગવાને અનાર્ય ભુમિની સ્ત્રીઓની ભોગપ્રાર્થનાઓ ઉપર વિજય મેળવ્યો અને તેમની વિજયપતાકા યોગરદમ ફરકવા લાગી લોકો પણ આ સાંભળી દિગ્મૂઢ થઇ ગયા અને છેવટે આવા પ્રકારનુ માનસ બતાવવાનું તેઓએ છોડી દીધું. અનુકુળ પરિષહો ઉપરાંત, માર–તાડન–તર્જન–છેદન–ભેદન કુતરાં કરડાવવા લાકડીના પ્રહારો,–મુષ્ટિ,–લાતો, પગથી છૂંદવા ખૂદી નાખવા વિગેરેના દુઃખો તો હંમેશના થઇ પડયાં હતાં. એટલે બધા દુઃખોને સમભાવથી સહન કરતા હતા. ભગવાન આ અનાર્ય પ્રદેશમાં નિરતિચાર પણે રહી વંદન નમસ્કાર–માન–અપમાન–પુજા–શ્રદ્ધા–નિંદા પ્રસન્નતા–અપ્રસન્નતા વિગેરેમાં સમ પરિણામે રહી વિચરતા હતા મૌનપણ એ તેમનો મુખ્ય યોગ હતો. આ ઉપરાંત, રાગ–દ્વેષના ભાવોથી વિરક્ત રહી છએ કાયના જીવોની રક્ષા કરતા.

જીવ ચતુર્ગતિમાં જે ભ્રમણ કરી રહ્યો છે, જન્મ; જરા; મરણના દુઃખો અનુભવિ રહ્યો છે તે સર્વનું મૂળ

તેની પાપમય પ્રવૃત્તિ છે; તેમજ જડ પદાર્થો તરફની અનર્ગલ રૂચિ છે. આને લીધે નરક. નિગોદ; એકેન્દ્રિયથી માંડી પચેન્દ્રિય સુધીની જાતોમા પરિભ્રમણ કરી રહ્યો છે. આ વિવિધ પરિભ્રમણ દ્વારા સંસારની વિચિત્રતા પણ ભોગવી રહ્યો છે. આ સંસારની વિચિત્રતાનો નાશ કરવા આંતરિક અને બાહ્ય સંયમની પ્રબલ આવશ્યક્તા છે, એમ ભગવાનને લાગવાથી તેમણે પૂર્ણ સંયમનો માર્ગ અપનાવ્યો હતો.

સોનું-રૂપુ-હીરા-માણેક-રત્ન-પરવાળા-મણિ વિગેરે બાહ્ય દ્રવ્યો ઉપાધિ રૂપ છે, અને અંતરમાં તેની રૂચિ કરવી તે આત્માની દુષ્પ્રણિધાન વાળી દુષ્ટ પરિણિતિ છે. આ બન્ને પ્રકારની અંતર અને બાહ્ય ઉપાધિમાં આસક્ત થયેલ બાલઅજ્ઞાની જીવ પ્રાણાતિપાત આદિ નિબિડ-ગાઢ પાપકર્મોનો બંધ કરે છે. તેવા પાપોથી ભગવાન વિમુખ હતા. અનાર્ય જાતિના મલેચ્છ લોકો ભગવાનને શારીરિક પીડા આપવામાં કોઈ કચાસ રાખતા નહિ; તો પણ ભગવાન તેમની તરફ દ્વેષ દાખવવાને બદલે કરૂણાજળ વરસાવતા તે જાણતા હતા કે આ બિચારા બાલઅજ્ઞાની જીવો છે. તે નકામા કર્મ બાંધે છે. આ કર્મોનો ઉદય તેમને આવશે, ત્યારે કેટલી વેદના તેઓ અનુભવશે?

## ભગવાન્ કે અનાર્યદેશમેં ઉપસ્થિત પરીષહ એવં ઉપસર્ગ કા વર્ણન

મનોજ્ઞ અને અમનોજ્ઞ વાતાવરણમાં ભગવાન અધિકારી રહી સત્તર પ્રકારના સંયમ અને ચાર પ્રકારના તપ વડે આત્માને ભાવિત કરી, સુખે સમાધે વિચરતા. સર્વ સંયમોમાં ''મૌન'' સંયમને મુખ્ય પણે તેઓ આગળ કરતા. ભગવાન વસ્ત્ર-પાત્ર અદિથી રહિત હતા છતાં ગૃહસ્થના વસ્ત્રપાત્રોનું સેવન કરવાનું મનથી પણ ઈચ્છતા નહિ. શીત-ગરમી વિગેરેને સરખા માની, સમભાવે દિવસો વિતાવતા હતા સંસારના કોઈ પણ રસોથી નિર્લેપ હોવાથી આલોક અને પરલોકની વાંચ્છાથી તેઓ રહિત હતા. શરીર ને આત્મવીર્ય ફોળવવામાં સાધન રૂપ માનતા હોવાથી તેની શુશ્રૂષા તરફનો મોહ તેમને મટી ગયો હતો.

ઉપરના ભાવોનું વિવરણ કરવાનો આશય એટલાં પૂરતો છે કે, ભગવાન જેવા મહાપુરુષો પણ વીતરાગ ભાવ કેળવવામાં, કેટલા સમયથી વિચરે છે? જે સાધુ વીતરાગતા પ્રગટ કરવા માગતા હોય, તેણે, વિતરાગ ભાવ ને પુષ્ટિ આપનારા સર્વ, બાહ્ય અને અંતર્ગત ભૂમિકાઓને અપનાવવી પડશે અને કેવલ જ્ઞાન ક્રિયા તરફનોજ ઝુકાવ લાવવો પડશે, ભગવાને મૂલગુણો અને ઉત્તરગુણોની આરાધનારૂપ આચારના ઉત્કર્ષતાની સાથે વારંવાર પાલન કર્યું તે સાધુ-માર્ગીઓએ વિસ્મરણ કરવું ન જોઈએ. ભગવાનનું આખું જીવન, અને ખાસ કરીને છદ્મસ્થ અવસ્થામાં વિચરવાનું તે એક સાધુજનો અને ગૃહસ્થો માટે, નમુનેદાર આદર્શ છે. આ આદર્શને નજર સામે રાખવાથી સાધુ-ગણતો પોતાનું શ્રેય સાધી શકશે તેમાં તો જરાય સંદેહ નથી! પરંતુ મોક્ષમાં ઈચ્છા ધરાવતો શ્રાવક ગણ એટલે મોક્ષાર્થી પણ આ તેમના સાધુ જીવનમાંથી અનેક પ્રેરણા મેળવી, પોતે પોતાનું જીવન ઘડી, મોક્ષને લાયક બની શકશે! સાધુઓને જેટલો અને જેટલા પ્રમાણમાં લોક સંગ તજવો એવું જે ભગવાને બતાવ્યું છે, તેટલું ને તેના પ્રમાણમાં મોક્ષાર્થી શ્રાવકે પણ વીતરાગતા કેળવવા લોકસંગ તજવો પડશે (સૂ૦૯૦)

# પ્રભુનું વિહારસ્થાન

મૂળનો અર્થ—'**कयाइ भगवं**' ઈત્યાદિ. ભગવાનનાં વિહાર સ્થાનો શિલ્પકારોનીશાળાઓમાં, સભામાં, પ્રપાઓમાં, સૂની દુકાનોમાં, કારખાનાઓમાં, ઘાસની ગંજીઓમાં, ધર્મશાળાઓમાં, આરામગૃહોમાં નગરમાં, શ્મશાન ભૂમિમાં, સૂના ઘરોમાં,અને વૃક્ષોની નીચે હતાં. આ સ્થાનો અને એવાજ પ્રકારનાં અન્ય સ્થાનોમાં, શ્રમણ ભગવાન મહાવીર, યતના પૂર્વક, અપ્રમત્ત દશા અને સમાધિમાં રહેતા હતા. આવા સ્થાનોમાં, ભગવાનને અનેક પ્રકારના ઉપસર્ગો થતા હતા આ ઉપસર્ગો કેવા પ્રકારના હતા તે જણાવતાં શાસ્ત્રકાર કહે છે કે હલનચલન કરવાવાળા પ્રાણીઓ અને પક્ષીઓ પોતાની રીતે તેમને કષ્ટ આપતા.

## ભગવાન્ કે સમભાવ કા વર્ણન / ભગવાન્ કે વિહારસ્થાન કા વર્ણન

જંગલ અને આવા નિર્જન સ્થાનોની મુલાકાત લેતી હલકી કોટીની સ્ત્રીઓ, ભગવાનના દેહાર ઉપર મોહ પામી, તેમને કષ્ટો ઉપજાવતી. સ્વરક્ષણને માટે હાથમાં કુહાડી લઈ ફરનાર ગ્રામજનો મૌન ધારણ કરવાવાળા ભગવાન મહાવીરને ચોર સમજી, તેમને કુહાડીનો માર મારતા ભગવાન આ ગામડીયાઓના કષ્ટો સહન કરી લેતા. આલોક અને પરલોક સંબંધી પ્રિય અને અપ્રિય શબ્દોમાં વિવિધ પ્રકારના મહા ભયંકર રૂપોમાં ભાત ભાતની સુગંધ અને દુર્ગન્ધોમાં, અને તરેહતરેહના સ્પર્શોમાં રતિ અને અરતી લાવ્યા સિવાય મૌન રહીને ભગવાન સહન કર્યે જતા હતા. કોઈ કોઈ સૂના ઘરમાં રાત્રિના વખતે છૂપી રીતે કામભોગનું સેવન કરવાવાળા જાર સ્ત્રી પુરુષો પણ આવતા. તેઓ, ભગવાનને ધ્યાનમગ્ન જોઈ 'તું કોણ છે? શા માટે આવ્યો છે?' એવા પ્રશ્નો પૂછતા. ભગવાન નિરૂત્તર રહી, મૌનપણાને સેવતા આ મૌનપણું જોઈ તેઓ ક્રોધાતુર થતા અને જુદાજુદી જાતના દુઃખો તેમને આપતા આ સર્વ દુઃખોને ભગવાન સુપરિણામે સહન કરતા અને કદાચ ભગવાન જવાબ આપતા કે 'હું ભિક્ષુક' છું તો તો તેમનું આવીજ બનતુ! 'ભિક્ષુક' શબ્દ સાંભળી, તેઓ કષાય યુક્ત થતા ને મારપીટ કરવા મંડી પડતા. ઘણી વખત "ચાલ્યો જા!" "હટો જા!" વિગેરે વાકયોથી પણ ભગવાનને નવાજતાં. આવા વચનો સાંભળી ભગવાન અંતર્ગત વિચારતા કે 'ચાલ્યા જવું એજ શ્રેષ્ઠ છે' આવું વિચારી બોલ્યા ચાલ્યા વિના ત્યાંથી નીકળી જતા હતા. શીતળ પવનવાળી ઠંડી ઋતુમાં જયારે ઠંડા પવનો સૂસવાટા કરતા ફૂંકાતા હોય ત્યારે કોઈ સાધુ ઠંડીમાંથી બચવા માટે યોગ્ય સ્થાનોની શોધ કરતા, કોઈ કોઈની ચાદર (સંઘાટી) ઓઢવાનું પસંદ કરતા તો કોઈ ઠંડીમાંથી છૂટવા માટે છાણાં સળગાવી તાપણું કરતા. આવા સમયમાં પણ ભગવાન જે મુક્તિના અભિલાષી હતા અને અપ્રતિજ્ઞ હતા તેઓ સમ પરિણામે શીતના પરિષહને વેદતા હતા. અન્ય મુનિઓ પણ ભવિષ્યમાં મારા જેવું જ આચરણ કરશે એમ ધારી ભગવાન વારંવાર આવાજ પ્રકારના આચારનું પાલન કરતા. (સૂ૦૯૧)

ટીકાનો અર્થ—મુનિને મહેલાત અને મસાણ સરખાંજ હોય છે. તેમને મન બંને માટીની જ બનાવટ છે. દેહ રહિત એવા સિદ્ધ સુખે જીવે છે.' એ સૂત્ર અનુસાર દેહ ભાનરહિત થવામાં જ તેઓ આનંદ અનુભવે છે.

'જે દ્રષ્ટા છે તે દૃષ્ટિનો જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવ સ્વરૂપ.'

ઉપરના વાકયનું જેને ભાન વર્તી રહ્યું છે એવા ભગવાનને ઉચ્ચ જાતિની માટીની મહેલાતો કેમ પસંદ પડે? તે તો કોઇ પણ એકાંત સ્થળના જ હિમાયતી હતા તેમને કોઈ પણ ઉપાયે પોતામાં સમાઇ જવાની તાલાવેલી લાગી હતી તેથી એવા એવા સ્થળો શોધતા કે જ્યાં કોઈનો પગરવ પણ હોય નહિ! કોઈ તેમને પરેશાન કરે નહિ; કોઈ તેમના કાર્યમા વિઘ્નરૂપ કે અંતરાયનું કારણ થાય નહિ! છતાં આવા એકાંતિક આત્મિક કામમાં પણ તેને ઘણી વિટંબનાઓ ઉભી થતી અને તે વિટંબનાઓનો પણ કોઇ આરો હતો નહિ. ભગવાન લુહારની કોડમાં, પિયાવા જેવી જગ્યાએ, ખંડેર સ્મશાન કે પડતર ઘર કે દુકાનમાં જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં, વસવાટ કરી રહેલ પશુપંખીઓ પણ ઉપદ્રવો ઉભાં કરતાં, તેમ જ આવા સ્થળોએ દુરાચારી વ્યક્તિઓ આવતી જ હોય છે તેથી તેમની દ્વારા પણ ભગવાનને કષ્ટોના તીવ્ર અનુભવો થતા હતા. આ ખાટા–મીઠા સંસારમાં વિવિધ માનસ ધરાવતી વ્યક્તિઓ પોતાને ઠીક લાગે તે રીતે સંસારનો લ્હાવો મેળવવા ઇચ્છે છે, છતાં તેઓની આકાંક્ષા પૂરી થતી જ નથી અને કુતરાના કાનમાં કીડા પડતાં જેમ કુતરાને કયાંય ચેન પડતું નથી તેમ સંસાર લોલુપીને કયાંય પણ સુખ અને શાંતિ નહિ મળતાં આવાં નિર્જન સ્થાનમાં હવાનેબાચકાં ભરે છે. પરંતુ ભગવાન તો પોતાના કાર્યમાં મસ્ત રહેતા હોવાથી આવા કષ્ટોને તદ્દન નિર્માલ્ય જેવા ગણતા, અને પોતાના સ્વભાવમાં તલ્લીન રહેતા. આવી જગ્યાએ ચામાચીડીઆં,–ઘુવડ, ડાંસ,–વીંછી,–ગીધ, આદિ પુષ્કલ પ્રમાણમાં રહેતાં હોવાને કારણે તેઓ, ભગવાનને જુદી જુદી રીતે દુઃખ આપતાં હતાં. પ્રભુના શરીર સાથે મોહની આંધિથી ચાળા કરનાર રૂપસુંદરીઓનો ઉપસર્ગ તેમને કેવો થતો હશે! તે વખતે પ્રભુએ પોતાની કઇ અલૌકિક શક્તિ વડે ઇન્દ્રિયો ઉપર દમન ચલાવ્યું હશે? પ્રભુને ચોર તરીકે ઠેરવીને ગ્રામ્ય રક્ષકોએ તેમના શું હાલ કર્યા હશે? મનુષ્યકૃત–દેવકૃત અને તિર્યંચકૃત ઉપસર્ગો મરણ ઉપજાવે તેવાં હતાં, છતાં ભગવાન તે સર્વને ઉદયભાવે ગણી ફેંકી દેતાં, કારણ કે, તે ઉપસર્ગોને ઉપસર્ગો તરીકે માનતા જ નહિ. જેને આ દેહ ઉપરની સર્વાંગી મમતા ઉડી ગઈ હતી, તેને દેહ રહે તોય શું અને ન રહે તો પણ શું? કારણ કે તેમણે તો દેહને એક 'જડાત્મક' ભાવ તરીકે ગણ્યો હતો. તે દેહ ઉપરના વિતકો–દુઃખો તો તે વખતના જડના પારિણામિક ભાવો જ હતા. તે વખતે જડ દેહ, તે રૂપેજ પરિણમવા સર્જાયેલો હતો. એમ આત્મ બુદ્ધિએ, ભગવાને નક્કી કર્યું હતું. પછી તે દશાને આપણે ઠીક પડે તે અર્થમાં ઘટાવીએ! પરંતુ ભગવાનને દેહ સાથે તો સંબંધ (રુચિ) છૂટી ગયો હતો. આ વાત આંતરિક ભાવને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. જેની ફક્ત બાહ્ય–દૃષ્ટિ છે, તેને આ વાતની ઘેડ બેસશે નહિ. પણ વાસ્તવિક રીતે તો, આ પ્રમાણે જ છે. ભગવાનના સમયમાં, આત્મદર્શન કરવાના હિમાયતીઓ, પોતપોતાની

રીતે, આત્માની વાતો કરતા હતા. આચાર-વિચારોનું પાલન પણ પોતાની દૃષ્ટિએ જ કરતા, છતાં શીતપરીષહને પણ સહન કરવામાં લાચાર હતા. શીતપરીષહને સહન નહિ કરનારા આત્માઓ, ચાદર આદિ વસ્ત્રો, તથા માનવ વસવાટ વિનાના સ્થળોની શોધમાં જ ફરતા હતા. કારણ કે તેઓને દેહ દૃષ્ટિ ગઈ ન હતી.

જૈન ધર્મના સાધુઓ સિવાયના અન્યમાર્ગી સાધુઓ, અગ્નિ વિગેરે પ્રગટાવીને શીત સામે રક્ષણ મેળવતા કારણ કે તેઓ શરીરને, આત્મ-સાધન માનતા. અને "દેહ રખો ધર્મ." માનતા એટલે દેહનું અસ્તિત્વ હશે તો ધર્મ થઈ શકશે. એમ તેઓની ધારણા હતી. આવાઓનું મંતવ્ય, ભગવાનના આચારથી જુદું તરી આવે છે! તે ઉપરોક્ત ઉપસર્ગો દ્વારા સહેજે જાણી શકાય છે. જેને આત્મભાન જાગૃત થયું છે તેને આત્માની સ્વતંત્ર શક્તિ, સ્વ-પર પ્રકાશકનો ગુણ અનંતવીર્ય અને અનંતસુખનો અનુભવ થતાં, દેહ ભાનભૂલાઈ જાય છે, ને કેવલ આત્મા, નિજ શક્તિએ નિર્ભર થઈ, આગલ વધે છે.

દેહ દશા અને આત્મદશા વચ્ચેનું અંતર, આકાશ-પાતાળ જેટલું હોય છે. જેની દેહદૃષ્ટિ છે, તે ગમે તેટલી ક્રિયાઓ કરશે, શરીરને સુકવી નાખી ખાખ બનાવી દેશે, તો પણ, આત્મદર્શન નહિ થાય. પરંતુ જેને આત્મલક્ષ થયું છે, નિજ સ્વભાવની જેને પિછાણ થઈ છે, જેણે આત્મામાં રહેલ અનંત સુખો અને અનંત વીર્ય ઉપર વિશ્વાસ મૂક્યો છે. તે, થોડી પણ શુદ્ધ ક્રિયા કરતો થકો, નિજ નિવાસ ધામમાં પહોંચી શકશે.

ભગવાન તો, નિજભાન સાથે લઇ ને જ અવતર્યાં હતાં. જે 'ઉત્કૃષ્ટ આત્મભાન' ને ક્ષાયિક સમ્યકત્વ કહેવામાં આવે છે; તે સમ્યકત્વ, તે જ ભવમાં, ભગવાનને સિદ્ધ ગતિમાં લઈ જશે. આવા ઉત્કૃષ્ટ ત્યાગીના ત્યાગને, વિષયમાં રાચી રહેલ વિષયનો કીડો, કેવી રીતે સમજી શકે? રૂપ સુંદરીઓના ઝલહલાટ રૂપ આગળ, બાહ્ય ઈન્દ્રિયોના ઉશ્કેરાટનું ભગવાને કઈ શક્તિ દ્વારા, તેનું શમન કર્યું હશે? આવો યોગ જેણે સાધ્યો હોય, અગર આવા યોગમાં જે માનતા હોય તેજ આવા યોગનું પારખું કરી શકે (સૂ૦૯૧)

મૂળનો અર્થ—'तओ भगवं' ઇત્યાદિ. ભગવાને ફરીથી વિચાર કર્યો કે, હજુ મારે ઘણાં કર્મોની નિર્જરા કરવાની બાકી છે. માટે અનાર્ય બહુલ લાટદેશમાં જવું જોઇએ. ત્યાં મારી હેલણા-નિંદા આદિ થવાથી ઘણાં કર્મોની નિર્જરા થશે. આવો વિચાર કરી, તેમણે લાટદેશમાં વિહાર કર્યો. વિહાર કરતાં, માર્ગમાં ભગવાનને ચોર લોકોનો ભેટો થયો. ચોરોએ, ભગવાનને જોઈ, મનમાં વિચાર કર્યો કે, આ મુંડિઓ રસ્તામાં મળવાથી ભારે અપશુકન થયા.! આ અપશુકન તેના વધ માટે જ છે.! આવો નિર્ણય કરી, તેઓએ, ભગવાન ઉપર લાઠીઓ અને મુઠ્ઠીઓના પ્રહાર કર્યા. ત્યારબાદ, ગડદા પાટૂથી માર માર્યો. આ બધું ભગવાને સમપરિણામે સહન કરી લીધું. દુર્ગમ લાટદેશમાં વિચરવાવાળા ભગવાન આ દેશની વજ્રભૂમિમાં અને શુભ્રભૂમિમાં પહોંચી ગયા. અહિં ભગવાનને કંટક-કાંટા-કાંકરા ગરમી-ઠંડી તથા ડાંસ-મચ્છર આદિના વિષમ પ્રકારના કષ્ટો ઉપસ્થિત થતા. તે સર્વને તેમણે સમભાવે સહન કરી લીધા. આ ઉપરાંત, ઉતરવાના સ્થળો પણ ઘણા કષ્ટદાયક હતાં તેમાં પણ ભગવાન અનશન આદિનું સેવન કરી

રહ્યા હતા આ દેશમાં, પ્રભુને અણચિંતવ્યા દુઃખો ઉત્પન્ન થયા. અહિં આહાર લુખ્ખો-સુક્કો અંત પ્રાંત મળતો. અહીંના લોકો મારપીટ ઘણી કરતા. જંગલી ડાઘીયા કુતરાઓને ભગવાન ઉપર છોડી મૂકતા. આ કુતરાઓ, તેમને કરડી નીચે પટકી દેતા. કોઈ વિરલા પુરુષો જ કુતરાઓને હાંકી કાઢતા. બાકી તો કુતરાઓને સીસકારી, ભગવાનની પછવાડે દોડાવતા અને છૂટાં મૂકતાં. ઘણા અનાર્યો તો એમ પણ કહેતા કે, આ નવતર માણુસ કયાંથી આવ્યો છે? માટે તેને અહિંથી કાઢો-રવાના કરો. આ વજ્રભૂમિમાં લોકો કરડી ભાષા બોલતા હતા; તેમજ વાત વાતમાં ક્રોધે ભરાઈ ડંડા ઉડાડવાવાળા હતા. અહિં જંગલી કુતરાઓ તેમજ પાળેલા કુતરાઓ, વિપુલ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતાં હતાં. તેથી શ્રમણો અહિં ડંડા-લાકડી સાથે વિહાર કરતા હતા. તો પણ કુતરાઓ તેમને કરડી પગમાંથી માંસના લોચા કાઢી નાખતા. આ કારણે લોકોમાં એવી વાત પ્રચલિત થઈ હતી કે, લાટ દેશમાં વિચરવું ઘણું કઠણ છે.

ભગવાન અહીં આવા વિકરાળ પ્રદેશમાં આવ્યા છતાં લાકડી-ડંડા વિગેરે કાંઈ પણ રાખતાં નહિ. તેઓનું મંતવ્ય એવું હતું કે 'સાધુઓને લાકડી-ડંડા કાંઇ પણ રાખવું કલ્પતું નથી. ડંડા આદિ રાખ્યા વગર આ વિહાર-ભૂમિમાં ભગવાન વિચરતા હતા, કારણ કે તેમણે દેહની મમતાનો ત્યાગ કર્યો હતો. આથી તેઓ દુર્જનો અને શ્વાનોના કષ્ટો સહન કરવા તત્પર થયા હતા. જેમ સંગ્રામમાં હાથી મોખરે હોય છે તેમ ભગવાન ઉપસર્ગો રૂપી સંગ્રામમાં આગળ રહી સર્વકષ્ટોમાં પારગામી બની ગયા હતા.

કોઈ એક સમયે ભગવાન કોઈ એક ગામની નજીક પહોંચ્યા. ગામમાં તો પૂરેપૂરા પહોંચ્યા પણ ન હતા ત્યાં તો અનાર્ય લોકો સપાટાબંધ બહાર નીકળી 'ચાલ્યો જા-ચાલ્યો જા' વિગેરેના પોકારો પાડવા લાગ્યા. બૂમ-બરાડાની સાથે લાકડીઓના માર પણ મારવા લાગ્યા, જ્યાં જ્યાં તેમને પ્રહારો થયા હતા ત્યાં ત્યાં ફરીથી તેઓએ વિહાર કરવો શરૂ કર્યો. આવી કઠોર ભૂમિમાં ભગવાનને ડાંગ, મુઠી, ભાલા, ફળ, ઢેફાં, ઠીકરા વિગેરેથી મારી-કૂટી તેમનો 'હૂરીયો' બોલાવતા. કોઈ કોઈ વખત તો તેમની વધેલી મૂછોને પકડી આખા શરીરને નીચે વાળી મૂકતાં. કયારેક કયારેક તેમની ઉપર ખૂબ ધૂળ ઉડાડી તેમને ધૂળથી નવરાવી મૂકતા. ઘણી વખત હાથથી તેમને આખા ને આખા ઉપાડી નીચે પટકતા. તેમને ટાંગાટોળી કરી દૂર ફેંકતા અને બેસવાની જગ્યાએ પણ બેસવા દેતા નહિ. આ બધું હોવા છતાં ભગવાન નિર્જરા પરિણામી રહી તમામ સહન કર્યે જતા હતા. તેઓએ તો સમૂળગો મમતાનો ત્યાગ કર્યો હતો. આવી રીતે સંગ્રામભૂમિમા મોખરે રહી કર્મોની સાથે લડાઇ કરતાં, પોતાની વૃત્તિઓ જરા પણ ઉછળવા દેતા નહિ. મુનિજનોનો આ ધર્મ છે ને આ પ્રકારે તિતિક્ષા થશે તો દેહ ભાન ભૂલી જઇ આત્મભાન પ્રગટ થશે એમ સમજી ભગવાને આ આદર્શ પૂરો પાડયો. (સૂ૦૯૨)

ટીકાનો અર્થ—અનાર્ય દેશમાં જાતજાતના ઉપસર્ગો સહન કર્યા પછી ભગવાને ફરીથી ચિંતન કર્યું કે 'મારે હજી ઘણાં કર્મોનો ક્ષય કરવાનો બાકી છે, તેથી મારે તે લાટ દેશમાં ફરીથી વિહાર કરવો જોઇએ, જ્યાં અનાર્ય લોકો વધારે પ્રમાણમાં છે. લાટ દેશમાં અનાદર તિરસ્કાર થવાથી અને ગાળો ખાવાથી તથા એ પ્રકારનો બીજો અનિચ્છનીય વ્યવહાર થવાથી મારા ઘણા કર્મોનો ક્ષય થઇ જશે' એવું વિચારીને તેમણે લાટ દેશ તરફ વિહાર કર્યો. લાટ દેશમાં જેવો પ્રવેશ કર્યો કે તરત જ માર્ગમાં ચોર લોકો મળ્યા. ચોરોએ ભગવાનને જોઈને એમ માન્યું આ માથે મુંડાવાળો સામે મળવાથી આપણને અપશુકન થયા. આ અપશુકન માટે આ મુંડીયો એનું મોત જ માગે

છે એમ વિચારીને ચોરોએ શ્રી પ્રભુને ઉપરાઉપરી લાકડીઓ તથા ગડદાપાટુનો માર માર્યો. ભગવાને તે ત્રાસ સમભાવે સહન કર્યો. ત્યારબાદ દુર્ગમ લાટ દેશમાં વિહાર કરતા ભગવાન ક્રમશઃ લાટ દેશના વજ્રભૂમિ નામના પ્રદેશમાં તથા શુભ્રભૂમિ નામના પ્રદેશમાં પધાર્યા. તે વજ્રભૂમિ તથા શુભ્રભૂમિમાં ભગવાન મહાવીર સ્વામીએ અનેક પ્રકારના કાંટા આદિના ઠંડી અને ગરમીના ડાંસ-મચ્છર આદિના કષ્ટોને સમિતિયુક્ત થઇને સમ્યક્ પ્રકારે નિરંતર સહન કર્યા. તેમણે શરીરને કષ્ટ પહોંચાડનાર સ્થાનોમાં નિવાસ કર્યો અને કષ્ટકારી આસનોનો ઉપયોગ રાખ્યો. તે લાટ દેશની વજ્રભૂમિ અને શુભ્રભૂમિમાં ભગવાન મહાવીર સ્વામીને ઘણા ઉપસર્ગો નડયા.

જેમ કે ત્યાં ભગવાનને લૂખો-સૂકો આહાર મળતો. લાટના લોકોએ ભગવાનને લાકડી તથા મુઠી વડે માર્યા, તેમને કૂતરાઓ કરડાવ્યા અને નીચે પછાડી નાખ્યા. ત્યાંના ઘણા લોકો તો 'કૂતરા ભલે આ શ્રમણને કરડે" એવું વિચારીને કૂતરાઓને સિસકારતા હતા-કરડાવવાને માટે ઉશ્કેરતા હતા અને તે વજ્રશુભ્રભૂમિનાં મોટા ભાગના લોકો તો કઠોર વચનો જ બોલતા હતા અને સ્વભાવે ઘણા જ ક્રોધી હતા. લાટ દેશની તે વજ્રભૂમિમાં બૌદ્ધ આદિ શ્રમણો કૂતરાઓના ભયથી બચવાને માટે ડંડો લઇને તથા યષ્ટિ એટલે કે પોતાનાં શરીરના માપથી ચાર આંગળ લાંબી લાકડી લઇને ચાલતા હતા, તો પણ કૂતરા પાછળની બાજુએથી શ્રમણોને કરડતાં હતાં તે કારણે આ વાત પ્રસિદ્ધ થઈ ગઈ હતી કે લાટ દેશમાં એવી જગ્યાઓ છે કે જયાં ચાલવું પણ મુશ્કેલ છે, એવા લાટ દેશમાં જઈને પણ ભગવાને કદી ડંડો પાસે રાખ્યો નહિ. તેમણે વિચાર કર્યો કે ડંડો ધારણ કરવો સાધુઓને કલ્પતો (ખપતો) નથી. ભગવાન તો દેહની મમતા વિનાના થઇને દુષ્ટ લોકો અને કૂતરાઓ વડે કરાતા ઉપસર્ગો સહન કરતા હતા. જેમ હાથી યુદ્ધના મોરચે આગળ જ વધતો જાય છે તેમ ભગવાન પણ આગળ વધતા ગયા અને ઉપસર્ગોના પારગામી થયા.

એક વખત લાટ દેશની દુર્ગમ ભૂમિમાં કોઈ એક ગામના સીમાડે પ્રભુ પહોંચ્યા. પહોંચતા વેંતજ ભગવાનને જોઇને મ્લેચ્છ લોકો ગામમાંથી બહાર નીકળીને "અહીંથી દૂર ભાગી જાઓ, અહીંથી પાછા ફરો" એમ કહીને લાકડી અને મુકી આદિ વડે મારવા લાગ્યા. જયાં પહેલાં ભગવાન પર પ્રહારો થયા હતા, એજ સ્થાનોમ ભગવાન કર્મોનો ક્ષય કરવા માટે વારંવાર વિચરતા હતા. તે લાટ દેશમાં કોઈ અનાર્ય ડંડાથી, તો કોઇ ગડદાથી, કોઇ ભાલા આદિ શસ્ત્રોની અણીથી, તો કોઇ માટીના ઢેફાથી, કોઇ પથ્થરથી, તો કોઇ ઢેખાળાથી ભગવાનને મારતા અને કોલાહલ કરતા હતા. કોઈ કોઈ વાર તેઓ લોચ કરવા છતાં ફરીથી ઉગેલી ટૂંકી મૂછોને ખેંચી ખેંચીને ભગવાનને વિવિધ પ્રકારના કષ્ટો પહોચાડતા હતા. શરીરનું વિદારણ કરતા અથવા ધૂળથી આચ્છાદિત કરી દેતા હતા. અથવા ઉચકી ઉછાળીને મારતા હતા અથવા આસન પરથી નીચે પાડી દેતા હતા. આટલા બધા ઉપસર્ગો થવા છતાં પણ નિઃસ્પૃહ, શરીર પ્રત્યે નિર્મમ અને ઈહલોક-પરલોક સંબંધી પ્રતિજ્ઞા-કામનાથી રહિત પ્રભુ તે વેદનાને સહન કરતા હતા. આ પ્રમાણે ભગવાને સંવરવાળા થઇને, કઠોર ઠંડી-ગરમી આદિના પરીષહો તથા મનુષ્યાદિ વડે કરાયેલા ઉપસર્ગોને સહન કરતા કરતા સંગ્રામના અગ્રભાગમાં રહેલ વીર પુરુષની જેમ સ્થિર ભાવે વિહાર કર્યો. "**माहन**" એટલે કે કોઇને પણ ન હણો એવો ઉપદેશ આપનાર તથા અપ્રતિજ્ઞ મતિમાન ભગવાન મહાવીરે "મારી જેમજ બધા શ્રવણ આચરણ કરે" એવું વિચારીને વારંવાર તે કલ્પ (વિધિ)નુ પાલન કર્યું. (સૂ૦૯૨)

મૂલનો અર્થ —'तण णं' ઈત્યાદિ ભગવાન રોગગ્રસ્ત ન હતા, છતાં ઉણોદરી તપનુ તેઓએ આરાધ ન કર્યું. આ સિવાય તેમને કુતરાઓ કરડી જતા તો ભવિષ્યમાં એનુ ઝેર ન ચઢી જાય આ ભાવનાથી તેમજ શ્વાસ કાસ આદિ કોઈ પણ રોગો હતા નહિ, પણ ભવિષ્યમાં રોગ ન થાય એ આશંકાથી પણ શારીરિક ચિકિત્સા તેમણે કદિ પણ કરાવી નહિ.

મળ વિસર્જન, નમન, માલિશ, સ્નાન, મર્દન; દંતધાવન વિગેરે ને કર્મબંધનના કારણો જાણી તેનું સેવન તેઓ કરતા નહિ. અને તેઓ મૈથુનથી સર્વથા વિરક્ત હતા તેમજ મૌનવ્રતને ધારણ કરતા હતા. શિશિર ઋતુમાં, તડકામાં ઉભા રહી આતાપના લેતા. આતાપનાના સમયે ઉક્કડુ આસન વાળીને બેસતા હતા. ભગવાને ચોખા, બોરનો ચૂરો અને અડદ આ ત્રણ ઠંડી અને વાસી વસ્તુઓનું સેવન કરી આઠ માસ વિતાવ્યા હતા. ભગવાને પખવાડિયું માસ–અઢી માસ–અને છ માસ સુધીની તપસ્યા કરી વિહાર કર્યો. પારણાના સમયે પણ તેમને વાસી ભોજન કરવું પડયું હતું. કોઇ કોઇ વખતે અઠ્ઠમ ચોલા પાંચ ઉપવાસ વિગેરે કરીને, દ્રવ્ય–ક્ષેત્ર કાલ ભાવ ને જોઈ અપ્રતિજ્ઞ (નિશ્ચય રીતે નહિ) ભગવાન વિહાર કરતા હતા. પાપના માઠાં પરિણામો જોઈ ભગવાને સ્વયં પાપ કર્યું નથી, તેમજ કોઇની પાસે કરાવ્યું નથી. તેમજ કરનારને અનુમોદન પણ આપ્યું નથી. ગામ અગર નગરમા જ્યાં જ્યાં ભગવાન પધાર્યા ત્યાં ત્યાં તેમણે પ્રાસુક આહાર ગ્રહણ કર્યો. પ્રાસુક આહાર એટલે, પોતાના માટે બનાવેલો નહિ. પણ નિર્દોષ આહાર આવા આહારની ગવેષણા કરી, જ્ઞાનયોગ દ્વારા તેને જોઈ તેનો ઉપયોગ કરતા.

ભિક્ષાર્થે ભ્રમણ કરતી વખતે જો કોઇ સ્થળે 'કાગવાસ' અપાતી હોય અને તે સ્થળે પ્રાણીઓ આ 'કાગવાસ'ના ખોરાકને લેવા ભેગાં થયાં હોય તો ત્યાંથી ભગવાન આહાર લીધા વિના પાછા વળી જતા. આ ઉપરાંત જે કોઈ સ્થળે ભગવાન આહાર માટે પ્રવેશ કરતા અને ત્યાં જો તેઓ શ્રમણ, બ્રાહ્મણ, ભિખારી, અતિથિ વિગેરેને ઉભા જોતા તો ત્યાંથી આહાર લીધા વિના ચૂપચાપ પાછા વળી જતા. પાછા વળતી વખતે પણ એવી રીતે ચાલી નીકળતા કે કોઇને પણ અવિશ્વાસ ઉત્પન્ન ન થાય. તેઓ સદાય હિંસાથી બચવા માટે સમિતિયુક્ત રહી ધીમે ધીમે ચાલી અન્ય સ્થળે આહાર ગવેષણા માટે જતા હતા. ખોરાક વઘારેલો હોય કે વઘારેલ ન હોય તેવો ખોરાક, ઢીલો અગર કઠણ ખોરાક, જુના અડદ તથા તેના ફોતરા અથવા સત્વહીન ગમે તે રૂક્ષ ભોજન મળી જાય તેને ભગવાન સમભાવથી ગ્રહણ કરી લેતા. કોઈ વખત ખોરાક મળે કે ન મળે તો પણ તેઓ સમપરિણામી થઇ યથેચ્છ વિચરતા.

અક્કડ આસનથી બેસતા ભગવાન કદાપિ પણ મુખની વિકૃતિ તેમ જ અન્ય કોઈ ચેષ્ટાઓ કરતા નહિ અને તેઓ અપ્રતિજ્ઞ હતા. ઉર્ધ્વલોક, અધોલોક અને ત્રીચ્છાલોકનું સ્વરૂપ વિચારી તેઓ ધ્યાનમગ્ન રહેતા. છદ્મસ્થ અવસ્થામાં પણ ભગવાન કષાયહીન અને અનાસક્ત રહી શબ્દ, રૂપ, ગંધ, સ્પર્શ આદિમાં મૂર્ચ્છાભાવ કરતા નહિ. પોતાના

કર્મ ક્ષય કરવા માટે પોતાનું વિર્ય—પરાક્રમ ફોરવતા, અને કોઈ પણ સમયે પ્રમાદનું સેવન કરતા નહિ. આત્મ-શોધનમાં આખો સમય ગાળતા. તેના જ્ઞાનપૂર્વક સમ્યક્ યોગોના વ્યાપારનો આશ્રય લેતા. અને આ પ્રમાણે જાવજીવ સુધી નિવૃત્ત રહી અમાયી થઇને વર્તતા; તેમ જ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના યોગને ધારણ કરી સમય વિતાવતા. તેવી જ રીતે અન્ય મુનિઓ અમારૂં અનુકરણ કરશે એમ ધારી તેઓ સર્વ બાબતમાં આદર્શરૂપ પોતાનું ચારિત્ર ઘડતા. આ નમુનારૂપ ચારિત્ર ભાવી પેઢીને એક આદર્શ પુરો પાડશે એમ તેમનું સચોટ મંતવ્ય હતું. (સૂ૦૯૩)

ટીકાનો અર્થ—ભગવાન વીરપ્રભુએ, તાવ આદિ રોગોથી રહિત હોવા છતાં ફક્ત કર્મો ખપાવવાના હેતુથી ઉનોદર (ભૂખ લાગી હોય તેના કરતાં ઓછું ખાવું) તપનું સેવન કર્યું. કયારેક કૂતરા આદિ કરડવા છતાં તથા શ્વાસ અને ઉધરસ આદિ રોગોથી રહિત હોવા છતાં પણ ભવિષ્યમાં કદાચ એ રોગ ન થાય તે માટે તેના નિવારણના ઉદ્દેશથી પણ ભગવાને ચિકિત્સાનું કદી પણ અનુમોદન આપ્યું નહીં. ભગવાન વીરપ્રભુ મળાશય આદિની શુદ્ધિ, વમન (ઉલટી), શરીરનું માલિશ, સ્નાન, શારીરિક થાક દૂર કરવાને માટે મર્દન અને દાતણ કરવા વિગેરે ક્રિયાઓને કર્મબંધનું કારણ સમજીને કદી તેનું સેવન કરતા નહીં. મૈથુનનો સર્વથા ત્યાગ કરી મૌન ધારણ કરી અને અહિંસાપરાયણ થઇને વિચરતા હતા. ઠંડી ઋતુમાં ભગવાન વૃક્ષ આદિની છાયામાં બેસીને ધર્મધ્યાનમા લીન રહેતા હતા અને ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ સૂર્યની આતાપના લેતા હતા. આતાપના લેતી વખતે ઉકડૂ આસને બેસતા હતા. ભગવાને ઓદન ( ભાત ), મંથુ (બોર) આદિનો ચૂરો અને અડદ એ ત્રણ લુખા અને વાસી અન્નોનું જ સેવન કરીને આઠ માસ પસાર કર્યાં. ભગવાને અર્ધમાસ (એક પખવાડિયું), એક માસ, બે માસ ઉપર કેટલાક દિવસો અને છ માસ સુધી અશન પાન ખાદીમ અને સ્વાદિમ આહારોનો ત્યાગ કર્યો અને અપ્રતિજ્ઞ (નિશ્ચિત રીતે નહિ) થઈને નિરંતર વિહાર કરતા રહ્યા. પારણામાં વાસી અન્નનું સેવન કર્યું. કોઈ કોઈ વાર ભગવાન ચિત્તની સ્વસ્થતાનો વિચાર કરીને અપ્રતિજ્ઞ ભાવથી છઠ કરીને, તો કયારેક અઠ્ઠમ કરીને, તો કયારેક ચૌલા (ચાર ઉપવાસ) કરીને અને કયારેક પંચોલા (પાંચ ઉપવાસ) કરીને આહાર લેતા હતા.

પાપના દુષ્ટ ફળને જાણીને મહાવીર સ્વામીએ પ્રાણાતિપાત આદિ પાપકર્મોનું ન તો પોતે સેવન કર્યું કે ન બીજા પાસે સેવન કરાવ્યું. તેમ જ પાપોનું સેવન કરનારને કદી અનુમોદન પણ ન આપ્યું.

ગામ અથવા નગરમાં પ્રવેશ કરીને મહાવીર ભગવાને બીજા લોકો માટે બનાવેલ આહારની ગવેષણા કરી આધાકર્મ (કેવળ સાધુના નિમિત્તે બનાવવું તે) આદિ દોષો વિનાના તથા કલ્પે (સ્વીકારી શકાય) તેવા આહારની ગવેષણા કરીને ભગવાને તેનું સમ્યક્ મન, વચન, કાયાના વ્યાપાર સાથે એટલે કે સમભાવથી સેવન કર્યું. ભિક્ષાર્થે ભગવાન જયારે વિચરતા ત્યારે જો કોઈ રસના અભિલાષી એટલે કે જીભના વિષય—રસના લાલચુ, કાગડા વિગેરે પ્રાણીઓને આહારની શોધમાં ઉભેલા જોતા તો તેઓ પોતે તે જગ્યાએથી પાછા ફરી જતા હતા. તદુપરાંત પોતે ત્યાં પહોંચ્યા પહેલાં ત્યાં ઉભેલા શાકય આદિ શ્રમણને, બ્રાહ્મણને અથવા ભીખ માગીને જીવનનિર્વાહ કરનાર ભિખારી-ઓને અથવા કોઈ ખાસ ગામનો આશ્રય લેનાર ભિક્ષુકને, સાધુને કે ચાંડાલને જોઈને તે શ્રમણ આદિને ભોજનપ્રાપ્તિમાં વિઘ્નરૂપ ન થાય તેવા ઉદ્દેશથી વિચાર કરીને તેઓ તે સ્થાનેથી પાછા ફરી જતા હતા. તથા લોકોમાં પૂર્વોક્ત શ્રમણ, બ્રાહ્મણ આદિના અવિશ્વાસનો ત્યાગ કરતા પ્રાણાતિપાત આદિ પાપોથી બચતા સદૈવ ઈર્યા આદિ સમિતિઓથી યુક્ત થઇને ધીરે ધીરે ફરીને બીજી જગ્યાએ આહારની ગવેષણા કરતા હતા. બીજી જગ્યાએ પણ ચાહે શાક-ભાજી સહિતના આહાર મળે કે ચાહે શાક—ભાજી વિનાનો આહાર મળે, ભીનો આહાર મળે કે શેકેલા ચણા આદિનો લુખો—સૂકો આહાર મળે, વાસી મળે કે પુરાણા અડદ મળે, ચણા આદિનાં ફોતરાં મળે કે નિઃસત્ત્વ અન્ન મળે, જે કંઈ પણ

કલ્પે એવું મળે એનો જ આહાર કરતા હતા. ભિક્ષાચર્યામાં (ગોચરી) આહાર મળે કે ન મળે તો પણ સંયમશીલ ભગવાન મધ્યસ્થભાવથી જ વિચરતા હતા.

ઉકડૂ આદિ આસનોથી રહેતા વીરપ્રભુ મુખ આદિ કોઈ પણ અંગ પર વિકાર થવા દેતા નહિ. ઈહલોક અને પરલોકની પ્રતિજ્ઞાથી રહિત થઈને ત્રણે લોકનાં સ્વરૂપનું મનોયોગપૂર્વક ચિન્તન કરીને ધર્મધ્યાનમાં લીન રહેતા હતા. જો કે તે સમયે ભગવાન કેવળ જ્ઞાની ન હતા પણ છદ્મસ્થ હતા, તો પણ ક્રોધ આદિ કષાયો રહિત હતા, મમત્વ વિનાના હતા; તેમજ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ એમ પાંચે ઇન્દ્રિયોના વિષયમાં અનાસક્ત હતા. વિશેષ રૂપથી પોતાના આત્માનું સામર્થ્ય પ્રગટ કરતા ભગવાને એક વાર પણ પ્રમાદ સેવ્યો નહિ. આત્માની શુદ્ધિપૂર્વક, સમ્યક્ મન, વચન અને કાયાના વ્યાપારને પોતે જ આશ્રિત કરીને ભગવાન આજીવન નિવૃત્તિભાવવાળા માયા વિનાના અને પાંચ સમિતિઓથી યુક્ત રહ્યા. આ પ્રમાણે મેધાવી, અહિંસાપરાયણ અને ઈહલોક–પરલોક સંબંધી પ્રતિજ્ઞાથી રહિત ભગવાને "બીજા મુનિઓ પણ આ રીતે આ આચારનું પાલન કરે" એમ વિચારીને આ આચારનું સંપૂર્ણ રીતે પાલન કર્યું (સૂ૦૯૩)

## ભગવાન્ કે અભિગ્રહ કા વર્ણન

મૂળનો અર્થ—'**तएणं**' ઇત્યાદિ. શ્રમણ ભગવાન મહાવીર, લાટદેશમાંથી વિહાર કરી, શ્રાવસ્તી નગરીમાં પધાર્યા. સંયમ-તપ વિગેરેથી આત્માને ભાવિત કરી દશમું ચાતુર્માસ ત્યાં કર્યું. અહિં અટ્ઠમનું તપ આદરી, એક રાત્રીની ભિક્ષુપડિમા અંગીકાર કરી, ધ્યાનમગ્ન થયા. અહિં પણ, દેવ–મનુષ્ય–તિર્યંચોના ઉપસર્ગો ભલી ભાંતિથી તેમણે સહન કર્યાં. આ પ્રકારે વિચરતાં, અગ્યારમું ચૌમાસું વૈશાળી નગરીમાં તેમણે કર્યું. ત્યારબાદ શિશુમાર નામના નગરમાં તેઓ પધાર્યા અને શિશુમાર નગરથી વિહાર કરી, કૌશામ્બી નગરીમાં, તેમનું આગમન થયું. આ કૌશામ્બી નગરીમાં. શતાનીક નામે રાજા રાજ્ય કરતા હતા. તેને મૃગાવતી નામની રાણી હતી. આ રાણીને વિજયા નામની અંગરક્ષિકા હતી. રાજાને 'વાદી' નામનો ધર્માધ્યક્ષ હતો. અને 'ગુપ્ત' નામનો અમાત્ય હતો. અમાત્યની પત્નીનું નામ 'નંદા' હતું આ નંદા શ્રાવિકા હતી, અને મહારાણી મૃગાવતીની બ્હેનપણી હતી.

પ્રભુએ પોષ સુદ એકમના, દિવસે, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ અને ભાવનો વિચાર કરી, તેર બોલવાળો અભિગ્રહ ધારણ કર્યો. આ અભિગ્રહની શરતો નીચે મુજબની હતી :—

જો કોઈ વ્યક્તિ નીચેના આચાર સહિત માલુમ પડે તો હું મારા તપનું પારણું કરીશ. નહિતર આ તપને છ મહિના સુધી ખેંચી, છ માસિક તપની આરાધના કરીશ. (૧) દ્રવ્યથી સૂપડાના ખૂણામાં (૨) બાફેલાં અડદ હોય, (૩) આપવાવાલી વ્યક્તિ કારાગારમાં પૂરાઈ હોય (૪) કારાગારમાં ડેલી પર હોય, (૫) તે પણ બેઠી હોય (૬) તેનો એક પગ ઉંબરાની બહાર અને એક પગ ઉંબરાની અંદર હોય (૭) અન્ય ભિક્ષાર્થિઓ ગયા પછીનો ત્રીજો પ્રહર ચાલતો હોય, (૮) આપનાર વ્યક્તિ વેચાતી લેવાએલી હોય, દાસી તરીકે તેનું જીવન હોય, અને મૂળમાં તે રાજકુમારી હોય, (૯) તેના હાથ-પગમાં બેડીનું બંધન હોય, (૧૦) તેનું માથુ મુંડાવેલ હોય (૧૧) તેનો કચ્છ બાંધેલો હોય (૧૨) તે અટ્ઠમ તપથી યુક્ત હોય (૧૩) તે આંખોમાંથી આંસુનો પ્રવાહ વહેવડાવતી હોય!

ઉપરોક્ત શરતો મુજબ, યથાર્થ આહાર મલે, તોજ તપનું પારણું કરી, તે આહારને શરીરાર્થે ભોગવવો.

નહિતર, તે તપની વૃદ્ધિ કરી, છમાસ સુધી ખેંચી જવું, એવું ભગવાને મનથી નક્કી કર્યું હતું. આવો અભિગ્રહ ધારણ કરી, ભિક્ષાર્થે ફરતાં હતા. પરંતુ તેની પૂર્તિનો યોગ નહીં બનતાં; તેમનું આહાર અર્થેનું પરિભ્રમણ ચાલુ રહયું. (સૂ૦૯૪)

ટીકાનો અર્થ—લાટદેશમાં વિચરણ કર્યા પછી શ્રમણ ભગવાન મહાવીરે લાટદેશમાંથી વિહાર કર્યો. વિહાર કરીને જ્યાં શ્રાવસ્તી નગરી હતી ત્યાં પધાર્યાં. ત્યાં અનેક પ્રકારની તપશ્ચર્યા કરીને પોતાના આત્માને ભાવિત કરતા ભગવાને ત્યાં જ દસમું ચોમાસું કર્યું. ત્યાં ભગવાને અષ્ટભક્ત (અઠ્ઠમ)ની તપસ્યાની સાથે એક રાતમાં પૂર્ણ થનારી ભિક્ષુપ્રતિમા–મુનિના વિશિષ્ટ અભિગ્રહને અંગીકાર કરીને ધ્યાન ધર્યું. ત્યાં પણ ભગવાન શ્રી મહાવીરે દેવકૃત, મનુષ્ય-કૃત અને તિર્યંચકૃત જાતજાતના ઉપસર્ગો ક્રોધ કર્યા વિના સહન કર્યા.

આ પ્રમાણે વિહારને અંગીકાર કરીને એક ગામથી બીજે ગામ વિચરતા ભગવાન વીરપ્રભુએ વૈશાલી નગરીમાં અગિયારમું ચોમાસું કર્યું. ચોમાસું પૂર્ણ કર્યા પછી વીરપ્રભુએ વિહાર કરતા કરતા શિશુમાર નગરમાં પધાર્યા. ત્યાર-બાદ ભગવાન કૌશામ્બી નગરીમાં પધાર્યાં. કૌશામ્બી નગરીમાં શતાનીક નામના રાજા હતા. તેમને મૃગાવતી નામની રાણી હતી. મૃગાવતીની દ્વારપાલિકાનું નામ વિજયા હતું. શતાનીક રાજાનો વાદી નામનો ધર્માધ્યક્ષ હતો અને ગુપ્ત નામે મંત્રી હતો. ગુપ્ત નામના મંત્રીની પત્નીનું નામ નન્દા હતું. નન્દા શ્રાવિકા હતી અને રાણી મૃગાવતીની બેનપણી હતી.

વીરભગવાને પોષ માસના શુકલ પક્ષની પડવેની તિથિએ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ તેર બાબતો વાળો આ પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો. પહેલા દ્રવ્યની અપેક્ષાએ અભિગ્રહ બતાવે છે—(૧) સૂપડાના ખૂણામાં (૨) બાફેલા અડદ એટલે કે બાકળા હોય; ક્ષેત્રથી અભિગ્રહ બતાવે છે–(૩) ભિક્ષા દેનારી વ્યક્તિ કારાગારમાં રહેલ હોય (૪) કારાગારમાં પણ દરવાજાના ઉંબરામાં હોય (૫) તે પણ બેઠેલ હોય (૬) વળી એક પગ ઉંબરા બહાર મૂકેલ હોય અને બીજો ઉંબરાની અંદર રાખીને બેઠી હોય, કાળથી અભિગ્રહ બતાવે છે–(૭) ત્રીજા પહોરે ભિક્ષુકોના પાછા ફર્યા બાદ. ભાવથી અભિગ્રહ બતાવે છે–(૮) ભિક્ષા દેનારી વ્યક્તિ ખરીદાયેલ હોય. રાજાની કન્યા હોવા છતાં દાસી બની હોય (૯) તેના હાથપગમાં બેડિયો નાખેલી હોય, (૧૦) માથું મૂંડેલું હોય (૧૧) કછોટો બાંધેલો હોય (૧૨) અઠ્ઠમની તપસ્યા સહિત હોય (૧૩) આંખમાંથી આંસુ વહેતા હોય; આ પ્રમાણેના અભિગ્રહથી જો આહાર મળશે તો હું પારણું કરીશ આ તેર બોલમાંથી એકની પણ ખામી હશે અને અભિગ્રહ પૂરો નહીં થાય તો છમાસી તપસ્યા કરીશ. આ પ્રમાણે મનોમન નિશ્ચય કરીને ભગવાન ભિક્ષાને માટે કૌશામ્બીના ઘરે ઘરે પરિભ્રમણ કરતા હતા, પણ કોઇ ઘરમાં આ તેર બોલનો અભિગ્રહ પૂર્ણ થતો ન હતો. (સૂ૦૯૪)

## અભિગ્રહ કી પૂર્તિ કે લિયે ફિરતે હુવે ભગાવન્ કે વિષયમેં લોગોં કે તર્ક વિર્તક કા વર્ણન

મૂળનો અર્થ—'एवं' ઇત્યાદિ. આ પ્રમાણે પ્રતિદિન ભ્રમણ કરતાં ભગવાનને જોઈ, લોકો તર્કવિતર્ક કરવા લાગ્યા. લોકોનો કેટલોક ભાગ બોલતો હતો કે, આ ભિક્ષુ હંમેશાં ફર્યા કરે છે પરંતુ ભિક્ષા લેતો નથી, માટે કોઈ પણ કારણ હોવું જોઇએ. કોઇ કોઈ તો બોલતા હતા કે પાગલ થઈ જવાને કારણે ઘૂમ્યા કરે છે. કોઈ કોઈ એમ પણ બોલતા હતા કે રાજાનો જાસુસ છે; જેથી કોઇ વિશિષ્ટ કાર્યને માટે અહિં તહિં ફર્યા કરે છે. કોઈ કોઇ તો એમ પણ બોલતા કે આ સાધુ ચોર છે, અને ચોરી માટે ચારે તરફ જોયા કરે છે. કોઈ કોઇનું બોલવું એમ પણ થતું કે આ છેલ્લા તીર્થંકર છે અને પોતાનો અભિગ્રહ પાર પાડવા આવી રીતે ગમનાગમન કર્યા કરે છે. લાબા વખત પછી દરેકના જાણવામાં આવ્યું કે આ ભિક્ષુ ત્રિલોકીનાથ છે. જગતના સર્વ જીવોનો હિતકારી શ્રમણ ભગવાન મહાવીર છે. અને પોતાના અભિગ્રહની પૂર્તિ માટે ફરે છે પણ અભિગ્રહ પૂરો થતો લાગતો નથી.

આ પ્રકારે અવરજવર કરતાં છ મહિનામાં પાંચ દિવસ ઓછા એટલો સમય પસાર થઈ ગયો. આ વ્યતીત વખતના બીજે જ દિવસે કોઇ એક ઘેર આહાર અર્થે જઇ પહોંચ્યા, તો ત્યાં લોઢાની બેડિઓથી બંધાએલ સ્થિતિમાં ચંદનબાલા નામની કોઇ એક કુમારિકાને તેમણે ધનાવહ શેઠના મકાનમાં જોઇ ભગવાન જાણે સાક્ષાત્ લોખંડની બેડી તોડવાને બદલે અનાદિ કાલિક સંસારની બેડીને તોડવાવાળા લુહાર આવ્યા ન હોય! તેમ ચંદનબાલા ભગવાનને જોઇ હર્ષથી પુલકિત થઈ. તેના ચિત્તમાં આનંદ વ્યાપી ગયો. તેનું હૃદય વિકસિત થયું અને તે વિચારવા લાગી કે "હજુ મેં પાપ કરતાં પાછું વાળીને જોયું છે કે શેષ પુણ્યના પ્રતાપે આવા મહાનપાત્ર મારી પાસે આવી ચડયા! જાણે આ અતિથિ રૂપમાં કલ્પવૃક્ષ જ મારા આંગણા રૂપી ઉદ્યાનમાં ઉગી નીકળ્યું. આ પ્રકારે વિચારી તેણીએ પ્રભુને પ્રાર્થના કરી કે હે ભગવાન! આ ભોજન ગ્રહણ કરવા યોગ્ય નથી, છતાં કલ્પવા યોગ્ય હોય તો હે ભગવાન, આપ મહેરબાની કરી લ્યો એવી મારી પ્રાર્થના છે.

## અભિગ્રહ કી પૂર્તિ કે લિયે ફિરતે હુવે ભગાવન્ કે ચન્દનબાલા કે સમીપ પહુઁચને કા વર્ણન

અહીં ભગવાને અભિગ્રહની બાર શરતો પૂર્ણ થતી જોઈ, પણ તેરમી શરત જોવામાં આવી નહિ, તેથી ભગવાન પાછા વળવા લાગ્યા. ભગવાનને પાછા ફરતા જોઈ ચંદનબાલા શોક કરવા લાગી કે 'આગણે આવેલ સાક્ષાત્ દેવાધિદેવ પાછા ફરી રહ્યા છે, હું કેવી અભાગણી છું કે હાથમાં આવેલું રત્ન ખોઇ બેઠી! હું ખરેખર પાપણી છું, અકૃતાર્થ છુ, પુણ્યહીન છુ, વિભવહીન છું, મને મારા જન્મ અને જીવનનું શુભ ફળ ન મળ્યું. મને અભાગણીને જીવનમાં દુઃખપરંપરાઓનો જ લાભ મળ્યો. મારી એ કમનસીબી છે કે મારા અઠ્ઠમના પારણે આવેલા આવા અભિગ્રહી મુનિ ભગવાન મહાવીર આહાર વિના પાછા વળી ગયા. ઘરમાં આવેલું કલ્પવૃક્ષ હાથમાથી ચાલ્યું ગયું. અરે! મેં તો હાથમાંથી આવેલું રત્ન ગુમાવ્યું! આવા પ્રકારનો શોકવિલાપ કરી ચંદનબાલા રડવા લાગી, અને તેની આંખમાં ઝળઝળીયાં આવ્યાં, ચંદનબાલાની આંખમાં જ્યાં આંસુનું બિંદુ દેખાયું કે ભગવાન પાછા પધાર્યા. કારણ કે

'આંખમાં આંસુ'એ તેમના અભિગ્રહની તેરમી શરત હતી. તેરેતેર બોલ પરિપૂર્ણ થતાં ભગવાને ચંદનબાલાના હાથે અડદના બાકળા કરપાત્રમાં સ્વીકાર્યા અને એ રીતે પ્રભુએ દીર્ઘ તપશ્ચર્યાનું પારણું કર્યું.

આ વખતે ધનાવહ શેઠને ત્યાં પાંચ દિવ્યો પ્રગટ થયા. પાંચ દિવ્યો પ્રગટ થતાં દેવોએ દુંદુભી ધ્વનિ સાથે 'જયજયકાર'ની ઘોષણા કરી અને ચંદબાલાનો મહિમા ગાયો. તેના હાથની બેડીઓના સ્થાને સુવર્ણમય કંકણો અને ઝાંઝરોના અલંકારો દેખાયાં. તેના માથાના મુંડનને બદલે સુંદર કેશકલાપ દૃષ્ટિગોચર થયો. તેનું આખુ શરીર વિવિધ પ્રકારના વસ્ત્રો અને અલંકારોથી-વિભૂષિત થયું. સર્વત્ર હર્ષનાદો થવા લાગ્યા. દેવદુંદુભીનો અવાજ સાંભળી લોકો ત્યાં ઉભરાયા અને ચંદનબાલાની પ્રશંસા કરવા મંડયા. તે વખતે લોકો ધનાવહ શેઠને ધન્યવાદ અને મૂલા શેઠાણીની નિંદા કરવા લાગ્યા. લોકોને આ પ્રમાણે બોલતા સાંભળી ચંદનબાલાએ તેમને અટકાવ્યા અને કહ્યુ કે 'આ મૂલા માતા જ મારો મહાન ઉપકાર કરવાવાળી છે. જેના પ્રભાવવડે આજે મને આવો અનુપમ અવસર પ્રાપ્ત થયો. (સૂ૦૯૫)

ટીકાનો અર્થ—સામાન્ય ખોરાક એ ભિક્ષુકનું ભોજન છે. આવું ભોજન તો ગમે ત્યાંથી પ્રાપ્ત થઈ શકે છે, છતાં આ ભિક્ષુ ઘેર ઘેર આથડે છે, ને ભોજન તેની આગળ ધરવા છતાં તે લેતો નથી. માટે આ ભિક્ષુનો જુદો જ ઈરાદો હોવો જોઇએ એમ લોકો અંદરોઅંદર વાતો કરતા હતા. આ વાતો સામાન્યપણે આખા ગામમાં ચર્ચાવા લાગી, ને આ ચર્ચામાંથી અનેક પ્રકારના તર્કવિતર્કો ઉભા થવા લાગ્યા. વાત વાયુવેગે પ્રસરતાં લોકો આ ભિક્ષુકની ટીકા કરવા લાગ્યા અને જાતજાતના ગપગોળા ફેંકવા લાગ્યા. આ કલ્પનાનો કોઈ પણ અંત હતો નહિ. કદાચ આ ભિક્ષુક કોઈ દુશ્મનનો જાસુસી મનુષ્ય હોવો જોઇએ! તેમ જ કદાચ ચોરી કરવા નિમિત્તે ચારેકોર તપાસ પણ કરી રહ્યો હોય!

## ભગવાન્ કો આહાર ગ્રહણ કે લિયે ચન્દનબાલા કી પ્રર્થના / ભગવાન્ કો ભિક્ષા ગ્રહણ કિયે બિના હી પીછે ફિરતે દેખકર ચન્દનબાલા કે અશ્રુપાત કા વર્ણન / ધનાવહ શેઠ કે ઘરમેં પાંચ દિવ્ય પ્રગટ હોને કા વર્ણન

આવી દુષિત નિંદાઓ ઉપરાંત સજ્જનોનો વિચારપ્રવાહ પણ વહેતો થવા લાગ્યો. આ વિચારપ્રવાહમાં ભગવાનને તીર્થંકર તરીકે સંબોધી તેઓ કોઇ પોતાના અભિગ્રહને પાર પાડવા પ્રયાસ કરી રહ્યા હશે તેમ તેમને લાગવા માંડયુ. તીર્થંકરો પોતાના કર્મોને તોડવા માટે વિવિધ પ્રકારના ભગીરથ પ્રયાસો અગાઉ કરતા હતા, એવું મંતવ્ય પણ વિદ્વાનો જાહેર કરી રહ્યા હતા. નાના પ્રકારના ગપગોળાની વચ્ચે શું સત્ય છે તે શોધવું ઘણું મુશ્કેલ થઈ પડયું હતું. આખા ગામની ચર્ચા આ વિષય ઉપર કેન્દ્રિ થઈ હતી. લોકો પણ ચર્ચા કરતા કરતા થાકી ગયા હતા, કારણ કે લગભગ છ માસનો વખત વ્યતીત થતાં તે વાત જુની અને પુરાણી બની ગઈ હતી અને કાલના ઇતિહાસમાં નવનવા પ્રકરણો દિનપ્રતિદિન ઉપસ્થિત થતાં લોકોનો રસ આ બાબતમાં ઘટવા લાગ્યો. ભગવાન પણ ઇચ્છિત આહારનો હમણાં જોગ નથી એમ વિચારી શાંત રહી આહાર માટે ઝાઝી મથામણ નહિ કરતાં શાંતચિત્તે આત્મમંથનમાં ચિત્ત પરોવા લાગ્યા. સજ્જનોને મન આ વાત હૃદયમાં ખૂંચવા લાગી કે આટઆટલો વખત પસાર થઈ ગયો છતાં અમે ભગવાનને ઇચ્છિત આહાર આપી શકયા નહિ! તે અમારૂં ખરેખરૂં કમભાગ્ય છે. ભગવાનને તો આ બાબતનું દુઃખ હતુંજ નહિ. કારણ કે તેમને તો આવા બાના નીચે વધારે કર્મક્ષય થતો હોવાથી, તેમજ આત્મ-સ્વભાવનું પ્રાબલ્ય વધવાથી

અપૂર્વ આનંદની હેલી વરસતી હતી, છતાં શરીર સાથેનો પૂર્વ સંયોગ કોઈ કોઈ વાર ડોકીયું કાઢતાં છતાં આહારની ઈચ્છા પ્રગટ પણ થતી છતા તે ઈચ્છાને જ્ઞાનયોગ દ્વારા વિવેકથી શાંત પાડતા અને વિચારતા કે, કાળ જ્યારે પરિપકવ થશે ત્યારે જ આહારની જોગવાઈ આપોઆપ થઈ જશે! આ પ્રમાણે કાળ વ્યતીત થતાં છ મહિનામાં પાંચ દિવસ ઓછા રહેતાં ધનાવહ શેઠને ત્યાં આહાર અર્થે ભગવાનનું આગમન થયું ત્યારે તેમણે ઈચ્છિત વસ્તુઓ સમગ્રપણે એકત્ર થયેલી જોઇ. પરંતુ એક મુખ્ય વસ્તુનો અભાવ જોતાં તે પાછા વળવા લાગ્યા. આ વસ્તુ એ કે હૃદયનો તીવ્ર ઉલ્લાસ. અને તે ઉલ્લાસની નિષ્ફળતાની પછવાડે અશ્રુપાત. આ બંને ભાવો ભક્તિના પૂરક છે. જે ભક્તમાં પોતાના ઇષ્ટદેવને માટે હૃદયનો ઉલ્લાસ ઉંછળતો હોય તેનામાં આ બે વાનાં તો જરૂર હોવા ઘટે! ઉપરોક્ત ભાવ ભગવાને જ્યારે પાછા વળતી વખતે જોયો કે તરત જ પોતાનો અભિગ્રહ પૂરો થયેલો જોયો અને ભક્તનો લુખો–સુકો આહાર વહોરી ભક્તના હૃદયના અને તેના સંસારનાં તીવ્ર બંધનો તોડી નાખ્યાં તેમજ ભક્ત ચંદનબાળાને મરણના અસહ્ય બોજામાંથી મુક્ત કરી. અગાધ દુઃખના ગર્તમાં ધકેલી દેનાર તેની કહેવાતી મૂલા માતાની નિંદા કરનાર લોકોને અટકાવી ચંદનબાળા બોલી કે, 'મારી માતાએ મને આ પ્રમાણે ન કર્યું હોત તો હું શી રીતે સાક્ષાત્ ભગવાનનાં દર્શન કરી શકત! અને આવું મારૂં ફેંકી દેવા લાયક તુચ્છ ધાન્ય ભગવાનના કરપાત્રમાં શી રીતે પડત! આ બધો સંયોગ મેળવી આપનાર મારી મૂલા માતાનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે! આમ કહીને મૂલા શેઠાણીને ગદ્‌ગદ્ કંઠે બાઝી પડી. (સૂ૦૯૫)

## ચન્દનબાલા કે ચરિત્ર કા વર્ણન

મૂળનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ આ વખતે આકાશમાં દિવ્ય ઘોષણા સાંભળવામાં આવી કે 'આ ચંદનબાળા શ્રમણ ભગવાન મહાવીરની પ્રથમ શિષ્યા થશે.' જેના હાથે ભગવાને આહાર ગ્રહણ કર્યો તે ચંદનબાળા કોણ હતી? તેનો સંક્ષેપ હેવાલ નીચે વર્ણવવામા આવે છે—

કોઈ એક સમયે કૌશામ્બી નગરીના અધિપતિ રાજા શતાનીકે ચંપાનગરીના નાયક રાજા દધિવાહન ઉપર આક્રમણ કર્યું. તેને હરાવી ચંપાનગરીને લૂંટી લીધી, દધિવાહન રાજા રાજ્ય છોડી નાસી ગયો. ત્યારબાદ શતાનીક રાજાનો એક યોદ્ધો દધિવાહન રાજાની રાણી ધારિણી અને તેની પુત્રી વસુમતીને રથમાં બેસાડી કૌશામ્બી નગરી તરફ ઉપડી ગયો. માર્ગમાં તેણે ધારિણી રાણીને કહ્યું કે, 'હું તને મારી રાણી બનાવીશ.' આ સાંભળી શીલભંગના ભયથી રાણી જીભ કરડી મરી ગઈ. ધારિણી રાણીની આવી દશા જોઈ યોદ્ધાએ વિચાર કર્યો કે કદાચ વસુમતી પણ આ પ્રમાણે કરી બેસે તો? આથી તેણે વસુમતીને કાંઈ પણ કહ્યું નહિ ને સીધી કૌશામ્બી નગરીમાં લઈ જઈ તેને ચોક વચ્ચે ઉભી રાખી અને તેનું લિલામ કરી પૈસા ઉપજાવ્યા. આ વસુમતીનું વેચાણ એક વેશ્યાને ત્યાં થયું. કારણ કે તેણીએ વધારે મૂલ્યની આંકણી મૂકી હતી. આ દૃશ્ય જોઈ વસુમતીએ વેશ્યાને પ્રશ્ન કર્યો કે 'હે માતા! તમો કોણ છો અને કયા પ્રયોજનથી તમો મારી ખરીદી કરો છો?' વેશ્યાએ આ સાંભળી પ્રત્યુત્તર આપ્યો કે 'હું ગણિકા છું અને પરપુરુષોના મનોરંજન માટે તારી ખરીદી કરૂં છું.' ગણિકાનું આવું અનર્થકારી હૃદયવિદારક અને વજ્રપાત સમાન વ્યથાજનક વચન સાંભળી વસુમતી હૃદયફાટ રૂદન કરવા લાગી. તેનું કલ્પાંત સાંભળી ત્યાં ઉભા રહેલા ધનાવહ શેઠ મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કન્યા કોઈ ઉત્તમ રાજાની અથવા કોઈ શેઠની હોવી જોઈએ. જેથી આ આપત્તિનું પાત્ર ન થાય તો સારૂં એટલે આ વેશ્યાને ત્યાં ન વેચાય તે ઇચ્છવા યોગ્ય છે. એમ વિચારીને તે શેઠે

ગણિકાને સમજાવી, વધારે ધન આપી તેની પાસેથી વસુમતીને મેળવી લીધી. શેઠ અને તેની પત્ની મૂલા તેને પોતાની પુત્રી સમાન ઉછેરવા લાગ્યા.

કોઈ એક ઉનાળાની ઋતુમાં ધનાવહ શેઠ અગત્યના કામને લીધે બહાર ગયા હતા. ગરમી અને પ્રચંડ તાપને લીધે અકળાતા તેઓ ઘરમાં દાખલ થયા. તે વખતે કોઈ પણ નોકર કે શેઠાણીની હાજરી જોવામાં આવી નહિ. પોતે ગરમીથી ઘણા આકુળ–વ્યાકુળ થતા હતા. આ જોઈ વસુમતી બહાર આવી અને શેઠે ના પાડવા છતાં પોતાના પિતાતુલ્ય ધનાવહ શેઠના પગ ધોવા લાગી. પગ ધોતી વખતે વસુમતીનો અંબોડો છૂટો થઈ જવાથી તેની લટો નીચે પડી ખરાબ થશે ને રગદોળાશે એવા વિચારથી અંબોડાને પોતાના હાથમાં લઈ શેઠે બાંધી દીધો. આજ સમયે મૂલા શેઠાણી બારીમાં બેઠી હતી તેણે આ બધું નજરોનજર નિહાળ્યું. આથી તેનું મન ચગડોળે ચડયું અને વિચારવા લાગી કે આ કન્યાનું પાલન–પોષણ કરવામાં મેં ગંભીર ભૂલ કરી છે. કદાચ શેઠ આ છોકરી સાથે લગ્નગ્રંથીથી જોડાઈ જશે તો મારી કફોડી સ્થિતિ થઈ જશે. રોગ અને દુશ્મનને ઉગતાં જ ડામવા જોઈએ! આવો વિચાર મનમાં આણી વસુમતીનું કાસળ કાઢી નાખવા તે તત્પર થઈ.

કોઈ એક વખતે શેઠને બહારગામ જવાનું થયું. તે સમયનો લાભ લઈ તેણીએ એક હજામને બોલાવ્યો અને વસુમતીના મસ્તકનું મુંડન કરાવી નાખ્યું. તેના હાથપગમાં બેડીઓ નાખી તેને ભોંયરામાં હડસેલી મૂકી અને ભોંયરાને તાળું વાસી પોતે મેડી પર ચડી ગઈ. મેડી પર આવી કપડાંલત્તાથી સજ્જ થઈ પોતાના પિયેર પહોંચી ગઈ. આ ભોંયરામાં વસુમતી ભૂખ અને તૃષાથી પીડિત થઈ વિચારવા લાગી કે—

"ક્યાં તે રાજકુલ મારૂં, ક્યાં આ દુર્દશા મારી;
કયા એ પૂર્વકર્મોએ, કરી છે આ દશા મારી."

એટલે કે 'ક્યાં મારૂં રાજકુળ અને ક્યાં આ ભોંયરાનું કેદખાનું? કયા અશુભ કર્મોનો આ વિપાક હશે' આમ વિચારે ચડતાં તેણીએ 'કેદમાંથી મુક્ત થાઉં ત્યાં સુધી તપની આરાધના કરીશ' એવો નિશ્ચય કર્યો. અને આ આરાધના સાથે તેણે નમસ્કાર મંત્રના જાપ શરૂ કર્યા. આમ કરતાં તેણીએ ત્રણ દિવસ પસાર કર્યા. ચોથે દિવસે શેઠ ઘેર આવ્યા. વસુમતીને નહિ દેખવાથી નોકરવર્ગને પૂછયું નોકરવર્ગને શેઠાણીએ મનાઇ કરેલ હોવાથી તેઓ કાંઈ જવાબ આપી શકયા નહિ. નોકરો તરફથી જવાબ નહિ મળતાં શેઠ ક્રોધે ભરાયા અને ઘરની બહાર ચાલ્યા જવાનો સર્વેને હુકમ કર્યો. આ નોકરવર્ગની અંદર એક વૃદ્ધ દાસી હતી. તેણે જીવના જોખમે પણ વસુમતીને બચાવી લેવા દૃઢ નિશ્ચય કર્યો. મન મજબૂત કરી તે દાસીએ શેઠને સર્વ હકીકતથી વાકેફ કર્યા. આ સાંભળી શેઠ ભોંયરા પાસે પહોંચ્યા, તાળું તોડી વસુમતીને બહાર કાઢી. 'બે ત્રણ દિવસથી ભૂખી–તરસી છે' એમ જાણી ઘરમાં અન્નને માટે શોધ કરી, પણ ક્યાંય કોઈ પણ પ્રકારનું અન્ન તેમને હાથ આવ્યું નહિ. તપાસ કરતાં કરતાં ભેંસને ખાણમાં આપવાના અડદને ચુલે ઉકળતા જોયા. ઝડપ લઇને તેમણે સૂપડું હાથમાં લીધું, અને તેમાં અડદના બાકળા લઈ વસુમતી પાસે આવી તેની સામે ધર્યા. 'હું હમણાં આવું છું' એમ વસુમતીને કહી તેઓ બેડી તોડવા માટે લુહારને બોલાવવા ગયા.

વસુમતી આ અડદના બાકળાવાળા સુપડાને હાથમાં લઈ વિચારવા લાગી કે 'આજ સુધી તો કોઈ પણ પ્રકારના તપની પૂર્તિ પહેલાં અન્નદાન આપ્યું છે, અને અન્નનું દાન આપ્યા પછી જ મેં પારણું કર્યું છે, તો આ

અઠ્ઠમતપનું પારણું કોઇને દાન દીધા વિના કેવી રીતે કરૂં ? આ કોઇ નિવિડ અશુભ કર્મોનો ઉદય છે કે મને આવી દુર્દશા પ્રાપ્ત થઈ ! અત્યારે કોઈ અતિથિ અર્થાત્ મહાત્મા આવી પડે ને તેને દાન દઉં તો કેવું સારૂં ? અને આવું દાન લેનાર કોઈ તથા રૂપનો આત્માર્થી મુનિ હોય તો કેવું સુંદર ! આવા પ્રકારની ચિંતવના કરતી અને ભાવ પ્રગટ કરતી તે એક પગ ઉંમરાની બહાર અને એક પગ ઉંમરાની અંદર કરી મુનિની રાહ જોવા લાગી. વસુમતીનો સ્વભાવ ચંદન જેવો શીતળ અને ચંદ્રમા જેવો ઠંડો હોવાના કારણે તેનું નામ 'ચંદનબાલા' પાડવામાં આવ્યું હતું અને આ નામથી તે પ્રસિદ્ધિને પામી હતી. (સૂ૦૯૬)

ટીકાનો અર્થ—ભગવાને પારણું કર્યા પછી દેવોએ આકાશમાં એવી ઘોષણા કરી કે "આજ ચંદનબાળા શ્રમણ ભગવાન મહાવીરની સૌથી પહેલી શિષ્યા થશે." જેના હાથે ભગવાને પારણું કર્યું એ ચંદનબાળા કોણ હતી ? જિજ્ઞાસુઓને આ વાતનો પરિચય કરાવવા માટે ચંદનબાળાનું સંક્ષિપ્ત વૃત્તાંત આપવામાં આવે છે—

એક વખત કૌશામ્બીનગરીના રાજા શતાનીકે ચંપાનગરીના રાજા દધિવાહનના રાજ્ય પર પોતાનાં સૈન્ય સાથે આક્રમણ કર્યું અને છળનો આશ્રય લઇને ચંપાનગરીને લુંટી. ચંપાનગરીમાં લુંટફાટ શરૂ થતાં રાજા દધિવાહન ભયભીત થઇને નાસી ગયો તે વખતે શતાનીકનો કોઈ યોદ્ધો દધિવાહન રાજાની ધારિણી નામની રાણીને અને વસુમતી નામની પુત્રીને રથમાં નાખીને કૌશામ્બીની તરફ ઉઠાવી ગયો. રસ્તામાં તે યોદ્ધાએ રાજા દધિવાહનની રાણી ધારિણીને કહ્યું કે "હું તને મારી પત્ની બનાવીશ." યોદ્ધાનું આ કથન ધારિણી રાણીએ સાંભળતાં તેને પોતાનું શિયળ ભંગ થવાનો ડર લાગ્યો, તેથી તેણે પોતાની જીભ બહાર ખેંચી કાઢીને પ્રાણત્યાગ કર્યો. ધારિણીને મૃતાવસ્થામાં જોઇને તે યોદ્ધો ભયભીત થયો. તેણે વિચાર કર્યો કે કદાચ એવું બને કે વસુમતી પણ ધારિણીની જેમ અનિચ્છનીય કાર્ય કરી બેસે-પ્રાણત્યાગ કરે. આમ વિચારીને તેણે પોતાના મનની કોઈ પણ વાત વસુમતીને ન કહેતાં કૌશામ્બીના ચોકમાં લઈ જઇને તેને વેચી દીધી. એક વેશ્યાએ યોદ્ધાએ નક્કી કરેલી કીંમત આપીને વસુમતીને ખરીદી લીધી. ત્યારબાદ વસુમતીએ તે વેશ્યાને પૂછયું, "માતાજી, તમે કોણ છો ? અને શા ઉદ્દેશથી તમે મને ખરીદી છે ?" વસુમતીના આ પ્રશ્ન બાદ તે ગણીકાએ કહ્યું, "હું વેશ્યા છું. પર-પુરુષોને પ્રસન્ન કરવા, વિલાસ આદિ દ્વારા તેમનું મનોરંજન કરવું તે વેશ્યાનું કામ છે.

હૃદયનું વિદારણ કરનાર-મનમાં ખેદ ઉત્પન્ન કરનાર, આર્યજનોને માટે અનુચિત તથા વજ્રપાત જેવાં અસહ્ય વચન સાંભળીને વસુમતી આક્રંદ કરવા લાગી રડતી વસુમતીની દુઃખભરી વાણી સાંભળીને એજ ચોકમાં ઉભેલા ધનાવહ નામના એક શેઠે વિચાર કર્યો, "મુખાકૃતિ પરથી લાગે છે કે આ રડતી બાળા કાંતો કોઇ મોટા રાજાની અથવા કોઇ પૈસાદારની દીકરી હોવી જોઈએ. આ બિચારી બાળા દુઃખી ન થાય તો સારૂં." એવું વિચારીને વેશ્યાને મોં માગ્યા દામ ચુકવીને તેણે વસુમતીને લઈ લીધી. તે તેને પોતાને ઘેર લઈ ગયો. ઘેર લઈ ગયા પછી ધનાવહ શેઠ અને તેની પત્ની મૂલાએ વસુમતીનું પોતાની જ પુત્રીની જેમ પાલનપોષણ કરવા માંડયું.

એકવાર ગ્રીષ્મ ઋતુનો સમય હતો. ધનાવહ શેઠ બીજે ગામ જઇને પોતાને ઘેર પાછા ફર્યા. જ્યારે તેઓ ઘેર આવ્યા ત્યારે કોઈ નોકર હાજર ન હતો તેથી વસુમતી જ ધનાવહને પોતાના પિતા ગણીને તેમના પગ ધોવા લાગી. ધનાવહે ના પાડી, પણ તે માની નહીં જ્યારે વસુમતી ધનાવહના પગ ધોતી હતી ત્યારે તેનો કેશકલાપ

(અંબોડો) છૂટી ગયો. શેઠ ધનાવહે મનમાં "તેના વાળની લટો કાદવવાળી જમીન પર રખેને પડે." આમ વિચારીને તેમણે નિર્વિકાર ભાવે-યષ્ટિ (લાકડી)ના જેવા પોતાના હાથોમાં લઈને તે કેશકલાપ બાંધી દીધો.

આ બાજુ તેજ વખતે ધનાવહ શેઠની પત્ની મૂલા બારીમાં બેઠી હતી તેણે વસુમતીનો કેશકલાપ બાંધતા ધનાવહને જોયા. તેણે વિચાર્યું કે "આ છોકરીનું પાલન-પોષણ કરવામાં મેં મારૂં પોતાનું જ અનિષ્ટ કર્યું છે. કારણ કે આ કન્યા યૌવનના ઉંબરે પહોંચી છે. જો આ છોકરી સાથે મારા પતિ લગ્ન કરશે તો તેની સાથે લગ્ન થતાં જ હું અધિકાર રહિત બની જઇશ. તેથી મારે એવો ઉપાય કરવો જોઇએ કે જેથી મારા પતિ તેની સાથે વિવાહ કરી શકે નહિ. રોગ અને દુશ્મન ઉત્પન્ન થતાં જ તેનો ઇલાજ કરવો જોઇએ. મૂલાએ આ પ્રમાણે નિર્ણય કર્યો. થોડા સમય પછી તેને તક પણ મળી. એક વાર ધનાવહ શેઠને બીજે ગામ જવાનું થયું. તેમને બહાર ગયેલા જાણીને મૂલાએ હજામને બોલાવી તેની પાસે વસુમતીનું માથું મુંડાવી નાખ્યું. અને હાથોમાં હાથકડી અને પગોમાં બેડી નાખી. પછી વસુમતીને એક ભોંયરામાં પૂરી દીધી, ભોંયરાને તાળું વાસી દીધું. આ બધું કરીને તે કૌશામ્બીમાં જ પોતાને પિયર ચાલી ગઇ. હાથો અને પગોથી બંધાયેલી વસુમતી તે ભોંયરામાં કેદ-અવસ્થામાં મનોમન વિચાર કરવા લાગી. તે શો વિચાર કરવા લાગી તે બતાવે છે—

"ક્યાં મારો એ રાજવંશ, જેમાં મારો જન્મ થયો અને ક્યાં મારી આ સમયની દુર્દશા ? બન્નેમાં જરી પણ સમાનતા નથી. અહા ! પૂર્વભવમાં મેં ઉપાર્જિત કરેલ અશુભ કર્મ શું ખબર કેવાં છે, કે જેનું આવું ફળ ભોગવવું પડે છે ! આ દુર્દશાના રૂપે જ તે ઉદયમાં આવ્યા છે." આ પ્રમાણે વિચાર કરતી વસુમતીએ એવો નિર્ણય કર્યો કે "જ્યાં સુધી આ કારાગારમાંથી મારો છુટકારો ન થાય ત્યાં સુધી હું અનશન તપસ્યા કરીશ." આ પ્રમાણે વિચાર કરીને તે "**नमो अरिहंताणं**" ઈત્યાદિ રૂપ પંચ પરમેષ્ઠી મંત્રનો જાપ કરવા લાગી. આ રીતે ત્રણ દિવસ પસાર થયા. ચોથે દિવસે ધનાવહ શેઠ બીજે ગામથી પાછા ફર્યા. તેમણે શેઠાણી કે વસુમતી કોઈને ન જોતાં નોકર આદિ પરિજનોને તેના વિષે પૂછપરછ કરી આ પ્રમાણે શેઠે પૂછવા છતાં પણ મૂલા શેઠાણી તરફથી મના કરાયેલ હોવાથી નોકર-ચાકર વસુમતીને વિષે કંઈ પણ બોલ્યા નહીં ત્યારે ધનાવહ શેઠ ગુસ્સે થયા. તેમણે કહ્યું, "તમે લોકો જાણવા છતાં અને મારા પૂછવા છતાં પણ વસુમતી વિષે કંઇ પણ કહેતા નથી માટે મારા ઘરમાંથી બહાર નીકળી ચાલ્યા જાઓ." શેઠના એવાં વચનો સાંભળીને એક વૃદ્ધ દાસીએ વિચાર કર્યો, "મારો પ્રાણ જાય તો ભલે જાય પણ વસુમતીનો જીવ બચાવવો જ જોઇએ." આમ વિચારી તેણે આખું વૃત્તાંત ધનાવહ શેઠને કહી દીધું. આ વૃત્તાંત સાંભળીને ધનાવહ તરત જ ભોંયરાના દ્વારની પાંસે ગયા ભોંયરાનું તાળું તોડી નાખ્યું. દ્વાર ખોલ્યું અને વસુમતીને આશ્વાસનનાં વચનો કહીને સાંત્વન આપ્યું.

મૂલા જ્યારે પોતાના પિતાને ઘેર ગઈ હતી ત્યારે વાસણ-કુસણ બધું ગુપ્ત જગ્યાએ મૂકીને ગઇ હતી, તેથી શેઠને ઉતાવળમાં કોઇ વાસણ પણ ન જડયું તેમ જ ભોજન પણ નજરે ન પડયું. ફક્ત ઢોરોને માટે બાફેલા અડદ જેને લોકભાષામાં "બાકળા" કહે છે તેજ મળ્યા. બીજું વાસણ ન જડવાથી સૂપડામાં જ બાકળા લઇને ધનાવહ શેઠે વસુમતીને આપ્યા. અને શેઠ જાતે જ બેડી વગેરે તોડવાને માટે લુહારને બોલાવવા માટે લુહારને ઘેર ગયા. જકડાયેલ હાથ-પગવાળી વસુમતીએ બાફેલા અડદવાળું સૂપડું હાથમાં લઇને વિચાર્યું, "આ પહેલાં મેં સાધુઓને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનું દાન દઇને જ પારણાં કર્યાં છે, આજે દાન આપ્યા વિના પારણું કેવી રીતે કરૂં ? કેવા ઉપાર્જિત કર્મનો મારે ઉદય થયો છે કે જેના દુર્વિપાકને કારણે હું દાસીપણું વગેરે વગેરે ભોગવી આ દશા પામી

છું ! જો હું કોઇ મુનિને આ ભોજન–સૂપડામાં રહેલ બાફેલાં અડદ રૂપ અશન–વહોરાવીને પારણું કરૂં તો મારૂં કલ્યાણુ થઈ જાય. આ પ્રમાણે વિચાર કરીને તે એક પગ ઘરના ઉમરાની બહાર અને બીજો પગ અંદર રાખીને મુનિના આગમનની રાહ જોવા લાગી. એ જ રાજકુમારી વસુમતી શ્રીખંડ ચન્દન જેવી શાંત સ્વભાવવાળી હોવાથી તે ''ચંદનબાળા''ના નામથી પ્રખ્યાત થઈ. (સૂ૦૯૬)

## अन्तिम उपसर्ग का वर्णन

# અંતિમ ઉપસર્ગ

મૂલનો અર્થ—**'तएणं से'** ઈત્યાદિ. આ પછી શ્રમણુ ભગવાન મહાવીર, કૌશામ્બી નગરીમાંથી વિહાર કરી, દેશના જુદા જુદા ભાગમાં વિચરવા લાગ્યાં. બારમું ચાતુર્માસ કરવા તેઓશ્રી ચંપાનગરીમાં પધાર્યા ને ત્યાં ચૌમાસી તપની આરાધના કરી, આ ચાતુર્માસ પૂરું કર્યું. આ ચોમાસુ પસાર કર્યા પછી, તેઓ 'ષણ્માસિક' નામના ગામની બહાર ઉદ્યાનમાં કાયોત્સર્ગ કરી સ્થિત થયાં. ત્યાં કોઈ એક ગોવાળ આવી ભગવાનને દેખતાં બોલવા લાગ્યો કે 'હે ભિક્ષુક ! તું આ મારા બન્ને બલદોનું રક્ષણ કરજે' આમ કહી તે ગામમાં રવાના થયો. ગામમાંથી પાછા વળતાં, તે ગોવાળે બળદને જોયાં નહીં. તેથી તેણે ભગવાનને પૂછયું કે 'હે સાધુ ! મારા બળદ કયાં ?' ધ્યાનમગ્ન પ્રભુએ કાંઈપણ જવાબ વાળ્યો નહીં. આથી પૂર્વભવના વૈરાનુબંધી કર્મના યોગે, તે ગોવાળ ક્રોધાયમાન થયો. ક્રોધથી લાલ પીળો થતો, શરકટ નામના કઠણુ વૃક્ષની ડાળીમાંથી, બે ખીલાં બનાવ્યાં. આ ખીલાને ભગવાનના કાનમાં કુહાડાના ઘા વડે ઘોંચી મજબૂત કરી દીધા, ને તે ખીલાના બહાર દેખાતાં ભાગોને કાપી નાખ્યાં. આમ કરવાનું કારણુ એ હતું કે, આવા કાર્યની કોઈને જાણુ થાય નહીં. તેમજ આવા બંધબેસ્તા ખીલાંને કોઈ કાઢી પણ શકે નહિ. આવું નિકાચિત કર્મ, પ્રભુએ પોતાના અઢારમાં ભવમાં બાંધ્યું હતું. ને તેનો ઉદય તેમને આ અંતિમ ભવમાં જણાયો. ને તેનું પરિપકવ ફળ પણ ભોગવવું પડયું.

આ દુરાશયી ગોવાળ ત્યાંથી નિકળી જઇ, કોઈ અજાણ્યા સ્થળે ચાલ્યો ગયો. ભગવાન અહીંથી નીકળી, મધ્યમ પાવા નગરીમાં ભિક્ષાર્થે અટન કરતાં કરતાં, સિદ્ધાર્થ શેઠને ત્યાં જઇ ચડયાં. આ શેઠને ત્યાં 'ખરક' નામનો એક વૈદ્ય હતો. તેણે પ્રભુને જોતાંજ કાનમાં ઠોકેલાં ખીલાને ઓળખી લીધાં. ને વિચાર કરતાં તેને ખ્યાલમાં આવ્યું કે, કોઈ દુરાત્માએ જાણી જોઇને, દુઃખ દેવા નિમિત્તે આવું દુષ્ટ કાર્ય કર્યું છે. તેમજ પ્રભુને થતી અતુલ વેદના પણ, તેણે જાણી લીધી. આ દૃશ્ય પારખી વૈદ્યે તે વાત શેઠને કરી, ભગવાન ભિક્ષા ગ્રહણુ કરી, ઉદ્યાનમાં પધાર્યાં. ને ત્યાં તેઓ પોતાના દૈનિક કાર્યક્રમ મુજબ કાયોત્સર્ગમા ઉભાં રહ્યાં. તેટલામાં શેઠ અને વૈદ્ય ત્યાં આવી પહોંચ્યાં ને પ્રભુના કાનમાંથી યુક્તિપૂર્વક ખીલા ખેંચી લીધા. આ ખીલા ખેંચાતી વખતે, પ્રભુને અસહ્ય વેદના થઈ તો પણ પ્રભુએ, આવી જાજવલ્યમાન તીવ્ર અને ઘોર વેદનાઓને સમ્યક્ પ્રકારે સહી લીધી. ખીલા કાઢયા, અને યોગ્ય ઔષધ ઉપચારો કરીને ભગવાનના કાનોને વેદનારહિત બનાવી શેઠ અને વૈદ્ય ઘર તરફ વળ્યા. સારાનરસા કાર્યોના ઘાત–પ્રત્યાઘાત હોય જ છે. તદનુસાર પોતાનાં દુષ્કૃત્યાનું ફળ ભોગવવા, આ ગોવાળને નરકગતિમાં જવું પડયું. જ્યારે વૈદ્ય તેમ જ શેઠ શુભકાર્યોના ફળ રૂપે બારમાં દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. (સૂ૦૯૭)

ટીકાનો અર્થ—ચતુર્માસ પૂરૂં થયા બાદ તે સ્થળ છોડીને દેશના અન્ય સ્થળોએ વિહાર કરવાનો સાધુઓનો

આચાર છે. તે સદાચાર મુજબ ભગવાન પણ અન્ય સ્થાનોમાં વિચરવા લાગ્યો. કૌશામ્બી–ચંપાપુરી વિગેરે નગરીઓમાં રહ્યા બાદ ભગવાન તે પ્રદેશમાં આવેલા 'વણમાનિક' નામના ગામની બહાર કાયોત્સર્ગ કરી સ્થિર રહ્યા. અહીં તેમને છેલ્લો ઉપસર્ગ આવ્યો, અને તે ત્રિપૃષ્ટ વાસુદેવના ભવે શય્યા પાલકના કાનમાં રેડેલા શીશાનું પરિપકવ ફળ હતું. નિકાચિત કર્મ બાંધતી વખતે જે ભાવો દ્વારા બંધાયું હોય તે ભાવોના રસ રૂપે જ આ કર્મ પરિણમે છે. તેના રસમાં કોઇ ફેરફાર પડતો નથી, છતાં જો આત્મા વીર્ય ફોલવે તો તેના અનુભાગમાં ફેર પડે છે. આ ફેર એટલો કે રસની તીવ્રતા મંદતામાં ફેરવાઈ જાય છે. પણ રસ તદ્દન ઉડી જતો નથી. નિકાચિત કર્મવાળાની ગતિ ફરતી નથી, પણ જાતિ ફરી શકે છે. નરકનાં સ્થાનો સાત જાતનાં બતાવેલાં છે. તે સ્થાનોની કક્ષા આત્મવીર્ય વડે નીચે આવી શકે છે, પરંતુ ગમે તેવા પ્રયાસો દ્વારા પણ નરકગતિથી મુક્ત થવાનું નથી.

નિદ્ધત્ત કર્મોનું જડ ઉંડું હોતું નથી, તેથી તે નિર્મૂલ કરી શકાય છે. પણ નિકાચિત કર્મોને જડમુળથી કાઢી શકાતાં નથી. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ ચાર ભેદ છે. નિદ્ધત કર્મોમાં આ ચારે પ્રકારો ભસ્મીભૂત થઈ શકે છે, જ્યારે નિકાચિતમાં પ્રદેશવેદન જરૂર રહે છે. ભગવાને પૂર્વે બાંધેલાં નિકાચિત કર્મ આ ભવે તે મૂળ રસમાં ઉદય આવ્યું અને તેના ફળ રૂપે તેમના કાનમાં ખીલા ઠોકાયા.

કર્મ બરાબર ભોગવાઈ રહ્યું અને તેનો અંત આવતાં સિદ્ધાર્થ શેઠ અને વૈદ્યનું મિલન થયું. આ બન્ને ધર્માત્માઓનાં મન ભગવાનનું દુઃખ જોઇ ઘણા જ વિહવલ થયા. ખીલા પણ એવી રીતે નાખવામાં આવ્યા હતા કે દેખનારને તે કાનના શણગાર રૂપ લાગે! કોઇને પણ આ વેદનાનું સ્વરૂપ સમજાયું નહિ. ફક્ત આ બેજ પુણ્યશાળી પુરુષોને ભગવાનની વેદનાની પીડા સમજાઈ. આથી યુક્તિ–પ્રયુક્તિ વડે કાનમાથી ખીલાઓને બહાર કાઢી નાખ્યા કાઢતી વખતે ભગવાનના મુખમાંથી નીકળેલી ચીસ એટલી વેદનાપૂર્વકની તીવ્ર હતી કે આસપાસનાં પ્રાણીઓ ધ્રુજી ઉઠયાં. લોકોક્તિ એ પ્રમાણે હતી કે ભગવાને પાડેલી ચીસથી પાસેના પર્વતમાં ચિરાડ પડી ગઇ. એવી પ્રબલ વેદના પ્રભુ તે સમયે ભોગવી રહ્યા હતા. સંયમી મુનિઓની શુશ્રૂષા તીર્થંકર ગોત્ર પણ બંધાવી આપે છે; પ્રખર સંયમી મુનિ હોય, સાધનામાં ઓતપ્રોત થયેલ હોય, તેમની સેવા કરવાવાળી વ્યક્તિ, ત્યાગ ભાવની ઇચ્છુક અને પોષક હોય તો જરૂર પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તે નિશ્ચિત વાત છે. આ બન્ને પુણ્યાત્માએ યથા સમયે મરણ પામી, અચ્યુત નામના બારમાં દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

વેરનો સ્વભાવ કરોળીયાની લાળ જેવો હોય છે. જેમ કરોળીયાની લાળ બહાર નીકળતાં વધવા જ માંડે છે. અને તેનો આરોતારો આવતો નથી, અને તેમાં સપડાયેલ જીવજંતુ તેમાંથી કોઇ કાળે નીકળી શકતું નથી. તે પ્રમાણે વેરની પરંપરા વધતી જ રહે છે અને તે વૈરાનુબંધી કર્મો એક પછી એક બંધાતા અંને ભોગવાતા જાય છે. માટે વેરનો બદલો વાળવાની ઇચ્છા ન રાખવી; પરંતુ તેની ક્ષમાપના કરતાં તે નિર્મૂળ અને નિર્જીવ થઇ જાય છે. બીજ બળી ગયા પછી જેમ તેનામાંથી અંકુરો ફૂટતા નથી તેજ પ્રમાણે વેરનું ઉપશમ થતા તે શમી જાય છે, માટે જે જે ભવમાં વેરો ઉત્પન્ન થયાં હોય તે સર્વેનું ઉપશમ માનવ ભવમાં વિવેક અને સમજણપૂર્વક કરી નાખવું જોઇએ. અન્ય ભવોમાં આવી સામગ્રી હોતી નથી, તેમ જ જીવનો પણ ક્ષયોપશમભાવ માનવભાવ જેટલો હોતો નથી. (સૂ૦૯૭)

મૂળનો અર્થ—**'तएणं से'** ઈત્યાદિ–ઇર્યા સમિતિ સંપન્ન, ભાષા સમિતિ આદિ ઘણા ગુણોથી સંપન્ન અને ગુપ્ત બ્રહ્મચારી, નિર્મમ, અકિંચની, અક્રોધી, અમાની, અમાયાવી, નિર્લોભી, શાંત, પ્રશાંત, ઉપશાંત પરિનિર્વૃત્ત, નિરાસ્રવી, અગ્રન્થી, છિન્નગ્રન્થી, છિન્નસ્રોતી, નિર્લેપી, આત્મસ્થિત, આત્મહિતેચ્છુ, આત્મપ્રકાશક,–આત્મવીર્યવાન, સમાધિપ્રાપ્ત નિઃસ્નેહી, નિરંજન, અવ્યાહતગતિ, દેદીપ્યમાન, તત્વપ્રકાશક, ગુપ્તેન્દ્રિય, નિર્લિપ્ત, નિરાવલંબી, નિરાલયી, સૌમ્યલેશ્યા તેજસ્વી, ગંભીર, સર્વતો, વિપ્રમુક્ત, અકંપ, સ્વચ્છહૃદયી, અદ્વિતીયજન્મ, અપ્રમત્ત, વીર, વિર્યવાન્, અજેય, સર્વસહ જાજ્વલ્યમાન, વર્ષાકાળ સિવાય ગ્રીષ્મ અને હેમંતના આઠ મહીનામાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ સુધી રહેવાવાળા, વાસી ચંદન સમાન, માટી અને સોનાને સમાન દૃષ્ટિએ જોનાર, સુખદુઃખમાં સમાન, ઇહલોક પરલોકની આસક્તિ રહિત, અપ્રતિજ્ઞ, સંસાર પરિગામી, પરાક્રમશીલ એવા ઉપરોક્ત ગુણોવાળા શ્રમણ ભગવાન મહાવીર, વિચરવા લાગ્યા. પ્રભુને ક્યાંય પણ પ્રતિબંધ હતો નહિ.

અહીં નિઃસ્નેહી આદિ શબ્દોનો અર્થ કરવામાં આવે છે—

ભગવાન, કાંસાના પાત્ર સમાન સ્નેહવર્જિત હોવાથી, તેઓ નિઃસ્નેહી કહેવાયા. શંખ સમાન મળ રહિત હોવાથી તેઓ નિરંજન કહેવાયા. જીવની સમાન હોવાથી અવ્યાહતગતિ કહેવાયા. ઉત્તમ સુવર્ણસમાન તેમની કાયા હોવાથી તેઓ દેદીપ્યમાન કહેવાયા. દર્પણ સમાન તત્વો ને પ્રકાશીત કરવાવાળા હોવાથી, તેઓ તત્વ પ્રકાશક કહેવાયા. કાચબાની સમાન ઇન્દ્રિયોને ગોપવાવાળા હોવાથી તેઓ ગુપ્તેન્દ્રિય કહેવાયા. કમલપત્રની માફક લેપ રહિત હોવાથી નિર્લિપ્ત કહેવાયા. આકાશ માફક આધાર–વિનાના હોવાથી, તેઓ નિરાવલંબી કહેવાયા. પવનની સમાન ઘરવગરના હોવાથી નિરાલયી કહેવાયા. ચંદ્રમા સમાન સૌમ્ય હોવાથી તેઓ સૌમ્યલેશ્યી ગણાયા, સૂર્યના તેજ જેવું તેમનું તેજ હોવાથી તેઓ તેજસ્વી લેખાયાં. સાગર સમાન હોવાથી ગંભીર ગણાયા, પક્ષી સમાન ગમે ત્યાં જઈ શકવાવાળા હોવાથી તેઓ સર્વતો વિપ્રમુક્ત કોઇપણ જાતની રૂકાવટ–વગરના લેખાયા, સુમેરૂની સમાન નિશ્ચયમાં અડોલ હોવાથી અકંપ-મનાયા, શરદૃઋતુના જળ જેવા સ્વચ્છ હૃદયવાળા ગણાતા, ગેંડાના શીંગડાની સમાન અદ્વિતીય–એક જન્મ લેનાર કહેવાયા; ભારંડપક્ષી સમાન જાગૃત હોવાના કારણે તેઓ અપ્રમત્ત ગણાયા, ગજ જેવા હોવાથી 'વીર' કહેવાયા; વૃષભ સમાન હોવાથી વીર્યવાન્-પરાક્રમી-કહેવાયા, સિંહ સમાન જોરદાર હોવાથી અજેય ગણાયાં; પૃથ્વી સમાન સર્વનો ભાર ખમવાવાળા હોવાથી તેઓ સર્વંસહ–સહનાવી મનાયા. ઘી હોમેલા અગ્નિ જેવા તેજસ્વી હોવાથી જાજવલ્યમાન ગણાયા; વર્ષાકાળ સિવાયના ગ્રીષ્મ અને હેમંતના આઠ મહીનાઓમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ

સુધી રહેવાવાળા અપકારી ને ઉપકારી માનવાથી સુવાસિત ચંદન સમાન, માટી અને સોનાને સમાન દૃષ્ટિથી જોનાર, સુખદુઃખમાં સમાન, ઇહલોક પરલોકની આસકિત રહિત અપ્રતિજ્ઞ-કોઈપણ જાતની પ્રતિજ્ઞા વગરના, સંસારના પારગામી અને આઠકર્મોનો નાશ કરવા માટે પરાક્રમશીલ કહેવાયા.

## ભગવાન્ કે દશ પ્રકાર કે મહાસ્વપ્નદર્શન કા વર્ણન

ઉપરના ગુણોથી વિરાજિત એવા શ્રમણ ભગવાન મહાવીર કેવા કેવા અધ્યવસાયથી આત્માને ભાવિત કરતા હતા તો કહે છે કે, અનુત્તર-(સર્વોત્તમ) જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર તપ, અનુત્તર સંયમ, અનુત્તર ઉત્થાન, અનુત્તર ક્રિયા, અનુત્તર બળ, અનુત્તર વીર્ય, અનુત્તર પુરુષકાર, અનુત્તર પરાક્રમ અનુત્તર ક્ષમા, અનુત્તર નિર્લોભતા, અનુત્તર લેશ્યા, અનુત્તર આર્જવ, અનુત્તર માર્દવ, અનુત્તર લાઘવ, અનુત્તર સત્ય, અનુત્તર ધ્યાન અને અનુત્તર અધ્યવસાયો વડે પોતાના આત્માને ભાવિત કરતા હતા. આવી રીતે આત્માને ભાવિત કરતાં, કરતાંતેમને બાર વર્ષ અને તેર પખવાડીયાં પસાર થઈ ગયાં. દીક્ષા પર્યાયના તેરમા વર્ષે ગ્રીષ્મ ઋતુનો બીજો માસ અને ચોથું અઠવાડિયું એટલે વૈશાખ સુદ નવમીનો દિવસ ચાલતો હતો. જૃંભિક નામના ગામની બહાર, ઋજુ પાલિકા નદીના ઉત્તર કિનારે, સામગ નામના ગાથાપતિના ક્ષેત્ર મધ્યે, સાલ વૃક્ષની નીચે, રાત્રીના સમયે કાયોત્સર્ગમાં તેઓ સ્થિત થયા. આ છદ્મસ્થ અવસ્થાની છેલ્લી રાત્રી હતી. આ રાત્રીના સમયે, ભગવાને દશ મહાસ્વપ્નો જોયાં, અને જોતાની સાથે તેઓ પ્રતિબુદ્ધ થયા. તે સ્વપ્નો આ પ્રમાણે હતાં—

સ્વપ્નોનું જ્ઞાન—(૧) એક મહાન અઘોરી દીસરૂપધારી તાલપિશાચને સ્વપ્નમાં પોતે હરાવ્યો છે એમ ભગવાને જોયું. (૨) એક અત્યંત સફેદ પાંખવાળા પુરુષ જાતિના કોકિલને જોયો. (૩) એક વિશાળ ચિત્ર-વિચિત્ર પાંખોવાળા નર-કોકિલને તેમણે જોયો. (૪) એક સુવર્ણમય અને રત્નમય માળાની જોડી જોઈ. (૫) એક વિશાળ સફેદ વર્ણવાળું ગાયોનું ધણ દેખ્યું. (૫) ચારે તરફ પુષ્પોથી ભરેલું એક વિશાલ પદ્મ સરોવર દેખ્યું. (૭) હજારો મોજાંવાલા મહાન્ સમુદ્રને પોતે ભુજાઓથી તરી ગયા હોય તેવું સ્વપ્ન તેમણે જોયું. (૮) મહાન્ તેજસ્વી સૂર્યને જોયો. (૯) પીળા રંગના અને લીલા રંગના નીલમ મણિઓની કાંતિની સમાન કાંતિવાળા આંતરડાથી મહાન્ 'માનુષોત્તર' પર્વતને ચારે બાજુથી વિંટળાએલ જોયો. (૧૦) મેરૂ પર્વત ઉપરના 'મંદારચૂલીકા' નામના શિખર ઉપર એક ઉત્તમ સિંહાસનની ઉપર પોતે બેઠેલા જોયા. આ પ્રમાણે દેખતાંની સાથેજ ભગવાન જાગૃત થયા ાાસૂ૦૯૮ાા

ટીકાનો અર્થ—તે સમયે ભગવાન મહાવીર ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પ્રસ્ત્રવણુ શ્લેષ્મશિંઘાણજલ્લ પરિષ્ઠાપનિકા સમિતિથી યુક્ત હતા તથા મનોગુપ્તિ, અને વચનગુપ્તિ, અને કાયગુપ્તિથી સંપન્ન હતા, ગુપ્ત હતા અને ગુપ્તેન્દ્રિય હતા. પ્રાણીઓની રક્ષા કરતાં યતના પૂર્વક ચાલવું તે ઇર્યાસમિતિ છે, નિર્દોષ વચનોનો પ્રયોગ કરવો તે ભાષાસમિતિ છે, એષણામાં એટલે કે આહાર આદિની ગવેષણામાં ઉદ્દગમ આદિ ૪૨ દોષોનો ત્યાગ કરવો તે એષણા સમિતિ છે. ભાંડ-પાત્ર તથા માત્ર-વસ્ત્ર આદિ ઉપકરણોને ગ્રહણ કરવામાં તથા રાખવામાં અથવા ભાંડ કે વસ્ત્ર આદિ ઉપકરણ તથા અમત્ર એટલે કે પાત્રના આદાન-નિક્ષેપમાં યતના કરવી એટલે કે પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને પ્રવૃત્તિ કરવી તે આદાન-ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ છે. ઉચ્ચાર મળ પ્રસ્ત્રવણ-મૂત્ર, શ્લેષ્મ-કફ, શિંઘાણ-(લીંટ) જલ્લ-પરસેવાનો મેલ, છે બધાના પરિષ્ઠાપન પરઠવામાં યતના કરવી તેને ઉચ્ચાર પ્રસ્ત્રવણ શ્લેષ્મશિંઘાણજલ્લ-પરિષ્ઠાપનિકા સમિતિ કહે છે. ભગવાન મનોગુપ્તિવાળા હતા. મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે-(૧)આર્તધ્યાન સંબંધી કલ્પનાઓનો અભાવ હોવો. (૨) શાસ્ત્રને અનુકૂળ, પરલોકને સાધનારી ધર્મધ્યાનને અનુકૂળ મધ્યસ્થભાવરૂપ પરિણતિ (૩) સઘળી માનસિક વૃત્તિઓના નિરોધથી યોગ નિરોધ અવસ્થામાં ઉત્પન્ન થનારી આત્મરમણરૂપ પ્રવૃત્તિ. યોગશાસ્ત્રમાં કહ્યું છે—

**विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञै, र्मनोगुप्तिरुदाहृता ॥ १ ॥ इति ।**

કલ્પનાઓની જાળથી સર્વથા મુક્ત, સમત્વમાં સુપ્રતિષ્ઠિત અને આત્મામાં રમણ કરનાર મન જ, મનોગુપ્તિ છે, એવું મનોગુપ્તિના જાણકારોએ કહેલ છે. ।।૧।।

ભગવાન વચનગુપ્તિવાળા પણ હતા. વચન ગુપ્તિ ચાર પ્રકારની છે, કહ્યું પણ છે—

## વચોગુપ્તિ કા વર્ણન

**“ सच्चा तहेव मोसा य, सच्चा मोसा तहेव य ।**
**चउत्थी असच्च मोसा उ, वयगुत्ती चउव्विहा” ॥१॥ इति ।**

(૧) સત્યા વચન ગુપ્તિ (૨) મૃષા વચન ગુપ્તિ (૩) સત્યામૃષા વચન ગુપ્તિ અને (૪) અસત્યામૃષાવચન ગુપ્તિ, આ પ્રમાણે વચનગુપ્તિ ચાર પ્રકારની છે. (૧) તેનો ભાવાર્થ આ છે. વચન ચાર પ્રકારનાં છે, જેમકે-જીવને “આ જીવ છે.” એમ કહેવું તે સત્ય વચન છે. જીવને “આ જીવ છે.” એમ કહેવું તે મૃષાવચન છે. “આજે આ નગરમાં સો બાળકો જન્મ્યાં” આ પ્રમાણે પહેલાં નિર્ણય કર્યા વિના કહેવું તે સત્યામૃષા વચન છે. “ગામ આવી ગયુ” આ પ્રમાણે કહેવું તે સત્ય પણ નથી અને મૃષા (અસત્ય) પણ નથી. તેથી તે અસત્યામૃષા વચન છે. એ ચારે પ્રકારનાં વચન યોગના ત્યાગને વચન ગુપ્તિ એટલે કે મૌન કહે છે. અથવા પ્રશસ્ત વચનોનો પ્રયોગ કરવો અને અપ્રશસ્ત વચનોનો ત્યાગ કરવો તે વચન ગુપ્તિ છે. ભગવાન આ વચનગુપ્તિવાળા હતા.

## કાયગુપ્તિ કા વર્ણન

ભગવાન કાયગુપ્તિવાળા પણ હતા. કાયગુપ્તિ બે પ્રકારની છે—(૧) કાયિક ચેષ્ટાઓનો ત્યાગ કરવો અને (૨) ચેષ્ટાઓનું આગમ પ્રમાણે નિયમન તેમાં-પરષિહક ઉપસર્ગ આદિ ઉત્પન્ન થતાં કાયોત્સર્ગ ક્રિયા આદિ વડે શરીરને અચળ કરી લેવું અથવા યોગ માત્રનો નિરોધ થઇ જવાની અવસ્થામાં પૂર્ણરૂપે કાયિક ચેષ્ટાનું અટકી જવું તે પહેલી કાયગુપ્તિ છે. ગુરુની આજ્ઞા લઈને શરીર, સંથારો, ભૂમિ આદિની પ્રતિલેખના તથા પ્રમાર્જના આદિ શાસ્રોક્ત ક્રિયાઓ કરીને જ શયન આસન આદિ કરવું જોઈએ. તેથી શયન, આસન, નિક્ષેપ, અને આદાનઆદિ ક્રિયાઓમાં સ્વેચ્છાપૂર્વક ચેષ્ટાઓનો પરિત્યાગ કરીને શસ્રાનુસાર કાયની ચેષ્ટા હોવી તે બીજી કાયગુપ્તિ છે. કહ્યું પણ છે—

"उपसर्ग प्रसंगेपि, कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥१॥
शयनासननिक्षेपाऽऽदान संक्रमणेषु च
स्थानेषु चेष्टानियमः कायगुप्तिस्तु सा परा" ॥२॥

ઉપસર્ગના પ્રસંગે પણ કાયોત્સર્ગનું સેવન કરનાર મુનિના શરીરનું સ્થિર હોવું તે પહેલી કાયગુપ્તિ કહેવાય છે. ॥૧॥ શયન, આસન, નિક્ષેપ (કોઇ વસ્તુને રાખવી), આદાન (ગ્રહણ કરવું), તથા સંક્રમણ (આમ તેમ કરવું) આદિ સ્થાનોમાં ચેષ્ટાનું નિયમન હોવું તે બીજી કાયગુપ્તિ છે. ભગવાનને ગુરુ ન હતા તેથી તેમની કાયગુપ્તિ ગુરુને પૂછ્યા વિનાની સમજી લેવી જોઇએ. આ રીતે તેઓ બન્ને પ્રકારની કાયગુપ્તિવાળા હતા. એ ત્રણે ગુપ્તિવાળા હોવાથી

## ભગવાન્ કી અવસ્થા કા વર્ણન / ભગવાન્ કા વિહાર કા વર્ણન

તેઓ ગુપ્ત હતા. તથા ગુપ્તેન્દ્રિય હતા. વિષયોમાં પ્રવૃત્ત થનારી ઇન્દ્રિયોનો નિરોધ કરી ચૂકયા હતા. ભગવાન ગુપ્ત બ્રહ્મચારી હતા. એટલે કે આજીવન મૈથુન ત્યાગરૂપ ચોથા બ્રહ્મચર્ય વ્રતનું અનુષ્ઠાન કરનાર હતા. તથા મમતા વિનાના હતા, અકિંચન હતા ક્રોધ, માન, માયા અને લોભથી રહિત હતા. આન્તવૃર્ત્તિથી શાંત હતા, બહારથી પ્રશાંત હતા અને અંદર તથા બહારથી ઉપશાંત હતા. બધા પ્રકારના સંતાપથી રહિત હતા. આસ્રવથી રહિત હતા. બાહ્ય અને આભ્યન્તર ગ્રન્થિથી રહિત હતા. દ્રવ્ય-ભાવ ગ્રન્થ (પરિગ્રહ)ના ત્યાગી હતા. આસ્રવના કારણોનો નાશ કરી ચૂકયા હતા. દ્રવ્ય અને ભાવ મળથી રહિત હતા. આત્મનિષ્ઠ હતા. અથવા "आयट्ठिए"ની "આત્માર્થિક" એવી છાયા હોય છે. તેનો અર્થ છે-આત્માર્થી, આત્માભિલાષી, એટલે કે- મુમુક્ષુ હતા. ભગવાન આત્મહિત છજીવનિકાયના પરિપાલક હતા. आयजोइए-આત્મજ્યોતિવાળા અથવા आत्मयोगीक એટલે કે મન, વચન, તથા કાયયોગને વશ કરનાર હતા. આત્મબળથી સંપન્ન હતા. સમાધિ-મોક્ષમાર્ગમાં સ્થિત હતા. કાંસાંનાં પાત્રની જેમ

સ્નેહ (રાગ) વિનાના હતા. શંખના જેવાં નિર્મળ હતા. જીવના જેવાં અકુંઠિત અબાધ ગતિવાળા હતા. ઉત્તમ સુવર્ણ જેવા સુંદર રૂપવાળા હતા. દર્પણની જેમ જીવ-અજીવ આદિ સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનાર હતા. કાચબાની જેમ પોતાની ઇન્દ્રિયોને ગોપાવનાર-વશ કરનાર હતા. કમળનાં પાનની જેમ સ્વજન આદિની આસક્તિ વિનાના હતા. આકાશની જેમ કુળ, ગામ, નગર આદિનું અવલંબન લેતાં નહીં. પવનની જેમ ગૃહ વિનાના હતા. ચન્દ્રમાની જેમ સૌમ્ય લેશ્યાવાળા એટલે કે ક્રોધાદિજન્ય સંતાપથી રહિત માનસિક પરિણામના ધારક હતા સૂર્યની જેમ દીપ્તતેજ-વાળા હતા એટલે કે દ્રવ્યથી શારીરિક દીપ્તિથી અને ભાવથી જ્ઞાન વડે દેદીપ્યમાન હતા. સાગરના જેવા ગંભીર હતા. હર્ષ-શોક આદિના કારણોનો સંયોગ થવા છતાં પણ નિર્વિકાર ચિત્તવાળા હતા. પક્ષીની જેમ બધી જાતનાં બંધનોથી મુક્ત હતા. મેરૂ પર્વતની જેમ પરીષહ અને ઉપસર્ગ રૂપી પવનથી ચલાયમાન થતા નહીં. શરદઋતુનાં જળ જેવા નિર્મળ ચિત્તવાળા હતા. ગેંડાના શિંગડાની જેમ એક જ અદ્વિતીય ઉત્પન્ન થયેલ હતા. ભારંડ નામના પક્ષીના જેવા પ્રમાદ રહિત હતા. હાથી જેવા પરાક્રમી હતા. વૃષભની જેમ વીર્યવાન હતા. સિંહ જેવા અજેય હતા. પૃથ્વીની જેમ **सर्वसह**-શીત, ઉષ્ણ આદિ સકળ સ્પર્શોને સહન કરનાર હતા. જેવાં ઘીની આહુતિ અપાઈ હોય એવા અગ્નિ જેવા તેજસ્વી હતા. **वर्षावास**-વર્ષાઋતુના ચાર મહીનાઓ સિવાય ગ્રીષ્મ અને હેમન્ત ઋતુઓના આઠ મહિના-ઓમાં ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાતથી વધારે રહેતા નહીં. ભગવાન વાસી ચન્દન કલ્પ હતા, એટલે કે વાંસલાની જેમ અપકારી પુરુષો પણ પ્રભુને ચન્દનની જેમ ઉપકારક માનતા હતા જેમકે કહ્યું છે—

"यो मामपकरोत्येष, तत्त्वेनोपकरोत्यसौ ।
शिरामोक्षाद्युपायेन, कुर्वाण इव नीरुजम् ॥

જેમ શિરામોક્ષ—એટલે કે ચડિ ગયેલી નસને ઉતારવા આદિ ઉપાયોથી રોગીને નીરોગી કરનાર ઉપકારક થાય છે, એજ પ્રમાણે જે મારા પર અપકાર કરે છે, તે વાસ્તવમાં તો ઉપકાર કરે છે." અથવા વાસી એટલે કે અપકારી વાંસલા પ્રત્યે જે ચન્દનના ટુકડાની જેમ ઉપકારી રૂપે વર્તાવ કરે છે, એટલે કે અપકારી ઉપર પણ ઉપકાર કરે છે, તે વાસી ચન્દન કલ્પ કહેવાય છે. કહ્યું પણ છે—

"अपकारपरेऽपि परे, कुर्वन्त्युपकारमेव हि महान्तः ।
सुरभीकरोति वासीं, मलयजमपि तक्षमाणमपि ॥१॥" इति

"જેમ મલયજ-ચન્દન કાપવા છતાં પણ વાંસલાને સુગંધિત કરે છે તેમ મહાન પુરુષ અપકાર કરનાર ઉપર પણ ઉપકાર જ કરે છે." ભગવાન એવા "**वासीचंदनकल्प**" હતા. તથા ભગવાન માટી અને પથ્થરના ટુકડાને તથા સોનાને સમદૃષ્ટિએ જોતા હતા. સુખ-દુઃખને સમાન ગણતા હતા. આ લોકમાં યશ-કીર્તિ આદિની તથા પરલૌકિક સ્વર્ગ આદિ સુખોની આસક્તિથી રહિત હતા. આ લોક પરલોક સંબંધી પ્રતિજ્ઞાથી રહિત હતા. સંસારરૂપી મહા-સાગરના પારગામી હતા. કર્મોને મૂળમાંથી જ છેદવાને તત્પર થઇને વિચરતા હતા. આ પ્રમાણે વિચરતા ભગવાનને કોઈ પણ સ્થાને પ્રતિબંધ ન હતો. અનુત્તર એટલે કે લોકોત્તર-સર્વોત્કૃષ્ટ જ્ઞાન, અનુત્તર દર્શન (જીવ આદિ પદાર્થોનું શ્રદ્ધાન) અનુત્તર બાર પ્રકારનાં અનશન આદિ તપ, સત્તર પ્રકારનાં અનુત્તર સંયમ, અનુત્તર ઉત્થાન-ઉદ્યમ. અનુત્તર કર્મ-ક્રિયા, અનુત્તર બળ,-શારીરિક શક્તિનો ઉપચય, અનુત્તર વીર્ય-આત્મજનિત સામર્થ્ય, અનુત્તર પુરુષકાર-પુરુષાર્થ અનુત્તર પરાક્રમ-શકિત અનુત્તર ક્ષમા ! (સામર્થ્ય હોવા છતાં પણ બીજાએ કહેલ અપકાર સહન કરવા) અનુત્તર મુક્તિ,

નિર્લોભતા, અનુત્તર શુક્લલેશ્યા-જીવના શુભ પરિણામ, અનુત્તર સરલતા, અનુત્તર મૃદુતા, અનુત્તર લાઘવ-દ્રવ્યથી અલ્પ ઉપાધિ અને ભાવથી ગૌરવનો ત્યાગ, અનુત્તર સત્ય-પ્રાણીઓને હિતાર્થ યથાર્થ ભાષણ, અનુત્તર ધર્મધ્યાન અને અનુત્તર આત્મિક પરિણામથી પોતાના આત્માને ભાવિત કરતા તથા એ પ્રકારના વિહારથી વિચરતા શ્રી વીર પ્રભુને બાર વર્ષ અને તેર પખવાડિયા પસાર થઈ ગયાં. જ્યારે તેરમું વર્ષ ચાલતું હતું, ત્યારે તે તેરમા વર્ષની તે ગ્રીષ્મઋતુનો બીજો માસ-ચોથું પખવાડિયું-વૈશાખ શુદી એટલે કે વૈશાખ માસનો શુક્લપક્ષ હતો, તેની નોમની તિથિએ જૃંભિક નામના ગામની બહાર ઋજુપાલિકા નદીના ઉત્તર કિનારે સામગ નામના ગૃહસ્થના ખેતરમાં, સાલવૃક્ષની નીચે રાત્રે ભગવાન બિરાજ્યાં. તે સાલવૃક્ષની નીચે રાત્રિને સમયે, કાયોત્સર્ગમાં છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિના અંતિમ પ્રહરે, ભગવાન આગળ કહેવાનાર દસ મહાસ્વપ્નો જોઈને જાગ્યા. જેમ કે—

## દશ મહાસ્વપ્ન દર્શન કા વર્ણન

૧. પ્રથમ સ્વપ્ન-તે દસ સ્વપ્નાઓમાંથી પ્રથમ સ્વપ્નમાં ભગવાને એક વિશાળ તથા ભયાનક રૂપવાળા તાલપિશાચને-તાડના જેવા ખૂબ લાંબા પિશાચને પોતાના પરાક્રમથી પરાજિત થતો જોયો. ૨. બીજું સ્વપ્ન-એજ પ્રમાણે એક અત્યંત સફેદ પાંખોવાળા નરજાતિના કોયલને જોયો. ૩. ત્રીજું સ્વપ્ન-એક વિશાળ ચિત્રવિચિત્ર-ચિત્રોથી ચિત્રિત હોવાને કારણે અનેક રંગની પાંખોવાળા, એટલે કે વિવિધ પ્રકારના વર્ણવાળી પાંખોવાળા નર-કોયલને જોયો. ૪. ચોથું સ્વપ્ન-એક મોટા સર્વરત્નમય માળાઓની જોડી જોઈ. ૫. પાંચમું સ્વપ્ન-સફેદ રંગની ગાયોના એક સમૂહને જોયો. ૬. છઠ્ઠું સ્વપ્ન-એક વિશાળ પદ્મસરોવરને જોયું જે ચારે બાજુએ કમળોથી છવાયેલું હતું. ૭. સાતમું સ્વપ્ન-હજારો મોજાંઓવાળા એક મહાસાગરને પોતાની ભુજાઓથી પાર કરતા પોતાને જોયા. ૮. આઠમું સ્વપ્ન-તેજથી જાજવલ્યમાન વિશાળ સૂર્યને જોયા. ૯. નવમું સ્વપ્ન-હરિ (પિંગલ વર્ણની) મણી અને વૈડૂર્ય (નીલ-વર્ણના) મણીના વર્ણ જેવી કાન્તિવાળાં પોતાનાં આંતરડાંથી માનુષોત્તર પર્વતને ચારે તરફથી સામાન્યરૂપે વીંટળાયેલ અને વિશેષરૂપે પરિવેષ્ટિત જોયો. ૧૦. દસમું સ્વપ્ન-એક, મહાન, મેરૂ પર્વતનાં શિખર પર શ્રેષ્ઠસિંહાસને પોતાને બીરાજતા જોયા, એ દસ સ્વપ્નો જોઈને ભગવાન જાગ્યા ॥ સૂ૦૯૮॥

## દશ મહાસ્વપ્ન ફલ કા વર્ણન

મૂલનો અર્થ—'**एणसिणं**' ઇત્યાદિ. આ દશ મહાસ્વપ્નોનાં શું શું મહાનફળ છે. તે કહેવામાં આવે છે.

(૧) શ્રમણ ભગવાન મહાવીરે પહેલા સ્વપ્નમાં, જે દિવ્ય અને અઘોરરૂપ ધારણ કરેલ પિશાચ જોયો, અને તેને પોતે સંગ્રામમાં હરાવ્યો, તેનો અર્થ એ કે, ભગવાન 'મોહ' રાજાનો સમૂળગો ઉચ્છેદ કરી, મોહનીય કર્મને નષ્ટ કરશે. (૨) બીજે સ્વપ્ને સફેદ પાંખોવાળા નર કોકિલને જોવાથી ભગવાન શુક્લ ધ્યાનયુક્ત થશે. (૩) ત્રીજે સ્વપ્ને ચિત્ર-વિચિત્ર પાંખોવાળા નર-કોકિલને દેખવાથી ભગવાન, સ્વસમય-પરસમયના નિરૂપણ કરવાવાળા થશે, અને દ્વાદશાંગીના કથન કરવાવાળા બનશે. આ દ્વાદશાંગીનું જ્ઞાન પ્રરૂપશે, તેનું દર્શન કરાવશે, નિર્દશન કરાવશે તેમજ ઉપદર્શન પણ કરાવશે. (૪) ચોથે સ્વપ્ને સર્વરત્નમય માળાની જોડીને દેખવાથી ભગવાન આગાર અને અણગાર

બન્ને ધર્મોનું કથન કરશે. (૫) પાંચમે સ્વપ્ને શ્વેતરંગની ગાયોના ધણને દેખવાથી ભગવાન ચારવર્ણવાળા ધર્મની સ્થાપના કરશે એટલે તે સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકા રુપી તીર્થની સ્થાપના કરશે. (૬) છઠ્ઠે સ્વપ્ને કમળોવાળું સરોવર દેખવાથી, ભગવાન, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવોને ઉપદેશ આપશે. (૭) સાતમે સ્વપ્ને મહાસાગરને, સ્વભુજાઓ વડે પાર કરતા જોવાથી અનાદિ-અનંત-ચતુર્ગતિરૂપ સંસાર સમુદ્રનો તેઓ પાર પામશે. (૮) આઠમે સ્વપ્ને તેજોમય સૂર્યને જોવાથી ભગવાન, અનંત, અનુત્તર, પ્રતિપૂર્ણ, અપ્રતિઘાતી, અને નિરાવરણ શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરશે. (૯) નવમા સ્વપ્ને હરિ નામના મણિ અને લિલમ એટલે વૈડૂર્યમણીની કાંતિવાળાં પોતાના આંતરડાંથી ચારેબાજુ વિંટાએલ માનુષોત્તર પહાડને દેખવાથી ભગવાનની કીર્તિ, વર્ણ શબ્દ અને શ્લોક દેવો મનુષ્યો અને અસુરોમાં ગવાશે. (૧૦) દશમે સ્વપ્ને મેરુ પર્વતના શિખરે સિંહાસન ઉપર આરૂઢ થયેલ પોતાને જોવાથી ભગવાન, દેવ-મનુષ્ય અને તિર્યંચોની પરિષદમાં બેસી-કેવલી પ્રરૂપિત ધર્મનો ઉપદેશ કરશે, ને ધર્મની પ્રજ્ઞાપના-દર્શન-નિદર્શન અને ઉપદર્શનરૂપિ.પાંચ રીતિ નીતિ સમજાવશે. (સૂ૦૯૯)

ટીકાનો અર્થ—ભગવાને જોએલાં તે પૂર્વોકત દસ મહાસ્વપ્નોનું શું અતિમહાન ફળ મળશે ? આ પ્રકારની જિજ્ઞાસા થતા તે ફળને આ પ્રમાણે વર્ણવે છે—(૧) શ્રમણ ભગવાન મહાવીરે સ્વપ્નમાં જે ભયાનક અને પ્રચંડ રૂપવાળા તાડ જેવા પિશાચને હરાવ્યો એનો ભાવ એ છે કે તેથી ભગવાન મોહનીય કર્મને મૂળમાંથી ઉખાડી નાખશે. આ પહેલા મહાસ્વપ્નનું ફળ છે. (૨) ભગવાને જે શ્વેત પાંખોવાળા નર-કોયલને જોયો, તેનો ભાવ એ છે કે ભગવાન શુકલધ્યાનમાં લીન થઇને વિચરશે. આ બીજા મહાસ્વપ્નનું ફળ છે. (૩) ભગવાને જે ચિત્ર-વિચિત્ર પાંખોવાળા નર કોયલને જોયો, ભગવાન સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતથી યુક્ત બાર અંગોવાળા ગણિપિટક (આચાર્યોને માટે રત્નોની પેટી સમાન આચારાંગ આદિ)નું સામાન્ય વિશેષરૂપથી કથન કરશે, પર્યાયવાચી શબ્દોથી અથવા નામાદિ ભેદોથી પ્રજ્ઞાપન કરશે, સ્વરૂપથી પ્રરૂપણા કરશે, ઉપમાન ઉપમેય ભાવ આદિ બતાવીને કથન કરશે, બીજાની અનુકંપાથી કે ભવ્ય જીવોના કલ્યાણની અપેક્ષાએ નિશ્ચયપૂર્વક ફરી ફરીને બતાવશે, તથા ઉપનય અને નિગમનની સાથે અથવા બધા નયોના દૃષ્ટિકોણથી, શિષ્યોની બુદ્ધિમાં નિઃશંકરૂપે ઠસાવશે. આ ત્રીજા સ્વપ્નનું ફળ છે. (૪) ભગવાને સમસ્ત રત્નોવાળી માળાની જોડી જોઈ, તેનો ભાવ એ છે કે ભગવાન ગૃહસ્થધર્મ અને મુનિધર્મ એ બે પ્રકારના ધર્મનું સામાન્ય અને વિશેષરૂપથી કથન કરશે, પ્રજ્ઞાપન કરશે પ્રરૂપણા કરશે, દર્શિત કરશે, નિદર્શિત કરશે. આ ચોથા મહાસ્વપ્નનું ફળ છે. (૫) ભગવાને જે શ્વેત ગોવર્ગ (ગાયોનું ધણ) દેખ્યું તેનો ભાવ એ છે કે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચાર પ્રકારના સંઘની સ્થાપના કરશે. આ પાંચમા મહાસ્વપ્નનું ફળ છે. (૬) પદ્મોવાળું જે સરોવર જોયું, તેનો ભાવ એ છે કે ભગવાન ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિક, અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવોને સામાન્ય વિશેષ રૂપથી ઉપદેશ આપશે, પ્રજ્ઞાપન કરશે, દર્શિત, નિદર્શિત તથા ઉપદર્શિત કરશે. આ છઠ્ઠા મહાસ્વપ્નનું ફળ છે. (૭) ભગવાને મહાસાગરને પોતાની ભૂજાઓ વડે પાર કર્યો, તેનો ભાવ એ છે કે આદિ તથા અન્તવિનાના, ચાર ગતિવાળા સંસારરૂપી સાગરને પોતે પાર કરશે. આ સાતમા મહાસ્વપ્નનું ફળ છે. (૮) ભગવાને તેજથી દેદિપ્યમાન સૂર્ય જોયો, તેનો ભાવ એ છે કે ભગવાનને પ્રધાન, સંપૂર્ણ અને સકળ પદાર્થોને જાણવાને કારણે અવિકલ (કૃત્સ્ન), પ્રતિપૂર્ણ (સકલ અંશોવાળું) બધી જાતની સજાવટો વિનાનું તથા આવરણ વિનાનું કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. આ આઠમા મહાસ્વપ્નનું

ફળ છે. (૯) ભગવાને જે લીલા રંગના અને વૈડૂર્ય મણીની કાન્તિ જેવા પોતાના આંતરડાંથી માનુષોત્તર પર્વતને બધી તરફથી આવેષ્ટિત અને પરિવેષ્ટિત જોયો, તેનો ભાવ એ છે કે સકળ લોકમાં દેવો મનુષ્યો અને અસુરો સહિત સંપૂર્ણ લોકમાં ભગવાનની કીર્તિ ગવાશે. વર્ણ શબ્દ અને શ્લોકના પણ ગીત ગવાશે. “અહા !આ પુણ્યશાળી છે” ઇત્યાદિ સઘળી દિશાઓમા પ્રસરનાર સાધુવાદ–પ્રશંસાવચનોને ‘કીર્તિ’ કહે છે. એક દિશામાં પ્રસરનાર સાધુવાદને “વર્ણ” કહે છે. અર્ધી દિશામાં ફેલાવનાર સાધુવાદને ‘શબ્દ’ કહે છે અને જે સ્થાને વ્યક્તિ હોય ત્યાંજ તેના ગુણોના વખાણ થાય તેને “શ્લોક” કહે છે. આ નવમા મહાસ્વપ્નનું છે. (૧૦) મેરૂ પર્વત પર, મેરુ પર્વતના શિખર ઉપર ઉત્તમ સિંહાસન પર પોતાને બીરાજેલા જોયા, તેનો ભાવ એ છે કે ભગવાન મહાવીર સ્વામી દેવો, મનુષ્યો અને અસુરો સહિતની મધ્યમાં વિરાજીને સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મનું કથન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ કરશે, ધર્મને દર્શિત અને ઉપદર્શિત કરશે. એ પદોની વ્યાખ્યા આજ સૂત્રમાં પહેલાં કરાયેલ છે. તેથી સિંહાવલોકન–ન્યાયથી જીજ્ઞાસુઓએ એજ વ્યાખ્યા જોઈ લેવી જોઇએ. આ દસમા મહાસ્વપ્નનું ફળ છે. ॥સૂ૦૯૯॥

## ભગવાન્ કો કેવલજ્ઞાનદર્શન પ્રાપ્તિ કા વર્ણન

મૂલનો અર્થ–‘**तएणं**’ ઇત્યાદિ શ્રમણ ભગવાન મહાવીરને તપ સંયમની આરાધના કરતાં, બાર વર્ષ અને તેર પખવાડિયા વ્યતીત થયાં હતાં, ને તેરમું વર્ષ ચાલતું હતું. ગ્રીષ્મઋતુનો બીજો મહિનો, ચોથું પખવાડિયુ એટલે વૈશાખ શુદિ વર્તતી હતી. તે દિવસે શુકલ પક્ષનો દશમો દિવસ આવી રહ્યો હતો. સાથે સાથે દિવસ પણ સારો, વિજયમુહૂર્ત, અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ હતો. દિવસનો ત્રીજો પ્રહર ચાલતો હતો. આ સમયે ભગવાન, ‘ગોદોહ’ નામનું ઉકડૂ આસન જમાવી રહ્યા હતા તે આસને સ્થિત થઈ, ‘આતાપના’ લેતા હતા. ચતુર્વિધ આહારના ત્યાગ સાથે તેમણે છઠ્ઠની તપસ્યા આદરી હતી. પ્રભુએ બન્ને ઘૂંટણો ઉપર પોતાના હાથ રાખ્યાં હતાં. અને માથુ નીચે ઝુકાવ્યું હતું. ધ્યાનના કોઠામાં મશગુલ હતા. તે વખતે તેઓ શુકલધ્યાનમાં આરૂઢ થયેલા હતા. આ સમયે પ્રભુને મુક્તિના હેતુભૂત, અવિકળ, પ્રતિપૂર્ણ, અવ્યાબાધ, અનાવરણ, અનંત, અને અનુત્તર એવું કેવલજ્ઞાન–કેવલદર્શન ઉત્પન્ન થયું. કેવળ જ્ઞાન–કેવળ દર્શન ઉત્પન્ન થતા, ભગવાન અર્હત્ જીન–કેવલી કહેવાયાં. તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. તેઓ દેવ–મનુષ્ય–તિર્યંચ સહિત લોકના જીવોની, આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, વિગેરે, ચર્યાઓને જાણવા અને દેખવા લાગ્યા. દરેક જીવની ખાન–પાન આદિની ક્રિયાઓ પણ, તેમના જ્ઞાન દ્વારા જણાતી જતી હતી. પ્રગટકર્મ રહસ્યકર્મ, પરસ્પરના ભાષણો, કથન અને મનોગત ભાવો વિગેરેને તેઓ જાણવા તેમજ દેખતા થકા વિચરવા લાગ્યા. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન–કેવળદર્શન ઉત્પન્ન થતા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિક તથા વિમાનવાસી દેવ–દેવીઓ આવવાં લાગ્યાં. આ અવરજવરને પરિણામે, એક મહાન દિવ્ય દેવ પ્રકાશ પડવા લાગ્યો. દેવોનો સંઘ ‘કલ-કલ’ અવાજ કરતો ભગવાનના દર્શન કરવા ભીડ કરી રહ્યો હતો. (સૂ૦૧૦૦)

વિશેષાર્થ—ભગવાનને ઉગ્ર તપ–સંયમની આરાધનાના અંતે, સાડાબાર વર્ષ અને પંદર દિવસનો વખત પૂરો થયો હતો. આ સંયમની છેલ્લી અવસ્થામાં, તેમને જે દશ મહાસ્વપ્નોનો અનુભવ થયો હતો, તે તેમના નિરાવરણીય જ્ઞાનના ઉઘાડની પૂર્વભૂમિકાનું દિગ્દર્શન હતું. આ સ્વપ્નો સુખદ અનુભવના આગાહીરૂપે હતાં. આ સ્વપ્નોબાદ પણ

ભગવાન ધ્યાનમાં આરૂઢ થયા હતા. આ ધ્યાન શ્રેષ્ઠ ભૂમિકાનું હતું આ શ્રેષ્ઠ ભૂમિકા શુકલ ધ્યાન કહે છે. આ શુકલ ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) પૃથકત્વ વિતર્ક સવિચાર (૨) એકત્વ વિતર્ક અવિચાર (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ (૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવાર્ત શુકલ ધ્યાનનો પહેલો પાયો: પૃથકત્વ એકત્વ સવિચારનો છે, જેમાં તમામ આત્મિક ભાવોને પૃથક્ પૃથક્ કરી તેના પર સંપૂર્ણ વિચાર કરતાં કરતાં તમામ ભાવોને એકરૂપ બનાવી, આત્મ પરિણતિમાં સ્થિર કરે છે બીજા 'શુકલ ધ્યાન'ના પાયા રૂપે 'એકત્વ પૃથકત્વ અવિચાર'ની શ્રેણી પર જીવ ચડે છે. આ શ્રેણીમાં જગતના સર્વ પદાર્થોની સામુદાયિક અંતર અવસ્થાઓ અને તેની પરિણતિઓને જુદી જુદી કરી, તે સર્વ ઉપર સૂક્ષ્મ ભાવે વિચાર કરે છે અને તેમના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ આદિને આત્મ પરિણતિ અને આત્મ શક્તિથી ભિન્ન

## કેવલોત્પત્તિ કા વર્ણન

કરી, કેવળ આત્મ અવલંબને જીવ સ્થિર થાય છે. આ ક્રિયાઓ પહેલા અને બીજા શુકલધ્યાનના પાયા ઉપર થાય છે. આ બીજા પાયાના અંત સમયે, અને ત્રીજા પાયાના પહેલા સમયે, નિર્વાણના કારણભૂત, સમસ્ત અંશોથી યુક્ત, અવ્યાહત અને આઘાતો રહિત, નિરાવરણવાળું અનંત વસ્તુઓના સૂક્ષ્મ પર્યાયો અને તેની રૂપાંતર અવસ્થાઓને જાણવાવાળું, અનુત્તર કેવળ જ્ઞાન–કેવલદર્શન, ભગવાનને પ્રાપ્ત થયું. આ પ્રાપ્ત થતાં અશોકવૃક્ષ આદિ આઠ મહા પ્રતિહાર્યો યોગ્ય ભગવાન થયા. રાગ–દ્વેષનો ક્ષય કરવાવાળા 'જિન' થયા કેવલજ્ઞાન સંપન્ન, સર્વ પદાર્થોના જ્ઞાતા અને દ્રષ્ટા થયા. સર્વજગતવાસી જંતુ જીવોની સકલ અવસ્થાઓ અને તેના રુપાંતરોને ભગવાન જાણવા–દેખવાવાળા થયા. તેમજ જડ પર્યાયોના સૂક્ષ્મ ભાવોને પણ જાણવા–દેખવાવાળા થયા. પોતાનો જ્ઞાનગુણ અને નિજાનંદી સ્વભાવ, જે અનંતાકાલથી અપ્રગટ હતોં. તે પ્રગટ થયો. આને લીધે અનંત સુખ જે ઢંકાઇ રહેલું હતું તે બહાર આવ્યું; પોતાની દૃષ્ટિ અનંતકાળથી પર પદાર્થરૂપે પરિણમી રહી હતી તે 'સ્વ' તરફ વળી ત્યાં સ્થિર થઇ શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ ગણાતો આત્મા, સમસ્ત પર્યાયોને શુદ્ધ નિરાવલંબી અને નિજગુણ યુક્ત બનાવી, પોતામાં સમાઈ ગયો. 'સમજીને સમાઈ જવુ'' એ અવ્યક્ત 'ભાવ' જે દીક્ષા પર્યાય વખતે ભગવાનને પ્રગટ થયો હતો, તે ભાવે વ્યક્તરૂપ ધારણ કર્યું. સર્વ પર્યાયો અને ભાવો, નિજાનંદમાં આવી જવાથી તે સર્વ કેવળ જ્ઞાન સ્વરૂપે પરિણમવા લાગ્યા અને આ પર્યાયો સ્થિર અને એકરૂપ થતાં આત્મા અખંડરૂપે બની, કેવળ એકરૂપ સંપૂર્ણજ્ઞાનમય થયો જે જ્ઞાન અને આનંદ તેનો નિજ સ્વભાવ છે. (સૂ૦–૧૦૦)

મૂળનો અર્થ—**'तएणं'** ઈત્યાદિ 'ઉત્પન્ન નાણુ દંસણધરે અરહાજિન કેવલી' શ્રમણ ભગવાન મહાવીર સ્વ અને પરના યથાર્થ જાણકાર બન્યા. આ જ્ઞાનની સાથે, તેમને અલૌકિક દિવ્યવાણીની પણ પ્રાપ્તિ થઇ આ વાણીનું શ્રવણ, એક યોજન સુધી થઈ શકતું હતું તેમજ આ વાણીનો પ્રભાવ એવો હતો કે સર્વ પ્રાણીઓ આ વાણી દ્વારા વ્યક્ત થતા ભાવોને પોતપોતાની ભાષાઓમાં સમજી શકતાં આ વાણીદ્વારા ભગવાને પહેલાં દેવોને ત્યારબાદ મનુષ્યોને ઉપદેશ આપ્યો. આ ધર્મ દેશના અગાઉના તીર્થંકરોની 'પરંપરા'નું પાલન કરવા પૂરતીજ નિવડી. આ ધર્મ દેશનાંમાં કોઈ પણ જીવે વિરતિ લીધી નથી. આવો બનાવ ભગવાન મહાવીરની બાબતમાં તેમજ અનંત તીર્થંકરોના વ્યવહારમાં પહેલવહેલોજ બન્યો. તેથી તે ચોથું આશ્ચર્ય થયું.

ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિહાર કરતાં કરતાં, પાવાપુરીનામની નગરીમાં પધાર્યા. આ નગરી ઋદ્ધ–એટલે તેમાં ઉંચા ઉંચા ભવનો રહેલાં હતાં. સ્તિમિત–એટલે સ્વ–પર ચક્રના ભયથી વિમુક્ત હતી. સમૃદ્ધ–એટલે ધન અને ધાન્યથી સમૃદ્ધ થયેલી હતી. આ નગરીમાં સિંહસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા મહાહિમવાન પહાડ, મહામલય, મેરૂ અને મહેન્દ્ર પર્વત સમાન શ્રેષ્ટ હતો આ રાજાને શીલ નામની રાણી હતી. તેમજ હસ્તિપાલ નામનો પુત્ર હતો. આ પુત્રે યુવરાજપદ પ્રાપ્ત કરેલું હતું. આ પાવાનગરીની બહાર, ઉત્તર પૂર્વ દિશામાં એટલે ઈશાનકોણમાં સર્વઋતુઓના પુષ્પો અને ફળોવાળું એક સમૃદ્ધ અને રમણીય ઉદ્યાન હતું. આ ઉદ્યાનની શોભા નંદનવન સમી હતી. આ ઉદ્યાનનું નામ 'મહાસેન' રાખવામાં આવ્યું હતું. આકાલ અને આ સમયે ભગવાન મહાવીર આ ઉદ્યાનમાં પધાર્યા. (સૂ૦ ૧૦૧)

વિશેષાર્થ—'અરહા જિનકેવલી' એવા જ્ઞાન દર્શનના ધારક શ્રમણ ભગવાન મહાવીર, પાંચ અસ્તિકાયરૂપ લોકને દેખવાવાલા થયા. જેની વાણી એક યોજન સુધી સંભળાય એવા વાણી–પ્રભાવક બન્યા. આ વાણીનું વ્યાપકપણું ચારે દિશાઓમાં પ્રસરિત હતું. ભાષાના સર્વ પુદ્‌ગલો જુદી જુદી રીતે રૂપાંતર થઈ શકે, એવા અલૌકિક શબ્દો રૂપિ પરમાણુઓ આ વાણીમાં ગોઠવાયાં હતાં અને ભાષાના પુદ્ગલોનો ઉત્પાદ–વ્યય અપાટાબધ થઇ રહેતાં, ધ્રુવપણાંમાં સ્થિર થયે જતાં હતાં તેને લીધે આખી વાણી અખંડરૂપે નીકલતી અને તેના વહનનો પ્રવાહ સલંગરીતે ખંડિત થયા વિના, એક યોજન સુધી ચારે બાજુ વહેતો. આવો તો તે વખતનો પ્રબલ વાણી પ્રવાહ વિચાર રૂપે ગોઠવાઈ, ભગવાનના મુખમાંથી નીકળ્યા કરતો! આવી વાણી દ્વારા, ભગવાન્ દેવોને અનુલક્ષી તેમને બોધ આપતા તેમજ ત્યાર પછી મનુષ્ય તરફ લક્ષ કરી, તેમને અનુલક્ષી ધર્મનો ઉપદેશ આપતા હતા. આ પહેલ વહેલી જે ધર્મ દેશના આપવામાં આવી હતી, તેનું લક્ષ્યાંક કેવલ અતીત તીર્થંકરોની પરંપરાના પાલન પૂરતુંજ હતું. અગાઉના તીર્થંકરોની વાણી, કેવલજ્ઞાન થયા પછી છૂટતી હતી ત્યારે, ઘણા સુલભ બોધી જીવો સંસારથી વિરક્ત થતા હતા.

## આશ્ચર્યદશક (અચ્છેરા ૧૦) કા વર્ણન

શ્રમણ ભગવાન મહાવીરની વાણી ઉપરના બે લક્ષ્યાંકોને પ્રાપ્ત કરી શકી ન હતી, તેનું કારણ, ત્રણ રીતે જણાય છે. પહેલું કારણ એ કે ચોથા આરાના કાલનું પ્રાબલ્ય પુરૂં થયું હતું. પાંચમાં આરાના કાલનો પ્રભાવ જામતો હતો. તેથી કાલના પ્રભાવે પણ દુર્લભ બોધીપણું આવ્યું હોય? બીજુ કારણ તે વખતના જીવોની લાયકાત પણ તૈયાર ન હોય! જ્યાં ઉપાદાન ન જાગ્યું હોય, ત્યાં પ્રચંડ નિમિત્તો પણ શું કરી શકે? જીવોની ભૂમિકા વિરાગીપણાને યોગ્ય ન થવાને કારણે, ભગવાનનું બોધબીજ ક્ષારરૂપી ભૂમિકામાં પડવાથી, તે બીજ બળી ગયું. વળી આ જીવોને, બહારનો પુણ્યબંધ પ્રબલ નહિ હોવાને કારણે પણ, આ જીવોને, વિરતી દશાવાળા સંયોગો પણ, કદાચ ઉપલબ્ધ ન થઇ શકયા હોય, ત્રીજુ કારણ ત્યાં રહેલા જીવોની ભવસ્થિતિ નહિ પાકી હોય. ગમે તે કારણો અંતર્ભૂત કામ કરી રહ્યા હોય પણ એક વાત તો સાબીત થાય છે કે મહાવીરની પ્રથમ વાણી, અસરકારક બની નહી! આ ઘટનાને અસંભવિત ચોથા 'આશ્ચર્ય' તરીકે શાસ્ત્રોમાં ગણવામાં આવ્યું છે.

તીર્થંકરોની વાણી અને દેશનાનો વિચાર પ્રવાહ, એટલો બધો અમોઘ હોય છે કે, તેનું શ્રવણ થતાં ભવ્ય જીવો અદશ્ય સંયમ અને વિરતીપણાને અંગિકાર કરે છે. જેમ અષાઢ માસનો વરસાદ એકધારો વરસી, પૃથ્વીની અંદર પોતાનો જલ પ્રવાહ દાખલ કરી દે છે, તેમ ભગવાન તીર્થંકરની વાણી પણ, તાતી તેજવતી હોઈ અશુભ વિચારો ને ક્ષણ વારમાં પલટાવી નાખે છે. ને સંસારના ભાવોને ફગાવવામાં ભવ્ય જીવને સહાયક બને છે.

દશ આશ્ચર્યરૂપ ઘટનાઓમાં આ ચોથી આશ્ચર્યરૂપ ઘટના છે, જેને જૈનશાસ્ત્રોમાં 'અચ્છેરા' કહેવામાં આવે છે. આ દશ અચ્છેરાઓ નીચે પ્રમાણે છે– (૧) પહેલું અચ્છેરૂં એકે ભગવાન મહાવીર ને ઉપસર્ગો થયા. આવા ઉપસર્ગો કોઈ પણ તીર્થંકરોને થયા હોય તેમ જણાતું નથી. તેથી તે આશ્ચર્યભૂત ગણાય છે, અને એ તીવ્ર કર્મબંધનનું પરિણામ છે. (૨) બીજું અચ્છેરૂં એ કે ભગવાનનું ગર્ભકાળ દરમ્યાન હરણ થવું આવું આગમન તીર્થંકરોને હોયજ નહિ છતાં પણ તે થયું તેથી આશ્ચર્ય ગણાયું. (૩) ત્રીજું સ્ત્રીનું તીર્થંકર પણે થવું. (૪) ચોથું અભાવિત પરિષદ્–બોધના ફલ રહિત બનેલી પહેલી પરિષદ્. (૫) પાંચમું શ્રી કૃષ્ણ મહારાજનું 'અપર કંકા' નામની રાજધાની જે ઘાતકી ખંડમાં આવેલી છે ત્યાં જવું, દ્રૌપદીનું ત્યાં હરણ થયું હતું. વાસુદેવ પોતાની ભૂમિની સીમા કોઇ પણ કાલે વટાવી શકતા નથી. છતાં દ્રૌપદીને ત્યાંથી લાવવા માટે અને પાંડવોનું કામ કરવા માટે શ્રી કૃષ્ણરાજને ત્યાં જવું પડયું હતુ (૬) છઠું–ચંદ્ર અને સૂર્ય દેવો, પોતાના અસલ સ્વરૂપે કોઈ પણ વખતે તીર્થંકરોના સમવસરણોમાં આવતા જ નથી. છતા ભગવાન મહાવીરના સમવસરણમાં તેમનું આવવું થયું. (૭) સાતમું હરિવંશ કુલની ઉત્પત્તિ, જુગલિઆના એક યુગલને અહિં લાવી તેમાંથી થઈ, તે એક અચ્છેરા ભૂત વાત બની.! (૮) આઠમું શક્રેન્દ્ર ને મારવા, ચમરેન્દ્રે મહાન ઉત્પાત મચાવ્યો, તે પણ એક આશ્ચર્ય કારક બીના છે ચમરેન્દ્ર નીચેની ધરતીનો ધણી છે. અને શક્રેન્દ્ર પહેલાં દેવલોકનો ધણી છે છતાં ચમરેન્દ્ર તેની સાથે યુદ્ધ કરવા તત્પર થયો. (૯) નવમું એકી સાથે એકજ સમયમાં એકસો આઠ જીવો, સિદ્ધગતિને પામ્યા, તે પણ આશ્ચર્ય કારક ગણાય. (૧૦) દશમું આ શાસનમાં અસંયતિઓની પૂજા જગતમાં થાય તેના ગુણ ગાન ગવાય! તે એક અચ્છેરૂં છે. ભગવાન ત્યાંથી નીકળી. સમૃદ્ધ એવી પાવાપુરી નગરીમાં પધાર્યા. અહિંનો રાજા સિંહસેન તે વખતે મહાબલવાન અને સર્વ પ્રકારના આયુધોથી સજ્જ એવો ગણાતો.- તે નગરીમાં એક 'મહાસેન' નામનું ઉદ્યાન હતું. તે પણ બધા ઉદ્યાનોમાં ઉચ્ચ શ્રેણીનું ગણાતું હતું (સૂ૦ ૧૦૧)

મૂળનો અર્થ "**तेणं कालेणं**" ઈત્યાદિ–તે કાળે અને તે સમયે પાવાપુરીમાં કોઇ સોમિલ નામના બ્રાહ્મણના યજ્ઞના વાડામાં, યજ્ઞ–કર્મમાં આવેલ અંગોપાંગ સહિત તથા રહસ્ય સહિત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ એ ચારે વેદોના, પાંચમા ઈતિહાસના અને છઠ્ઠા નિઘંટુના સ્મારક (બીજાને યાદ કરાવનાર) વારક (અશુદ્ધ પાઠને રોકનારા), અને ધારક (અર્થને જાણનારા), છએ અંગોના જાણકાર, ષષ્ટિ તંત્ર (સાંખ્ય શાસ્ત્ર)માં વિશારદ, ગણિતમાં, શિક્ષણમાં, શિક્ષામાં, કલ્પમાં, વ્યાકરણમાં, છંદમાં, નિરૂક્તમાં, જ્યોતિષમાં તથા બ્રાહ્મણોના બીજા ઘણા શાસ્ત્રોમાં તથા પરિવ્રાજકોના આચાર શાસ્ત્રમાં નિપુણ, બધા પ્રકારની બુદ્ધિઓથી સંપન્ન, યજ્ઞ કર્મમાં નિપુણ ઇન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણ પોત-પોતાનાં શિષ્ય પરિવાર સાથે યજ્ઞ કરતા હતા. તેમના સિવાય બીજા પણ ઘણા એ ઉપાધ્યાયો ત્યાં એકત્ર થયા હતા જેમકે— ગાર્ગ્ય, હારીત, કૌશિક, પૈલ, શાંડિલ્ય, પારાશર્ય, ભારદ્વાજ વાત્સ્ય સાવર્ણ્ય, મૈત્રેય આંગિરસ, કાશ્યપ, કાત્યાયન, દાક્ષાયણ, શારદ્વતાયન, શૌનકાયન, જાતાયન, આશ્વાયન દાર્ભાયન, ચારાયણ કાપ્ય, બૌધ્ય, ઔપમન્યવ આત્રેય વગેરે (સૂ૦ ૧૦૨)

ટીકાનો અર્થ—તે કાળે અને તે સમયે. તે પાવાપુરીમાં સોમિલ નામના એક બ્રાહ્મણના યજ્ઞ સ્થળમાં, યજ્ઞક્રિયાને માટે આવેલ ઇન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણ પોતપોતાના શિષ્ય–પરિવાર સહિત યજ્ઞ કરતા હતા. તે બ્રાહ્મણો ઋક્ યજુ સામ અને અથર્વ એ ચારે વેદોમાં, તેમજ પાંચમા ઈતિહાસમાં અને છઠ્ઠા નિઘંટુ (વૈદિક કોષ) માં કુશળ હતા તેઓ છંદ, કલ્પ, જ્યોતિષ, વ્યાકરણ, નિરુક્ત, તથા શિક્ષા એ છએ અંગો સહિત તથા રહસ્ય. સારાંશ સહિત વેદોને સ્મારક હતા, એટલે કે બીજા લોકોને યાદ કરાવનાર હતા. વારક એટલે અશુદ્ધ ઉચ્ચાર કરનારને રોકતા હતા. ધારક હતા, એટલે કે તેમના અભિધેય અર્થને ધારણ કરનાર–સમજનાર હતા. છંદ આદિ છએ અંગોના જાણકાર હતા. સાંખ્ય શાસ્ત્રમાં નિષ્ણાત હતા. ગણિતમાં, શિક્ષણ (અધ્યાપન)માં શિક્ષામાં, કલ્પમાં વ્યાકરણશાસ્ત્રમાં, છંદ શાસ્ત્રમાં, નિરુક્ત (નિરુક્ત નામના વેદના અંગ રૂપ શાસ્ત્ર)માં, જ્યોતિષ શાસ્ત્રમાં અને તેના સિવાય બ્રાહ્મણોના બીજાં ઘણાં એ શાસ્ત્રોમાં અને પરિવ્રાજકો સંબંધી આચાર શાસ્ત્રમાં નિપુણ હતા. બધા પ્રકારની બુદ્ધિઓમાં નિપુણ હતા. તાત્કાલિક વાતને જાણવાની બુદ્ધિ, ભવિષ્યની વાતને સમજવાની મતિ, અને નવી નવી વાતને શોધી કાઢનારી સૂઝ રૂપ પ્રજ્ઞા એ ત્રણ પ્રકારની બુદ્ધિમાં તેમણે નિપુણતા મેળવી હતી. તે યજ્ઞના અનુષ્ઠાનમાં કુશળ હતા. ઈન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણો સિવાય બીજા ઘણા ઉપાધ્યાયો પણ યજ્ઞમાં એકઠા થયા હતા. તેઓમાંથી કેટલાકનાં નામ નીચે પ્રમાણે છે–ગાર્ગ્ય, હારીત, કૌશિક, પલ, શંડિલ્ય, પારાશર્ય, ભારદ્વાજ વાત્સ્ય, સાવર્ણ્ય, મૈત્રેય, આંગિરસ, કાશ્યપ, કાત્યાયન, દાક્ષાયણ શારદ્વાતાયન શૌનકાયન, નાડાયન, જાતાયન, આશ્વાયન, દાર્ભાયન, ચારાયણ, કાપ્પ, બૌધ્ય, આપમન્યવ, આત્રેય વગેરે (સૂ૦૧૦૨)

## ભગવાન્ કા સમવસરણ ઔર ઉનકી શોભા કા વર્ણન

મૂળનો અર્થ–**'तेणं कालेणं'** ઇત્યાદિ. તે કાળ અને તે સમયે, પાવાપુરી નગરીમાં, દેવોએ શ્રમણ ભગવાન્ મહાવીરના સમવસરણની રચના કરી. કેવા પ્રકારની રચના કરી તે કહે છે કે–વાયુકુમાર દેવોએ એક એક યોજન સુધી ચારે તરફની ભૂમિને, સંવર્ત્તક વાયુદ્વારા, સાફ કરી તે જમીન ઉપરના કચરાને વાળીચોળી એક તરફ દૂર ફેંકી દીધો. મેઘકુમાર દેવોએ, અચિત્ત જળની વર્ષા કરી અન્ય દેવોએ ત્રણ પ્રકારના ચાર ચાર દરવાજા સહિત ગઢો બનાવ્યા. પહેલા પ્રકારના ગઢો ચાંદીના હતા આ ગઢના દરવાજાને સોનાના કાંગરાં કરવામાં આવ્યાં હતાં. બીજા પ્રકારનો ગઢ સુવર્ણનો બનાવવામાં આવ્યો હતો. તેના કાંગરાં રત્નોથી શણગારવામાં આવ્યાં હતાં. ત્રીજા પ્રકારનો ગઢ રત્નોનો બનાવવામાં આવ્યો હતો. તેના કાંગરા હિરા માણેકનાં હતાં. આ સમવસરણમાં, ચોસઠ ઇન્દ્રો હાજર રહ્યા હતા આ ઇન્દ્રોએ, સમસ્ત જીવોના મનને હરી લે તેવા, આઠ મહાપ્રતિહાર્ય પ્રગટ કર્યાં. જેનાં નામ આ પ્રમાણે છે. (૧) અશોકવૃક્ષ (૨) અચિત્ત પુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) સ્ફટિક રત્નનું સિંહાસન (૬) ભામંડળ (૭) દુંદુભી (૮) આતપત્ર(છત્ર.)

કોઇ કોઈ સ્થળોએ, રત્નોના પાંદડાવાળાં, તો કોઈ ઠેકાણે રત્નોના ફૂલોવાળાં, તો કોઇ ઠેકાણે રત્નોના ફળવાળાં વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. કોઈ ભૂમિ વૈડૂર્યરત્ન જેવી હતી, કોઇ ભૂમિ નીલમમણિના તેજ જેવી હતી, કોઈ ભૂમિ સ્ફટિકરત્ન સમાન ઉજ્જવળ જણાતી, તેમજ કોઇ ભૂમિનો પ્રકાશ રત્નમય ભાસતો હતો. કોઈ ભૂમિતળ પદ્મરાગ મણિન વર્ણ જેવું દીસતું, કોઈ ભૂમિ નવ પ્રભાતના સૂર્યતેજ સમુ લાગતું, તો કોઈ સ્થળ મધ્યાહ્નના સૂર્ય સમ પ્રકાશતું હતું. કોઇ ધરાતલ કરોડો વિદ્યુત્‌ના ચમકારા જેવુ જાજવલ્યમાન દેખાતું હતું. સમવસરણની ચારે બાજુ પચ્ચીશ–પચ્ચીશ યોજન સુધી, ઇતિ, ભીતિ, મહામારી, મરકી, કોલેરા, પ્લેગ, દુષ્કાળ, લડાઇ, યુદ્ધ, આધિ, વ્યાધિ, વૈર, ઝઘડા વિગેરે ઉપશાન્ત થઈ ગયા હતા. આ પ્રદેશનો સર્વ સમૂહ સુખમય બની ગયો. શરદ્–વસંત આદિ છએ ઋતુઓનો પ્રભાવ જણાવા લાગ્યો. ભગવાનનો પ્રતાપ, કરોડો ચંદ્રમા, કરોડો સૂર્ય અને વિદ્યુત્ તેમજ મણિઓથી પણ અધિકાધિક પ્રકાશમાન જણાતો હતો સમવસરણની ભૂમિ સ્વર્ગથી પણ અનંતગણી શોભા આપી રહી હતી (સૂ૦૧૦૩)

વિશેષાર્થ–સમવસરણ ને જૈન પારિભાષિક શબ્દમાં, 'સમો સરણ' કહે છે. તેને આનો અર્થ એવો નીકળે છે કે, દરેક પ્રાણી ભૂત–જીવ–સત્ત્વને 'સમાન શરણું', મલી રહે છે. એકજ ભૂમિ ઉપર તમામ પ્રાણીઓં સમસ્ત પ્રકારના અને ભિન્ન ભિન્ન પ્રકારના વેરભાવોનું વિસ્મરણ કરી, સમાન ભૂમિકા ઉપર સર્વ એકત્ર થાય છે એટલે વસી રહે છે તેવા ભાવો પણ આમાંથી નીકળે છે. આઉપરાંત ધર્મોપદેશ માટે સર્વોત્કૃષ્ટ શોભા સ્થાન ! એવો ભાવ પણ પ્રગટ થાય છે. આ સભાસ્થાનનું નિર્માણ મનુષ્યની શક્તિ બહાર છે. તેનું નિર્માણ અદ્દભુત શક્તિવાળા દેવો વડે કરવામાં આવે છે. સાફસૂફીમાં એક રજ પણ દૃષ્ટિગોચર થતી ન હતી. તેના ઉપર દૈવી શક્તિ વડે સુગંધિત દ્રવ્યો મિશ્રિ અચિત્ત જલનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ છંટકાવના લીધે, પૃથ્વીમાંથી ઉષ્ણ–શીતમિશ્રિત હવાની લહેરીઓ છૂટતી તેથી તે. સર્વને ખુશનુમા અને દિલને આનંદદાયક બની રહેતી. આ કાર્ય બાદ. અન્ય દેવોએ ત્રણ પ્રકારના ગઢની રચના કરી. 'સસોમરણ'ને કૃત્રિમ નગર બનાવવાની યોજના હોય છે. ફરક એટલોજ હોય છે કે, આ કૃતિમ નગરમાં ફક્ત 'ધર્મદેશના' જ થઈ શકે બીજી કોઇ શારીરિક કે માનસિક પ્રવૃત્તિનું આ ધામ ન હતું.

આ સમવસરણનો પ્રવેશદ્વારવાળો ગઢ ચાંદીનો બનાવ્યો હતો. તે ગઢની શોભામાં વૃદ્ધિ કરવા, કાંગરાં મૂકવામાં આવ્યાં હતાં. આ કાંગરાં સોનાનાં હતાં. અનુક્રમે આગળ જતાં સોનાનો ગઢ બનાવવામાં આવ્યો હતો. જેનો દરવાજો

પણ સુવર્ણમય અને ગઢના કાંગરા રત્નોથી સણગારવામાં આવ્યાં હતાં. હજુ પણ આગળ વધતાં એક ત્રીજા ગઢની રચના કરવામાં આવી હતી. આ ગઢનું નિર્માણ, પ્રવેશદ્વાર સાથે રત્નોનું બનાવેલું હતું અને તેના ઉપર વિવિધ પ્રકારના મણિઓનાં કાંગરાં કરવામાં આવ્યાં હતાં. આ ત્રણ ગઢ તેના પ્રવેશદ્વારો સાથે પસાર કર્યા પછીજ, ધર્મ દેશનાના સભામંડપ તરફ જઇ શકાતું હતું. આ સમોસરણની રચના દેવકૃત છે એમ બતાવવા સારું, ત્યાં આઠ પ્રકારની અલૌકિક વસ્તુઓ દૃષ્ટિગોચર થતી હતી. (૧) ભગવાનના શરીરથી બાર ગણો ઉંચો અશોકવૃક્ષ, (૨) અચેત ફૂળોની વૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર (૫) સ્ફટિક સિંહાસમ (૬) તેમના મુખ ઉપર પ્રસરી રહેલ ભામંડળ, (૭) દેવદુંદુંભી (૮) છત્ર ઉપર છત્ર એમ ત્રણ છત્રો,

આ સમવરણની શોભાનું ફરી વર્ણન કરવામાં આવે છે-સમવરણમાં ઠેરઠેર રત્નમય પત્રો પુષ્પો અને ફલોવાળા વૃક્ષોનું આરોપણ થયેલું હતું. તેનું ધરાતલ અને સપાટી વિવિધ રત્નોના તેજથી વિવિધ પ્રકાશો આપતી હતી એટલે સમવસરણના કોઇ ભાગમાં રત્નમય પાંદડાંવાળા તો કોઈ ભાગમાં રત્નમય ફૂળોવાળા તો કોઇ ભાગમાં રત્નમય ફૂલો-વાળાં વૃક્ષો હતાં. ત્યાની ભૂમિનો ભાગ કોઇ ઠેકાણે વૈડૂર્યમય હોવાથી અનુપમ હરિતરંગ ધારણ કરતો હતો. કોક ઠેકાણે નીલમણિમય હોવાને લીધે નીલિમાયુક્ત હતો, કોઈ ઠેકાણે સ્ફટિકમય હોવાથી સફેદ હતો, કોઈ ઠેકાણે જ્યોતિ રત્નમય હોવાથી ભાસ્વર હતો. કોઈ ઠેકાણે પદ્મરાગ મણિમય હોવાથી અનોખી લાલિમાંથી વ્યાપ્ત હતો. કોઇ ઠેકાણે સુવર્ણમય હોવાથી હલ્કા પીળાવર્ણવાળો હતો. કોઇ ઠેકાણે બાળસૂર્યની સમાન અત્યંત લાલવર્ણવાળો હતો. કોઇ ભૂભાગ મધ્યાહ્નકાળના સૂર્યની સમાન પ્રભાવવાળો હતો. કોઈ ભાગ કરો । વીજળીઓની પ્રભાવાળો ભાસતો હતો.

સમવસરણની ફરતી ચારે બાજુએ, સો સો ગાઉ સુધી, કોઈ પણ સ્થળે કોઇ જાતના ઉપદ્રવો નજરે પડતા નહીં. 'ઇતિ' એટલે એક જાતનો ઉપદ્રવ આ ઇતિના છ પ્રકાર છે. (૧) અતિવૃષ્ટિ (૨) અનાવૃષ્ટિ (૨) ઉંદરડાઓ (૪) તીડ (૫) પોપટનો ઉપદ્રવ, (૬) દુશ્મન રાજાનું ચડી આવવું. આ ઉપરાંત આધિ (માનસિક પીડા) વ્યાધિ (શારિરીક પીડા , ઉપાધિ (આકસ્મિક પીડા) કયાંય દૃષ્ટિગોચર થતાં ન હતાં. શરદ્દ, શિશિર, હેમન્ત, વસંત, ગ્રીષ્મ અને વર્ષા આ છએ ઋતુઓનો પ્રમાવ એકત્ર થઇ પોતપોતાની વિશિષ્ટતા, ત્યાં બતાવી રહ્યો હતો. એટલે ત્યાં આવતા દેવો મનુષ્ય અને તિર્યંચને કોઇ પણ એક ઋતુનો ઉકળાટ મુંઝવી રહ્યો ન હતો. તેને લીધે, તેમને ત્યાંની હવા, સર્વથા અનુ-કૂળ જણાવાથી તેઓ એકાગ્ર ચિત્ત ભગવાનની વાણીને સાંભળી શકતાં હતાં. સમસરણના સિંહાસન ઉપર બિરાજેલ ભગવાન મહાવીરનો દેહ કોટિ,સૂર્ય, ચંદ્ર, વિદ્યુત્ અને મણિઓના સમૂહોથી પણ વધારે કાન્તિવાળો દેખાતો હતો. ટૂંકમાં આ 'સમવસરણ'નો શોભા, સ્વર્ગની શોભાને પણ ટક્કર મારે તેવી અનુપમ અને અદ્ભુત હતી. (સૂ૦-૧૦૩)

મૂળનો અર્થ—'तंसितारिसगंसि' ઇત્યાદિ આ દિવ્ય સમવસરણમાં બીરાજતા ભગવાનના દર્શન માટે તથા તેમનો ધર્મોપદેશ સાંભળવા સારું ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિક અને વિમાનવાસી દેવો અને દેવીઓ પોત–પોતાના પરિવાર સાથે ત્યાં આવી રહ્યા હતા. તેઓ પોતાની સાથે પોતાની રિદ્ધિ–સમૃદ્ધિથી સર્વ પ્રકારના દ્યુતિથી, તમામ પ્રકારના વિમાનોની દીપ્તીયોથી, દિવ્ય શોભાઓથી, શરીર પર ધારણ કરેલ તમામ પ્રકારના આભૂષણો–ઘરેણાઓના તેજની જ્વાલાઓથી, શરીરની દિવ્ય પ્રભાઓથી, દિવ્ય શરીરની કાંતીઓથી ઉદ્યોતિત કરતા થકા અને વિશેષરૂપથી પ્રકાશયુકત થઇ આવી રહ્યા હતા. આવી રીતે, દૈવી અલંકારોથી અલંકૃત, અને આભુષણોથી વિભૂષિત એવા દેવ–દેવીઓને આવતાં જોઇ, યજ્ઞ કરવાવાળા સર્વબ્રાહ્મણો, અંદરોઅંદર આ પ્રમાણે કહેવા લાગ્યા; આ પ્રકારે નિવેદ કરવા લાગ્યા. આ પ્રમાણે સાક્ષી પુરવા લાગ્યા. આ પ્રકારે સંભાષણો કરવા લાગ્યાં કે, "અહો યજ્ઞાર્થીઓ ! યજ્ઞનો પ્રભાવ તો જુઓ ! સર્વ દેવ–દેવીઓ આ યજ્ઞને જોવા માટે તેનો પ્રસાદ અને હવિષ લેવા માટે સર્વ પરિવાર અને ઋદ્ધિ

સાથે આવી રહ્યાં છે !" જે જે લોક સમુદાય ત્યાં ઉપસ્થિત થયેલ હતો, તે આ સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ બોલવા લાગ્યા કે, 'આ બ્રાહ્મણો ધન્યવાદને પાત્ર છે ! આ યજ્ઞાર્થીઓ પુણ્યશાળી અને સુલક્ષણોવાળા છે ! કે જેના યજ્ઞમાં સાક્ષાત દેવ-દેવીઓ આવી રહ્યા છે ! (સૂ૦-૧૦૪)

વિશેષાર્થ—સમવસરણની રચના ખુદ દેવોએ બનાવી હતી અને તે રચના કરવામાં દેવોએ અત્યંત જહેમત ઉઠાવી હતી. કારણ કે ઇન્દ્રો તથા અન્ય સમકિતી દેવો તીર્થંકરના યથાયોગ્ય 'આત્મ સ્વરૂપ'ને જાણવાવાળા હતા. તેથી તેઓનો ભક્તિભાવ તેમના પર અથાગપણે વરસી રહ્યો હતો. આને લીધે આત્મસ્વરૂપની વાણી સાંભળવા તેઓ ત્વરાથી આવી રહ્યા હતા. પરંતુ સમય અને સંયોગોનો લાભ ઉઠાવી લોકોને રંજન કરવાવાળા પણ આ દુનિયામાં ઘણા પડયા છે. આ યજ્ઞાર્થીઓની મનોકામના ભૌતિક પદાર્થોનો સંયોગ મેળવવા પુરતોજ હતો. તેમાં કોઇ નવીનતા તો હતી જ નહિ ! પરંતુ દુન્યવી લોકો સાંસારિક સુખોનેજ ઈચ્છે છે. કારણકે આ સુખાભાસથી પર એવું એવું અતીન્દ્રિય સુખ અંતરાત્મામાં વસી રહેલું છે. તે તો તે બિચારાઓને ભાન પણ હોતું નથી, તેમજ તે ભાન કરાવવા વાળા વિરલ જ હોય છે ! આથી યજ્ઞાર્થીઓ પોતાની મહત્તા બતાવવા, ઉપસ્થિત થયેલા લોકોને, આંગુલિનિર્દેશ કરી રહ્યા હતા કે, દેવોનું જૂથ આપણા યજ્ઞના હવનહોમ જોવા માટે તેમજ ખીર ઘૃત આદિ પદાર્થોનો પ્રસાદ લેવા સારૂં પોતપોતાના વિમાનો અને વૈભવ સાથે આવી રહ્યું છે. આ વખતે ત્યાં હાજર રહેલી જનમેદનીએ દેવોનું આગમન જોઇ આશ્ચર્ય અને વિસ્મય પામીને કહેવા લાગ્યા કે આ યાજ્ઞિક બ્રાહ્મણોને ધન્ય છે, તેઓ પ્રશંસનીય છે. કૃતકૃત્ય છે. કૃત પુણ્ય છે. અને સુલક્ષણોથી સંપન્ન છે. કે જેથી તેમનાં યજ્ઞસ્થળે દેવદેવીઓ પ્રત્યક્ષ હાજર થાય છે. (સૂ૦-૧૦૫)

## યજ્ઞ કે વાડે મેં ઉપસ્થિત બ્રાહ્મણો કા વર્ણન

મૂળનો અર્થ—'**एवं परोपरं**' ઈત્યાદિ આ યજ્ઞાર્થીઓ પરસ્પર એ પ્રમાણે બોલતા હતા કે એટલામાં દેવો યજ્ઞસ્થાન ઓળંગીને આગળ ચાલ્યા ગયા. આમ થવાથી તેઓ સ્તબ્ધ બની ગયા, નિસ્તેજ થઈ ગયા. તેઓના મુખ કરમાઇ ગયા, અને ચહેરા ઉપર દીનતા અને ફિકાશ જણાવા લાગી. આ વખતે અંતરિક્ષમાં દૈવી ઘોષણા અને ગેબી અવાજો થવા લાગ્યા, તેમ જ દિવ્ય પોકારો સંભળાવા માંડયા કે—'હે ભાઇઓ ! તમે પ્રમાદ તજી આ વ્યક્તિને ભજવા માંડો, તેનું ભજન મુક્તિપુરીના સથવારા સમાન છે. આ ભજન અત્યંત સુખદાઈ અને કલ્યાણકારી છે. આ વર્ધમાન 'જિન' અખિલ લોકમાં હિતકારી અને સકલ જીવોના ઉપકારી છે, તેમજ તેઓ શુભ વ્રતધારી પણ છે."

પોતાના યજ્ઞની પ્રસંશાને બદલે મહાવીરની પ્રસંશા સાંભળી તેઓની ગજગજ ફુલતી છાતીનાં પાટીયાં બેસવા લાગ્યાં ! શ્વાસ રૂંધાવા લાગ્યો ! તેઓમાંથી પ્રથમ ગૌતમ ગોત્રી ઇન્દ્રભૂતિ નામનો બ્રાહ્મણ ક્રોધાયમાન થઈ લાલપીળો બની ગયો. અને તે ક્રોધાવેશથી ધમપછાડા કરતો બોલવા લાગ્યો કે—"મારી હયાતિમાં એવો તે બીજો કોણ છે કે જે પોતાને સર્વજ્ઞ અને સર્વદર્શી માની રહ્યો છે ? એમ લાગે છે કે જરૂર કોઈ પાખંડી અને વિતંડાવાદી તેમજ ધૂર્ત અને કપટ-જાળી ઇન્દ્રજાળ રચી રહ્યો હોય ! તે તો સર્વજ્ઞનો આડંબર કરી, ઇન્દ્રજાળનો પ્રયોગ કરી. સર્વ દેવ-દેવીઓને પણ ઠગી રહ્યો છે ! આથી દેવો યજ્ઞના વાડાને તેમજ સાંગોપાંગ વેદોને જાણવાવાળા મને પણ ત્યજીને આગળ ચાલ્યા જાય છે. દેવોનાં માથા ફરી ગયાં છે કે તીર્થજળને છોડી ખાડાના પાણીની ઇચ્છા કરી રહ્યા છે ! આ દેવો થૂંક

ગળફાનો સ્વાદ લેનાર કાગડા જેવા દેખાય છે ! પાણીનો ત્યાગ કરી જમીનની વાંછના કરનાર મેંઢક જેવા જણાય છે ! ચંદનની ગંધને તજી મળની ગંધ લેવાવાળી માખીઓ જેવા આ દેવો લાગે છે ! આંબાવૃક્ષને બદલે કાંટાવાળા બાવળની ઝંખના કરવાવાળા ઊંટ જેવા તેઓ દેખાય છે ! સૂર્યના તેજનો ત્યાગ કરીઅંધકારની ઇચ્છા કરનાર ઘુવડો જેવા આ દેવો દેખાય છે ! ખરેખર તેઓ યજ્ઞની પવિત્ર ભૂમિને છાંડીને ધૂર્તની ધૂર્તશાળામાં જઇ રહ્યા છે ! બરાબર છે, જેવા દેવ, તેવા પૂજારા.

નિશ્ચયથી જણાય છે કે આ દેવો નથી, પણ દેવભાસ–ખોટા દેવ છે. ખરી વાત છે કે ભમરાઓ આંબાની મંજરી ઉપર ગુંજારવ કરે છે અને કાગડાઓ લીંબડાના ઝાડ પર કા–કા કરે છે. ખેર, હું તેની સર્વજ્ઞતા અને અહંતાના ચૂરેચૂરા કરી નાખીશ ! શું હરણ સિંહ સાથે ખેલ કરી શકે ? શું અંધકાર સૂર્યની સાથે હરિફાઈ કરી શકે ? શું પતંગીઓ આગ ઉપર જીત મેળવી શકે ? શું કીડી સમુદ્રનું પાણી પી શકે ? શું સર્પ ગરૂડને હરાવી શકે ? શું પર્વત વજ્રને તોડી શકે ? શું મેંઢુ હાથી સાથે યુદ્ધ કરી શકે ? આવી રીતે આ ઇન્દ્રજાળીઓ મારી સામે એક પળ પણ ટકી શકશે નહિ ! હમણાં જ હું તેની પાસે જઇ, તેની બોલતી બંધ કરાવી દઉં ! સૂર્યના તેજ આગળ બીચારા આગિયાની શી વશાત ? હું કોઈની પણ સહાયતા આ કામમાં ઈચ્છતો નથી, શું અંધકારનો નાશ કરવામાં સૂર્ય કોઈની શહ જોતો હશે ? માટે હવે હું શીઘ્ર ત્યાં જઈ પહોંચું !

આ પ્રમાણે બકવાટ કરી, હાથમાં પુસ્તક લઇ, પાંચસો શિષ્યના સમુદાયને લઇને પ્રભુ પાસે જવા તે રવાના થયો. તેના પટ્ટશિષ્યે તેમનું કમંડળ અને દર્ભનું આસન હાથમાં પકડયું હતું. પીતાંબર ધારણ કર્યું હતું. તેનો ડાબો ખંભો યજ્ઞોપવીત વડે શોભી રહ્યો હતો. પોતાના ગુરુ ‘ઇન્દ્રભૂતિ’ના યશોગાન અને જયજયકાર બોલાવતો તેનો શિષ્ય સમુદાય પણ તેની સાથે ચાલી રહ્યો હતો. યશોગાન કેવા પ્રકારનાં હતાં, તે કહે છે—“ હે સરસ્વતી રૂપી કંઠીને ધારણ કરવાવાળા ! હે વાદી–વિજયની લક્ષ્મીના ધ્વજરૂપ ! હે વાદિઓના મુખ રૂપી દ્વારોને બંધ કરવાવાળા ! હે વાદી રૂપી હાથીનું વિદારણ કરવાવાળા પંચાનન કેશરી સિંહ સમાન ! હે વાદિઓના ઐશ્વર્ય રૂપી સાગરને ઘોળીને પી જવાવાળા અગસ્ત્ય મુનિ ! હે વાદિ રૂપી સિંહના અષ્ટાપદ ! હે વાદિ વિજય વિશારદ ! હે વાદિવૃન્દ ભૂપાલ ! હે વાદિઓના કાલ સમાન ! હે વાદિ રૂપી કદલી વૃક્ષને કાપવાવાળી તલવાર સમાન ! હે વાદિ રૂપી અંધકારને નષ્ટ કરવાવાળા સૂર્ય ! હે વાદિરૂપી ઘઉંને પીસવાવાળી ઘંટી સમાન ! હે વાદિ રૂપી કાચા ઘડાને ફોડનાર મુદ્‌ગર સમાન ! હે વાદિ રૂપી ઘુવડોના સૂર્ય સમાન ! હે વાદિ રૂપી વૃક્ષોને ઉપાડી ફેંકી દેનાર ગજરાજ સમાન ! હે વાદિ રૂપી દૈત્યોના દેવેન્દ્ર ! હે વાદિ શાસક નરેશ ! હે વાદિ–કંસ–કૃષ્ણ ! હે વાદિ–હરણોના સિંહ ! હે વાદિ રૂપી તાવના નાશ માટે જ્વરાંકુશ ઔષધ સમાન ! હે વાદિ સમૂહને પરાજીત કરવાવાળા મલ્લ ! હે વાદિના શરીરમાં ઘોચવાવાળા તીક્ષ્ણ શલ્ય ! હે વાદિ રૂપી પતંગોને ભસ્મ કરવાવાળા દીપક ! હે વાદિ ચક્ર–ચૂડામણિ ! હે પંડિત શિરોમણિ ! હે વાદિ વિજય વિજેતા ! હે સરસ્વતી દેવીના કૃપાશીલ ! વિદ્વાનોના ગર્વને તોડનાર સુરંગ સમાન ! ” આવાં યશોગાન કરાવતો ઇન્દ્રભૂતિ પોતાના શિષ્ય સમુદાયની સાથે પ્રભુ પાસે પહોંચ્યો. ત્યાં પહોંચતાં જ સમવસરણનું ભવ્ય અને તેજોમય દર્શન જોઈ તેઓ બધા ચકિત ચિત્ત બની ગયા. (સૂ૦૧૦૫)

વિશેષાર્થ—જ્યારે બ્રાહ્મણોએ જોયું કે દેવો તો યજ્ઞભૂમિને વટાવીને તેથી પણ આગળ વધી રહ્યા છે, ત્યારે તેઓ નિરાશ થઈ ગયા. તેમની મુખની કાન્તિ ઓછી થવા લાગી. તેઓને પોતાની પ્રતિષ્ઠા અને કીર્તિ ઓછા થતાં જણાયાં.

આ ઉપરાંત દેવોની ઘોષણા તેમના સાંભળવામાં આવતી આવી ઘોષણા અને કલરવમાં, તેઓ કહેતા સંભળાયા કે—'હે ભવ્ય જીવો ! તમે તમારી નિદ્રા ઉડાડો ! આવો અમુલ્ય અવસર ફરી ફરી નહિ આવે ! આ અપૂર્વ અવસરનો લાભ લઈ કલ્યાણ સાધો ! મોક્ષ રૂપી નગરીમાં જવાનો આ સર્વોત્કૃષ્ટ સથવારો તમને મળી ગયો છે ! આત્માને અનંત સુખ આપવાવાળું ધામ તમારે આંગણે આવીને ઉભું રહ્યું છે ! ભગવાન વર્ધમાન સ્વામીને ભજો, તેની ઉપાસના કરો.

આ ભગવાને અનંત આપદાઓ વેઠી, ઉત્કૃષ્ટ આત્મજ્યોતિને પ્રગટાવી છે, તેમ જ સંસારના ત્રિવિધ તાપનું શમન કર્યું છે. તમારે આ સંસારની આગ ઝરતી જ્વાલાઓમાંથી ઉગરવું હોય તો, તેમનો ઉપદેશ સાંભળો ! તેમના કથનનો વિચાર કરો ! આ ભગવાનને હૈયે, ત્રણે લોકનું હિત વસ્યું છે. સંસારના અપરંપાર દુઃખોમાંથી છૂટવાનો તેઓ ઉપદેશ આપી રહ્યા છે. કારણ કે તેઓએ આ જ્ઞાનદશા, સ્વયં પ્રાપ્ત કરી છે. તેઓએ રાગ–દ્વેષ વિકાર આદિને બાળી ભસ્મ કર્યા છે. તેઓ સામાન્ય આપ્તપુરુષોમાં પણ શ્રેષ્ઠતા ધરાવે છે.

દેવોની આ પ્રમાણેની ઘોષણા સાંભળી, તેઓ વધારે, ગુંચવણમાં પડ્યા. તેમને લાગ્યું કે, જો આનો ઉપાય નહિ કરવામાં આવે તો ધર્મનો કાબુ આપણા હાથમાંથી સરી પડશે ! તમામ યજ્ઞાર્થીઓમાં, ઇન્દ્રભૂતિને ઘણું લાગી આવ્યું. તેના ક્રોધની સીમા વધી ગઇ. કારણ કે તેનું માન તે વખતના સમાજમાં અદ્વિતીય હતું. તેનું જ્ઞાન વિશાળ અને અપ્રતિમ હતું. તેનો પ્રભાવ ચારેબાજુ પડી રહ્યો હતો. તેનું વાક્ચાતુર્ય ભલભલા દલિલબાજીઓને હંફાવી નાખતું. તેની હરિફાઇ કરી શકે તેમ તે વખતનાસમાજમાં, કોઇ દષ્ટિગોચર થતું ન હતું. તેની વિદ્વત્તા, ભાષાઓ ઉપરનો કાબુ, તેમજ પ્રાભાવિક ઓજસની તુલના થઈ શકે તેમ ન હતી. તેને મન, ભગવાન પાખંડી અને વિતંડાવાદી જણાતા. આ ઉપરાંત, ભગવાને લોકોને ઈન્દ્રજાળ દ્વારા વશ કર્યા છે, તેમ તેને જણાયા કરતું હતું. તેથી ભગવાન 'માયાવી પૂતળું છે' તેમ તેની માન્યતા હતી મનુષ્ય સ્વભાવ એટલો બધો ભોળો અને સરળ હોય છે કે, તેને વશ કરવામાં ઝાઝી મહેનત પડતી નથી; પણ દેવો જે ચતુર અને દાક્ષિણ્ય યુકત હોય છે, તેઓ પણ આ ઈન્દ્રજાળિયાની જાળમાં સપડાઇ ગયા ! મારું જ્ઞાન અગાધ અને અસીમ છે, તેમજ ચાર વેદોના મૂળભૂત અર્થો અને તેના રહસ્યને જાણવાવાળું છે, વળી વેદના અંગો-પાંગ ઉપરાંત, શ્રુતિ–સ્મૃતિ–પુરાણ–છંદ–કાવ્ય–અલંકાર–વ્યાકરણ–ઉપનિષદ્–બૃહત્ સંહિતા અને વૈદિક ગ્રન્થોના આરોગ્ય શાસ્ત્ર વિગેરેને પિછાણવાવાળું છે, છતાં, આ દેવો મારું પણ ઉલ્લંઘન કરી આગળ ધપી રહ્યા છે યજ્ઞરૂપી પવિત્ર ભૂમિને અવંધગણી, તેઓ આ વાતોડિયા પુરુષ તરફ જઇ રહ્યા છે !

આ દેવો ખરેખર ભૂલ કરી રહ્યા છે ! તેઓ તીર્થજળને છોડી, ખાડાખાબોચીયાના ગંધાતા પાણીના પીનારા કાગડાઓ સમાન છે. યજ્ઞભૂમિને મૂકી તે ધૂર્તની પાસે જઇ રહ્યાં છે, અને જળની ઉપેક્ષા કરીને સ્થળને ઇચ્છનાર દેડકાની સમાન છે. શ્રીખંડ આદિચંદનને તજી દુર્ગંધને પસંદ કરનાર માખીઓની સમાન છે. આમ્રવૃક્ષને મૂકી શૂલ અને કાંટાથી ભરપૂર બાવળની અભિલાષા કરવાવાળા ઊંટની સમાન, સૂર્યના પ્રકાશની અવહેલના કરવાવાળા ઘુવડોની સમાન જણાય છે કે, જેઓ આવા રૂડા આલ્હાદજનક યજ્ઞસ્થાનનો ત્યાગ કરી ઘડીના છઠ્ઠા ભાગમાં અદશ્ય થવાવાળા માયાવીની પાસે જઈ રહ્યા છે. ખરી વાત છે કે 'જેવા દેવ છે તેવા પૂજારી' હોય છે. આ

દેવો નથી પણ દેવાભાસ છે, એટલે દેવ જેવા જણાતા આ કોઈ બીજાજ છે. ભમરાઓ આંબાની માંજરી પર ગુંજારવ કરે છે પણ કાગડાઓ લીંબડાના ઝાડને જ પસંદ છે. ખેર! દેવોને તે ધૂર્તની પાસે જવા દો. પણ હું તેની પાસે જઈ તેની સર્વજ્ઞતાના ભુક્કા ઉડાડી દઈશ! શું હરણિયું સિંહની સાથે યુદ્ધ કરી શકે છે? એવી જ રીતે અંધકાર સૂર્યની સાથે પતંગિયા અગ્નિની સાથે કીડી સમુદ્રની સાથે, સર્પ ગરૂડની સાથે, પર્વત વજ્રની સાથે અને મેંઢો હાથીની સાથે શું યુદ્ધ કરી શકે છે? કદાપિ નહિં. આવી જ રીતે તે ધૂર્ત ઇન્દ્રજાળિયો મારી સામે એક ક્ષણભર પણ ટકી શકવાનો નથી. હું હમણાં જ તેની પાસે જઈ દેવોને પણ ઠગવાવાળી તેની ધૂર્તતાને ખુલ્લી કરી નાખીશ! સૂર્યની સામે બિચારો આગીયો શું વસ્તુ છે? એટલે કાંઈ નહિ. મારે બીજાની સહાયતા લેવાની જરૂર નથી. હું તેને પરાસ્ત કરવાને એકલો જ શક્તિમાન છું. ઇન્દ્રભૂતિ આ પ્રમાણે વિચારધારાએ ચડી ત્યાં જવાનો નિર્ણય કર્યો. પોતાના હાથમાં વિદ્વતાને શોભે તેવું એક પુસ્તક લીધું. તે ઉપરાંત અન્ય સાધનો જેવાં કે કમંડળ આદિ તેમ જ ચટ્ટાઈ, ચાખડી વગેરે લઈ, પિતાંબર ધારણ કરી, યજ્ઞોપવીતથી શોભાયુક્ત થઈ પાંચસો શિષ્યોના સમુદાય સાથે ઇન્દ્રભૂતિ, ગૌતમ ભગવાન જે સ્થળે બિરાજ્યા છે ત્યાં જવા રવાના થયા. ચાલતી વખતે ગગનને પણ ભેદી નાખે તેવા જય-જયકારવાળા પોકારો પાડીને શિષ્યવૃંદ ઉપડ્યું. રસ્તામાં પોતાના ગુરુના યશોગાન ગાતાં ગાતાં આ ટોળું રસ્તો કાપવા લાગ્યું.

પોતાના ગુરુની પ્રતિષ્ઠા, અજેય ગુણ, દલીલોનું સામર્થ્યપણું, વાદિ તરફનો પ્રભાવ, નીડરતા, શૈલી, આવડત, વિષયને ગ્રહણ કરવાની શક્તિ, વિષયના રહસ્યની આરપાર ઉતરી જવાવાળી તીવ્રબુદ્ધિ, અનેક દૃષ્ટિબિંદુઓ વડે પોતાના વિષયને અને ધારણાને મજબૂત કરવાનું પરાક્રમ વિગેરેનાં ગુણગાનો કરતાં, આ ટોળું પસાર થવા લાગ્યું. સિંહ અને હાથીની ઉપમાં, અંધકાર અને સૂર્ય, ઘડો અને લાકડી વૃક્ષ અને ગજરાજ, દેવ અને દાનવ, કંસ અને કૃષ્ણ, સિંહ અને મૃગલાં, કદલી અને કૃપાણ, ઘુવડ અને સૂર્ય, સિંહ અને અષ્ટાપદ, જ્વર અને જ્વરાંકુશ વિગેરેની ઉપમા અને ઉપમેયનો આધાર લઇ પોતાના ગુરુ આ ઇન્દ્રજાળિયાને જરૂર પરાસ્ત કરશે એવા દંભી અને બડાઈખોર ઉદ્દગારો સાથે આ શિષ્યમંડલ ચાલતું હતું.

આવા ઉપમાનો ઉપરાંત પ્રતિવાદીઓને હરાવવામાં પોતાના ગુરુદેવની તીવ્ર શક્તિ રહેલી છે તેવું સામર્થ્ય પ્રગટ કરતા ચાલ્યા જતા હતા. જેમ પતંગ અગ્નિમાં, શરીર મૃત્યુમાં, અજ્ઞાની પંડિતમાં ખતમ થઈ જાય છે તેમ આ 'વર્ધમાન' પણ અમારા ગુરુની આગળ પરાજય પામશે! કારણ કે તેઓ, સકલ શાસ્ત્રો અને તેના અર્થમાં પારંગત છે, તમામ કલાઓના જાણકાર છે, પંડિતોમાં શિરોમણિ છે, અધિષ્ઠાત્રી દેવીનું કૃપાભાજન છે, વિદ્વાનોના ગર્વનું નિકંદન કાઢવાવાળા છે, તેમજ વિજ્ઞાન વિગેરેમાં સર્વશ્રેષ્ઠ છે. આ પ્રમાણે બડાઈઓ હાંકતાં, ગપગોળા ફેલાવતા, અવનવી વાતો કરતા આ શિષ્યો સમવસરણ નજીક આવી પહોંચ્યા. ત્યાં તેઓ સમવરણની અદ્વિતીય રચના, અનુપમ શોભા અને અપૂર્વકૃતિને જોઈ ડઘાઈ ગયા! દિગ્મૂઢ થઇ ગયા! આંખો ફાટી રહી! મોં વકાસી રહ્યા! દાંતમાં આંગળી ઘાલી ગયા! આગળ ચાલતાં લોકોત્તર પુરુષ-ભગવાનનો કંચનવર્ણો દેહ અને તેનું લાલિત્ય જોઈ તેઓ શાનશુધ ખોઈ બેઠાં! તેમનું તેજ, પ્રભાવ અને મુખ ઉપર તરતી તનમનાટવાળી સૌમ્યતા જોઇ તેમનો ગર્વ ગળવા માંડયો! ક્રોધની પારાશીશીનું અંતર ઘટવા લાગ્યું! આ બધું જોઇ, જાણી, અનુભવી તેઓ વિચારવા લાગ્યા અને 'હાયકારા'નો નિસાસો તેઓના મુખમાંથી નીકળવા માંડયો! (સૂ૦૧૦૫)

## ગણધરવાદ

મૂળનો અર્થ—'तेणं कालेणं' ઇત્યાદિ. તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરે, ગૌતમ ગોત્રી ઇન્દ્રભૂતિને સંબોધીને, હિતકર, સુખકર અને શાંતિકારક, મીઠી મધુરી વાણીને ઉચ્ચારી. ભગવાનની શાંતિ પ્રિયવાણીનું શ્રવણ કરવાથી, તેનું ચિત્ત ચકિત થયું તેમજ પોતાનું નામ, તેમના જાણવામાં આવતાં તેને આશ્ચર્ય પણ થયું. 'હું જગત પ્રસિદ્ધ છું, ત્રણે જગતનો ગુરુ છું. તો મારૂં નામ કોણ નથી જાણતું? આવા તેના ક્ષુદ્ર જાણપણાને લીધે વિસ્મય પામવા જેવું છે જ નહિ! પરંતુ જો આ વ્યક્તિ, મારા મનમાં રહેલ શંકાનું દર્શન કરાવે અને તેનું નિવારણ કરે, તો કાંઇક આશ્ચર્ય પામવા જેવું ખરૂં!'

ઈંદ્રભૂતિ આવી રીતે વિચાર કરતો હતો ત્યાંજ ભગવાનનો પ્રશ્ન આવી પડયો કે "હે ગૌતમ! તારા મનમાં 'જીવ'ના અસ્તિત્વ સંબંધી શંકા છે એ વાત બરાબર છે? અને તારા મનમાં 'જીવ'ના વિદ્યમાન પણા વિષે શંકા પણ રહે તેવુ' 'વેદવાકય' પણ મોજુદ છે? આ વેદવાકય એમ કહે છે કે "त्रिज्ञानघनएवैतेभ्यो भूतेभ्यः समुत्थाय पुनस्तान्येवानुविनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति" ઇતિ વિજ્ઞાનઘનજ આ ભૂતોથી ઉત્પન્ન થાય છે, અને તે વિજ્ઞાનઘન પાછું પ્રાણીઓમાં જ લીન થઇ જાય છે, અને તેથી, આ વિજ્ઞાનઘનમાં પરલોક સંજ્ઞા નથી, આ પ્રમાણેનું વેદ વાકય, છે તે બરાબર ને?" આ પ્રમાણેના વેદવાકયનું પુનરુચ્ચારણ કરી, ભગવાન ગૌતમને કહે છે કે, "હે ગૌતમ! તું આ વેદવાકયનો અર્થ જાણતો નથી. માટે હું તે તમને સમજાવું છું કે, જીવનું અસ્તિત્વ છે. કારણ કે આ 'વિદ્યમાન.પણું' ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન તથા સંજ્ઞા લક્ષણો દ્વારા જાણી શકાય છે." જો જીવની હયાતી ન હોય તો, પુણ્ય–પાપનો કર્તા કોને ગણવો? તમારા યજ્ઞ, દાન વિગેરે કાર્ય કરવાવાળા નિમિત્તભૂત કોણ છે? તમારા વેદ શાસ્ત્રમાં કહ્યું છે કે 'આ આત્મા નિશ્ચયથી જ્ઞાનમય છે' અર્થાત્ આ આત્મા ખુદ જ્ઞાનપિંડ જ છે. આથી સિદ્ધ થાય છે કે દરેક પ્રાણીમાં જીવ નામનું તત્વ મોજુદ છે.

આ પ્રકારે પ્રભુનાં વચન સાંભળી ઈન્દ્રભૂતિનું મિથ્યાત્વ પાણીમાં મીઠાની માફક ઓગળી ગયું. સૂર્યનો પ્રકાશ થતાં જેમ અંધકાર દૂર થઇ જાય છે તેમ તેનું મિથ્યાત્વ નાશ પામ્યું. જેમ ચિંતામણીની ઉપલબ્ધિ થતાં ગરીબાઈ દૂર થાય છે તેમ સત્ય જ્ઞાનની સમજણ થતાં તેનું મિથ્યાભિમાન અલોપ થઈ ગયું. તેણે થોડી વાતચીતમાં સર્વસ્વ ગ્રહણ કરી લીધું. ત્યારબાદ ઇન્દ્રભૂતિએ ભગવાનને વંદના–નમસ્કાર કર્યા, અને બોલવા લાગ્યો કે "હે ભદન્ત! હું મંદ બુદ્ધિવાળો આપની પરીક્ષા કરવા આવ્યો હતો. જાણે વામન ઝાડની ઉંચાઇને માપવાં ચાલ્યો હોય! હે સ્વામિન્! આપે જે મને બોધ આપ્યો તેના વડે હું કૃતાર્થ થયો છું ને સંસારથી વિરતિ પામ્યો છું, માટે મને દીક્ષિત કરી દુઃખની પરંપરારૂપ એવા આ સંસારમાંથી મને મુક્ત કરો." 'આ મારો પ્રથમ ગણધર થશે' એમ કહી પાંચસો શિષ્યના પરિવાર સહિત ઇન્દ્રભૂતિ બ્રાહ્મણને ભગવાને દીક્ષા આપી. તે સમયે ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીરના જયેષ્ઠ શિષ્ય બન્યા. ઈર્યાસમિતિ, ભાષા સમિતિ, એષણાસમિતિ, આદાન ભાંડપાત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચારપ્રસ્ત્રવણશ્લેષ્મશિઙ્ઘાણજલ્લપરિષ્ઠાપનસમિતિ યુક્ત બન્યા મનગુપ્તિ, વચનગુપ્તિ અને

કાયગુપ્તિના પણ ધારક બન્યા. ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી, ત્યાગી, પાપભીરૂ, તપસ્વી, ક્ષમાશીલ, જીતેન્દ્રિય, ચિત્તશોધક, નિદાનવિહીન, ઉત્સુકતા રહિત સ્થિર અને સંયમી બન્યા. આવી આઠ પ્રવચન માતા યુક્તબની નિગ્રન્થ પ્રવચનને શિરોધાર્ય કરી તેઓ વિચરવા લાગ્યા. આ ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિ અણગાર, સાત હાથીની ઉંચાઈવાળા હતા. તેમનું શારીરિક કદ સમચતુરસ્ર સંસ્થાનવાળું હતું. તેમનો શારીરિક બાંધો વજ્રઋષભનારાચ સંહનનવાળો હતો. તેમનો વર્ણ કસોટી ઉપર સોનું કસવાથી જેવો લીટો થાય તેવા રંગનો ઘઉંવર્ણો ચકચકિત હતો તેમ જ કમલની અંદર રહેલ કેસરપુંજ જેવો ગોરા–તપખિરિયા રંગનો હતો. તેઓ ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્તતપસ્વી અને મહાતપસ્વી બન્યા. તેઓ ઉદાર ઘોર, મહાગુણી અને મહાબ્રહ્મચારી થયા. દેહની મમતા રહિત બની, વિશાલ તેજોલેશ્યાના ધારક થઇ તેમ જ તેને યથાયોગ્ય ગુપ્ત રાખી ચૌદ પૂર્વના જ્ઞાતા થયા. ચાર જ્ઞાનના ધણી અને સમસ્ત અક્ષરજ્ઞાનોમાં નિપુણ બન્યા. તેઓ ભગવાનની સમીપ રહી વિનયપૂર્વક બેઠતાં. ઉઠતાં ધ્યાનમાં લીન રહી સંયમ, તપ અને ભાવથી આત્માને ભાવિત કરી વિચરવા લાગ્યા. (સૂ૦૧૦૯)

ટીકાનો અર્થ—તે કાળે અને તે સમયે એટલે કે જ્યારે ઇન્દ્રભૂતિ પોતાના શિષ્યપરિવારની સાથે ગર્વ સહિત ભગવાન મહાવીરની પાસે પહોંચ્યા ત્યારે ભગવાને "હે ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિ" એ પદથી સંબોધીને કલ્યાણકારી, સુખકારી અને મધુર વાણીથી બોલ્યા. ભગવાન દ્વારા કરાયેલ પોતાના નામ અને ગોત્રનું ઉચ્ચારણ સાંભળીને ઇન્દ્ર-ભૂતિના મનમાં ઘણું આશ્ચર્ય થયું. તે વિચારવા લાગ્યા કે ભગવાને અપરિચિત એવા મારૂં નામ-ગોત્ર કેવી રીતે જાણ્યું? એવું વિચારીને ફરી ઇન્દ્રભૂતિએ પોતાના મનનું સમાધાન કર્યું કે નામ–ગોત્ર જાણવામાં નવાઇ શી છે? હું જગતમાં વિખ્યાત છું અને ત્રણે લોકનો ગુરુ છું. એવો કયો બાળક, યુવક અને વૃદ્ધ છે કે જે મારૂં નામ નહીં જાણતો હોય? હા, નવાઇ તો ત્યારે માનીશ જ્યારે તે મારા મનમાં જે સંશય છે તેને કહી દે અને તેનું નિવારણ પણ કરી નાખે.

ગૌતમ ઇન્દ્રભૂતિ આમ વિચારતા જ હતા ત્યારે ભગવાને તેમને કહ્યું—"હે ગૌતમ! ઇન્દ્રભૂતિ તમારા મનમાં આ સંદેહ છે કે જીવ (આત્મા)નું અસ્તિત્વ છે કે નથી? કારણ કે વેદોમાં એવું કહેલ છે કે—'**विज्ञानघन एवै-तेभ्यो भूतेभ्यः समुत्थाय पुनस्तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञाऽस्ति**' ઇતિ વિજ્ઞાનઘન આત્મા ભૂતોથી ઉત્પન્ન થઈને તેમનામાં જ લીન થઈ જાય છે, પરલોકસંજ્ઞા નથી. હું આ વિષયમાં કહું છું કે તમે વેદ–પદોનો વાસ્તવિક અર્થ જાણતા નથી. પૂર્વોક્ત વેદવાકયનો તમે સમજેલ અર્થ આ છે–"ઘન આનંદ આદિ સ્વરૂપ હોવાને કારણે વિજ્ઞાન જ વિજ્ઞાનઘન કહેવાય છે. તે વિજ્ઞાનઘન જ પ્રત્યક્ષથી પ્રતીત થનાર પૃથ્વી આદિ ભૂતોથી ઉત્પન્ન થઇને ભૂતોમાં જ અવ્યક્ત રૂપે લીન થઈ જાય છે. મૃત્યુ પછી ફરી જન્મ લેવો પ્રેત્ય કહેવાય છે. એવી પ્રેત્યસંજ્ઞા એટલે કે પરલોક-ગમનરૂપ સંજ્ઞા નથી." તેથી તમે માનો છો કે જીવ નથી. એ વાકયનો વાસ્તવિક અર્થ આ છે–જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ રૂપ વિજ્ઞાન વિજ્ઞાનઘન કહેવાય છે. વિજ્ઞાનથી અભિન્ન હોવાથી આત્મા વિજ્ઞાનઘન છે અથવા આત્માનો એક એક પ્રદેશ અનન્ત વિજ્ઞાન–પર્યાયોના સમૂહરૂપ છે, તે કારણે આત્મા વિજ્ઞાનઘન જ છે. આ આત્મા એટલે કે વિજ્ઞાનઘન ભૂતોથી ઉત્પન્ન થાય છે, કારણ કે ઘટને કારણે આત્મા ઘટવિજ્ઞાન રૂપ પરિણિતવાળો હોય છે. કારણ કે ઘટવિજ્ઞાનના ક્ષયોપશમનો એટલે કે ઘટવિજ્ઞાનના આવરણના ક્ષયોપશમનો ત્યાં આક્ષેપ હોય છે, નહીં તો નિર્વિષય હોવાને કારણે તેમા મિથ્યાપણાનો પ્રસંગ થઈ જશે. તેથી પૃથ્વી આદિ ભૂતોથી કયાંક ઉત્પન્ન થઇને પછી આત્મા પણ તે ભૂતોનો નાશ થતાં તે ભૂત–વિજ્ઞાનઘન રૂપ પર્યાયથી નાશ પામે છે અથવા ભૂતો અલગ થતાં સામાન્ય ચૈત-ન્યના રૂપે સ્થિર રહે છે, તેથી તેની પ્રેત્ય સંજ્ઞા નથી એટલે પ્રાકૃતિક ઘટાદિ વિજ્ઞાનની સંજ્ઞા તેમાં રહેતી નથી, તેથી જીવ છે એ જ મત સિદ્ધ થાય છે. અંતઃકરણને ચિત્ત કહે છે. ચેતનના ભાવને ચૈતન્ય કહે છે એટલે કે સંજ્ઞાનનો

જે કર્તા હોય તે ચૈતન્ય છે. વિશિષ્ટ જ્ઞાન વિજ્ઞાન કહેવાય છે, ચેષ્ટા સંજ્ઞા કહેવાય છે. એ ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા આદિ લક્ષણોથી જીવનું જ્ઞાન થાય છે તેથી જીવની સિદ્ધિ થાય છે.

જીવની સિદ્ધિ (સાબિતી)નો બીજો ઉપાય બતાવે છે–જો જીવ ન હોય તો પુન્ય અને પાપનો કર્તા જીવ સિવાય બીજું કોણ હશે? એટલે કે કોઈ પણ હોઈ ન શકે. જીવ વિના પુન્ય પાપને ઉત્પન્ન કરનાર વ્યાપાર સંભવિત નથી. તેથી પુન્ય–પાપનો કર્તા હોવાથી જીવનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. જીવ છે, આ મતને ફરી પુષ્ટ કરે છે–તમે માનેલ યજ્ઞ દાન આદિ કાર્યો કરવાનું નિમિત્ત જીવના અભાવમાં કોણ હશે? જીવ જ તે કાર્યો કરવાનું નિમિત્ત હોઈ શકે છે, કારણ કે વ્યાપાર જીવને આધીન છે તેથી પણ જીવ છે એ સિદ્ધ થાય છે. આ રીતે જીવનું અસ્તિત્વ સિદ્ધ કરીને હવે વેદના પ્રમાણથી તેને સિદ્ધ કરવાને માટે કહે છે–તમારા શાસ્ત્રોમાં પણ કહેલ છે–"**सवै अयमात्मा ज्ञानमयः**" ચિત્ત આદિ લક્ષણોથી પ્રતીત થનાર આ આત્મા જ્ઞાનઘન રૂપ છે તેથી જીવ છે એ મત સિદ્ધ થયો. ઇત્યાદિ પ્રભુનાં વચનો સાંભળીને ઇન્દ્રભૂતિનું મિથ્યાત્વ એજ પ્રમાણે ઓગળી ગયું કે જેમ પાણીમાં મીઠું ઓગળી જાય છે, સૂર્યનો ઉદય થતાં અંધકાર નાશ પામે છે અને ચિન્તામણી મળતાં જેમ દરિદ્રતા નાશ પામે છે. ઇન્દ્રભૂતિને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ત્યારબાદ ઇન્દ્રભૂતિએ ભગવાન મહાવીરને વંદના અને નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—ભગવન્! જેમ વામન વૃક્ષની ઉંચાઈ માપવાને માટે જાય તેમ હું મતિહીન આપ સર્વજ્ઞની પરીક્ષા કરવા આવ્યો હતો. હે પ્રભો! આપે મને જે બોધ આપ્યો છે તેથી હું કૃતકૃત્ય થયો છું. હું સંસારથી વિરક્ત થઈ ગયો છું. વિરક્ત થવાને કારણે મને દીક્ષા આપીને દુઃખોથી ભરેલ આ સંસાર રૂપી સાગરમાંથી તારો. ત્યારે ભગવાન મહાવીરે "આ ઇન્દ્રભૂતિ મારો પહેલો ગણધર થશે" એમ કહીને પાંચસો શિષ્યો સાથે ઇન્દ્રભૂતિને પોતાને હાથે દીક્ષા આપી.

તે કાળે અને તે સમયે ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ–સૌથી પહેલા શિષ્ય થયા. તેઓ કેવા હતા તે કહે છે—તે ઇર્યાસમિતિ હતા એટલે કે ઈર્યાસમિતિથી યુક્ત હતા, એજ પ્રમાણે ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાન ભાંડમાત્રનિક્ષેપણા સમિતિ હતા. ઉચ્ચાર પ્રસ્રવણ શ્લેષ્મશિંઘાણ જલ્લ પરિષ્ઠાપનિકા સમિતિ હતા, મનઃસમિતિ હતા, વચન સમિતિ હતા, કાય સમિતિ હતા, મનોગુપ્ત એટલે મનોગુપ્તિથી યુક્ત હતા, એજ પ્રમાણે વચન ગુપ્ત હતા, કાયગુપ્ત હતા, ગુપ્ત હતા, ગુપ્તેન્દ્રિય હતા, ગુપ્ત બ્રહ્મચારી હતા. ઈર્યાસમિતથી માંડીને ગુપ્તબ્રહ્મચારી સુધીના પદોના અર્થ ૧૭૪માં સૂત્રની ટીકાના ગુજરાતી ભાષાનુવાદથી સમજી લેવો જોઇએ. તે ત્યાગી–ત્યાગશીલ હતા, વનમાં જે લાજવંતી નામની વનસ્પતિ થાય છે તેની જેમ પાપમય વ્યાપારોથી લજ્જાશીલ–સંકોચશીલ હતા. છઠ, અઠમ આદિની તપસ્યાથી યુક્ત હતા ક્ષમાશીલ હોવાને લીધે બીજા દ્વારા કરાયેલ અપકારોને સહન કરી લેતા હતા. ઈન્દ્રિયોને વશ કરી ચૂકયા હતા. અંતઃકરણના શોધક હતા. નિદાન (નિયાણા, એટલે કે ભવિષ્ય કાળ સંબંધી વિષયોની તૃષાથી રહિત હતા, ઉત્કંઠાથી રહિત હતા. સ્થિર હતા. અને સમીચીન સાધુ–આચારમાં તત્પર હતા એજ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરતા હતા.

તે ગૌતમ ગોત્રીય ઇન્દ્રભૂતિ અણગાર સાત હાથ ઉંચા શરીરવાળા હતા સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. હાથ, પગ, ઉપર અને નિચેના ચારે ભાગ જેને સમાન હોય તેને સમચતુરસ્ર કહે છે. એવા આકાર વિશેષને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. તેમને **वज्रऋषभनाराच संहनन** હતું. ખીલીના આકારના હાડકાને વજ્ર કહે છે. તેના ઉપર વેષ્ટનપટ્ટની આકૃતિના હાડકાને ઋષભ કહે છે. બન્ને તરફના મર્કટ બંધને નારાચ કહે છે. તેથી બન્ને તરફથી

મર્કટ બંધથી બાંધેલી અને પટ્ટની આકૃતિના ત્રીજાં હાડકાથી વીંટાયેલ બન્ને હાડકાંઓ ઉપર, એ ત્રણેને ફરીથી દૃઢ કરવાને માટે જ્યાં ખીલીના આકારનું વજ્ર નામનું અસ્થિ લાગેલું હોય તે વજ્રઋષભ-નારાચ કહેવાય છે. જેના દ્વારા શરીરના પુદ્ગલ દૃઢ કરાય, તે અસ્તિ નિચય-હાડકાંની રચના વિશેષને સંહનન કહે છે. એવું વજ્રઋષભ નારાચ સંહનન ઇન્દ્રભૂતિ અણગારને પ્રાપ્ત થયેલ હતું. તેમનું શરીર એવું ગૌર-વર્ણ હતું કે જેમ સોનાના ટુકડાને કસોટી પર ઘસવાથી સોનેરી અને ચળકતી રેખા થાય છે, અથવા જેવો કમળનો પરાગ હોય છે. તાત્પર્ય એ કે તેમનું શરીર કસોટી પર ઘસેલા સુવર્ણની રેખા અને કમળનાં કેસરો જેવું ચળકતું અને ગૌર વર્ણનું હતું. અથવા કસોટી પર ઘસેલા સુવર્ણની અનેક રેખાઓનાં જેવા ગોરા શરીરવાળા હતા.

## ઈન્દ્રભૂતિ કા દીક્ષાગ્રહણ ઔર ઉનકા સંયમારાધન કા વર્ણન

વધતા જતા પરિણામોને કારણે તથા પારણાદિમાં વિચિત્ર પ્રકારના અભિગ્રહ કરવાને કારણે તેમનુ અનશન આદિ બાર પ્રકારનું તપ ઉત્કૃષ્ટ હતું, તેથી તેઓ ઉગ્ર તપસ્વી હતા વધારે તપસ્યાવાળા હોવાથી દીપ્ત તપસ્વી હતા. મોટા મોટી તપસ્યા કરવાને કારણે મહાતપસ્વી હતા પ્રાણી માત્ર તરફ મિત્રભાવ રાખતા હોવાથી ઉદાર હતા પરિષહ, ઉપસર્ગ અને કષાય રૂપી શત્રુઓનો નાશ કરવામાં ભયાનક હોવાથી ઘોર હતા. તે ઘોર (કાયરો દ્વારા દુષ્કર) મૂળ ગુણોવાળા હોવાથી ઘોર ગુણવાન હતા. દુશ્ચર તપશ્ચરણના ધારક હતા. કાયર માણસોદ્વારા આચરી ન શકાય એવા બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. તેમણે દેહાધ્યાસનો ત્યાગ કર્યો હતો, અથવા તેઓ શરીરના સંસ્કાર (શૃંગાર)થી રહિત હતા. વિશિષ્ટ તપસ્યા વડે પ્રાપ્ત થયેલ વિશાળ તેજોલેશ્યા નામની લબ્ધિ તેમણે શરીરમાં જ લીન કરી દીધી હતી. ચૌદ પૂર્વોના ધારક હતા. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનથી યુકત હતા. તેમની બુદ્ધિ સમસ્ત અક્ષરોમાં પ્રવેશ કરનારી હતી. તે ભગવાનથી વધારે દૂર પણ ન રહેતા અને અન્યંત નજીક પણ ન રહેતા-ઉચિત સ્થાન પર રહેતા હતા. ત્યાં ઘુંટણો ઉપર કરીને તથા મસ્તક નમાવીને ધ્યાન રૂપી કોષ્ટકો પ્રાપ્ત હતા. કોઇ પણ એક વસ્તુમાં એકાગ્રતા-પૂર્વક ચિત્તનું સ્થિર હોવું તેને ધ્યાન કહે છે. તે એજ ધ્યાન રૂપી કોષ્ઠ (કોઠી)માં રહેલ હતા. એટલે કે જેમ કોઠીમાં રહેલ અનાજ આમ તેમ વેરાતું નથી, એજ પ્રમાણે ધ્યાન ધરવાથી ઇન્દ્રિયોની તથા મનની વૃત્તિ બહાર જતી નથી. આશય એછે કે ઇન્દ્રભૂતિ અણગારે પોતાની ચિત્તની વૃત્તિને નિયંત્રિત કરી લીધી હતી. તેઓ સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપ વડે આત્માને વાસિત કરતા વિચરવા લાગ્યા. (સૂ૦૧૦૬)

મૂળનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. સમસ્ત વિદ્યાઓમાં પારંગત એવા અગ્નિભૂતિ બ્રાહ્મણે, ઇન્દ્રભૂતિના જેવોજ વિચાર કર્યો. કે, ખરે ખર ! આ પુરુષ ઇન્દ્રજાલીયોજ દેખાય છે ! તેણે તો, મારા ભાઈ ઇન્દ્રભૂતિ જેવાને પણ, પોતાના ફાંસલામાં જોડી દીધો. હવે હું ત્યાં જાઉં ! અને પોતાને સર્વજ્ઞ માનતા એવા ઠગને પરાજીત કરી, મારા જયેષ્ઠ ભાઇને મુક્ત કરી, સાથે લેતો આવું ! આ પ્રકારે નિર્ણય કરી પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે ગર્વ સહિત પ્રભુ સમીપે પહોંચ્યો. ભગવાને તેનું નામ અને સંશયનો ઉલ્લેખ-કરી, તેને સંબોધ્યો, ને કહેવા લાગ્યા કે,–હે અગ્નિભૂતિ! તારા મનમાં કર્મસંબંધી સંશય છે કે નહિ? કર્મ હશે કે કેમ તેવી શંકા તું સેવી રહ્યો છે કે નહિ?

"**पुरुष एवेद 'U' सर्वं यद् भूतं यच्च भाव्यम्**" અર્થાત્–આ જગતમાં જે પુરુષ છે તે જ પુરુષ છે, જે થઈ ગયા છે, અને ભાવીકાળે થવાના છે તે બધા પુરુષ જ છે! આ વેદ વચનથી, તને એવું જ્ઞાન પ્રાદુર્ભૂત થયું છે કે, આ જગત આત્મામય છે. કર્મ જેવું કાંઇ છે જ નહિ." જો કર્મનું વિદ્યમાનપણું હોત તો, પ્રત્યક્ષ આદિ પ્રમાણો દ્વારા જણાયા વિના રહેત નહિ પણ તેની ઉપલબ્ધિ થતી નથી, માટે કર્મ જેવું કાંઈ છે જ નહિ. જો કદાચ 'કર્મ' માનવામાં આવે તો, અમૂર્ત જીવની સાથે મૂર્તનો તે સંબંધ કેવી રીતે હોઇ શકે?" "મૂર્ત કર્મદ્વારા, અમૂર્ત આત્માનો ઉપઘાત કે અનુગ્રહ કેવી રીતે જણાય? જેમ આકાશ અમૂર્ત છે, તેને મૂર્ત એવા ખડ્ગ આદિથી કાપી શકાય નહિ જેમ ચંદન મૂર્ત છે તો તે, અમૂર્ત એવા આકાશને લેપતુ નથી; તેમ આત્મા અમૂર્ત છે, અને કર્મ મૂર્ત છે, તો મૂર્ત પદાર્થ, અમૂર્ત સાથે કેવી રીતે એક રૂપ થઈ શકે? શું આવા પ્રકારના તારાં મંતવ્યો વર્તે છે તે બરાબર છે ને? વેદના સૂત્રનો તું ઉપર પ્રમાણે અર્થ કરે છે તે પણ બરાબર છે ને?"

અગ્નિભૂતિએ 'હકાર'માં પ્રત્યુત્તર આપ્યો અને જે જે ઉપર પ્રમાણે તેના અભિપ્રાયો હતા તેની કબુલાત કરી. ભગવાને વળતો જવાબ આપી કહ્યું કે, "આવા તારા અભિપ્રાયો ખોટા છે. અતિશય જ્ઞાની પુરુષો, પ્રત્યક્ષ પ્રમાણ વડે કર્મોને દેખે છે; અને અલ્પજ્ઞાની જીવોની વિચિત્રતા જોઈ અનુમાનપણે કર્મને જાણે છે. કર્મની વિચિત્રતાને લીધે પ્રાણીઓમાં સુખદુઃખના ભાવો ઉત્પન્ન થાય છે, કોઈ જીવ જો રાજા થાય તો, કોઇ હાથી કે ઘોડો થઈ તે રાજાનું વાહન બને છે. કર્મની વિચિત્રતા ને લીધે કોઈ પગે ચાલે છે, તો કોઈ માથે છત્ર ધારણ કરાવે છે કર્મના લીધે, કોઇ ભુખ્યો દુર્બલ માનવ રોટી માટે દિન રાત ભટકે છે છતાં તેને પેટ પૂરતું મળતું નથી!'

એકી સાથે અને એક જ સમયે વ્યાપાર કરવાવાળા વેપારીઓમાં એક પાર પામે છે, ત્યારે બીજો ડૂબી જાય છે. આ તમામનું મૂળભુત કારણ કર્મોદય છે. કોઇ પણ કાર્યની પછવાડે કારણ તો હોવું જોઈએ; કારણ વિના કાર્ય બનતું નથી. જેમ મૂર્ત ઘડાનો સંબંધ અમૂર્ત આકાશ સાથે થાય છે તેમ કર્મનો સંબંધ આત્મા સાથે જણાય છે. જેમ મૂર્ત સ્વરૂપી મદ્ય અને મૂર્ત સ્વરૂપી ઔષધિઓ વડે જીવને ઉપઘાત અને અનુગ્રહ થાય છે, તેમજ જણાય છે, તેમ અમૂર્ત જીવોને પણ મૂર્ત કર્મોદ્વારા ઉપઘાત અનુગ્રહ થાય છે. વેદવાક્યો અને વેદવાણીમાં ક્યાંય પણ કર્મનો નિષેધ કરવામાં આવ્યો નથી, માટે કર્મ છે તે સિદ્ધ વસ્તુ છે. આ પ્રમાણે પ્રભુના કથનથી સંશય દૂર થતાં તે હર્ષિત થયો. સંતુષ્ટ થઈ તેણે પણ પોતાના પાંચસો શિષ્યોના સમુદાય સાથે દીક્ષા ગ્રહણ કરી. (સૂ૦૧૦૭)

ટીકાનો અર્થ—ઇન્દ્રભૂતિની દીક્ષા પછી સઘળી વિદ્યાઓમાં નિપુણ અગ્નિભૂતિ બ્રાહ્મણે ઈન્દ્રભૂતિના જેવો વિચાર કર્યો કે વાત જરૂર સાચી છે કે તે મહાવીર એક મહાન ઇન્દ્રજાળી લાગે છે. તેણે મારા ભાઈ ઈન્દ્રભૂતિને પણ ઠગી લીધો. હવે હું જાઉં છું અને અસર્વજ્ઞ હોવા છતાં પણ પોતાને સર્વજ્ઞ સમજનાર માયાવીને પરાસ્ત કરીને માયાથી ઠગાએલા મારા ભાઇને પાછો લાવીને જ જંપીશ આ પ્રમાણે નિર્ણય કરીને તે અગ્નિભૂતિ પોતાના પાંચસો શિષ્યોની સાથે અભિમાનપૂર્વક ભગવાનની પાસે ગયા.

ભગવાને અગ્નિભૂતિને તેના નામથી સંબોધન કરીને તથા તેમના હૃદયમાં રહેલા સંદેહને જાહેર કર્યો. ભગવાને આ પ્રમાણે કહ્યું—હે અગ્નિભૂતિ! તમારા મનમાં કર્મના વિષયમાં સંદેહ રહે છે કે કર્મ છે કે નથી? વેદનું વચન છે કે "पुरुष ए वेद U" सर्वं यद्‌भूतं यच्च भाव्यम्" આ વાકયનો આશય એ છે કે આ જે વર્તમાન છે, જે ભૂત છે અને જે ભાવી છે, તે બધી વસ્તુ પુરુષ (આત્મા)જ છે. "पुरुष" શબ્દની પાછળ વપરાયેલ 'एव' (ही) કર્મ આદિ વસ્તુઓનો નિષેધ કરવાને માટે છે. તેથી તાત્પર્ય એ નીકળ્યું કે પુરુષના સિવાય કોઈ પણ વસ્તુ નથી. ઇત્યાદિ વેદવચન પ્રમાણે જે થયું, જે છે અને જે થશે, બધી વસ્તુ આત્મા જ છે. આત્માથી ભિન્ન બીજો કોઇ પદાર્થ નથી. તેથી કર્મનું પણ અસ્તિત્વ નથી. કર્મ હોત તો પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી તેની પ્રતીતિ થાત, પણ પ્રત્યક્ષ આદિ કોઈ પણ પ્રમાણથી કર્મની પ્રતીતિ થતી નથી. છતાં પણ કદાચ કર્મનું અસ્તિત્વ માની લેવામાં આવે તો મૂર્ત કર્મની સાથે અમૂર્ત જીવનો સંબંધ કેવી રીતે હોઇ શકે? મૂર્ત અને અમૂર્તનો અન્યોન્ય સંબંધ સંભવી શકે નહી. તદુપરાંત અમૂર્ત આત્માનો મૂર્ત ઉપઘાત—નરક—નિગોદ આદિ ગતિઓમાં લઇ જઈને પીડા પહોંચાડવી અને અનુગ્રહ —સ્વર્ગ આદિ ગતિમાં પહોંચાડીને સુખનો ઉપભોગ કરાવવો તે કેવી રીતે હોઈ શકે? એ સંભવિત નથી કે મૂર્ત અને અમૂર્તમાંથી એક ઉપઘાત્ય હોય અને બીજું તેનું ઉપઘાતક હોય તથા એક અનુગ્રાહ્ય હોય અને બીજું અનુગ્રાહક હોય. આ વિષે દૃષ્ટાંત આપે છે કે,—જેમ આકાશ તલવાર આદિ દ્વારા કાપી શકાતું નથી તેમજ શ્રીખંડ ચંદનાદિના લેપથી લેપી શકાતું નથી. આ પ્રમાણે અગ્નિભૂતિના મનોગત સંશયનું સમર્થન કરીને તેનું નિરાકરણ કરવાને માટે કહે છે—" હે અગ્નિભૂતિ, તમારો આ મત મિથ્યા છે. કારણ કે સર્વજ્ઞ, કર્મને પ્રત્યક્ષથી જુએ છે, જેમ ઘટ પટ આદિને અથવા હથેલીમાં રાખેલ આમળાને જુએ છે. અલ્પજ્ઞ પુરુષ જીવોની ગતિ આદિની વિલક્ષણતાને જોઈને અનુમાન પ્રમાણથી કર્મને જાણે છે. અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે છે—જીવ કર્મથી યુક્ત છે, કારણ કે તેમની ગતિમાં વિચિત્રતા દેખાય છે. તથા કર્મની વિચિત્રતા—ભિન્નતાને કારણે જ, વિચિત્રકર્મવાળા પ્રાણીઓનાં સુખ—દુઃખ આદિ વિચિત્ર ભાવ ઉત્પન્ન થાય છે. કારણ કે કોઇ જીવ રાજા થાય છે, કોઈ ઘોડો થાય છે, અને કોઇ હાથી થાય છે. ઘોડો કે હાથી થઈને રાજાનું વાહન બને છે. કોઇ જીવ તે રાજાનો પાયદળ સૈનિક થાય છે અને કોઈ તેનો છત્રધારક—તેના પર છત્ર ધારણ કરાવનાર થાય છે. એજ પ્રમાણે કોઈ જીવ ભૂખથી પીડાય છે, જે પોતાના કર્મની વિચિત્રતાને કારણે દિવસ અને રાત ભીખને માટે ભટકે છે તે પણ ભીખમાં કંઈ પામતો નથી તથા એક જ સમયે વ્યાપાર કરનાર વહાણમાં સફર કરતા વેપારીઓમાંથી એક સકુશળ સમુદ્રપાર કરે છે અને બીજો સમુદ્રમાં જ ડૂબી જાય છે. એ બધા વિચિત્ર કાર્યોનું કારણ કર્મ જ છે, કર્મના સિવાય બીજું કંઇ પણ લાગતું નથી.

શંકા-પૂર્વોક્ત વિચિત્ર કાર્ય સ્વભાવથી જ થાય છે તેથી કર્મને તેનું કારણ માનવું તે વ્યર્થ છે.

સમાધાન—તમે સ્વભાવને વિચિત્ર કાર્યોનું કારણ કહો છો તો બતાવો કે સ્વભાવ શું છે? તે કોઇ વસ્તુ છે કે અવસ્તુ? જો અવસ્તુ હોય તો તેનાથી કાર્યોની ઉત્પત્તિ થઇ શકતી નથી. જો વસ્તુ હોય તો મૂર્ત છે કે અમૂર્ત? જો

અમૂર્ત હોય તો તમારા મત પ્રમાણે તે મૂર્ત કાર્યોને ઉત્પન્ન કરી શકતો નથી. જો મૂર્ત હોય તો પછી તે કર્મ જ છે. એજ વાતને મનમાં લઈને કહે છે-“નો खलु” ઇત્યાદિ

ઘટપટ આદિ કોઈ પણ કાર્ય કારણવિના ઉત્પન્ન થઇ શકતાં નથી. કારણથી જ કોઇ કાર્ય ઉત્પન્ન થાય છે. તેથી જીવોનું રાજા થવું આદિ વિચિત્ર કાર્યોનું કારણ કર્મને સ્વીકારવું જોઇએ. આ પ્રમાણે કર્મની સત્તા સિદ્ધ કરીને હવે મૂર્ત કર્મ અને અમૂર્ત જીવનો સંબંધ યુક્તિથી સિદ્ધ કરે છે-“अहय” ઇત્યાદિ

જેમ મૂર્ત ઘડાનો અમૂર્ત આકાશની સાથે સંબંધ હોય છે, એજ પ્રમાણે મૂર્ત કર્મનો અમૂર્ત જીવની સાથે સંબંધ સમજી લેવો જોઈએ. અથવા જેમ વિવિધ પ્રકારના મૂર્ત મદ્યોના દ્વારા જીવનો ઉપઘાત. (વિરૂપતા આદિ દોષોની ઉત્પત્તિ થવાથી હાની) થાય છે. કહ્યું પણ છે-

वैरुप्यं व्याधिपिण्डः स्वजनपरिभवः कार्यकालातिपातो,
विद्वेषो ज्ञाननाशः स्मृतिमतिहरणं विप्रयोगश्च सद्भिः।
पारुष्यं नीचसेवा कुल-बल-तुलना धर्मकामार्थहानिः,
कष्ट भोः! षोडशैते निरुपचयकरा मद्यपानस्य दोषाः ॥ इति।

એટલે કે મદિરા પીવાથી આ સોળ હાનિકારક દોષો ઉત્પન્ન થાય છે. (૧) વિરૂપતા (૨) વિવિધ પ્રકારની વ્યાધિઓ (૩) સ્વજનો દ્વારા તિરસ્કાર (૪) કાર્ય કાળની બરબાદી (૫) વિદ્વેષ (૬) જ્ઞાનનો નાશ (૭) સ્મરણ શક્તિ અને બુદ્ધિની હાનિ (૮) સજ્જનોથી વિખૂટાપણું (૯) કઠોરપણું (૧૦) નીચ લોકોની સેવા (૧૧) કુળ, (૧૨) બળ, (૧૩) તુલના (૧૪) ધર્મ, (૧૫) કામ અને (૧૬) અર્થની હાની બીજું પણ કહેલ છે કે-

श्रूयते च ऋषिर्मद्यात् प्राप्तज्योतिर्महातपाः।
स्वर्गाङ्गनाभिराक्षिप्तो मूर्खवन्निधनं गतः ॥ १ ॥
किं चेह बहुनोक्तेन प्रत्यक्षेनैव दृश्यते।
दोषोऽस्य वर्तमानेऽपि तथा भाण्डनलक्षणः ॥२॥ इति।

એટલે કે-સાંભળવામાં આવે છે કે જ્ઞાન-જ્યોતિ પ્રાપ્તઅને મહા તપસ્વી ઋષિ પણ મદીરા પાનને કારણે અપ્સરાઓથી અભિભૂત થઇને મૂર્ખ મનુષ્યની જેમ મોતનો કોળીયો બન્યાછે. ॥ ૧ ॥

આ વિષે વધારે કહેવાથી શો લાભ? મદિરાપાનની બુરાઇ તો વર્તમાન કાળમાં પણ પ્રત્યક્ષ દેખાય છે. શરાબી બધે નિંદાય છે. (નોંધઃ-આ વિષયમાં વિશેષ જિજ્ઞાસા ધરાવનારે પૂજ્ય આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ ‘આચારમણિ મંજૂષા’ નામની ટીકાવાળા દશવૈકાલિક સૂત્રના પાંચમાં અધ્યનના બીજા ઉદ્દેશની ‘सुरंवा मेरगं वावि’ ઇત્યાદિ છત્રીસમી આદિ ગાથાઓની વ્યાખ્યા જોઈ લેવી જોઈએ.—પ્રકાશક) તથા જેમ વિવિધ પ્રકારની મૂર્ત ઔષધિઓથી

અમૂર્ત જીવનો અનુગ્રહ થાય છે-રોગનો નાશ થાય છે, બળ-પુષ્ટિ આદિની ઉત્પત્તિ થઈને ઉપકાર થાય છે, એજ પ્રમાણે અમૂર્ત જીવનો કર્મથી પણ ઉપઘાત અનુગ્રહ જાણી લેવો જોઈએ. આ પ્રમાણે દૃષ્ટાંતોથી કર્મનું અસ્તિત્વ બતાવીને અગ્નિભૂતિના પરમ માન્ય પ્રમાણને પ્રદર્શિત કરવાને માટે કહે છે-આ સિવાય અતિશય માન્ય વેદોમાં પણ કોઈ પણ સ્થાને કર્મનો નિષેધ નથી. વેદોમાં કર્મનો નિષેધ ન હોવાથી પણ "કર્મ છે" તે સિદ્ધ થાય છે.

આ પ્રમાણેના પ્રભુના કથનથી હર્ષ અને સંતોષ પામેલ અગ્નિભૂતિએ પણ, ઇન્દ્રભૂતિની જેમ, પાંચસો શિષ્યો સાથે શ્રી મહાવીર પ્રભુને હાથે દીક્ષા ગ્રહણ કરી (સૂ૦ ૧૦૭)

## વાયુભૂતિ બ્રાહ્મણ કા તજ્જિવતચ્છરીર કે વિષય મેં સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ વર્ણન

મૂળનો અર્થ—ત્યારબાદ વાયુભૂતિ બ્રાહ્મણે જાણ્યું કે, ભાઈઓ દીક્ષિત થઈ ગયા છે આ સાંભળી તેને પ્રતીતિ થઈ કે જરૂર 'વર્દ્ધમાન સ્વામી' સર્વજ્ઞ જણાય છે. તેની સર્વજ્ઞતા ને લીધે, મારા બંન્ને ભાઈઓ, સંસારથી વિરક્ત થયા, માટે મારો સંશય પણ ત્યાં જઈ વ્યકત કરૂં અને તેથી હું પણ નિવર્તું! મારો સંશય એવો છે કે 'तज्जीव-तच्छरीर' અર્થાત્ જીવ છે તેજ શરીર છે, અને શરીર છે તેજ જીવ છે. આ બંન્ને ભિન્ન નથી પણ એકજ છે, આવી શંકાનું સમાધાન 'વર્ધમાન' પાસે જઈ કરી આવું! આ પ્રમાણે વિચારગ્રસ્ત બની નિર્ણય કર્યો, અને પોતાના પાંચસો શિષ્ય સમુદાય સાથે પ્રભુની સમીપે આવવા તે રવાના થયા. પ્રભુની સમીપ આવી, યથાસ્થિત સ્થાન પર બેઠા. ત્યાર પછી પ્રભુએ, તેમની ઉપર દૃષ્ટિ કરી, તેનના ખરા નામનું સંબોધન કરીને તેમના મનમાં 'જીવ-અને શરીર એકજ છે' એ ઘોળાઈ રહેલી શંકા, સભા સમક્ષ પ્રગટ કરી. "તારા મનમાં સંદેહ છે કે, જીવ અને શરીર જુદા નથી, પણ એકજ છે. કારણ કે પ્રત્યક્ષ આદિ પ્રમાણ વડે, તેની ઉપલબ્ધિ થઈ શકતી નથી જલના પરપોટા સમાન, જીવ શરીરમાં ઉત્પન્ન થાય છે. અને તેમાંજ વિલય થાય છે. શરીરથી કોઈ ભિન્ન પદાર્થ છેજ નહિ. કે પરલોકમાં જતો હોય! 'विज्ञानघनएवैतेभ्यो भूतेभ्यः'' ઈત્યાદિ આ વેદવાક્યો વડે, તું તારી માન્યતા ને પુષ્ટિ આપે છે."

ઉપર દર્શાવેલી વાયુભૂતિની માન્યતાને નિર્મૂળ કરવા, ભગવાન સમાધાન આપે છે કે, સર્વ પ્રાણીઓ જુદા જુદા ભાસે છે, તે તેનું પ્રમાણ છે. જીવમાં સ્મૃતિ વિગેરે ગુણો રહેલા છે, તે તેની બીજી પ્રત્યક્ષતા છે. ઈન્દ્રિયો અને શરીરની રચના ભિન્ન ભિન્ન જણાય છે, તે પણ તેનો પૂરાવો છે. કારણ કે ઈન્દ્રિયોનો નાશ થતાં પણ, ઇન્દ્રિયો દ્વારા જણાયેલ વિષયોની સ્મૃતિ રહે છે. પહેલા સાંભળેલા શબ્દો, પહેલી દેખાએલ વસ્તુઓ, અગાઉ સૂંઘાએલ પદાર્થો, ખટ્ટામિઠા વિગેરે ચાખેલા રસો. કઠોર-સુંવાળા વિગેરે સ્પર્શાએલા સ્પર્શો, જ્યારે યાદ કરીએ છીએ ત્યારે સ્મરણમાં આવે છે. આ 'સ્મરણ' જીવ સિવાય કોને થાય? તમારા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-"सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो हि शुद्धो यं पश्यन्ति धीरा यतयः संयतात्मानः'' ઇતિ આ નિત્ય જ્યોતિ સ્વરૂપ નિર્મળ આત્મા, સત્ય-તપ અને બ્રહ્મચર્યદ્વારા ઉપલબ્ધ થાય છે, ને જે આત્માને ધીર-વીર સંયમવાન યતિ જોઈ શકે છે.' જો જીવ જુદો ન હોય તો, આ કથન કેવી રીતે સંગત ગણાય? આથી સિદ્ધ થાય છે કે, જીવ શરીરથી ભિન્ન અને સ્વતંત્ર છે. પ્રભુના આવા પ્રવચનથી વાયુભૂતિનો સંશય દૂર થયો. ને પ્રતિબોધ પામી, પ્રભુ આગળ દીક્ષા લેવા તત્પર થયો ભગવાને પણ યોગ્ય અવસર જાણી, તેમને પાંચસો શિષ્યોની સાથે દીક્ષા આપી દીક્ષિત કર્યા. (સૂ૦૧૦૮)

વિશેષાર્થ—ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિની પ્રતિષ્ઠા ઘણી હતી, છતાં તેઓ પણ પ્રભાવિત થઈ સંસારથી વિરક્ત બન્યા. માટે આ પુરુષ કોઇ સામાન્ય શક્તિનો નથી, પણ અદ્ભૂત વિજ્ઞાનનો ધારક હોવો જોઇએ. જેમ મારા બંન્ને

ભાઇઓની અને અમારા બધાની જે જે શંકાઓ અમને મુંઝવે છે, તે બધી શંકાઓ અનુક્રમે નિર્મૂળ થતી જાય છે. જીવનું અસ્તિત્વ અને કર્મનું હોવાપણું, આ બન્ને શંકાઓ અમારા મનમાં વરતતી હતી, તેનું નિવારણ આ વ્યક્તિએ સચોટ કથન દ્વારા કરી આપ્યા પછી, મને પણ થોડી થોડી શ્રદ્ધા તેના પર આવતી જાય છે. માટે હું પણ મારી શંકા તેની આગળ પ્રદર્શિત કરી, તેનો ખુલાસો મેળવું! આવું વિચારી તે પ્રભુ પાસે ગયો એટલે 'શરીર અને જીવ' એકજ છે. તે જાતની તેમની શંકા, પ્રભુએ સ્વયં પ્રગટ કરી. આથી વાયુભૂતિને પોતાના મનની વાત એમણે કેવી રીતે જાણી તે જોઇ વિસ્મય થયો. ભગવાને, જીવોની સ્મૃતિ, જીજ્ઞાસા, ચિકીર્ષા, જીગમિષા, આશંસા વિગેરે ગુણોનો ઉલ્લેખ કરી સમજાવ્યું કે, આ બધા ગુણો. જડ શરીરમાંથી ઉત્પન્ન થઈ શકતા નથી, કારણુ કે આ ગુણો, ચેતના-શક્તિવાળા અને ચેતના શક્તિથી ભરપૂર છે, ત્યારે જડમાં ચેતના શક્તિ બિલકુલ નથી, તો આ ગુણો જડમાંથી કેવી રીતે ઉદ્ભવ પામી શકે? માટે આ ગુણોવાળું જીવતત્વ, શરીરતત્વથી, તદ્દન ભિન્ન અને નિરાળું છે. ઇન્દ્રિયો દ્વારા મેળવેલ જ્ઞાનપણ, ઇન્દ્રિયો લુપ્ત થવા છતાં, સ્મરણમાં રહી શકે છે આ સ્મરણ શક્તિ જીવની છે, જડ શરીરની નથી માટે જીવ અને કાયા બન્ને ભિન્ન છે.

તમારા શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે સંયત આત્માએ પોતાની ઇન્દ્રિયોને કાચબાની માફક ગોઠવી તેમજ મનને વિષયોમાંથી ખેંચી લઇને પોતાનો સાક્ષાત્કાર કરવો જોઈએ. આ બધું પ્રત્યક્ષ પ્રમાણરૂપ હોવાથી જીવ અને કાયા જુદા છે એમ સિદ્ધ થાય છે. ભગવાનની આવી અપૂર્વ વાણીનું શ્રવણ થતાં વાયુભૂતિના અંતર્ગત ભાવો કેવી રીતે પલટાયા તે કહે છે કે—

'દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે;
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે.
જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ;
દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે.
એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વ ભાવ;
જ્ઞાનિના વચનો વડે દૂર થઈ જાય છે.
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન;
બન્ને દ્રવ્યો નિજ નિજ રૂપે સ્થિત થાય છે.
જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન;

સુપ્રતિતપણે બન્ને જેને સમજાય છે
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર;
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે.

એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો;
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.

કાયાની વિચારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંન્થનો પંથ ભવ અંતનો ઉપાય છે.'

ઉપર પ્રમાણેની અંતરધારા વાયુભતિની મનોભૂમિકા ઉપર ઉઠી આવતાં, આનંદથી તેનું હૈયું ફૂલાવા લાગ્યું. તેણે સમય માત્રનો પ્રમાદ નહિ કરતાં ભગવાનની પાસે પાંચસો શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.

"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."

આ પ્રમાણે વાયુભૂતિ જાગૃત થતાં સ્વાનુભવ કરવા તરફ વળ્યા; અને પોતાની આત્મ-પરિણતિને પોતાનામાં વાળવા દૃઢીભૂત બન્યો. (સૂ૦૧૦૮)

## व्यक्त नामक ब्राह्मण का पंचभूत के अस्तित्व विषयक संशय का निवारण और उनकी दीक्षाग्रहण का वर्णन

મૂળનો અર્થ—'**तए णं**, ઇત્યાદિ. ત્યારબાદ વ્યક્ત નામના ચોથા બ્રાહ્મણે વિચાર કર્યો કે આ ક્ષુદ્ર ત્રણ વેદ સમાન મહાપંડિતો તેમજ સગાસહોદરો પોતપોતાના સંશયોનું નિવારણ કરી દીક્ષિત થયા! આ ઉપરથી માલુમ પડે છે કે તે કોઇ અલૌકિક પુરુષ છે! હું પણ તેમની પાસે જાઉં! કદાચ તે મારી શંકાને નિવારશે તો હું પણ તેમની પાસે દીક્ષા-પર્યાય ધારણ કરીશ. આમ વિચારી તે પણ પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે પહોંચી ગયો.

પ્રભુએ તેના નામ અને સંશયનો ઉલ્લેખ કરી કહ્યું કે "હે વ્યક્ત! તારા મનમાં એવો સંશય છે કે 'પૃથિવી આદિ પાંચ ભૂતો હશે કે નહિ? અને જો હોય તો પણ જળ-ચંદ્ર સમાન મિથ્યા છે, તેમજ આ સમસ્ત જગત શૂન્ય રૂપ છે. વેદમાં પણ કહ્યું છે કે—"**स्वप्नोपमं वै सकलम्**" તમામ સ્વપ્નવત્ છે. આ બધી બાબતોમાં તને શંકા ઉઠી છે તે વાત ઠીક છે ને? વ્યક્તે જવાબ વાળ્યો કે 'હા, તેમજ છે, મને ઉપરની વાતોમાં ગાઢ શંકાઓ વર્તે છે.' ભગવાને તેના મનનું સમાધાન કરવા કહ્યું કે 'આ તારી માન્યતા ભૂલભરેલી છે. જો તારા કહેવા મુજબ આ બધું ત્રણે લોકમાં દેખાતા નગર આદિ તેમજ અન્ય પદાર્થો સ્વપ્નવત્ છે; તો તે નજરોનજર કેમ દેખાય છે?

વેદમાં પણ કહ્યું છે કે—'**પૃથ્વી દેવતા, આપો દેવતા**' આ પૃથ્વી એક દેવતા છે અને જળ પણ દેવતા છે; તેથી એમ સિદ્ધ થાય છે કે પૃથ્વી આદિ પંચમહાભૂતો વિદ્યમાન છે. વેદવાકયનો આવો સવળો અર્થ મળતાં તેની મિથ્યા માન્યતા અદશ્ય થઇ ગઈ, તેને પણ સંસાર ઉપર વૈરાગ્ય આવતાં પાંચસો શિષ્યોની સાથે પ્રભુની સમીપે તે દીક્ષિત થયો. (સૂ૦૧૦૯)

વિશેષાર્થ—ઇન્દ્રભૂતિ–અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્રણે સગા સહોદર હતા તેમજ પંડિત તરીકે પણ તેઓ પંકાતા હતા. તેઓ વેદત્રયી સ્વરૂપ હતા આ ત્રણ પ્રખર પંડિતો પણ વર્ધમાન સ્વામી આગળ નમી પડ્યા, ને જ્યારે તેમનું કથન તેમને ખરેખર ગળે ઉતર્યું હશે ત્યારેજ આત્માર્થ સાધવા તેઓ નિકળી પડયા હશે ! આથી એમ સમજાય છે કે 'મહાવીર' લોકોત્તર પુરુષ હોવા જોઇએ એમ પ્રતીતિ થાય છે. હું પણ તેમની નિકટ જાઉં, અને આ સંસારની બળતરાનો અંત લાવું આવું વિચારી 'વ્યક્ત' પંડિત પણ પોતાની દૃઢ થયેલ માન્યતાનું નિરાકરણ શોધવા પાંચસો શિષ્યો સાથે ઉપડયો.

ભગવાને તેના મનમાં રહેલી શંકાને પોતાના જ્ઞાન દ્વારા જાણી લીધી અને કહ્યું કે 'તારામાં એ જાતનો અભિપ્રાય વરતી રહ્યો છે કે પૃથ્વી આદિ પાંચ ભૂતો આ જગતમાં છેજ નહિ. પરંતુ જેમ જળમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાય છે, ને તે જળનો ચંદ્રમાજ છે એમ આપણે માનીએ છીએ તેમ ચંદ્રમાની પ્રતીતિ માફક આ પૃથ્વી આદિનું દેખાવું તે પણ એક ભ્રાન્તિ માત્ર છે ! આ જગત શૂન્ય રૂપજ છે ! ભ્રાન્તિપણે આ સર્વ પદાર્થો દેખાય છે, ભ્રાન્તિ-પણેજ સગા સહોદરો લેખાય છે. વાસ્તવિક રીતે તો આ વધુ દેખાય છે તે કલ્પનાનોજ સંસાર છે. "કલ્પનાથીજ ઉભો થયો છે અને કલ્પના ખસી જતાં શૂન્યપણું જ ભાસે છે જેમ સ્વપ્નમાં સકલ પદાર્થો દૃષ્ટિગોચર થાય છે અને ભોગવાય છે તેને વાસ્તવિક માની તેનો રસ ચૂસાય છે, મિત્ર દુશ્મનનો ભેદ જણાય છે. પણ સ્વપ્ન ખસી જતાં કાંઈ પણ દેખાતું નથી આ એક ભ્રમ હતો એમ જાણી આપણે નિદ્રામાં સૂઈ જઇએ છીએ અગર નિદ્રામાંથી જાગૃત થઇએ છીએ તેમ આ સંસાર પણ એક દીર્ઘ સ્વપ્નું છે એટલે જાગીને જોતાં અગર મૃત્યુ વખતે આમાનું કોઈ આપણને જણાતું નથી તેથી મેં આ ખોટું જોયું તેવો ભ્રમ ઉપસ્થિત થાય છે."

ભગવાને તેનો ઉપર પ્રમાણેનો મત જાણી લઈ સમજાવતાં કહ્યું કે આ તારી બધી માન્યતા સત્યથી વેગળી છે. સ્વપ્નમાં તો કોઇ પણ પદાર્થોની હયાતી જણાતી જ નથી, ત્યારે આ જગતમાં તું ઘોડા, હાથી, મહેલ, મહેલાતો, નદી, તળાવ વિગેરે અનેક પદાર્થો યથા તથ્ય જુએ છે. જો આકાશમાં ચંદ્ર ન હોય તો શું તે જળમાં દેખાઈ શકે? સ્વપ્નમાં પણ જે જે પદાર્થો વાસ્તવિક રીતે મોજુદ છે તેથી જ તે પદાર્થો સ્વપ્નમાં ભાસે છે. જો પદાર્થોનું અસ્તિત્વ ન હોય તો તે પદાર્થો કેવી રીતે દેખાઇ શકે? સ્વપ્નમાં જે જે પદાર્થો આભાસ તરીકે જણાય છે તે આભાસી પદાર્થોમાં અર્થક્રિયા હોતી નથી, તેથી સ્વપ્ન બાદ તેઓ તેને જણાતાં નથી, ત્યારે સંસારના સર્વ પદાર્થો અર્થક્રિયાસંપન્ન છે માટેજ તે દેખાવા યોગ્ય છે અને તેમનું અસ્તિત્વપણું વાસ્તવિક રીતે ટકેલું છે. 'આભાસ' એ મૂળ વસ્તુ નથી, ખાલી પ્રતિબિંબ છે માટે તે અર્થક્રિયા સંપન્નથી સર્વ પદાર્થ અર્થક્રિયા સંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયા સહિતજ સર્વ પદાર્થ જોવામાં આવે છે. જે જે કાંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. આવી અર્થક્રિયાને લીધે તેના રૂપ, રંગ, વર્ણ, કદ વિગેરેમાં ફેરફાર થયા કરે છે. માટેજ પૃથ્વી આદિ પદાર્થો ભ્રમજનક નથી પણ વાસ્તવિક છે. વેદમાં પણ આ પદાર્થોને દેવની કક્ષામાં મૂકયા છે. કારણ કે આ પદાર્થોની

શક્તિ એટલી બધી હોય છે કે તેને માનવી દૈવી શક્તિ તરીકે ઓળખે છે એટલા માટે જ આ પાંચ મહાભૂતોની પછવાડે 'દેવતા' શબ્દ મૂકયો છે. આ પદાર્થો પોતાની શકિત દ્વારા ગમે તેવું રૂપાંતર કરી શકે છે અરે એક અણુમાત્રમાં તીવ્ર શક્તિ રહેલી છે, તો સ્કંધોની તો વાત જ કયાં રહી ? આથી આ પાંચ ભૂતો સ્વસિદ્ધ થાય છે. આવું અપૂર્વ સામર્થ્ય જડ દ્રવ્યોમાં હોય છે તેવું કથન મહાવીર સ્વામીના સ્વયંમુખેથી સાંભળતાં તેમના શબ્દોમાં 'વ્યક્ત'ને શ્રદ્ધા ઉત્પન્ન થઈ ને તે પણ પાંચસો શિષ્યોની સાથે દીક્ષિત થયો. (સૂ૦૧૦૯)

## સુધર્મા નામક બ્રાહમણ કા સમાનભવ વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન

મૂળનો અર્થ—"चउरो वि" ઈત્યાદિ ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ અને વ્યક્તએ "ચારે પંડિત દીક્ષિત થઈ ગયા" એ સાંભળીને ઉપાધ્યાય સુધર્મા નામના પંડિત પણ પોતાના સંશયોના નિવારણ માટે પાંચસો શિષ્યોની સાથે પ્રભુની પાસે પહોંચ્યા. પ્રભુએ તેને કહ્યું–હે સુધર્મા ! તમારા મનમાં એવો સંશય છે કે–જે જીવ આ ભવમાં જેવો હોય છે. પરભવમાં પણ તે એવોજ થઈને જન્મે છે, જેમ શાલિ વાવવાથી શાલિ જ ઉગે છે, પણ જવ આદિ ઉગતા નથી. વેદ–વચન પણ એવું છે કે– "पुरुषो वै पुरुषत्त्वमश्नुते पशवः पशुत्वम्." એટલે કે પુરુષને પુરુષત્વ પ્રાપ્ત થાય છે અને પશુ, પશુત્વને જ પામે છે. તમારો આ વિચાર મિથ્યા છે. મૃદુતા આદિ ગુણોથી યુક્ત એવો જે જીવ મનુષ્ય આયુના બન્ધ બાંધે છે, તે મનુષ્યરૂપે ઉત્પન્ન થાય છે જે તીવ્રતર માયા–મિથ્યાત્વ આદિ ગુણોથી યુકત હોય છે, તે મનુષ્યરૂપે ઉત્પન્ન થતો નથી પણ તિર્યંચરૂપે ઉત્પન્ન થાય છે. એમ જે કહેવાય છે કે કારણને અનુરૂપ કાર્ય થાય છે, તે બરાબર છે. પણ તેથી એ સિદ્ધ થતું નથી કે જેવો વર્તમાન ભવ છે, એવો જ આગામી ભવ હશે, કારણ કે વર્તમાન ભવ અને આગામી ભવમાં પરસ્પર કાર્ય–કારણભાવ નથી. એટલે કે આગામી ભવનું કારણ વર્તમાન ભવ છે, એમ માનવું તે ભ્રમભર્યું છે. વર્તમાન ભવમાં, જે જીવના પરિણામ–અધ્યવસાય જેવા હોય છે, એજ અધ્યવસાયરૂપ કારણને અનુસાર આગામી ભવનો આયુબંધ બંધાય છે. અને આયુબંધના કારણ પ્રમાણે જ આગામી ભવ થાય છે. "જો કારણને અનુસાર જ કાર્ય થતું હોય તો છાણ-વગેરેમાંથી વીંછી વગેરેની ઉત્પત્તિ સંભવી ન શકત" આ કથન પણ અસંગત છે. કારણકે છાણ આદિ, વીંછી આદિના જીવની ઉત્પત્તિનું કારણ નથી, પણ ફકત વીંછી આદિના શરીરની ઉત્પત્તિના કારણરૂપ હોય છે. અને છાણ આદિરૂપ કારણતથા વીંછી આદિ શરીરરૂપ કાર્યમાં અનુરૂપતા છે જ. છાણ આદિમાં રૂપ, રસ, આદિ પુદ્‌ગલતાના જે ગુણ હોય છે, તે જ ગુણ વીંછી આદિનાં શરીરમાં પણ હોય છે. આ પ્રમાણે કાર્ય–કારણની અનુરૂપતા સ્વીકારી લેવાથી પણ એ સિદ્ધ થતું નથી કે જેવો પૂર્વ ભવ હોય છે તેવો આગામી ભવ પણ હોય છે. વેદોમાં પણ કહ્યું છે–"श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते" એટલે કે જે મનુષ્ય મળ સાથે જલાવાય છે, તે અવશ્ય શિયાળ રૂપે ઉત્પન્ન થાય છે ઈત્યાદિ. તેથી સિદ્ધ થાય છે કે બીજા ભવમાં જીવ જુદા રૂપે પણ ઉત્પન્ન થાય છે. આ કથન સાંભળીને સુધર્મા ઉપાધ્યાયનો સંશય નાશ પામ્યો. તેમણે પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી ॥સૂ૦૧૧૦॥

ટીકાનો અર્થ—ઈન્દ્રભૂતિ આદિ ચારે પંડિતોએ પ્રભુની પાસે દીક્ષા લીધી એ સાંભળીને ઉપાધ્યાય સુધર્મા નામના વિદ્વાન પણ પોતાના સંશયને દૂર કરવા માટે પાંચસો શિષ્યોની સાથે ભગવાનની પાસે ગયા. ભગવાને પોતાની પાસે આવેલ સુધર્મા પંડિતને કહ્યું–હે સુધર્મા ! તમારા મનમાં એવો સંશય છે કે જે જીવ આ ભવમાં જે યોનિ

પામ્યો છે, તે જીવ આગામી ભવમાં પણ તેજ યોનિમાં ઉત્પન્ન થાય છે, જેમ શાલિ નામનું અનાજ વાવવાથી શાલિ જ ઉગે છે, તે સિવાય જવ આદિ ઉગતાં નથી. વેદના આ વાકયને કારણે તમને એ સંશય થયો છે– "पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम्"–અવશ્ય પુરુષ પુરુષપણાને પામે છે અને પશુ પશુપણાને પામે છે. તમારો આ મત મિથ્યા છે, કારણ કે જે જીવ માર્દવ (નમ્રતા) આદિ ગુણોવાળો હોય છે, તે મનુષ્યયોનિને યોગ્ય આયુ–બન્ધ બાંધે છે, અને મનુષ્યાયુ બાંધનાર મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે, પણ જે જીવ માયા-મિથ્યાત્વ આદિ ગુણવાળો હોય છે, તે મનુષ્ય રૂપે ઉત્પન્ન થતો નથી, પણ તિર્યંચ રૂપે ઉત્પન્ન થાય છે. કારણને અનુરૂપજ કાર્ય થાય છે એમ જે કહેવાય છે તે સત્ય છે, પણ એટલાથી વર્તમાન ભવની ભવિષ્યકાળના ભવ સાથેની સમાનતા સિદ્ધ થતી નથી. વર્તમાન ભવ, ભવિષ્યના ભવનું કારણ હોય છે એવો જે મત છે તે ભ્રામક છે. વર્તમાન ભવ ભવિષ્યના ભવનુ કારણ હોતો નથી પણ વર્તમાન ભવમાં જે પ્રકારના અધ્યવસાય હોય છે, તે પ્રકારના અધ્યવસાયરૂપ કારણ પ્રમાણે જ ભવિષ્યના ભવ સંબંધી આયુ બાંધે છે અને તે પ્રમાણે જ જીવોનો ભવિષ્યકાળનો ભવ હોય છે. તથા કારણને અનુરૂપ કાર્યનો સ્વીકાર કરતાં છાણ આદિથી વીંછી આદિની ઉત્પત્તિની સંભવના હોતી નથી, એમ જે કહેવાય છે તે પણ અસંગત છે, કારણ કે છાણ વગેરે વીંછી વગેરેના જીવની ઉત્પત્તિના કારણરૂપ નથી પણ તેમના શરીરની ઉત્પત્તિના કારણરૂપ છે. છાણ આદિ રૂપ કારણ અને વીંછી આદિનાં શરીરરૂપ કાર્યમાં સાદૃશ્ય (સમાનતા) છે જ, કારણ કે છાણ આદિમાં રૂપ, રસ આદિ પુદ્ગલોના જે ગુણ છે તેજ ગુણ વીંછી આદિનાં શરીરમાં પણ હોય છે. આ પ્રમાણે કાર્ય-કરવામાં સાદૃશ્યને સ્વીકારવા છતાં પણ "જેવો પૂર્વ-ભવ હોય છે તેવો ઉત્તરભવ હોય છે" એ સિદ્ધ થતું નથી. આ કેવળ મારો જ અભિપ્રાય નથી, પણ વેદમાં પણ કહ્યું છે- "शृगालो वै एष जायते यः सपुरीषो दह्यते" જે મનુષ્ય મળ સહિત જલાવાય છે તે ચોક્કસ શિયાળ રૂપે ઉત્પન્ન થાય છે. તેથી એ સિદ્ધ થાય છે કે ભવાન્તરમાં વિસદૃશતા પણ હોય છે. આ પ્રમાણે શ્રી મહાવીરનાં વચનો સાંભળીને સુધર્માના સંશયનું પણ નિવારણ થઈ ગયું. તેમણે પણ પોતાનાં પાંચસો શિષ્યો સહિત પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. ॥સૂ૦૧૧૦॥

## મણ્ડીક નામક પંડિત કા બન્ધમોક્ષ કે વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન

મૂળનો અર્થ 'तए णं' ઈત્યાદિ સુધર્મા નામના ઉપાધ્યાયને અણગાર થયેલ સાંભળી, મંડિક નામનો વિદ્વાન બ્રાહ્મણ પણ સાડાત્રણસો શિષ્યોના પરિવાર સાથે, ભગવાન સમીપ ગયો. તેને સંબોધી વાત કરતાં, ભગવાન બોલ્યા કે, હે મંડિક! શું તારા મનમાં બંધ અને મોક્ષ સંબંધી શંકા છે? જીવ ને બંધ-મોક્ષ હોય કે નહિ? આ નિર્ગુણ અને વ્યાપક આત્મા બંધાતો નથી, સંસારમાં ફરતો નથી તેમજ મુકત પણ હોતો નથી, અને કોઇને મુકત કરી પણ શકતો નથી. તારા વેદવાકયમાં "स एष विगुणो विभु र्न बध्यते संसरति वा मुच्यते मोचयति वा" આ પ્રમાણે તું કહે છે કે જીવનો મોક્ષ કે બંધ હોતો જ નથી. તારો મત એવો છે કે જો બન્ધ માનવામાં

આવે તો આ 'બન્ધ'ને અનાદિ માનવો પડે, તો તેનો અંત હોઈ શકે નહિ. કારણ કે જે બાબત અનાદિ હોય, તે અનન્ત હોવી જોઈએ. અગર જીવનો બંધ આદિવાળો માનો તો, કયારે બંધની ઉત્પત્તિ થઈ? તેમજ તે કયારે અને કેવી રીતે છૂટી શકે ? ઉપર પ્રમાણેનો તારો મત પ્રવર્તી રહ્યો છે પરંતુ તે મત મિથ્યા છે. કારણ કે સંસારમાં જે સુખ ભોગવે છે. તે શુભ કર્મનો બંધ છે; અને દુઃખ ભોગવે છે, તે પાપ કર્મ (અશુભ)નો બંધ છે, અને આ સમસ્ત શુભાશુભ કર્મનો નાશ થતાં, જીવ મુકત થાય છે. ને મોક્ષની પ્રાપ્તિ કરે છે. તેં કહ્યું કે, અનાદિબંધ છૂટે નહિ, તે પણ ખોટું છે. કારણ કે આ જગતમાં. કંચન અને માટીનો સંયોગ અનાદિનો છે; છતાં તે છૂટી જાય છે; તો 'કર્મ' પણ જડ દ્રવ્યની સૂક્ષ્મ રજ છે, માટે તે પણ છૂટું થવું જોઇએ. મૂળભૂત વાત એ છે કે **"ममेति बध्यते जन्तु र्निर्ममेति प्रमुच्यते"** જીવના મમત્વ ભાવને લીધે બંધ થાય છે; અને મમત્વ ભાવ છૂટતાં જીવનો મોક્ષ થાય છે. ફરી પણ કહ્યું છે—

## મૌર્યપુત્ર પંડિત કા દેવોં કે અસ્તિત્વ વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન

**"मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः ।**
**बन्धाय विषयासक्तं, मुक्तै निर्विषयं मनः" ॥ १ ॥ इति ।**

આ બંધ અને મોક્ષના કારણભુત 'મન' છે. વિષયોમાં જો 'મન' આસક્તિ રાખે તો 'મન' બંધ કરે છે; અને જો વિષયોથી નિવૃત્ત રહે છે તો મુક્તિને પામે છે. આથી જીવને બંધ અને મોક્ષ છે તે સાબીત થાય છે.

આમ સાંભળી મંડિક તાજુબ થયો. તેનો ભ્રમ ભાંગી ગયો. તે પ્રતિબોધ પામતાં સાડાત્રણસો શિષ્યો સાથે દીક્ષિત થયો. મંડિકને પ્રતિબોધ પામેલો જોઈ મૌર્યપુત્ર પણ પોતાના સાડાત્રણસો શિષ્યોના પરિવાર સાથે શંકાના નિવારણ અર્થે પ્રભુ પાસે ગયો. પ્રભુએ પણ તેને પૂછ્યું કે "હે મૌર્યપુત્ર! તમારા દિલમાં એવી શંકા છે કે 'દેવ' નથી, તમે દેવોને (ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર વિગેરેને) માયાવી માનો છો તે વાત બરાબર છે ને ? પરંતુ આ વાતનો તમને સંદેહ છે તે અસ્થાને છે. વેદ–વાકય પણ કહે છે કે **"स एष यज्ञायुधा यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति"** યજ્ઞરૂપ આયુધવાળા યજ્ઞકર્તા શીઘ્રપણે સ્વર્ગમાં જાય છે. જો તમારા કહેવા મુજબ દેવ ન હોય તો દેવલોક પણ ન હોવો જોઇએ, તો આ 'સ્વર્ગ' રૂપી કથન જે વેદ–વાકયમાં કહેવામાં આવ્યું છે તે તમારા કથન સાથે કેવી રીતે બંધબેસતું છે ? આ વેદ–વાકયથી જ સિદ્ધ થાય છે કે દેવો છે અને દેવોની સત્તા પણ છે. શાસ્ત્રની વાતને તમે ગ્રહણ ન કરો તો પણ આ પરિષદ્‌માં જે દેવો સાક્ષાત્ બેઠા છે તેને જોઈ લ્યો. પ્રભુનું આવું વચન સાંભળી મૌર્યપુત્ર પણ સંશય રહિત થયો ને સાઢાત્રણસો શિષ્યો સાથે તેણે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી. (સૂ૦૧૧૧)

વિશેષાર્થ—'સુધર્મા' જેવા વિદ્વાન ઉપાધ્યાય પણ ભગવાનની વાણીથી ચલિત થયા એમ જાણવાથી મંડિક પણ પોતાના સાડાત્રણસો શિષ્યોના સમૂહ સાથે ભગવાન તરફ જવા રવાના થયો. ભગવાને તેના મનની સપાટી પર તરતા ભાવોને જોઈ લીધા, ને તે ભાવોમાં બંધ-મોક્ષ રૂપી શંકાઓ ઉઠતી હતી તે તેમણે જાણી લીધી. ભગવાને તે શંકાઓને આગળ કરી મંડિકને કહ્યુ કે તને જીવના બંધ અને મોક્ષની શ્રેણી ખોટી લાગે છે ? જો તું બંધ અને મોક્ષને કલ્પિત માનતો હોય તો તું ખોટે રસ્તે છે ! તારા કથન મુજબ આ આત્મા નિર્ગુણ અને સર્વવ્યાપી છે તેથી તેને બંધ કે મોક્ષ હોય જ નહિ એવો તારો અભિપ્રાય છે.

ઉપરની તારી માન્યતા તદ્દન ગેરરસ્તે દોરનારી છે. જગતમાં ઉઘાડી આંખે દેખાય છે કે—

એક રાંક ને એક નૃપ, એ આદી જે ભેદ,<br>
કારણ વિના ન કાર્ય તે, તેજ શુભાશુભ વેધ.<br>
શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;<br>
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મરહિત ન કયાંય.<br>
જે જે કારણ બંધના, તે બંધનો પંથ;<br>
તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત.<br>
રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મના ગ્રંથ;<br>
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ.<br>
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;<br>
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત.

અર્થાત્—એક રાંક છે અને એક રાજા છે એ શબ્દથી નીચપણું, ઉંચપણું, કુરૂપપણું, સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે, અને એવો જે ભેદ રહે છે તે-સર્વ સમાનતા નથી. તેજ શુભાશુભ કર્મનો બંધ છે, એમ સિદ્ધ થાય છે. કેમ કે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે. અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે. તને કર્મનો બંધ સમજાવ્યો. હવે તે બંધના વિરોધી સ્વભાવને મોક્ષ કહે છે. જે જે કારણો વડે બંધ થાય છે તે તે કારણોને છેદવાથી મોક્ષ માર્ગ આવી મળે છે અને ભવનો અંત આવી જાય છે. કર્મના બંધનમાં રાગદ્વેષ અને અજ્ઞાન પાયારૂપે છે. આ ત્રણેનું એકત્વ એ કર્મની ગાંઠ છે. આ ત્રણ વિના કર્મનો બંધ થાય જ નહિ; અને આ ત્રણેથી નિવૃત્તિ કરવી તે 'મોક્ષ' કહેવાય. મોક્ષ કોનો ? આત્માનો ! આ આત્મા કેવો છે ? તો તે કહે છે કે 'સત્ રૂપ, અવિનાશી, ચૈતન્યમય, સ્વભાવમય, અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' આ દશા પ્રાપ્ત કરવામાં પ્રવૃત્તિ તે મોક્ષ માર્ગ અને આ 'દશા' પ્રાપ્ત થાય એટલે 'મોક્ષ' થયો કહેવાય."

## મૌર્યપુત્ર કા દેવોં કે અસ્તિત્વ કે વિષયમેં સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન

ભગવાને બંધ અને મોક્ષનું કથન, માર્ગ અને શુદ્ધતા એ ત્રણે બતાવતાં મંડિક વિસ્મિત થયો અને પ્રવ્રજ્યા અંગિકાર કરી તે વિરક્ત બન્યો. તેના સાડાત્રણસો શિષ્યોએ પણ તેજ માર્ગ ગ્રહણ કર્યો.

શંકા—અગ્નિભૂતિની કર્મ સંબંધની અને મંડિકની કર્મ-બંધ સંબંધની શંકાઓમાં શું ફરક છે?

સમાધાન—અગ્નિભૂતિને તો ખુદ 'કર્મ'માંજ સંદેહ હતો. તેને મન 'કર્મ' જેવું કાંઈ છેજ નહિ એમ લાગતું. પરંતુ મંડિક 'કર્મ'ના અસ્તિત્વને સ્વીકારતો હતો, પણ જીવ અને કર્મનો સંબંધ થતો હશે કે કેમ ? તેની શંકા તે સેવી રહ્યો.હતો આ બંનેમાં આટલું અંતર છે.

મંડિકને પ્રવ્રજીત થયેલ જાણી મૌર્યપુત્ર પણ પોતાની શંકાના નિવારણ અર્થે સાડાત્રણસો શિષ્યો સાથે ઉપડયો. મૌર્યપુત્રની શંકા 'દેવ'નું અસ્તિત્વ છે કે નહિ તે બાબતનું હતું. તેનું કહેવું હતું કે આ બધા ઇન્દ્રો-યમ કબેર વરુણ આદિને કોણે જોયા છે ? તેની શંકાના નિવારણ અર્થે ભગવાને વેદ-વાકયનો દાખલો ટાંકી બતાવ્યો ને સ્વર્ગની હયાતી બતાવી દીધી. જે જે શુભ કર્તવ્યો ધર્મ સંબંધી હોય તે સર્વ કર્તવ્યોનું યથાર્થ પાલન કરનાર દેવગતિમાં જાય છે એમ વેદની વાત ભગવાને કરી. આ ઉપરાંત તેમની પરિષદ્‌માં આવેલા દેવોની હાજરી બતાવી તેની શંકા નિર્મૂળ કરી, આથી તે પોતાના સાડાત્રણસો શિષ્ય સમુદાય સાથે દીક્ષિત થઈ ભગવાનની આજ્ઞાએ વિચરવા લાગ્યા. (સૂ૦૧૧૧)

## અચલભ્રાતા નામક પંડિતકા પુણ્ય પાપ કે વિષયમેં સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન

મૂળનો અર્થ—'**मोरियपुत्तं**' ઈત્યાદિ. મૌરિય પુત્રને પ્રવજિત થયેલ જાણી, અકંપિતે વિચાર કર્યો કે, જે જે તેની પાસે ગયા, તે પાછા વળતા જ નથી. તેણે તો, સર્વના સંશય દૂર કર્યા. દૂર થતાં તેઓ દીક્ષિત થઈ, આત્મ સુધારણા તરફ વળી ગયા. હું પણ જાઉં અને મારી શંકાઓને દૂર કરૂં ! આમ વિચારી ત્રણસો શિષ્યો સાથે તે પ્રભુ સમીપે પહોંચ્યો. પહોંચતાં વેંત જ પ્રભુએ તેને પ્રશ્ન કર્યો કે "હે અકંપિત ! તારા મનમાં સંદેહ છે કે નારકીના જીવો હશે કે કેમ? કારણ કે તારા શાસ્ત્રમાં એવું વાકય છે કે—"**न ह वै प्रेत्य नरके नारकाः सन्ति**" પરભવમાં નરકમાં નારક નથી." આ તારું મંતવ્ય મિથ્યા છે. નારકી છે ! પણ તેઓ અહીં આવતા નથી; તેમજ મનુષ્ય પણ ત્યાં જઈ શકતો નથી. તો પણ લોકોત્તર પુરુષો તેમને પ્રત્યક્ષપણે જોઈ રહ્યા છે. તમારા શાસ્ત્રમાં એવું વાકય પણ જોવામાં આવે છે કે, "**नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति**" ઇતિ, અર્થાત્—જે શૂદ્રનું અન્ન ખાય છે, તે નારકીપણે ઉત્પન્ન થાય છે" જો નારકીના જીવો ન હોય, તો આ વાકયની સંગતતા કેવી રીતે થઈ શકે ? માટે સિદ્ધ થાય છે કે, નારકીના જીવોનું અસ્તિત્વ છે. આવું સાંભળી, અકંપિત પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે અણગાર થયો.

અકંપિતની દીક્ષા સાંભળી, પુણ્ય-પાપમાં સંદેહ રાખવાવાળો અચળભ્રાતા નામનો પંડિત પણ ત્રણસો શિષ્યો સાથે પ્રભુની પાસે ગયો તેને જોઈ; ભગવાને પ્રશ્ન કર્યો કે 'હે અચળભ્રાતા ! તારા મનમાં એવી માન્યતા થઇ ગઇ

છે કે, જ્યારે પુણ્ય ઘણું વધી જાય, ત્યારે ઘણું સુખ આવી મળે છે, એટલે ઘણા સુખના હેતુરૂપ બને છે. અને જ્યારે ઘટતું જાય ને અલ્પ થઈ જાય, ત્યારે તે પુણ્ય, પાપનું કારણ બની જાય છે ? આ ઉપરાંત શું તું એમ પણ માની રહ્યો છે કે, પાપ જેવું કોઈ તત્ત્વ પુણ્યથી નિરાળું નથી, અથવા આ એક તત્ત્વ બંને રૂપ છે ? તેમજ બંન્ને અલગ-અલગ છે ? આથી વળી આગળ વધી તું એમ માની રહ્યો છે કે આ જગતમાં 'આત્મા' સિવાય બીજો કોઇ પદાર્થ નથી ? કારણ કે વેદવાકય એમ કહે છે કે આ જગત કેવળ બ્રહ્મમય છે, બ્રહ્મમય હતું ને બ્રહ્મમય રહેશે ? તેને પણ તું એમ જ માને છે ? કેમ એમ જ ને ? તારા આવા પ્રકારના તમામ અભિપ્રાયો નિરાધાર છે. આલોકમાં પુણ્ય-પાપના ફળો પ્રત્યક્ષ દેખાય છે. આ સિવાય વ્યવહારમાં પણ દેખાય છે કે દીર્ઘઆયુ, લક્ષ્મી, સુંદર રૂપ, આરોગ્ય, સારા કુળમાં જન્મ આદિ પુણ્યના ફળ છે. અને આનાથી વિપરીતતાવાળું અલ્પ આયુ વિગેરે પાપોનાં ફળરૂપ છે. માટે પુણ્ય અને પાપને સ્વતંત્ર સમજવા જોઇએ. સમસ્ત જગત 'આત્મમય છે' એ વિષયમાં અગ્નિભૂતિના પ્રશ્નમા જે ઉત્તર દેવાયો હતો તે ઉત્તરથી સમજણ કરી લેવી. તમારા સિદ્ધાંતમાં પણ પુણ્ય અને પાપને સ્વતંત્રપણે અંગીકાર કરવામાં આવ્યાં છે જેમ કે—"**पुण्यः पुण्येन कर्मणा; पापः पापेन कर्मणा**" એટલે પુણ્ય કર્મથી પુણ્યવાન થવાય છે અને પાપકર્મથી પાપવાન બનાય છે. આથી સિદ્ધ થાય છે કે પુણ્ય અને પાપ બંને સ્વતંત્ર પદાર્થો છે. આવું સાંભળી અચળભ્રાતાનો સંશય છેદાઈ ગયો અને તે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષિત થયો. (સૂ૦૧૧૨)

## અકમ્પિત નામક પંડિત કા પરભવ મેં નારક નહીં હૈ ઈસ વિષય કે સંશય કા નિવારણ ઔર દીક્ષાગ્રહણ કા વર્ણન

મૌર્યપુત્ર વિગેરેને વૈરાગ્યમાં ઝુલતા કરેલા જોવામાં આવતાં અકંપિતના મનોભાવો પણ બદલાયા. તેનો આત્મા પણ કકળી ઉઠયો. 'નારકીના જીવો છે કે નહિ' તેવી શંકા સેવતો તે ભગવાન પાસે આવી પહોંચ્યો. ભગવાને તેને સમજાવ્યું કે નારકીના જીવો અહી આવી શકતા નથી. કારણ કે તેઓનું શરીર એવું હોય છે કે નરક બહાર જઇ શકતા જ નથી. તેમ જ અહિં આવવું ઘણું દૂર છે તેમ જ કઠીન છે. તેથી માનવ જેમ ત્યાં જઇ શકતો નથી; તેમ જ તેઓ પણ અહીં આવી પણ શકતા નથી.. આટલા બધા આવાગમન માટે દૈવી શક્તિ એટલે અપાર શક્તિ હોવી જોઇએ તે તેમનામાં નથી હોતી.

આ ઉપરાંત તેઓ પરમાધર્મી દેવોની અધીનતામાં રહેલા છે. તેઓ પાપના ઉદયે, ત્યાંની ક્ષેત્રવેદના ઉપરાંત પરધર્મીના પ્રહારો સતત અમોઘપણે સહ્યા જ કરે છે, આથી તેઓ અહીં આવી શકતા નથી: તેમ જ માર આડે કાંઇ સૂઝતું પણ નથી અને પરમધર્મીના તંત્ર નીચેથી ઘડીએક પણ અળગા થઇ શકતા નથી. નારકોનું અસ્તિત્વ છે એમ વેદોનું પણ કથન છે. "**नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति**" એટલે જે શૂદ્રનું અન્ન ખાય તે નારક થાય છે અગર નારક નહીં હોત તો આ વાકય કેવી રીતે સુસંગ બનત ? તેથી સિદ્ધ થાય છે કે નારક જીવોની સત્તા છે. આવી અપૂર્ણ વાણીથી અકંપિત પિગળી ગયો અને પોતાના ત્રણસો શિષ્યો સાથે તે પણ દીક્ષિત થઈ ગયો. ।૮।

## અચલભ્રાતા નામક પંડિત કા પાપ પુણ્ય વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન

અકંપિતનું પ્રવ્રજન સાંભળી પુણ્ય–પાપ એ એક જ તત્વ છે એવી માન્યતાવાળા અચળભ્રાતા નામના પંડિત ત્રણસો અંતેવાસિઓને સાથે લઈ ભગવાન પાસે પહોંચ્યો, તેનો સિદ્ધાંત એવો હતો કે જ્યારે પૂણ્ય ઉચ્ચ કોટિમાં પ્રવર્તતું હોય છે ત્યારે તે સુખનું કારણ બને છે અને પુણ્ય ઘટતું જાય અગર અલ્પ થઇ જાય ત્યારે તે દુઃખનું કારણ બને છે. આ બંને તત્વોને અચલભ્રાતા એક રૂપ માનતો હતો,

ભગવાને તેને પ્રત્યક્ષતાપૂર્વક બતાવ્યું જગતમાં જે જે જીવો સુખમય સ્થિતિ ભોગવી રહ્યા છે તે પુણ્યના ફળ રૂપે છે અને દુઃખમય સ્થિતિ અલ્પ કે વધારે તે બધું પાપના ફળ રૂપે હોય છે. પુણ્ય અને પાપોનો ઉદય સાથે સાથે પણ વરતતો હોય છે. એક બાબતમાં પુણ્યના ફળ રૂપે સુખનો અનુભવ થતો હોય છે, ત્યારે સાથે સાથે બીજી બાબતમાં પાપના ઉદયે દુઃખ વેદતો હોય છે. પૈસે ટકે સુખી જણાતો જીવ, બૈરા–છોકરાં તેમ જ શારીરિક વેદનાને ઉદયે દુઃખ અનુભવતો માલુમ પડે છે. માટે પુણ્ય-પાપની પર્યાયો, સ્વતંત્ર, પરસ્પર નિરપેક્ષ અને પૃથક્ પૃથક્ હોય છે.

જો કારણમાં ભેદ ન હોય તો, કાર્યમાં ભેદ પડતો નથી. સુખ અને દુઃખ બંન્ને પરસ્પર વિરોધી સર્વરૂપે છે. માટે તેના કારણો પણ, પરસ્પર વિરુદ્ધ હોવા જોઈએ, એટલે અલગ અલગ હોવા જોઈએ. જો પુણ્ય પાપ બંન્નેને એક માનો, તો તેના સુખ અને દુ.ખ બંન્ને પરિણામો જુદાજુદી હોઈ શકે નહિ. માટે તે અભિન્ન નથી, પણ ભિન્ન છે. દીપકની મંદતા, અંધકાર ને ઉત્પન્ન કરી શકતી નથી, તેમ પુણ્યની મંદતા દુઃખને ઉત્પન્ન કરી શકતી નથી. તમારા આગમ શાસ્ત્રોમાં પણ પુણ્ય અને પાપના તત્ત્વોને જુદાં ગણ્યાં છે. જેમકે–**"पुण्यः पुण्येन कर्मणा, पापः पापे न कर्मणा"** એટલે યજ્ઞ કરવાવાળા, પુણ્ય ઉપાર્જન કરે છે. અને તેને સ્વર્ગીય સુખોની પ્રાપ્તિ થાય છે, તેમ તમારા શાસ્ત્રોમાં નિર્દેશન છે. અમારા મત પ્રમાણે, કોઇ પણ બે પદાર્થો. સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન હોતાં નથી. છતાં, અચળભ્રાતાનો સંદેહ જે સર્વદા અભેદ પક્ષનો હતો, તેને નિર્મૂળ કરવા, અને દરેક પદાર્થને એકાંતિક નહિ પણ અનેકાતિક દૃષ્ટિએ જોવા, ભગવાને સમજણ આપી હતીઃ

આ રીતે પોતાને અનેકાંત દૃષ્ટિનું જ્ઞાન પ્રાપ્ત થતાં, અચલભ્રાતા વૈરાગ્ય ને પામ્યો, અને સ્વયં દીક્ષિત થયો. તેની સાથે તેના ત્રણસો શિષ્યોએ પણ દીક્ષા ગ્રહણ કરી. (સૂ૦૧૧૨)

## મેતાર્ય પંડિતકા પરલોકવિષયક સંશયકા નિવારણ ઔર ઉનકી દીક્ષાગ્રહણ કા વર્ણન

મૂળનો અર્થ **'मेयज्जो वि'** ઈત્યાદિ. મેતાર્ય પણ પોતાના સંશયનું નિરાકરણ શોધવા, પ્રભુ પાસે ત્રણસો શિષ્યો સાથે આવી પહોંચ્યો. મેતાર્યની શંકા એ હતી કે, 'પરલોક' છેજ નહિ. કારણકે વેદોમાં એવું કહેવાયું છે કે **"विज्ञानघनएवैतेभ्यो भूतेभ्यः समुत्थाय पुनस्तान्येवानु विनश्यति, न मेत्य संज्ञाऽस्ति"** ઈતિ, અર્થાત્–વિજ્ઞાન ઘન આત્મા જાતેજ, ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે, ને તે ભૂતોમાંજ સમાઇ જાય છે. માટે 'પરલોક' સંજ્ઞા નથી. વિગેરે.

તમારી આ માન્યતા પાયા વિનાની છે. પરલોક–પુનર્જન્મ વિગેરે પણ છે જો તે ન હોય તો, તાત્કાળિક ઉત્પન્ન થયેલ બાળકને, માતાનું સ્તનપાન કરવા કેમ ઇચ્છા થાય? તમારા સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે,

> **"यं यं वापि स्मरन् भावं, त्यजत्यन्ते कलेवरम् ।**
> **तं तमेवैति कौन्तेय ! सदा तद्भाव भावितः" ॥ इति.**

અર્થાત્–હે અર્જુન! અંત સમયે જીવ જે જે ભાવો અને જેજે સ્મરણ–ચિંતવન કરે છે, ને તેનું સ્મરણ–ચિંતવન કરતાં, પોતાનું શરીર તજે છે, તેને ભાવો સ્મરણ અને ચિંતવન લઈને તે જીવ ફરી અવતરે છે. માટે પરલોકનું અસ્તિત્વ સ્વીકારવાનું રહે છે. આ ઉપદેશથી મેતાર્યનું મન પીગળી ગયું. અને પોતાના ત્રણસો શિષ્યો સાથે તેણે દીક્ષા અંગીકાર કરી.

## પ્રભાસ પંડિત કા નિર્વાણ વિષયક સંશય કા નિવારણ / મેતાર્ય કા પરલોક વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન

મેતાર્ય મુનિએ પણ, દીક્ષા લીધી છે એમ જાણી અગ્યારમાં પંડિત પ્રભાસ પણ; ત્રણસો શિષ્યો સાથે, પોતાની માન્યતાનું સ્પષ્ટીકરણ મેળવવા સારૂં પ્રભુ પાસે જવા રવાના થયો. પ્રભુએ તેની માન્યતા જ્ઞાનદ્વારા જાણી લીધી; ને 'નિર્વાણ' નથી તેમ તેની માન્યતાની તેણે રજુઆત કરી. આ સાથે તેનું બીજું પણ એ મંતવ્ય હતું કે, સંસારનો અભાવ તેનું નામ 'નિર્વાણ' છે. તેમજ, જેમ દિવાની શિખાની સમાન જીવનો નાશ થવો તે 'નિર્વાણ' કહેવાય છે.

## પ્રભાસ પંડિત કે દીક્ષાગ્રહણ કા વર્ણન

ભગવાન, ઉપર વર્ણવેલ તેના વિચારો ને નિર્મૂળ કરવા, સમજણ આપે છે કે, વેદોક્તિ **'जरामये वै तत्सवे यदग्निहोत्रम्'** ઇતિ અર્થાત્–આજે અગ્નિહોત્ર છે, બધું જરા–મરણ માટે છે. આથી પ્રતીત થાય છે કે, જીવને સંસારનો અભાવ નથી. જો દીપક સમાન જીવના નાશને નિર્વાણ તરીકે માનવામાં આવે તો, જીવનો અભાવ માન-

વાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. માટે તારો આ સંદેહ પાયા વગરનો છે. 'નિર્વાણ અને મોક્ષ' બંને એકજ અર્થ-બતાવવાવાળા પર્યાયવાચક શબ્દો છે. જે જીવ બંધાએલ છે. તેનોજ મોક્ષ હોય! જીવ કર્મોવડે બંધાયેલ હોય તેનોજ વિશેષ પ્રયત્નો વડે મોક્ષ થઇ શકે મોક્ષની બાબતમાં છઠ્ઠા ગણધર મંડિકને જે દલીલો વડે સમજાવવામાં આવ્યો, તે દલીલો અહીં પણ સમજી લેવી. તમારા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, 'द्वे ब्रह्मणी वेदितव्ये परमपरं च तत्र परं सत्यं ज्ञानमनन्तं ब्रह्म' ઈતિ અર્થાત્-બે પ્રકારના બ્રહ્મ જાણવા જોઈએ એક 'પરબ્રહ્મ અને બીજા અપરબ્રહ્મ' આ બંન્નેમાં પરબ્રહ્મ, સત્ય, જ્ઞાન અને અનંત સ્વરૂપી છે. આથી 'મોક્ષ'નો સદ્ભાવ સિદ્ધ થાય છે. આવા અદ્વિતીય પ્રવચન દ્વારા, પ્રભાસનો સંશય ટળી ગયો, અને ત્રણસો શિષ્યો સાથે તે દિક્ષીત થયા. કયા ગણધરને કયો સંશય હતો ? આ વિષયમાં અહીં બે સંગ્રહિણી ગાથાઓ આપવામાં આવે છે—

जीवे य कम्मविसये तज्जीव य तच्छरीर भूए य ।
तारिसयजम्मजोणी परेभवे बंध मुक्खे य (१) ॥

## ગણધરોં કે સંદેહ કા સંગ્રહ

देवे नेरइयपुण्णे, परलोए तह य होइ निव्वाणे ।
एगारसावि संसयच्छेए पत्ता गणहरत्तं (२) इति

અર્થાત્—અગ્યાર ગણધરોને નિચે લખ્યા મુજબ, અગ્યાર વિષયોમાં શંકા-હતી (૧) ઇન્દ્રભૂતિને 'જીવ'ના વિષયમાં, (૨) અગ્નિભૂતિને 'કર્મ' બાબતમાં (૩) વાયુભૂતિ ને તજ્જીવ અને તચ્છરીરમાં એટલે જે શરીર છે તેજ જીવ છે આ વિષયમાં, (૪) વ્યક્તને પાંચ મહાભૂતો બાબતમાં, (૫) સુધર્માને પૂર્વભવ જેવોજ ઉત્તરભવ હોય તેને લગતાં વિષયમાં, (૬) મંડિકને બંધ-મોક્ષ સંબંધી, (૭) મૌર્યપુત્રને 'દેવો' સંબંધી, (૮) અકંપિતને 'નારકી'ના મોજુદપણા વિષે, (૯) અચલભ્રાતા ને પુણ્ય-પાપ ને લગતો, (૧૦) મેતાર્યને પરલોક સંબંધી, (૧૧) પ્રભાસને મોક્ષની બાબતમાં સંશય હતો.

## ગણધરોં કે શિષ્ય કે સંખ્યા કા વર્ણન

આ અગ્યારે બ્રાહ્મણો પોતાના વિષયો સંબંધી જે જે શંકાઓ તેઓ સેવી રહ્યા હતા, તે તે શંકાઓનું વ્યક્તિગત નિરાકરણ થતાં તેઓ તીવ્રવૈરાગ્યને પામ્યા. સંસારની અપારતાને જાણી, તેઓ દીક્ષિત થઇ ગણધર પદ ને પ્રાપ્ત થયા. કયા કયા ગણધરો કેટકેટલા શિષ્યો સાથે દીક્ષિત થયાં તે બતાવવાવાળી સંગ્રહણી ગાથા અહિં કહેવામાં આવે છે--

"पंचसञ्ञो पंचाहं, दोण्हं चिय होय सद्ध तिसओ य ।
सेसाणं च चउण्हं, तिसओ हवइ गच्छो ॥" ईति

અર્થાત્—શરૂઆતના પાંચગણધરો, પાંચસો-પાંચસો શિષ્યો સાથે બે સાડાત્રણસો સાથે અને બાકીના ચારે ત્રણસો ત્રણસો શિષ્યોના સમુદાય સાથે દીક્ષા ધારણ કરી. આ પ્રમાણે પ્રભુ પાસે બધા મળી ચુમાળીસસો બ્રાહ્મણોએ એટલે અગ્યાર ગણધરોની સાથે બધા ચુમાળીસસો ને અગીયાર બ્રાહ્મણોએ દીક્ષા પર્યાય અંગિકાર કરી. (સૂ૦-૧૧૩)

॥ ગણધરવાદ સંપૂર્ણ ॥

## મેતાર્ય પંડિત કા પરલોક વિષયક સંશય કા નિવારણ ઔર ઉનકે દીક્ષાગ્રહણ કા વર્ણન

ટીકાનો અર્થ—મેતાર્ય પણ પોતાના સંશયના નિવારણ માટે પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુની પાસે આવ્યા. ભગવાને તેને કહ્યું-હે મેતાર્ય! તમારા મનમાં એ સંશય છે કે-પરલોક નથી. કારણ કે વેદોમાં કહેલ છે કે વિજ્ઞાનઘનજ આત્મા એ ભૂતોથી ઉત્પન્ન થઇને ફરી એજ ભૂતોમાં લીન થઈ જાય છે, પરલોક નથી, ઈત્યાદિ (આ વાકયનું વિવેચન ઇન્દ્રભૂતિના પ્રકરણમાં કરાઈ ગયું છે તેમાંથી જોઈ લેવું.) હે મેતાર્ય! એવું તમે માનો છો તે વ્યર્થ છે. પરલોકનું અસ્તિત્વ જરૂર છે. જો પરલોક ન હોત તો તુરતના જન્મેલા બાળકને માતાના સ્તનનું દૂધ પીવાની બુદ્ધિ કેવી રીતે હોત? પરલોક સ્વીકારતાં તો પૂર્વભવના દૂધ પીવાના સંસ્કારથી માતાનું સ્તન-પાન કરવાની ચેષ્ટા સંગત થઈ જાય છે. તમારા સિદ્ધાંતમાં પણ કહેલ છે-'હે અર્જુન! જીવ મરણકાળે જે જે ભાવેનું સ્મરણ-ચિન્તન કરતા શરીરનો પરિત્યાગ કરે છે, તે અન્તિમ સમયમાં ચિન્તિત ભાવોથી ભાવિત-વાસિત થઈને તે તે ભાવને પ્રાપ્ત કરે છે" ઈત્યાદિ. તેથી પરલોકને સ્વીકારવો જોઇએ.

આ પ્રમાણે સાંભળીને અને વિશેષ રૂપે અંતઃકરણમાં ધારણ કરીને મેતાર્ય પણ સંશયરહિત થઇને ત્રણસો શિષ્યો સાથે દીક્ષિત થયા. ૧૦

મેતાર્યને દીક્ષિત થયેલ સાંભળીને અગિયારમા પ્રભાસ નામના પંડિત પણ ત્રણસે અંતેવાસિયો સાથે પોતાના સંશયને દૂર કરવાને માટે શ્રીમહાવીર સ્વામી પાસે ગયા. ભગવાને પ્રભાસને કહ્યું–હે પ્રભાસ! તમારા મનમાં એ સંશય છે કે નિર્વાણ છે કે નથી? જો નિર્વાણ હોય તો શું તે સંસારનો અભાવ જ છે એટલે કે ચાર ગતિઓમાં ભ્રમણ રૂપ સંસારનું અટકી જવું–શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થવું જ છે ને? અથવા દીપકની જયોતના નાશની જેમ જીવનો સર્વથા અભાવ થઈ જવો એજ નિર્વાણ છે? એ બન્ને પક્ષોમાંથી જો સંસારનો અભાવ નિર્વાણ છે એ પહેલો પક્ષ માનવામાં આવે તો તે વેદની વિરૂદ્ધ છે, કારણ કે વેદોમાં કહેલ છે કે–"આ જે વિવિધ પ્રકારના અગ્નિહોત્ર છે તે બધા જરા અને મરણનું કારણ છે." આ વેદવાકયથી તો એજ સિદ્ધ થાય છે કે જીવને સંસારનો અભાવ હોઈ શકતો જ નથી. જો દીપ–શિખાના નાશ થવા સમાન નિર્વાણ–મોક્ષ મનાય તો જીવના સર્વથા અભાવની અનિષ્ટાપત્તિ નડે છે. નિર્વાણના વિષયમાં તમને આ સંશય છે. આ સંશય મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયો છે. કારણ કે નિર્વાણ અને મોક્ષ એ બન્ને એકાર્થવાચક શબ્દો છે. મોક્ષ બદ્ધનો (બંધાયેલ) જ થાય છે. જીવ અનાદિ કાળથી જ્ઞાનવરણીય આદિ કર્મોથી બદ્ધ છે તેથી વિશેષ પ્રયત્ન કરવાથી તેનો મોક્ષ થાય છે જ. આ વિષયમાં મંડિકના પ્રશ્નમાં જે કહ્યું છે તે બધું અહીં પણ સમજી લેવું જોઈએ.

તાત્પર્ય એ છે કે જ્ઞાનવરણીય આદિ કર્મોથી જયારે આત્મા મુક્ત થઈ જાય છે તો તેમાં ઔપાધિક ભાવ–કર્મજનિત વિકાર પણ રહેતો નથી. તે સમયે આત્મા પોતાના વાસ્તવિક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. જન્મ, જરા અને મરણથી તદ્દન રહિત થઈ જાય છે એજ મોક્ષનું સ્વરૂપ છે. "અગ્નિહોત્ર જરા–મરણનું કારણ છે" આ કથનથી એ સાબિત થતું નથી કે જીવને જરા–મરણનો અભાવ થઈ શકતો જ નથી. આ વાકયમાં તો પ્રતિપાદન કરાયેલ છે કે અગ્નિહોત્ર જરા–મરણના અંતનું કારણ નથી, પ્રત્યુત જરા–મરણનું કારણ છે. એમાં ધ્યાન, અધ્યયન, તપશ્ચરણ આદિ કારણોથી થનાર જરા–મરણના અભાવ રૂપ મોક્ષનો નિષેધ કરાયો નથી. અગ્નિહોત્ર આરંભ-સમારંભ અને હિંસાજનિત તથા સ્વર્ગ અને વૈભવ આદિની કામના વડે પ્રેરિત અનુષ્ઠાન છે તેથી તેને જરા–મરણનું જે કારણ કહેલ છે તે યોગ્ય જ છે. મોક્ષ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રથી મળે છે, તેનો નિષેધ ઉપર્યુક્ત વાકયમાં નથી. હું જ એમ કહું છું એટલું જ નહીં. પણ તમારા શાસ્ત્રમાં પણ કહ્યું છે–બ્રહ્મના બે ભેદ છે–પર અને અપર–આ બે ભેદમાંથી જે પરબ્રહ્મ છે તે સત્ય, જ્ઞાન અને અનંત સ્વરૂપ છે. વેદમાં પણ કહ્યું છે–"**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**" જો જીવને મોક્ષ ન હોત તો તેને સત્ય, જ્ઞાન અને અનંત સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાત? એવી સ્થિતિમાં પ્રમાણરૂપ માનેલ તમારા વેદોનું કથન કઈ રીતે સંગત થશે? વેદના આ વાકયથી તો મોક્ષની સત્તા જ સિદ્ધ થાય છે તેથી મોક્ષ છે તે નિઃસંદેહ સિદ્ધ થાય છે. પ્રભુના આ પ્રકારનાં વચનો સાંભળીને પ્રભાસે પણ સંશયરહિત થઇને પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

## ગણધરોં કે સંદેહ કા સંગ્રહ

એ અગિયાર ગણધરોના સંશયના વિષયમાં બે સંગ્રહણી ગાથાઓ છે—(૧) ઇન્દ્રભૂતિને જીવના વિષયમાં સંશય હતો. (૨) અગ્નિભૂતિને કર્મના વિષયમાં સંશય હતો. (૩) વાયુભૂતિને એ જ જીવ છે અને એ જ શરીર છે એવો સંશય હતો. (૪) વ્યક્તને પાંચ ભૂતોના વિષયમાં સંશય હતો. (૫) સુધર્માને એવો સંશય હતો કે જે જીવ આ ભવમાં જેવો છે, પરભવમાં પણ તેવો જ જન્મે છે. (૬) મંડિકને બંધ અને મોક્ષના વિષયમાં સંશય હતો. (૭) મૌર્યપુત્રને દેવોના અસ્તિત્વના વિષયમાં સંશય હતો. (૮) અકમ્પિતને નારકીના વિષયમાં સંશય હતો. (૯) અચલભ્રાતાને પુન્ય–પાપના વિષયમાં સંશય હતો. (૧૦) મેતાર્યને પરલોકને વિષે સંશય હતો. (૧૧) પ્રભાસને મોક્ષના અસ્તિત્વ વિષે સંશય હતો. ઇન્દ્રભૂતિથી માંડીને પ્રભાસ સુધીના તે અગિયારે ગણધર પોતપોતાનો સંશય દૂર થતાં ગણધરતા–ગણધરની પદવી પામ્યા.

## ગણધરોં કે શિષ્યસંખ્યા કા વર્ણન

કયા ગણધર કેટલા શિષ્યો સાથે દીક્ષિત થયા તે બતાવનારી સંગ્રહણીગાથા આ પ્રમાણે છે–ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત અને સુધર્મા એ પાંચે ગણધરોમાં પ્રત્યેકનું પાચસો–પાંચસોનું શિષ્યગણ હતું. ત્યારબાદ મંડિક અને મૌર્યપુત્ર એ બન્નેમાના દરેકનું સાડાત્રણસોનું શિષ્યગણ હતું. બાકીના ચાર–અકમ્પિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ એ દરેકનો ત્રણસો ત્રણસો શિષ્યોનો સમૂહ હતો. આ પ્રમાણે પ્રભુની પાસે બધા મળીને ચુંમાળીસસો બ્રાહ્મણો જે આ અગીઆર ગણધરોના શિષ્યો હતા તેઓ દીક્ષિત થયા હતા. (સૂ૦૧૧૩)

॥ ગણધરવાદ સમાપ્ત ॥

## ચતુર્વિધસંઘ કી સ્થાપના ઔર ચાતુર્માસ સંખ્યા કથન

મૂળનો અર્થ—'**तेणं कालेणं**' ઇત્યાદિ. તે કાળે અને તે સમયે ચંદનબાળા ભગવાનને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ એમ જાણી દીક્ષા ગ્રહણ કરવા ઉદ્યત બની, અને પ્રભુની પાસે આવી પહોંચી. તેણીએ પ્રભુને આદક્ષિણ પ્રદક્ષિણ-

## ગણધરોં કો ત્રિપદીપ્રદાન કા વર્ણન

ધૂર્વક વંદન નમસ્કાર કરી નિવેદન કર્યું કે-'હે ભગવન્ત ! સંસારથી ઉદ્વેગ પામી આપની સમીપ દીક્ષા અંગીકાર કરવા માગું છું.' શ્રમણ ભગવાને અવસર જાણી સંમતિ આપી અને ચંદનબાળાની દીક્ષા થતાં ઘણી ઉગ્રવંશી, ભોગવંશી અને રાજન્યવંશીની કન્યાઓ તેમ જ અમાત્ય વિગેરેની પુત્રીઓએ સંસાર છોડી પ્રવ્રજ્યા અંગીકાર કરી. આ ઉપરાંત ઉગ્રકુલ, ભોગકુલ વિગેરેની નર-નારીઓએ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ બાર પ્રકારના વ્રતવાળો ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો અને ભગવાને આવા નર-નારીઓને શ્રાવક અને શ્રાવિકાપદ અર્પણ કર્યું. ત્યારબાદ તીર્થંકર નામ-ગોત્રનો ક્ષય કરવા માટે ભગવાને સાધુ-સાધ્વી અને શ્રાવિક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ત્યારપછી ઇન્દ્રભૂતિ વિગેરે ગણધર દેવોને ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્યની ત્રિપદીનું પ્રદાન કર્યું. આ ત્રિપદીના આધારે ગણધરોએ દ્વાદશાંગ ગણિપિટકની રચના કરી.

## નવપ્રકાર કે ગણોં કે ભેદ કા વર્ણન ઔર ભગવાનકી ધર્મદેશના કા વર્ણન / ભગવાન કે ચાતુર્માસ સંખ્યા કા કથન

આ અગીઆર ગણધર દેવોના નવ ગચ્છ થયા. સાત ગણધરોની જુદી જુદી વાંચના હોવાને કારણે સાત ગચ્છ ગણાયા. અકંપિત અને અચલભ્રાતા બન્નેની પરસ્પર સમાન વાંચના હોવાથી તેઓનો એક ગચ્છ થયો. આ પ્રકારે મેતાર્ય અને પ્રભાસ બન્નેની એક જ વાંચના હોવાથી તેમનો પણ એક ગચ્છ ગણાયો. આ પ્રકારે અગિયાર ગણધરોનાં નવ ગચ્છ થયા.

ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર મધ્યમ પાવાપુરીથી વિહાર કરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ દેતા દેતા જનપદમાં વિચરવા લાગ્યા. આ પ્રમાણે અનેક દેશોમાં વિહાર કરી ભગવાને લોકોની અજ્ઞાનરૂપી દરિદ્રતા દૂર કરી. અને જ્ઞાનાદિ સંપત્તિનું દાન કર્યું. જેમ આકાશમાં પ્રકાશિત થતો સૂર્ય અંધકારને દૂર કરી જગતને આનંદિત બનાવે છે તેમ જગતભાનુ ભગવાને મિથ્યાત્વરૂપી અંધકારનું નિવારણ કરી જ્ઞાન દ્વારા લોકને આહ્લાદિક બનાવ્યો. ભવરૂપી કૂવામાં પડેલા ભવ્યોને જ્ઞાનરૂપી દોરી વડે બહાર કાઢયા. ભગવાને મેઘની માફક અમોઘપણે ધર્મોપદેશની ધારા વડે પૃથ્વીને સિંચન કર્યું.

આ પ્રમાણે નિરંતર વિહાર કરતાં, ભગવાને એકતાલીસ ચતુર્માસ પૂર્ણ કર્યાં. તેનું વર્ણન નીચે મુજબ છેઃ—

પહેલું ચોમાસું અસ્થિક ગામમાં (૧), એક ચંપાનગરીમાં (૨), બે પૃષ્ઠ ચંપાનગરીમાં (૪), બાર ચાતુર્માસ વૈશાલી નગરી અને વાણિજ્ય ગામમાં (૧૬) ચૌદ ચાતુર્માસ રાજગૃહિ નગરીના નાલંદા નામના પાડામાં (૩૦), છ ચોમાસાં મિથિલામાં (૩૬), બે ભદ્દિલપુરમાં (૩૮), એક આલંભિકા નગરી (૩૯), એક શ્રાવસ્તી નગરીમાં (૪૦), અને એક વજ્રભૂમિ નામના અનાર્ય દેશમાં (૪૧), ત્યારબાદ વિહાર કરતાં કરતાં ભગવાને અંતિમ બેતાલીશમું ચાતુર્માસ પાવાપુરીમાં, હસ્તિપાલ રાજાની જૂની દાણશાળા (જકાતસ્થાન)માં કર્યું. (સૂ૦૧૧૪)

## ચન્દનબાલા કે દીક્ષાગ્રહણ કા વર્ણન

વિશેષાર્થ—બચપણમાં જ સંસારનો દુઃખદ્ અનુભવ મળતાં, ચંદનબાલામાં તીવ્ર વૈરાગ્યની ધારા છૂટી. સંસાર તરફનો વેગ ઘટવા માંડયો! ભગવાનને આહારદાન આપ્યા પછી, તેનું મન પ્રવ્રજ્યા તરફ રહેતું હતું. તે કાળ તે સમયે ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું જાણી, ચંદનબાલાની દીક્ષા માટેની તાલાવેલી જાગી. અને ભગવાનની પાસે આવી દીક્ષાની માગણી કરી. ભગવાને તેને દીક્ષા આપી. ચંદનબાલાની પાછળ, ઉગ્રકુળ, ભોગકુળ આદિની બ્હેન-દિકરીઓ, વહુઆરો, માતાઓ, પ્રૌઢાઓ અને કુમારિકાઓએ પણ દીક્ષા લીધી. જેઓ દીક્ષા લેવા અસમર્થ હતા તેઓએ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત, એમ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ અંગીકાર કરી શ્રાવક શ્રાવિકા થયા.

## ચતુર્વિધસંઘ કી સ્થાપના ઔર ગણધરોં કો ત્રિપદીપ્રદાન કા વર્ણન

ભગવાને સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. કેવલજ્ઞાન થતાં, સર્વ ઇચ્છાઓ નિર્મૂળ થઈ જાય છે. છતાં આવી ચતુર્વિધ સંઘની સ્થાપના કરવાની ઇચ્છા ભગવાનને કેમ થઈ આવી હશે? તેના જવાબમાં એ કે, આ સ્થાપના ઇચ્છાપૂર્વક કરવામાં આવી ન હતી. પરંતુ ભગવાને, પૂર્વભવે જે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું, તેમાં તેના ફળરૂપે, 'તીર્થ' આવવાનું હતું. તેથી આ 'તીર્થ'ની સ્થાપના પૂર્વપ્રયોગાદિ કર્મના ઉદયે થઈ.

પછી પ્રભુએ ગણધર દેવોને ત્રિપદીનું દાન કર્યું. આ ત્રિપદી એટલે ત્રણ પદો જેવાં કે–ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય. ઉત્પાદ એટલે ઉત્પત્તિ, વ્યય એટલે નાશ અને ધ્રૌવ્ય એટલે ટકવાપણું–સ્થિરતા. આ ત્રિપદી આપતાં, ભગવાને નિરુપણ કર્યું કે, જગતના સમસ્ત પદાર્થોની, જેવા કે ચેતન, અચેતન, મૂર્ત, અમૂર્ત સૂક્ષ્મ, કે સ્થૂલ વિગેરેની ત્રણ અવસ્થાઓ થયા કરે છે, આ અવસ્થાઓને, જૈન–પારિભાષિક શબ્દોમાં 'પર્યાયો' કહેવામાં આવે છે, આ પર્યાયો, સમયે સમયે દરેક પદાર્થની બદલાતીજ રહે છે; આગળની પર્યાય નાશ પામે છે અને નવી ઉત્પન્ન થાય છે. છતાં જે દ્રવ્ય આશ્રિત, આ પર્યાયો ઉત્પન્ન અને નાશ થાય છે, તે દ્રવ્યમાં કાંઈ પણ ફેરફારો થતા નથી અને દ્રવ્ય,

દ્રવ્યપણે ટકી રહે છે, માટે પ્રત્યેક પદાર્થ ધ્રૌવ્યશીલ હોય છે. એટલે દરેક દ્રવ્ય, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યપણે રહેલું છે. પદાર્થ પર્યાયની અપેક્ષાએ, 'ઉત્પત્તિ' શીલ અને 'વ્યય' શીલ મનાય છે, પણ દ્રવ્ય અપેક્ષાએ, 'ધ્રૌવ્ય' શીલ માનવામાં આવે છે. પ્રત્યેક પદાર્થ, પ્રતિક્ષણ પૂર્વ પર્યાયનો પરિત્યાગ કરે છે, ઉત્તર પર્યાયને ગ્રહણ કરે છે, છતાં દ્રવ્ય તો જ્યાં હોય ત્યાંજ પડયું રહે છે. જીવનો, મનુષ્ય પર્યાયની અપેક્ષાએ વિનાશ ગણાય છે, દેવ-પર્યાયની અપેક્ષાએ, ઉત્પાદ ગણાય છે, અને આત્મ દ્રવ્યની અપેક્ષાએ, ધ્રૌવ્ય મનાય છે. આ ત્રિપદીની પ્રાપ્તિ થતાંજ, ગણધર દેવોની જ્ઞાનશક્તિ ઘણી વૃદ્ધિ પામી. મૂળ તો તેઓ જ્ઞાની હતા. જ્ઞાનના ઇચ્છુક હતા, અને જ્ઞાન પિપાસુ પણ હતાં! પણ તેઓની જ્ઞાનશક્તિ, અવળી ચાલી ગયેલ હતી. તેમાં ભગવાનનો યોગ પ્રાપ્ત થતાં, તે જ્ઞાનશક્તિ સવળી બની. અને જ્ઞાનનો અખૂટ પ્રવાહ જે અવરોધિત થયો હતો, તે ત્રિપદી દ્વારા, બહાર અમોઘપણે વહેવા લાગ્યો, અને ભગવાનની વહેતી વાણીને ઝીલવા લાગ્યો. કેવલીની વાણીનાં સૂક્ષ્મતમ ભાવોને ઝીલવાં, ગણધરો પણ શક્તિમાન હોતાં નથી; છતાં સર્વ કરતાં, તેમની ગ્રાહ્યશક્તિ ઘણી તીવ્ર હોવાથી તે મોટા પ્રમાણમાં તેનું ગ્રહણ કરી શકે છે. આ વાણીને, ગણધર દેવો ઝીલતા ગયા, અને તેને દ્વાદશાંગ રૂપ પેટીમાં વણુતાં ગયાં, આ દ્વાદશાંગ રૂપ પેટીમાં, 'આચારાંગ' આદિ બાર અંગોની રચના કરવામાં આવી છે. ગણધર દેવો, બુદ્ધિશાળી, તીવ્ર બુદ્ધિના ધણી તેમજ તીવ્ર ગ્રાહક શક્તિના ધારક હોવાથી, ભગવાનના વાકયો અને શબ્દોને સમજી, તેનું અત્યંત વિસ્તૃત રૂપ તેઓએ બનાવ્યું. આ ઉપરથી એવો અભિપ્રાય નીકળી આવે છે કે, સમગ્ર જૈનદર્શનનો મૂળ આધાર, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની ત્રિપદી ઉપર છે. આ ત્રિપદીનો વિશેષ વિચાર, તેનું મંથન, અને સ્વાધ્યાય એ જૈનદર્શનનો સાર છે. જૈનદર્શનનું સમસ્ત ચિંતન, આ ત્રિપદીની ભૂમિકા ઉપરજ કેન્દ્રિત થયું છે.

અગીયાર ગણધરોના નવ ગચ્છ થયા, જેવા કે ઈન્દ્રભૂતિથી મૌર્યપુત્ર સુધીના સાત ગણધરોની જુદી જુદી વાચનાને લીધે સાત ગચ્છ થયા. અકંપિત અને અચલભ્રાતા, આ બેઉની સરખી વાચના હોવાથી આ બેઉનો એક આઠમો ગચ્છ થયો. એવીજ રીતે મેતાર્ય અને પ્રભાસ, આ બેઉની સરખી વાચના હોવાથી આ બેઉનો એક-નવમો ગચ્છ થયો. આ પ્રમાણે નવ ગચ્છ થયા. ભગવાન પાવાપુરીમાંથી વિહાર કરી, દેશે દેશમાં વિચરવા લાગ્યા. ભગવાનના પુણ્યપ્રભાવે, ભવ્યજનોનો સિતારો તેજ થવા લાગ્યો. તેઓ સંસારના તાપથી મુક્ત થયા. સંસારની કાળી બળતરામાંથી છૂટી, શીતળ છાંયડી તળે આવવા લાગ્યા. જ્ઞાનપ્રકાશ થતાં, અંધકાર દૂર થવા લાગ્યો. ભવરૂપી કૂવામાંથી હમેશને માટે બહાર નીકળી, ભગવાનની વાણીરૂપ ગંગાજળનું તેઓએ પાન કર્યું આરંભ અને પરિગ્રહ એ સંસારનું મૂળ છે, એમ ભગવાનદ્વારા નીકળેલ વાણીથી જાણ્યું આ આરંભ અને પરિગ્રહ, સર્વ પ્રકારના કલેશના મૂળ છે, તેમ જાણી ઘણા ભવી જીવોએ, તેનો સદંતર ત્યાગ કર્યો, અને જે સદંતર ત્યાગી શકયા નહિ, તેઓ, તેનું પરિમાણ કરી, અનાસકત ભાવે રહેવા લાગ્યા. સમ્યક્જ્ઞાન દર્શન અને ચારિત્રયુક્ત વાણીનું શ્રવણ થતાં, ઘણા જીવો મોક્ષના પથિકો બન્યા. ભગવાનની વાણી નિર્મળ અને નિર્દોષ હતી, તેથી તે વાણીએ ઘણા જીવોને સાચા રાહે સ્થિર કર્યા. ભગવાનની વાણીનું શ્રવણ, જેઠ માસના ધગધગતા ઉનાળામાં અકળાએલા જીવોને જેમ ઠંડુ બરફનું પાણી મળતાં શાંતિ પ્રસરે છે, તેમ સંસાર તાપથી તપેલા જીવોને ઠંડકવાળું બન્યું. અને તેઓ પણ, આગેકદમ ભરવા લાગ્યા. જેમ અખૂટ મેઘ ધારાથી, પૃથ્વી, ધન ધાન્ય સંપત્તિ વડે નાચી ઉઠે છે, તેમ ભગવાનની દિવ્યવાણી વડે, લોકોમાં ઉત્સાહ અને આનંદ ઉભરાવા લાગ્યો. અને લોકો સાચા જ્ઞાન અને સાચા ચારિત્રના આરાધક બન્યા.

તીર્થંકરોની પરંપરા અનુસાર, ભગવાનના ચોમાસાની ગણત્રી, દીક્ષાના દિવસથી શરુ થાય છે, આ પ્રમાણે ગણતાં, પ્રભુના એકતાલીસ ચાતુર્માસ થાય છે. આ સઘળા ચાતુર્માસો મૂળ પાઠના અનુવાદોમાં બતાવવામાં આવ્યા છે. જુદા જુદા સ્થળે, ચોમાસા કરવાથી તે વખતે વરતતી દેશની સઘળી સીમાઓને આવરી લેવામાં આવી હતી. આથી સઘળા મનુષ્યો, ભગવાનની વાણીનો અપૂર્વલાભ મેળવી શકયા હતા. છેલ્લું એટલે કે બેતાલીસમું ચાતુર્માસ પાવાપુરીમાંજ કે જ્યાં સંઘની સ્થાપના, ત્રિપદીનું પ્રદાન વિગેરે થયું હતું, તેજ ગામમાં થયું. અહીં ભગવાને તે વખતે પાવાપુરીમાં રાજ્ય કરતા હસ્તિપાલ નામના રાજાની દાણશાળામાં (જકાતસ્થાન)માં ચોમાસું કર્યું. (સૂ૦૧૧૪)

## ગૌતમસ્વામીકો દેવશર્મ બ્રાહ્મણ કો પ્રતિબોધિત કરને કે લિયે નજદીક કે ગાંવમેં ભેજને કા વર્ણન

મૂળનો અર્થ—'तेणं कालेणं' ઈત્યાદિ. તે કાળ અને તે સમયે ભગવાન મહાવીરે પોતાનો નિર્વાણકાળ નજીક આવ્યો જાણી 'ઇન્દ્રભૂતિને મારા ઉપર અથાગપ્રેમ છે, અને તેને લીધે, તેનું કેવળજ્ઞાન અવરોધાઈ જશે' એમ વિચારી ગૌતમ સ્વામીને તે દિવસે સાંજે દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલી દીધા. આ દેવશર્મા બ્રાહ્મણ, નજીકના ગામમાં રહેતો હતો. અને તે મોક્ષપથિક તેમજ સત્યને ગ્રહણ કરવાવાળો જણાતો હતો. શ્રમણ ભગવાન મહાવીર ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા. બાર વર્ષથી કંઈક અધિક–અર્થાત્ બાર વર્ષ સાડા છ માસ છદ્મસ્થ–પર્યાયમાં રહ્યા. ત્રીસ વર્ષમાં કાંઈક ઓછા કેવલીપર્યાયમાં વિચર્યા. આવી રીતે બેંતાલીશ વર્ષ સાધુપર્યાયમાં રહ્યા અને સમગ્ર રીતે બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ ક્ષીણ થતાં, અવસર્પિણી કાળના દુષ્ષમસુષમા આરાનો ઘણો ખરો ભાગ વ્યતીત થતાં ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહેતાં, પાવાપુરીમાં, હસ્તીપાલ રાજાની જુની કરશાળા–દાણશાળામાં, બેંતાલીસમા ચોમાસામાં અને ચતુર્માસના સાતમા પખવાડિયામાં, કારતક વદ અમાવાસ્યી (ગુજરાતી આસો વદી અમાસ–દીવાળી)ની છેલ્લી અર્ધરાત્રીએ, એકલા નિર્જલ બેલાનું તપશ્ચરણ કરીને, પર્યંક–પલાંઠી આસનવાળીને ભગવાન વિરાજ્યા. દુઃખ વિપાક નામના સૂત્રના દશ અધ્યયનો અને સુખ-વિપાક સૂત્રના દશ અધ્યયનોનું પ્રવચન કર્યા બાદ, તથા અણપૂછાએલ છત્રીશ પ્રશ્નોના ઉત્તરો આપ્યા પછી, છપ્પન અધ્યયનનું ફરમાન કર્યા બાદ, 'પ્રધાન' નામના મરુદેવના અધ્યયનનું પ્રવચન ચાલતું હતું તેવામાં, ભગવાન કાળધર્મ પામ્યા. કાળધર્મ પામતાં સંસારથી નિવૃત્ત થયા; પુનરાગમન રહિત બન્યા. ઉર્ધ્વગતિ કરી ગયા. જન્મ જરા અને મરણના બંધનથી રહિત થઈ સિદ્ધ, બુદ્ધ, મુકત, પરિનિર્વૃત, અને સર્વદુઃખોના અંતકારી થયા, પરમશાંતિ ને પામી સમસ્ત દુઃખોથી રહિત બન્યા. તે કાળ અને તે સમયે 'ચંદ્ર' નામનું બીજું વરસ ચાલતું હતું. તેમાં પ્રીતિવર્ધન માસ હતો. અને નંદિવર્ધન નામનું પખવાડિયું હતું 'અગ્નિવેશ્ય' અથવા 'ઉપશમ' નામનો દિવસ હતો. દેવાનંદા અથવા 'નિરતિ' નામની રાત્રી હતી. 'અર્ધ' નામનો લવ હતો. 'મુહૂર્ત' નામનો પ્રાણ હતો 'સિદ્ધ' નામનું સ્તોક હતું. 'નાગ' નામનું કરણ હતું. 'સર્વાર્થસિદ્ધ' નામનું મુહૂર્ત હતું, અને સ્વાતિ નક્ષત્રનો ચંદ્રમા સાથે યોગ વરતી રહ્યો હતો. જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા, તે રાત્રીએ ઘણા દેવદેવીઓના આવાગમનને લીધે દેવ–પ્રકાશ થવા પામ્યો હતો.

આ ઉપરાંત દેવોનો મેળો જામ્યો હતો. દેવોના કલકલાટની સાથે ઘણી ભીડ પણ જામી હતી. (સૂ૦ ૧૧૫)

વિશેષાર્થ—ભગવાન મહાવીરે પોતાનો અંતકાલ નજીકમાં પ્રવર્તતો જોયો–એટલે દેહ છૂટવાનો વખત આવી પહોંચ્યો છે એમ જાણ્યું તેઓને જણાતું હતું કે ઇન્દ્રભૂતિ નામનો મારા પટ્ટશિષ્યને મારા પર ઘણો અનુરાગ છે. આ અનુરાગથી ગૌતમ મારા દેહાવસાન વખતે પોતાની જ્ઞાનભૂમિકાથી કદાચ ચ્યુત થાય! તો તેને નિરાવરણ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થવામાં વિઘ્ન ઉપસ્થિત થાય, એટલા માટે ગૌતમસ્વામીને પાસેના ગામમાં રહેનાર દેવશર્મા નામના બ્રાહ્મણના પ્રતિબોધ માટે દિવસે જ મોકલી દીધા.

શ્રમણ ભગવાનનું સમગ્ર જીવનનું સિંહાવલોકન કરતાં આપણને જાણવા મળે છે કે તેઓનો ત્રીશ વરસનો સમય ગૃહસ્થ જીવનમાં પસાર થયો. આ જીવનમાં બાલ્યાવસ્થા બાદ કરતાં તેમનો બાકીના ગૃહસ્થ જીવનમાં તેમણે પોતાનો ગૃહસ્થકાળ સંયમીપણે અને વિરક્ત દશામાં ગાળ્યો. બાર વર્ષથી અધિક વખત કઠીન સાધુ અવસ્થામાં પસાર કર્યો. આ કાળમાં તેમણે ભગીરથ પ્રયાસો આદર્યા અને આત્મસાધનાની પ્રાપ્તિ કરી. બાકીના ત્રીશ વર્ષો કેવલીપણે વ્યતીત કરી બોંતેર વર્ષનું સમગ્ર આયુષ્ય તેમણે પૂરું કર્યું. આ પ્રકારે ભગવાને બેંતાલીસ વર્ષોનું ચારિત્ર પાળ્યું. કેવળજ્ઞાન થાય છે, છતાં દેહની સ્થિતિ ઉભી રહે છે. આ દેહને આધારે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ રહેતાં હોય છે. દેહ છૂટતાં આ કર્મોનો પણ સદંતર નાશ થઈ જાય છે અને જીવ નિરાકાર અવસ્થા પ્રકટ કરી સિદ્ધ થાય છે.

ભગવાનના અંતિમકાળ વખતે અવસર્પિણીકાળ ચાલતો હતો. આમાં પણ દુષ્ષમ સુષમા નામના ચોથા આરાનો લગભગ પૂરો સમય વ્યતીત થયો હતો એટલે ચોથા આરાના ફક્ત ત્રણ વર્ષ અને સાડાઆઠ મહિના જ બાકી રહ્યા હતા. આ સમયે ભગવાન પાવાપુરીમાં હતા. ત્યાંનો રાજા હસ્તિપાલ હતો. તેની ગણશાળામાં પણ ભગવાને બેતાલીસમું ચાતુર્માસ કર્યું હતું. આ ચતુર્માસનો ચોથો મહિનો ચાલી રહ્યો હતો. તેમ જ ચતુર્માસનું સાતમું પખવાડિયું વ્યતીત થઇ રહ્યું હતું. આ માસ કારતક મહિનાનો હતો, જેને આપણે આસો માસ તરીકે ગણીએ છીએ.

કાર્તિક વદ (ગુજરાતીમાં આસો વદ) અમાસને દિવસે અર્ધ રાત્રિના પાછલા પહોરે ભગવાન મોક્ષ પધાર્યા, ભગવાનનો દેહ છૂટતી વખતે ભગવાન એકલા જ મોક્ષગામી હતા. તે સમયે જગતનો કોઇ પણ જીવ સિદ્ધ થયો જ ન હતો. અંતિમ સમયે ભગવાને ચોવીહારના ત્યાગરૂપ છઠ્ઠ આદરેલ હતો. તપશ્ચરણ સાથે પદ્માસન વાળી સ્થિર કાયા મન, વચનના યોગે વિરાજ્યા હતા. શુકલ ધ્યાનના ચોથા પાયે આરૂઢ થઇ પાંચ લઘુઅક્ષર એટલે 'અ–इ–उ–ऋ–ऌ' આ પાંચ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો વખત પસાર થાય તેટલો વખત તે પાયે રહી શેષ રહેલા વેદનીય, આયુ, નામ, ગોત્ર આ ચારે કર્મોનો ક્ષય કરી મોક્ષ પધાર્યાં.

જે વખતે ભગવાન તપસ્યા સાથે પદ્માસન વાળી બેઠા હતા તે સમયે ભગવાનની વાણીનો છેવટનો પ્રવાહ નીકળ્યે જતો હતો. જેમ ભાદરવા માસનો છેલ્લો વરસાદ પૂર્ણશક્તિથી ધોધમાર પડે છે તેમ ભગવાનની આ વાણી છેલ્લી હતી; તેથી જેટલા શબ્દો વાણી દ્વારા આવવા બાકી હતા તે સર્વ શબ્દાદિક પુદ્ગલો અખંડપણે વહેતા થયા ને વાણી રૂપે ગોઠવાઈ સ્વયં મુખેથી ધ્વનિ મારફત નીકળવા મંડયા.

આ વખતે ભગવાનના પ્રવચનમાં વિપાક સૂત્રનો પ્રથમ શ્રુતસ્કંધ જેને દુઃખાવપાક તરીકે ઓળખવામા આવે છે, તેમ જ વિપાકસૂત્રનો બીજો શ્રુતસ્કંધ જેમાં પુણ્યના સુખરૂપ ફળો વર્ણવ્યાં છે તે વિપાકસૂત્ર વાણીમાં આવતું આ ઉપરાત વણપૂછેલા એવા છત્રીસ અધ્યયનવાળું ઉત્તરાધ્યયનસૂત્ર તેમના મુખ દ્વારા નીકળતું હતું, તેમ જ છપ્પન અધ્યયનો પણ પ્રવચનમાં જણાતાં હતાં. આ અધ્યયનોમાં 'મરુદેવ'નું અધ્યયન ચાલતું હતું તે દરમ્યાન ભગવાનનો દેહ છૂટી ગયો અને અજર-અમર અવિનાશી અને ચૈતન્ય સ્વરૂપ એવા પદને ભગવાનનો આત્મા પામ્યો. તે વખતે કયા કયા યોગો. નક્ષત્રો, મુહૂર્તો, માસ, દિન વિગેરે વરતી રહ્યાં હતાં. તેનું ખ્યાન મૂ પાઠમાં અંકિત કરવામાં આવ્યું છે. (સૂ૦૧૧૫)

## ગૌતમસ્વામી કે વિલાપ કા વર્ણન

મૂળનો અર્થ—'तए णं से' ઇત્યાદિ. ત્યારબાદ ગૌતમસ્વામી ભગવાન મહાવીરનું નિર્વાણ સાંભળી ઘડીભર શૂનકાર થઈ ગયા. તેમને વજ્ર જેવો આઘાત લાગ્યો. ત્યારપછી મોહવશ થઈ વિલાપ કરવા મંડયા. વિલાપ કરતાં કરતાં બોલવા લાગ્યા કે હે ભગવાન ! આપે શું કર્યું ? આપ તમારા ચરણસેવકને તરછોડી મોક્ષ પધારી ગયા ? શું હું તમારો હાથ પકડી બેસી જવાનો હતો ? શું મોક્ષમાં ભાગ પડાવવાનો હતો ? જેથી તમોએ મને દૂર મોકલી આપ્યો ! શું તમે મને સાથે લઈ જાત તો ત્યાં જગ્યાનો તોટો પડત ? મહાપુરૂષ સેવક વિના ઘડી પણ રહી શકતા નથી ! આપે કઇ નીતિનું પાલન કર્યું ? આ તો ઉલટી વાત બની ! સાથે લેવાનું તો દૂર રહ્યુ, પણ અંતિમ સમયે તમે નજરથી દૂર કર્યો ! મેં આવો કયો અપરાધ કર્યો હતો ? 'અરે મને ગોયમા ! ગોયમા ! કહી

## ગૌતમસ્વામી કે અવધિજ્ઞાન પ્રયોગ કરને કા વર્ણન

કોણ બોલાવશે ?' હું કોને પ્રશ્નો પૂછીશ ? મારી શંકાનું સમાધાન કોણ કરશે ? જગતના મિથ્યાત્વ રૂપ અંધકારને કોણ દૂર કરશે ? આ પ્રમાણે વિલાપ કરતાં ગૌતમસ્વામીએ વિચાર કર્યો કે એ સાચું છે ! વીતરાગ તો રાગરહિત જ હોય ! જે રાગરહિત થયા છે તેજ વીતરાગ કહેવાય ! આવા વીતરાગી કોના ઉપર રાગ કરે ? આવું સમજતાં ગૌતમ સ્વામીએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો.

અવધિજ્ઞાનથી જોતાં જણાયું કે ભવકૂપમાં હઠ સેવનારી મોહવાળી વાણી બોલી વીતરાગને ઠપકો દેતાં મહાન અપરાધ થાય છે ! આથી તેઓએ થયેલ અપરાધની માફી માગીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પશ્ચાત્તાપ સાથે વિચારો ઉદ્‌ભવ્યાં કે—

**"एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्स वि ।**
**एव मप्पाणमणसा, अदीणमणुसास ए ॥ १ ॥ इति ।**

હું કોણ, મારૂં કોણ ? હું કોનો ? આત્માં એકલો જાય છે અને એકલો આવે છે ! તેની સાથે કોઈ જતું જતું નથી, તેમ જ આવતું પણ નથી ! હું એકલો જ છું ! મારૂં કોઈ નથી અને હું પણ કોઇનો નથી ! આ પ્રકારે મનથી અદીપ થઇ આત્મા ઉપર રાજ્ય ચલાવનાર થવું જોઈએ.

## ગૌતમ સ્વામી કે કેવલજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન

આ પ્રમાણે એકત્વ ભાવનાથી ભાવિત થઈ ગૌતમ સ્વામીએ કારતક સુદ એકમના દિવસે સૂર્યોદય વખતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ કેવળજ્ઞાન લોકાલોકને જોવાવાળું નિર્વાણના કારણભૂત, સ્વપરપ્રકાશક, પ્રતિપૂર્ણ, અવ્યાહત, નિરાવરણ, અનંત, અનુત્તર અને શ્રેષ્ઠ હોય છે. કેવળજ્ઞાન સાથે કેવળદર્શન પણ ઉત્પન્ન થયું. તે સમયે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષક અને વિમાનવાસી દેવદેવીઓનો સમૂહ પોતપોતાની રિદ્ધિ-સમૃદ્ધિ સાથે ઉતરી આવ્યો અને કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવ્યો. ત્રણે લોકમાં અપૂર્વ આનંદ વ્યાપી રહ્યો. મહાપુરુષોનો સર્વવ્યવહાર હિતકર જ હોય છે. કહ્યું છે કે—

"अहंकारो वि बोहिस्स; रागो वि गुरुभत्तिओ।
विसाओ केवलस्सासी, चित्तं गोयमसामिणो" ॥ १ ॥

અર્થાત્—આશ્ચર્ય છે કે ગૌતમ સ્વામીનો અહંકાર, બોધ પ્રાપ્તિનું કારણ બની ગયું. રાગ ગુરુભક્તિનું કારણ

## દીપાવલી આદિ કી પ્રસિદ્ધિ કે કારણ કા વર્ણન

થઈ પડયું શોક અને કેવલ જ્ઞાનનું કારણ થયું.

જે રાત્રીએ શ્રમણ ભગવાન મહાવીર મુક્ત થયા તે રાત્રીએ દેવોએ ખૂબ પ્રકાશ પાથર્યો અને તેથી જ તે રાત્રી લોકમાં 'દિવાળી' તરીકે પ્રસિદ્ધિ પામી.

કાશી દેશના મલ્લકિ જાતિના નવ મુગટબંધ રાજાઓ અને કોશલ દેશના લેચ્છકિ જાતિના નવ એમ કુલ અઢાર દેશના રાજાઓએ સંસાર પાર કરવાવાળા બબ્બે પોષધ ઉપવાસ કર્યા હતા. કાશી દેશના રાજાઓ 'મલ્લિક' તરીકે અને કૌશલ દેશના રાજાઓ 'લેચ્છકિ' તરીકે ઓળખાય છે.

બીજે દિવસે કારતક સુદ એકમના દિવસે દેવોએ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો મહિમા કર્યો; તેથી તે 'નૂતન વર્ષારંભ' તરીકે ઓળખાય છે.

ભગવાનને મોક્ષ પધાર્યા જાણી શોકગ્રસ્ત થયેલા ભગવાનના જયેષ્ઠ ભ્રાતા નંદીવર્ધને ઉપવાસ કર્યો. તેમની સુદર્શના બ્હેને નંદિવર્ધનને સાંત્વના આપી તેમને પોતાને ઘેર પારણું કરાવ્યું તેથી ભાઇબીજ તરીકે પ્રખ્યાત છે. (સૂ૦૧૧૬)

## ગૌતમસ્વામી કે વિલાપ કા વર્ણન

ટીકાનો અર્થ—જ્યારે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે સાંભળીને ગૌતમસ્વામીને જાણે વજ્રપાત થયો હોય તેવો આઘાત લાગ્યો. આ પ્રમાણે ક્ષણવાર મૌન રહીને સૂનમૂન થઈ ગયા. ત્યારબાદ મોહને વશ થઇને તે વિલાપ કરવા લાગ્યા–'હે, હે, ભગવાન! મહાવીર! અરે રે! વીર! આપે આ શું કર્યું? ચરણસેવક એવા મને દૂર મોકલીને આપ મોક્ષે સિધાવ્યા! શું હું આપનો હાથ પકડી બેસી જવાનો હતો? શું આપના મોક્ષમાં ભાગ માગત? તો મને શા માટે દૂર મોકલી દીધો? જો મને–ગરીબ સેવકને આપની સાથે લઇ ગયા હોત તો શું મોક્ષ–નગરમાં જગ્યા ન મળત? મહાપુરુષ સેવક વિના એક ક્ષણ રહેતા નથી, આપે આ પરિપાટી (નિયમ) કેમ ભૂલાવી દીધી? આ તો અવળી જ વાત બની ગઇ! ખેર, સાથે લઈ જવાનું તો દૂર રહ્યું પણ મને આંખો સામેથી

## ગૌતમસ્વામી કે અવધિજ્ઞાનપ્રયોગ કા વર્ણન

પણ અદૃશ્ય કર્યો? મેં એવો કયો અપરાધ કર્યો હતો કે જેથી આપે આમ કર્યું? હવે આપ દેવાનુપ્રિયના અભાવમાં કોણ 'ગોયમા, ગોયમા' કહીને મને સંબોધન કરશે? કોને હું પ્રશ્નો પૂછીશ? કોણ મારા મનના પ્રશ્નોનું સમાધાન કરશે? લોકમાં મિથ્યાત્વરૂપી અંધકાર ફેલાશે. હવે કોણ તેને દૂર કરશે?

આ પ્રમાણે વિલાપ કરતાં ગૌતમસ્વામીએ મનમાં વિચાર કર્યો કે સત્ય છે. વીતરાગ રાગ વિનાના હોય છે. જેનું નામ જ વીતરાગ છે તે કોના પર રાગ રાખે? કોઈના પર પણ નહીં! એમ સમજીને ગૌતમસ્વામીએ અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. અવધિજ્ઞાનના ઉપયોગથી તેમને લાગ્યું કે આ પ્રમાણે ભગવાનને ઠપકો આપવો તે મારો અપરાધ છે. આ અપરાધ ભવરૂપ કૂવામાં પાડનાર અને મોહજનિત છે એમ જાણીને તેમણે પોતાના અપરાધ માટે પશ્ચાત્તાપ કર્યો અને વિચાર કર્યો કે સંસારમાં મારૂં કોણ છે? અને હું કોનો છું? એટલે કે મારૂં કોઈ નથી

## ગૌતમસ્વામી કે કેવલજ્ઞાન પ્રાપ્તિ કા વર્ણન

અને હું કોઇનો નથી, કારણ કે આત્મા બીજા કોઈ પણ આત્માના સાથ વિના એકલો જ પરલોકમાંથી આવે છે અને એકલો જ પરલોકમાં જાય છે. આત્માની સાથે કોઈ આવતું પણ નથી અને જતું પણ નથી. કહ્યું પણ છે–

"હું એકલો છું–અદ્વિતીય છું. મારૂં કોઈ નથી અને હું કોઇનો નથી. આ પ્રમાણે મનથી પોતાના દૈન્યરહિત–ઉદાર આત્માનું અનુશાસન કરે."

આ પ્રમાણે એકત્ર ભાવનાથી પ્રભાવિત થયેલ ગૌતમ સ્વામીને કાર્તક સુદ એકમે બરાબર સૂર્યોદયને સમયે જ લોક અને અલોકને જાણવા–દેખવાને સમર્થ મોક્ષના કારણભૂત, સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ કરનાર, અવિકલ–સંપૂર્ણ, સઘળી જાતની આડખિલીઓ વિનાનું, સઘળા પ્રકારના આવરણો વિનાનું, સઘળા પ્રકારની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને

## ગૌતમસ્વામી કે કેવલજ્ઞાનપ્રાપ્તિ સે દેવોં કે ઉસકા મહોત્સવ મનાને કા વર્ણન

ભાવ સંબંધી પરિધિઓ (સીમા) વિનાનું તથા શાશ્વત-સ્થાયી અને સર્વોત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. ભગવાન ગૌતમ સર્વજ્ઞ અને સર્વદર્શી થઇ ગયા. તે સમયે ભવનપતિ વ્યંતર, જ્યોતિષિક અને વિમાનવાસી ચારે નિકાયોના દેવો અને દેવીઓએ પોતપોતાની ઋદ્ધિ-સમૃદ્ધિની સાથે ગૌતમ સ્વામી પાસે આવીને કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવ્યો. તે સમયે ત્રણે લોકમાં આનંદ આનંદ છવાઇ ગયો.

મહાપુરુષોની સઘળી ક્રિયાઓ હિતકારી હોય છે. જુઓને, ગૌતમ સ્વામીને પોતાની વિદ્યાનું અભિમાન થયું તો તેથી તેમને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. એટલે કે અહંકારથી પ્રેરાઇને તેઓ ભગવાનને પરાજિત કરવા ઉપડયા તો સમ્યક્ત્વ પામ્યા. એજ પ્રમાણે તેમનો રાગભાવ ગુરુભક્તિનું કારણ બન્યો. ભગવાનના વિરહથી ઉત્પન્ન થયેલ ખેદ કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બન્યો. આ પ્રમાણે ગૌતમ સ્વામીનું આખું ચરિત્ર આશ્ચર્યજનક-અનોખું છે. જે રાત્રે

## દીપાવલ્યાદી પ્રસિદ્ધિ કે કારણ કા વર્ણન

શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા, તે રાત્રિને દેવોએ દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરી નાખી હતી. ત્યારથી તે રાત્રિ ''દીપાવલિ''ના આ નામથી પ્રસિદ્ધ થઈ. મલ્લકી જાતિના કાશી દેશના નવ ગણરાજાઓએ તથા લચ્છકી (લિચ્છવી) જાતિના કોસલ દેશના નવ ગણરાજાઓએ, આ રીતે અઢારે ગણરાજાઓએ સંસાર જન્મમરણનો અન્ત લાવનાર બે બે પોષધોપવાસ કર્યા. પોષધ એટલે કે ધર્મની પુષ્ટિ કરનાર ઉપવાસ પોષધોપવાસ કહેવાય છે. અથવા ધર્મનું પોષણ કરનાર, આઠમ આદિ પર્વ દિને કરાતા, આહાર આદિનો ત્યાગ કરીને જે ધર્મધ્યાન પૂર્વક નિવાસ કરાય છે, તે પોષધોપવાસ કહેવાય છે. બીજે દિવસે એટલે કાર્તક શુદી એકમે દેવોએ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવ્યો હતો. તે કારણે તે દિવસે-કાર્તક શુદી એકમ-નૂતન વર્ષનો પ્રથમ દિવસ કહેવાયો. ભગવાન મહાવીરના મોટા ભાઈ નન્દિવર્ધન, ભગવાને મોક્ષ પ્રાપ્ત કર્યો તે સાંભળીને, શોકના સાગરમાં ડૂબીને ઉપવાસ કર્યો હતો ત્યારે નન્દિવર્ધનની બેન સુદર્શનાએ તેમને શાન્ત્વના દઈને અને પોતાના ઘેર લાવીને ઉપવાસનું પારણું કરાવ્યું. આ કારણે કાર્તક શુદી બીજ ''ભાઇ બીજ''ને નામે પ્રખ્યાત થઈ॥સૂ૦૧૧૬॥

# ભગવાનના પરિવારનું વર્ણન

મૂળનો અર્થ—'तेणं कालेणं' ઇત્યાદિ. તે કાળ તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ને, ઇન્દ્રભૂતિ વિગેરે ચૌદ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ સાધુસંપદા હતી. ચંદનબાળા વિગેરે છત્રીશ હજાર સાધ્વીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. શંખ, પુષ્પકલિ વિગેરે એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકોની શ્રાવક સંપદા હતી. સુલસા રેવતી વિગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓની સંપદા તેમને હતી. જીન નહિં પણ જીન સમાન, સર્વાક્ષરસન્નિપાતી અર્થાત્ સર્વશ્રુતના જાણનાર અને જેની વૃત્તિ સત્ય પ્રરૂપણા કરવાવાળી, એવા ચૌદ પૂર્વધારકોની, ત્રણસો ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વધારી સંપદા હતી. અતિશયની પ્રાપ્તિવાળા તેરસો અવધિજ્ઞાનીઓની—અવધિજ્ઞાની સંપદા હતી. સાતસો ઉત્પન્ન વરજ્ઞાન દર્શનને ધારણ કરવા-વાળા કેવળજ્ઞાનીઓની કેવળી સંપદા હતી. દેવ નહિ પણ દેવઋદ્ધિને પ્રાપ્ત સાતસો મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. અઢી દ્વીપ અને બે સમુદ્ર પર્યન્તના પર્યાપ્તસંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણવાવાળા પાંચસો વિપુલમતિ જ્ઞાનીઓની વિપુલમતિ–સંપદા હતી. દેવો, મનુષ્યો અને અસુરો સહિતની પરિષદમા વાદ–વિવાદમાં પરાજિત ન થવાવાળા ચારસો વાદીઓની ઉત્કૃષ્ટ વાદીસંપદા હતી. સિદ્ધો યાવત્ સમસ્ત દુઃખોથી રહિત સાતસો સિદ્ધોની ઉત્કૃષ્ટ સિદ્ધ–સંપદા હતી. આ પ્રકારે ચૌદસો આર્યિકા–સિદ્ધોની ઉત્કૃષ્ટ સંપદા હતી. આ પ્રમાણે બન્ને મળી એકવીસસો સિદ્ધોની સંપદા હતી. ગતિકલ્યાણ, સ્થિતિકલ્યાણ અને ભાવીભદ્ર આઠસો અનુત્તરોપપાતિકો અનુત્તર વિમાનમાં જવાવાળાની ઉત્કૃષ્ટ સંપદા હતી. બે પ્રકારની અંતકૃતભૂમિ હતી. (૧) યુગાન્તકૃત ભૂમિ, (૨) પર્યાયાન્તકૃત ભૂમિ. (સૂ૦૧૧૭)

વિશેષાર્થ—તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરનું શાસન એટલું બધું વેગવન્તું હતું કે ચૌદ હજાર પુરુષો સાધુ પર્યાય પાળી રહ્યા હતા. ભગવાનના પ્રવચનનો ઉદ્દેશ કેવળ ભાવી જીવોને સંસારસાગરમાંથી બચાવી લેવાનો હતો. તેમના પ્રવચનની પ્રથમ ભૂમિકા વૈરાગ્ય હતી. આ પ્રવચનો એટલા બધા નિર્દોષ હતા અને શીતલ વહેતાં કે યોગ્ય જીવોનું વલણ આ તરફ થઈ રહ્યું હતું ને સંસારતાપમાંથી ઉગરવાનો માર્ગ ભગવાનની નિર્દોષ અને નિર્મળ વાણી છે, એમ સમજી ઘણા આત્માર્થી અને મોક્ષાર્થી જીવોએ સાધુવ્રતો અંગીકાર કર્યાં.

પુરુષો ઉપરાંત નિર્મળ અને સરળ હૃદયની બહેનો પણ સ્વઉદ્ધાર નિમિત્તે ભગવાન પાસે દીક્ષિત થઇને ભગ-વાનની અમૃતમય વાણીનું પાન કરવા લાગી. આ વાણી દિલને ઠંડક આપનારી હોવાથી આત્મરસ જામવા લાગ્યો. તેના પ્રતાપે સ્ત્રી–સમુદાયે મહાવ્રતો અંગીકાર કર્યા, જેમની સંખ્યા છત્રીસ હજારની હતી, પુરુષો કરતાં સ્ત્રીઓના હૃદયો ધર્મથી વધારે રંગાય છે; તેથી તેમની સંખ્યા પુરુષો કરતાં વધતી ગઈ. તેમનામાં સૌથી મોટા અને અગ્રેસરપદે ચંદનબાળા હતાં.

જેઓ સાધુપણું લેવાને અશક્ત નિવડયા તેઓએ બાર વ્રત ધારણ કર્યાં, એટલે સંસારમાં રહી પાપભીરૂ બની સર્વ પ્રકારના વ્યાપારો તથા ભોગ અને ઉપભોગની વસ્તુઓનું પરિમાણ કરી ધાર્મિક ક્રિયાઓ કર્યા કરતા. નીતિ-પૂર્વક ધન પ્રાપ્ત કરી. નિષ્પાપી જીવન વિતાવવાના પ્રયાસો તેઓ કરતા. આવો વર્ગ ઘણો મોટો હતો અને તેની સંખ્યા એક લાખ ઓગણસાઠ હજારની થઈ. આ વર્ગને 'શ્રાવક વર્ગ' કહેવામાં આવ્યો, જે ભગવાનના પ્રરૂપેલા સિદ્ધાંતો અનુસાર ચાલી તેમના અનુયાયીઓ ગણાતા હતા. તેઓમાં શંખ જેનું બીજું નામ શતક હતું તે અને પુષ્કલિ વિગેરે મુખ્ય હતા. સંસારમાં રહેતો સ્ત્રીવર્ગ પણ ભગવાનના પ્રરૂપેલા બાર વ્રતોને અંગીકાર કરી જીવન

વિતાવતો. તે શ્રાવિકા વર્ગની સંખ્યા પણ ત્રણલાખ અઢાર હજારની હતી, તેમાં મુખ્યપણે સુલસા દેવી અને રેવતી દેવી હતાં. રેવતીએ ભગવાનને ઔષધનું દાન આપ્યું હતું.

જિન નહિ પણ જિન સરિખા એટલે સર્વજ્ઞ નહિ પણ સર્વજ્ઞ સમાન જેનું જ્ઞાન હતું, 'સર્વાક્ષરસન્નિપાતી' એટલે સંપૂર્ણ શ્રુતજ્ઞાનના જ્ઞાતા, અને યથાર્થ–એટલે સર્વજ્ઞ સમાન ઉત્તર આપવાવાળા ચૌદ પૂર્વનું જ્ઞાન ધારણ કરવાવાળા ચૌદ પૂર્વધારીઓની ત્રણસોની સંખ્યા હતી. આ શ્રુતજ્ઞાનીઓનો ઉપદેશ સર્વજ્ઞ જેવો જ છે. આવા શ્રુતજ્ઞાનીઓ 'શ્રુતકેવલીઓ' તરીકે ઓળખાય છે. કારણ કે જેમ કેવલીઓને કેવલજ્ઞાન પ્રત્યક્ષ હોય છે તેમ આ શ્રુતકેવલીઓને કેવલજ્ઞાન પરોક્ષ હોય છે. કેવલીઓના જેટલું જ તેઓ અનુમાન પ્રમાણથી જ જાણી શકે છે અને કહી શકે છે. આવા 'કેવલીઓ' સામાન્ય શ્રુતકેવલીઓ કહેવાય. શ્રુતકેવલીઓ ને કેવલીઓ વચ્ચે પ્રત્યક્ષ અને પરોક્ષ જેટલો જ ફરક હોય છે.

પ્રભાવ પાડી શકે તેવા ઉત્કૃષ્ટ શક્તિધારક અને અવધિજ્ઞાનના ધારક એવા મુનિઓની સંખ્યા તેરસો જેટલી હતી. ઉત્પન્ન થયેલ જ્ઞાન અને દર્શનના ધારક એવા સાતસો કેવલજ્ઞાનીઓ પ્રભુ પાસે હતા. દેવ નહિ પણ દેવ જેટલી દિવ્યશક્તિના ધારક એવા વૈક્રિયલબ્ધિના ધારણ કરવાવાળા સાતસો વૈક્રિયિકોનો સંઘ પ્રભુ પાસે હતો. જંબુદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધ પુષ્કરાર્ધ દ્વીપ, એવા અઢી દ્વીપો તથા લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્ર એવા બે સમુદ્રોમાં રહેલા તમામ પર્યાપ્તિ પ્રાપ્ત કરેલ સંજ્ઞીજીવોના મનોગત ભાવો અને વારંવાર ફરતી મનની અવસ્થાને જાણવાવાળા વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનના ધરવાવાળા વિપુલમતિઓની સંખ્યા પાંચસો જેટલી હતી. દેવ–મનુષ્ય અને અસુરો સહિતની સભામાં શાસ્ત્રાર્થ કરવામા કદાપિ પણ પરાજીત ન થાય તેવા વાદીઓની સંખ્યા ચારસોની હતી.

ઉપર જણાવેલા મનઃપર્યવજ્ઞાનના ધારકોમાં બે વિભાગો હોય છે. (૧) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનવાળા. (૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનને ધારણ કરવાવાળા. તેમાં વિપુલમતિ જ્ઞાન ઋજુમતિજ્ઞાન કરતાં સૂક્ષ્મભાવોને તથા મનમાં થતા પરિવર્તનોને જાણી શકે છે. ઋજુમતિવાળાની સંખ્યા દર્શાવવામાં આવી નથી. ઋજુમતિજ્ઞાન ધરાવવા-વાળા આત્માઓ દ્રવ્ય અને ભાવ મનની સપાટીએ તરતા ભાવો–વિચારોને જાણી શકે છે. ત્યારે વિપુલમતિવાળા મનના અંતર્ગતમાં જે વિચાર ઉપસ્થિત થતાં હોય તેને વિશિષ્ટપણે જાણી શકે છે.

અહિં વાદીઓની વાત કરી તે વાદીઓ એકાંતિક વાદ કરીને પોતાના સંપ્રદાયને સ્થિર કરવામાં પ્રખર અને પ્રબલ હતા તેમ અહિં કહેવું નથી; પણ અનેકાંત દૃષ્ટિથી વાતને સિદ્ધ કરવાવાળા આ વાદીઓ હતા. **सिद्धयावत्** એટલે સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વ દુઃખોના અંત કરનાર એવા સાતસો સિદ્ધોની સંખ્યા હતી. આ પુરુષ સિદ્ધો ઉપરાંત સ્ત્રી–સિદ્ધો પણ હતા, જેમને 'આર્યિકાઓ'ના નામથી ઓળખવામાં આવે છે. આ સિદ્ધ આર્યિકા-ઓની સંખ્યાનો આંકડો ચૌદસો સુધી પહોંચતો હતો. બધા સ્ત્રી–પુરુષ સિદ્ધો મળી એકવીસસો હતા. આ ભવમાં ભગવાનની સમીપે સાધુપણામાં વિચરી રહ્યા હતા, તેઓમાં કેટલાક જીવો આવતા ભવમાં દેવલોકમાં ત્રેવીશ સાગરો-પમનું આયુષ્ય લઈ દેવપણે ઉત્પન્ન થશે ને ત્યારપછીનો ભવ મનુષ્યનો કરી મોક્ષની પ્રાપ્તિ કરશે, એવા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાવાળાઓની સંખ્યા આઠસો જેટલી હતી.

બે પ્રકારની 'અંતકૃત ભૂમિકા' કહેવામાં આવી છે (૧) યુગાન્તકૃત ભૂમિકા, (૨) પર્યાયાન્તકૃત ભૂમિકા. કાળની એક પ્રકારની હદને 'યુગ' કહે છે. કાળના પણ વ્યવહારિક દૃષ્ટિએ ભાગલા પાડવામાં આવ્યા છે. આવા એક ભાગલાને 'યુગ' કહે છે. આવા યુગોનો પણ ક્રમ હોય છે. કારણ કે તેની પણ ક્રમબદ્ધ અવસ્થા છે, જે યુગમાં સમાનતાની અપેક્ષાએ ગુરુ, શિષ્ય, પ્રશિષ્ય, વિગેરેની અનુક્રમે અવસ્થાઓ થતી રહેતી હોય અને આવા ફેરફારો ક્રમ પ્રમાણે થયા કરતા હોય તે 'યુગ' 'ક્રમબદ્ધ યુગ' તરીકે ઓળખાય છે. પારમાર્થિક ભાવે ગુરુ, શિષ્ય વિગેરે ક્રમથી થવાવાળી વ્યક્તિઓ 'યુગપ્રધાનપુરુષ' તરીકે કહેવાય છે. આવા યુગપ્રધાન પુરુષોની પણ ભૂમિકાઓ હોય છે. આ ભૂમિકાએ પાકતા આવા યુગપ્રધાન પુરુષો પણ બંધ થઇ જાય છે, તેથી આવા સર્વોત્તમ પુરુષોની ભૂમિકા અદૃશ્ય થયેલી મનાય છે. આવી ભૂમિકાને 'યુગાન્તકૃત ભૂમિકા' કહેવાય છે.

કહેવાનું તાત્પર્ય એમ છે કે ભગવાન મહાવીરના શાસનમાં ભગવાન મહાવીરના નિર્વાણથી આરંભ કરી જંબુ સ્વામીના નિર્વાણ પર્યન્તના કાળને 'યુગાન્તકાળ' કહે છે ને આ યુગાન્તકાળ જે ભૂમિકાએ વરતી રહ્યો હતો તે ભૂમિકા 'યુગાન્તકૃત ભૂમિકા' તરીકે ઓળખાય છે. જંબુસ્વામી પછી મોક્ષપર્યાય બંધ થઈ ગઈ છે એમ શાસ્ત્રોક્ત વચન છે એટલે જંબુસ્વામી જેવા છેલ્લા મહાન યુગપુરુષ જે ભૂમિકાએ થઇ ગયા તે મોક્ષભૂમિકા હવે બંધ થઇ ગઈ છે તેથી તે ભૂમિકા 'યુગાન્તકૃત ભૂમિકા' તરીકે પ્રસિદ્ધ છે. મોક્ષભૂમિકાની પહેલાં કેવલી પર્યાયની ભૂમિકા હોય છે. મોક્ષપર્યાયભૂમિકા જેને 'યુગાન્તકૃત ભૂમિકા કહે છે' તે તો બંધ થઇ ગઇ! ત્યારપછીની કેવલી પર્યાયની ભૂમિકાની વાત કરીએ.

મુક્તિ–માર્ગ સહાયકારક ભૂમિકાને પર્યાયાન્તકૃત ભૂમિકા કહે છે. ભગવાનની કેવલી પર્યાયને અહિં 'પર્યાય' કહેવામાં આવી છે. આ પર્યાય ઉત્પન્ન થતાં જેમણે ભવનો અંત કર્યો મોક્ષની પ્રાપ્તિ કરી તેવા કેવલજ્ઞાનપ્રાપ્ત જીવોની ભૂમિકા 'પર્યાયાન્તકૃત ભૂમિકા' કહેવાય છે. તાત્પર્ય એ છે કે ભગવાન મહાવીરની કેવલી પર્યાય થયાં. પછીના ચાર વર્ષ બાદ 'પર્યાયાન્તકૃત ભૂમિકા' શરૂ થઈ. આ 'પર્યાયાન્તકૃત ભૂમિકા'ને 'મોક્ષમાર્ગની ઉત્તર ભૂમિકા' કહે છે. (સૂ૦૧૧૭)

## ભગવાન્ કે પાટ કા વર્ણન

મૂળ અને ટીકાનો અર્થ—'**तेणं कालेणं**' ઇત્યાદિ. તે કાળ અને તે સમયે ભગવાન મહાવીરના નિર્વાણ બાદ તેમની પાટે સુધર્માસ્વામી બિરાજ્યા એમ શાસ્ત્રોક્ત કથન છે. સુધર્મા સ્વામી કરતાં પહેલો હક્ક ગૌતમ સ્વામીનો હતો, કારણ કે તેઓ દીક્ષામાં વડીલ હતા તેમ જ કેવલી પણ હતા, ત્યારે સુધર્મા સ્વામી 'કેવલી' પણ ન હતા, તેમ જ દીક્ષા અને વયમાં પણ ગૌતમ સ્વામી કરતાં નાના હતા તો ગૌતમ સ્વામીને બદલે સુધર્મા સ્વામી પાટ ઉપર બિરાજીત થયા તે કેમ બન્યું ?

તેના પ્રત્યુત્તરમાં શાસ્ત્રોક્ત બ્યાન એમ છે કે 'હે આયુષ્મન્! મેં સાંભળ્યું છે કે તે ભગવાને એમ કહ્યું છે' કેવલી પાટ ઉપર બેસે તો કેવલી સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે, અને તેને કોઈના પ્રવચનનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા રહેતી નથી. પાટે સ્થિત થયેલ વ્યક્તિ ભગવાનના પ્રવચનનો ઉલ્લેખ ન કરે તો ભગવાનના શાસનનો લોપ થાય માટે ગૌતમ સ્વામી પાટે ન બિરાજ્યા. (સૂ૦૧૧૮)

## સુધર્મસ્વામી કે પરિચય કા વર્ણન

# સુધર્મા સ્વામીનો પરિચય

મૂળનો અર્થ—'**कोल्लाग सन्निवेसे**' ઇત્યાદિ. સુધર્મા સ્વામી કોલ્લાક નામના સંનિવેશમાં ધમ્મિલ્લ બ્રાહ્મણની ભદ્દિલા નામની ભાર્યાની કુક્ષિએ ઉત્પન્ન થયા હતા. ચૌદ વિદ્યાઓમાં પારંગત હતા. તેઓની ઉંમર પચાસમે વર્ષે પહોંચી ત્યારે તેઓ દીક્ષિત થયા હતા. ત્રીસ વર્ષ સુધી વર્ધમાનસ્વામીની સમીપમાં રહ્યા હતા. ભગવાનના નિર્વાણ બાદ બાર વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં હતા એટલે બાણુમા વર્ષના અંતમાં તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ કેવલ-જ્ઞાન ગૌતમસ્વામીના નિર્વાણ બાદ થયું હતું. તેઓ આઠ વર્ષ સુધી કેવલી અવસ્થામાં રહ્યા. બધું મળી એકસો વર્ષનું આયુષ્ય પૂરૂં કરી તેઓ મોક્ષ પધાર્યા. તેઓ ભગવાન મહાવીરના નિર્વાણ બાદ વીશ વર્ષ પૂરા થયે મોક્ષ ગયા હતા. મોક્ષ પધાર્યા પહેલાં તેઓએ જંબૂસ્વામીને પોતાની પાટે સ્થાપિત કર્યા હતા. (સૂ૦ ૧૧૯)

ટીકાનો અર્થ—કોલ્લાક નામના સંનિવેશમાં ધમ્મિલ્લ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ ભદ્દિલા હતું. સુધર્મા સ્વામી તેને પેટે જન્મ પામ્યા હતા. તેઓ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદમાં નિપુણ હતા. શિક્ષા–કલ્પ–વ્યાકરણ–નિરૂક્ત–જયોતિષ અને છંદ એવા વેદના છએ અંગોમાં પારંગત હતા. મીમાંસા ન્યાય ધર્મશાસ્ત્ર અને પુરાણ વિગેરે બધી મળી ચૌદ વિદ્યાઓમાં પ્રવીણ હતા. પ્રભુનો યોગ તેમને પચાસમા વર્ષે પ્રાપ્ત થયો. ત્રીશ વર્ષ સુધી તેમણે ભગવાનનો સમાગમ કર્યો. ત્યાર પછી સાધુચર્યામાં ઘણા આગળ વધી બાણુમા વર્ષે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી આઠ વર્ષ સુધી કેવલી અવસ્થામાં સ્થિત રહી સોમું (૧૦૦) વર્ષ પૂરૂં કર્યા બાદ એટલે ભગવાન મોક્ષે ગયા પછી વીસ વર્ષ પૂરા થયે મોક્ષમાર્ગ ખુલ્લો રહે ને ભગવાનની દ્વાદશાંગી લોકોને સતત સાંભળવા મળે તે ઇરાદાથી જંબૂસ્વામી જેવા ઉત્તમ અને યોગ્ય પુરુષને પાટે સ્થિર કર્યા. (સૂ૦૧૧૯)

# જંબૂસ્વામીનો પરિચય

મૂળનો અર્થ—'रायगिहे' ઇત્યાદિ. રાજગૃહી નગરીમાં ઋષભદત્ત શેઠને ધારિણી નામની ભાર્યા હતી. તેને જંબૂ નામનો એક પુત્ર હતો, તે પાંચમા દેવલોકથી આવ્યો હતો. સોળ વર્ષની ઉમરે તેણે સુધર્માસ્વામીની પાસે ધર્મ સાંભળ્યો. આ સાંભળી તેને પ્રતિબોધ થયો. પ્રતિબોધ થતાં તેમણે શીલવ્રત અંગીકાર કર્યું ને સાથે સાથે સમ્યક્ત્વને પણ ધારણ કર્યો. માતા-પિતાના પ્રબલ આગ્રહથી તેમણે આઠ કન્યાઓ સાથેનું પાણિગ્રહણ કર્યું. પ્રથમ રાત્રીએ પણ તે આવી સ્નેહાલ અને સુંદર પત્નીના પ્રેમથી મોહિત ન થયા. તેમણે આખ રાત પ્રશ્નોત્તરી કરી આઠે સ્ત્રીઓને વૈરાગ્યની ભાવના જાગૃત કરી.

આ વખતે તેમના ઘરમાં ચારસો નવાણું ચોરો દાખલ થયા. આ ચોરોનો ઉપરી પ્રભવ નામનો મોટો ચોર હતો, તેને પણ જંબૂએ બોધ આપી વૈરાગ્યવાન બનાવ્યો. ત્યારબાદ બીજે દિવસે પાંચસો ચોર, આઠ પોતાની પત્નીઓ, તેમના માતપિતાઓ તથા પોતાનાં માતપિતા સાથે એમ કુલ મળી જંબૂ શિખે પાંચસો સત્તાવીશ જણે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા લેતા પહેલાં પોતાની પાસે નવાણું કરોડ સોનૈયા હતા, તેનો પણ પરિત્યાગ કર્યો. આ ધનનો ત્યાગ કરી સુધર્મા સ્વામી પાસે આવી સર્વજણાએ અણગાર ધર્મને અપનાવ્યો.

જંબૂસ્વામી સોળ વર્ષ ગૃહસ્થાશ્રમમાં, વીસ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં ને ચાલીસ વર્ષ કેવલી અવસ્થામાં રહ્યા હતા. કુલ એંસી વર્ષનું આયુષ્ય પૂરૂં કરી પ્રભવઅણગારને પોતાની પાટે સ્થિત કરી નિર્વાણ પધાર્યા. વીર નિર્વાણ બાદ ચોસઠમેં વર્ષે તેઓ મુક્તિપદને પામ્યા ને તેમની વાણીનું સ્થાન પ્રભવ નામના અણગારને સોંપાયું.

જંબૂસ્વામી મોક્ષ પધારતાં દશ સ્થાનોનો વિચ્છેદ થયો. જે નીચે પ્રમાણે છે-(૧) મનઃ પર્યવજ્ઞાન, (૨) પરમ અવધિજ્ઞાન, (૩) પુલાકલબ્ધિ, (૪) આહારક શરીર, (૫) ક્ષપકશ્રેણી, (૬) ઉપશમશ્રેણી, (૭) જિનકલ્પ, (૮) ત્રણ ચારિત્ર, (૯) કેવલજ્ઞાન, (૧૦) મોક્ષ.

દશ સ્થાનો સાથે બતાવતી બે ગાથાઓ અહિં વણી લેવામાં આવી છે—

बारस वरिसेहिं गोयमु सिद्धो वीराउ वीसइ सुहम्मो ।
चउसट्ठीए जंबू, वुच्छिन्ना तत्थ दसठाणा ॥१॥
मण परमोहि पुलाए, आहारग, खवग, उवसमे, कप्पे ।
संजमतिग केवल सिज्झणा य जंबुम्मि वुच्छिन्ना ॥२॥ इति ।

અર્થાત્—શ્રીવીર નિર્વાણથી બાર વર્ષે ગૌતમ, ત્રીસ વર્ષ વીતતાં સુધર્મા અને ચોસઠ વર્ષ વીતતાં જંબૂનું નિર્વાણ થયું. તે પછી નીચે જણાવેલા દશ સ્થાનકો લોપ થઈ ગયાં.

જંબૂ સ્વામી બાદ લોપ થયેલ સ્થાનકો-(૧) મનઃ પર્યવજ્ઞાન, (૨) પરમ અવધિજ્ઞાન, (૩) પુલાકલબ્ધિ, (૪) આહારક શરીર, (૫) ક્ષપકશ્રેણી, (૬) ઉપશમશ્રેણી, (૭) જિનકલ્પ, (૮) ત્રણ સંયમ (૯) કેવલજ્ઞાન, (૧૦) મુક્તિ. (સૂ૦૧૨૦)

ટીકાનો અર્થ—રાજગૃહ નગરમાં ઋષભદત્ત શેઠને ધારિણી નામની પત્નીના ઉદરે જન્મ પામેલ. બ્રહ્મ નામના પાંચમા દેવલોકમાંથી આવેલ જંબૂ નામનો પુત્ર હતો. સોળ વર્ષની ઉમરે તેણે સુધર્માસ્વામી પાસે ધર્મનો ઉપદેશ સાંભળ્યો અને પ્રતિબોધ પામ્યો. પ્રતિબોધ પામીને શીલ અને સમ્યક્ત્વ અંગીકાર કર્યું. માતા–પિતાના આગ્રહથી તેણે આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યાં. પણ વિવાહની રાત્રે–સુહાગરાત્રિએ તે જંબૂકુમાર તે આઠ અનુરાગવાળી કન્યાઓની પ્રણય–પરિપૂર્ણ વાણીથી મોહિત થયો નહીં. તેમની સાથે જંબૂકુમારની આપસમાં કથાઓ–પ્રતિકથાઓ થઇ. આઠે રમણીઓએ જંબૂકુમારને પોતાની તરફ આકર્ષવાને માટે અનેક કથાઓ કહી. તેમના ઉત્તરમાં જંબૂકુમારે પણ કથા કહી. આ પ્રમાણે ઉત્તર–પ્રત્યુત્તર થતાં આઠ નવોઢા પત્નીઓ પણ પ્રતિબોધ પામી.

એજ વિવાહની રાત્રે ચારસો નવાણું (૪૯૯) ચોરોને સાથે લઇને પ્રભવ નામનો પ્રખ્યાત ચોર ચોરી કરવાને માટે જંબૂકુમારના ઘરમાં ઘૂસ્યો. તેમને પણ તેણે પ્રતિબોધિત કર્યા. ત્યારબાદ સૂર્યોદય થતાં પાંચસો ચોરોની સાથે આઠે પત્નીઓની સાથે, પત્નીઓનાં માતા–પિતાની સાથે અને પોતાનાં માતા–પિતાની સાથે એમ કુલ પાંચસો સત્તાવીસમાં તે પોતે દહેજ (કરિયાવર)ની નવાણું કરોડ સુવર્ણ મુદ્રાઓનો અને પોતાની અખૂટ સંપત્તિનો ત્યાગ કરીને સુધર્મા સ્વામીની પાસે દીક્ષિત થયા.

જંબૂસ્વામી સોળ વર્ષ સુધી સંસારમાં રહ્યા, વીસ વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા, ચુંમાળીશ (૪૪) વર્ષ સુધી કેવળી–પર્યાયમાં રહ્યા. આ પ્રમાણે એંશી (૮૦) વર્ષનું કુલ આયુષ્ય ભોગવીને, પ્રભવ અણગારને પોતાની પાટ પર પ્રતિષ્ઠિત કરીને શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ કાળથી ચોસઠમા વર્ષે મોક્ષે સિધાવ્યાં. જ્યાં સુધી જમ્બૂ સ્વામી મોક્ષ પામ્યા ન હતા, ત્યાં સુધી ભરત ક્ષેત્રમાં આગળ કહેલ દસ સ્થાન હતા–

(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન (૩) પુલાક–લબ્ધિ (૪) આહારક–શરીર (૫) ક્ષપક–શ્રેણી (૬) ઉપશમ–શ્રેણી (૭) જિન–કલ્પ (૮) ત્રણ ચારિત્ર પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મ-સાંપરાય અને યથાખ્યાત (૯) કેવળજ્ઞાન મોક્ષ તેમના નિર્વાણ બાદ એ દસ સ્થાન વિચ્છેદ પામ્યા. તે વિષે બે સંગ્રહણી ગાથાઓ છે.

વીર–નિર્વાણને બાર વર્ષ પસાર થતાં ગૌતમ સિદ્ધ બન્યા, વીસ વર્ષ વીતતાં સુધર્માસ્વામી મોક્ષ ગયા તથા ચોસઠ વર્ષ વીતતાં જંબૂસ્વામી મોક્ષ ગયા. જંબૂસ્વામી મોક્ષે જતાં નીચેના દસ સ્થાન વિછિન્ન થઈ ગયાં. તે દસ સ્થાન આ છે–(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન, (૩) પુલાકલબ્ધિ, (૪) આહારક–લબ્ધિ, (૫) ક્ષપકશ્રેણી, (૬) ઉપશમ શ્રેણી, (૭) જિનકલ્પ, (૮) ત્રણ ચારિત્ર, (૯) કેવળજ્ઞાન અને (૧૦) મોક્ષ. જંબૂસ્વામી મોક્ષે જતાં આ દસ સ્થાન વિચ્છિન થયાં (સૂ૦૧૨૦)

મૂલનો અર્થ–'**सिरिजंबूसामिम्मि**' ઇત્યાદિ જંબૂસ્વામી મોક્ષ પધારતાં, પ્રભવસ્વામી તેમની પાટે બિરાજ્યા તેમની ઉત્પત્તિ કેવી રીતે છે તે જણાવે છે. વિંધ્ય પર્વતની પાસે જયપુર નામે નગર હતું. ત્યાં વિન્ધ્યક નામે રાજા હતો. તેને બે પુત્રો હતા. તેમાંના એક જયેષ્ઠપ્રભવ કહેવાતા, અને બીજા કનિષ્ઠપ્રભવ કહેવાતા. કોઈપણ કારણ વશાત્ ગુસ્સે થઈને જયેષ્ઠપ્રભવે જયપુર નગરથી બહાર નીકળી વિન્ધ્યાચલ પહાડના એક વિષમ સ્થાનમાં એક નવું ગામ વસાવી, તે ત્યાં રહ્યો. ત્યાં તેણે ચોરી ડાકુ અને ધાડ આદિ વડે આજીવિકા કરવા માંડી. એક વાર તેણે સાંભળ્યું કે, રાજગૃહ નગરીમાં ઋષભદત્ત નામનો શેઠ રહે છે. તેને એક પુત્ર છે, જેનું નામ જંબૂકુમાર છે. તેનું લગ્ન આઠ સર્વશ્રેષ્ઠ કુમારીકાઓ સાથે થયેલ છે. આ આઠ કુમારીકાઓ ઘણા ધનાઢય પિતાઓની પુત્રીઓ છે. તેઓ નવ્વાણું કરોડ સોનામહોરો દાયજામાં લાવેલ છે. આ ઉપરાંત દર–દાગીનાનો તો કોઇ આરો–તારો નથી ! એવું અઢળક દ્રવ્ય તેઓ પોતાના પિયરેથી લાવી છે.

આવું સાંભળી, પ્રભવચોર પોતાના ચારસો નવ્વાણું ચોર સાથીઓ સાથે રાજગૃહાનગરીમાં આવી પહોંચ્યા. ચોરી કરવાના ઇરાદાથી, તે જંબૂકુમારના ઘરમાં પ્રવેશ્યો. તેણે અવસ્વાપિની વિદ્યાની પ્રાપ્તિ કરી હતી. તેથી ઘરના સર્વ માણસોને નિદ્રાધીન કરી નાખ્યા. પરંતુ જંબૂકુમાર, ભાવ સાધુ થઈ ચુકયા હતા તેથી તેની ઉપર આ વિદ્યાની અસર ન થઈ. તેથી તેઓ જાગતા રહ્યા. તેના જાગવાથી, તેમની આઠ ભાર્યાઓ પણ જાગતીજ રહી. ત્યારબાદ પ્રભવ ચોર તમામ સોના મહોરો ભેગી કરી ગાંસડીમાં બાંધી, પોતાના સાથીઓ સાથે રવાના થવા તૈયાર થયો તે વખતે તે જંબૂકુમારે નમસ્કાર મંત્રના પ્રભાવ વડે, તેને ઉભો સ્થિર કરી દીધો. એવો ઉભો રાખી દીધો કે ત્યાંથી ચસકી પણ શકયો નહિ ! પ્રભવ સ્તંભિત થતાં, તે અચંબો પામ્યો, ને તેને કાંઈ સૂઝ પડી નહીં. તેની આવી દશા જોઇ, જંબૂ-કુમાર હસ્યા. તેમનું હાસ્ય જોઈ તે બોલી ઉઠયો કે 'હે ભાગ્યવાન ! મારી અવસ્વાપિની વિદ્યા નકામી થઇ ગઇ ! તે વિદ્યાએ આપની ઉપર અસર કરી નહીં પરંતુ ઉલટું હું સ્તંભિત થઇ ગયા ! આથી જણાય છે કે, આપ કોઈ અદ્‌ભુત વ્યક્તિ લાગો છો ! આપ મહેરબાની કરી મને તે 'સ્તંભની' વિદ્યા આપો. તેના બદલામાં હું આપને મારી 'અવસ્વાપિની' વિદ્યા શીખવી દઉં !

પ્રભવનું આવું કથન સાભળી જંબૂકુમાર બોલ્યા. 'આ લૌકિક વિદ્યાઓ અધોગતિનું કારણ છે. તારી વિદ્યાનો પ્રભાવ મારી ઉપર પડયો નહીં અને મારી વિદ્યાએ તારી પર અસર પાડી ! આમાં કોઇ અલૌકિકતા નથી, પણ નમસ્કાર મંત્રનો પ્રભાવ છે ! આવું કહી જંબૂકુમારે, પ્રભવને ચારિત્ર ધર્મનો ઉપદેશ આપ્યો. આ ઉપદેશ સાંભળી, પ્રભવ આદિ સર્વે ચોરોના મનમાં વિરતિ ભાવ ઉત્પન્ન થયો. બીજે દિવસે જંબૂકુમાર સાથે, આ પાંચસો ચોરોએ સુધર્મા-સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. જંબૂસ્વામીની મુક્તિબાદ, પ્રભવ સ્વામી તેમની પાટે આવ્યા. તેઓ કલ્પ-વૃક્ષ સમાન ભવ્ય જીવોના મનોરથો પૂરા કરવા લાગ્યા. શ્રુતજ્ઞાનરૂપી કિરણો વડે, મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ

કરવા લાગ્યા. ભવ્ય જીવોના હૃદય–કમળોનો વિકાસ કરતા કરતા, સુધર્માસ્વામી દ્વારા પોષાએલ ચતુર્વિધ સંઘ રૂપી વાડીનું પોતાના ઉપદેશ અમૃતદ્વારા, સિંચન કરતાં ઉપશમ, વિવેક અને વિરમણ આદિ પુષ્પોથી પુષ્પિત કરતાં અને આત્મકલ્યાણરૂપ ફળોથી ફલિત બનતાં વિચરવા લાગ્યા.

આ પ્રમાણે વિચરતાં કાલ અવસરે કાલ કરી તેઓ સ્વર્ગમાં ગયા. સ્વર્ગથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે, ને ત્યાંથી કર્મક્ષય કરી, સિદ્ધ ગતિને પામશે. (સૂ૦ ૧૨૧)

ટીકાનો અર્થ–સ્પષ્ટ છે (સૂ૦ ૧૨૧)

## ઉપસંહાર ઔર ગ્રન્થસમાપ્તિ

# ઉપસંહાર—

મૂળનો અર્થ—હવે સૂત્રકાર આ કલ્પસૂત્રને કલ્પવૃક્ષ સમાન નિરૂપિત કરી તેનું ફલ બતાવે છે. કલ્પસૂત્રરૂપ ભગવાન મહાવીરનું આ ભવ-વૃક્ષ છે! નયસારનો ભવ, આ ભવ-વૃક્ષની ભૂમિ છે. ભાવનાઓ, તે ભવવૃક્ષની કયારી છે. આ વૃક્ષમાં સમકિત તેનું બીજ છે; અને નિઃશંકિત આદિ પાણી છે. ા૧ા નંદનો જન્મ અંકુર છે. વીસ સ્થાનકો એ મહાવીરના ભવવૃક્ષની વાડ છે. મહાવીરનો ભવ વૃક્ષ છે, ને ગણધરો તેની શાખાઓ છે. ા૨ા

ચતુર્વિધ સંઘ શાખામાંથી ફૂટેલી પ્રશાખાઓ છે. સમાચારીઓ તેના પાંદડા છે. ત્રિપદી તેનું ફૂલ છે. બાર અંગ (દ્વાદશાંગી) વૃક્ષની સૌરભ-સુગંધ છે. ા૩ા મોક્ષ તે વૃક્ષનું ફળ છે. અવ્યાબાધપણું અનંતતા, અને અક્ષય સુખ, તે વૃક્ષનો રસ છે. આ પ્રકારે કલ્પસૂત્ર, વીર ભગવાનનું ભવવૃક્ષરૂપ છે. ા૪ા

આ કલ્પસૂત્ર ભવ્ય જીવોના મનોરથો સફળ કરવાવાળું કલ્પવૃક્ષ છે. અભીષ્ટ પ્રદાન કરવાવાળું છે. વિનય-પૂર્વક તેનું નિત્ય સેવન કરતાં આ સૂત્ર સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. ા૫ા

(ઇતિ કલ્પસૂત્રનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ.)

ટીકાનો અર્થ—સૌથી પહેલાં વૃક્ષની ઉત્પત્તિને યોગ્ય સારી જમીન જોઇને કયારી બનાવીને આમ્ર આદિ રસદાર ફળોનાં બીજ ત્યાં વાવવામાં આવે છે. પછી તેને પાણી પાવામાં આવે છે. ત્યારબાદ તે બીજ અંકુર રૂપે ઉગે છે. તેના રક્ષણ માટે વાડ બનાવાય છે. આ પ્રકારના પ્રયત્નોથી તે બીજ પાન, ડાળિયો, અને પ્રશાખાઓ (ટહનિયો) વાળાં વૃક્ષ રૂપે પરિણમે છે. તે વૃક્ષોને સરસ અને સુગંધિદાર ફૂલો અને ફળો આવે છે.

એજ પ્રમાણે આ કલ્પસૂત્ર ભગવાનનાં ભવ-વૃક્ષ જેવું છે. તેની ભૂમિ–ઉત્પત્તિ સ્થાન નયસારનો ભવ છે. અનિત્ય અશરણ આદિ બાર ભાવનાઓ તેની કયારી છે. સામકિત તેનું બીજ કહેવાયું છે. નિઃશંકિત આદિ સમ્યક્ત્વના આઠ આચાર તેને સિંચવાનાં જળ જેવાં છે. વીસ સ્થાનક તેની વાડ છે. એવો આ વીર ભવ વૃક્ષના જેવો છે.

ગૌતમ આદિ ગણુધર આ વૃક્ષની શાખાઓ છે. ચતુર્વિધ સંઘ પ્રશાખાઓ-શાખાઓની શાખાઓ છે. આવશ્યક આદિ સાધુ-આચારરૂપ દસ પ્રકારની સામાચારિયો તેના પાન છે. ઉત્પાદ, વ્યય. ધ્રૌવ્યરૂપ ત્રિપદી તેની પુષ્પાવલી છે. દ્વાદશાંગી તેની સુગંધ છે. મોક્ષ તેનું ફળ છે. અવ્યાબાધ, અનંત-અસીમ અને અક્ષય સુખ તેનો રસ છે.

આ પ્રકારના આ કલ્પસૂત્ર સ્વરૂપ ભગવાન મહાવીરનું ભવવૃક્ષ સમજવું જોઇએ. આ કલ્પસૂત્ર મુમુક્ષુ જીવોની અભિલાષા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છે. તેથી સઘળા અભિષ્ટ પદાર્થ દેનારૂં છે. વિનયપૂર્વક હંમેશાં તેનું પઠન પાઠન, શ્રવણ શ્રાવણ, મનન આદિ રૂપ આરાધના કરવાથી તે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ આપે છે. ॥ ૧-૫ ॥

પ્રિયવ્યાખ્યાની, સંસ્કૃત પ્રાકૃતવેત્તા, જૈનાગમનિષ્ણાત, પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજના મુખ્ય શિષ્ય પંડિત મુનિશ્રી કન્હૈયાલાલજી મહારાજ દ્વારા રચિત શ્રી કલ્પસૂત્રની કલ્પમંજરી વ્યાખ્યા સંપૂર્ણ થઈ.

॥ शुभं भूयात् ॥ ॥ श्रीरस्तु ॥

## सिरिमहावीरसामिकयतवकोट्ठगं—

| | तवाण नामाणि | संखा | तवदिवसा | पारणा दिवसा |
|---|---|---|---|---|
| १ | छम्मासियं | १ | १८० | १ |
| २ | पंचदिवसूणं छम्मासियं | १ | १७५ | १ |
| ३ | चउमासियं | ९ | १०८० | ९ |
| ४ | तिमासियं | २ | १८० | २ |
| ५ | अड्ढत्तिमासियं | २ | १५० | २ |
| ६ | दुमासियं | ६ | ३६० | ६ |
| ७ | अड्ढेगमासियं | २ | ९० | २ |
| ८ | एगमासियं | १२ | ३६० | १२ |
| ९ | अड्ढमासियं | ७२ | १०८० | ७२ |
| १० | अट्ठभत्तं | १२ | ३६ | १२ |
| ११ | छट्ठभत्तं | २२९ | ४५८ | २२९ |
| १२ | भद्दपडिमा | १ | २ | १ |
| १३ | महाभद्दपडिमा | १ | ४ | १ |
| १४ | सव्वओभद्दपडिमा | १ | १० | १ |
| | योगफलम् | ३१५ | ४१६५ | ३५१ |

ग्यारह वर्ष छ मास पचीस दिन की तपस्या हुई, और ग्यारह मास इकीस दिन पारणा के हुए।